વર્તમાન વડોદરાના સર્જક



સ્વ. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ

" શ્રીમંત કૈલાસવાસી મહારાજા સયાજીરાવ ગાયકવાડના ગયે વર્ષે થયેલા અકાળ અવસાનની વડોદરા રાજ્ય પ્રજામંડળની આ પરિષદ સખેદ નોંધ લે છે. અને જાહેર કરે છે કે તેમના અવસાનથી વડોદરા રાજ્યની પ્રજાને ભારે દુઃખ થયું છે. શ્રીમંતે પોતાની લાંબી કારકિર્દી દરમ્યાન લોકહિતના જે જે કાર્યો કર્યાં છે તેની આ પરિષદ સાભાર નોંધ લે છેઃ અને તેમના આત્માને કાયમની શાંતિ ઇચ્છે છે. અને આ અવસાનથી થયેલા અપાર દુઃખમાં રાજકુટુંબને દિલાસો આપે છે. પ્રભુ મહૂમના આત્માને શાંતિ આપો.

(મહેસાણા અધિવેશનનો ઠરાવ) "

વડોદરાના વર્તમાન નરેશ



શ્રીમંત પ્રતાપસિંહ ગાયકવાડ

શ્રીમંત મહારાજા સાહેબ શ્રી. પ્રતાપસિંહ ગાયકવાડ વડોદરા રાજ્યની ગાદી પર બેઠા તે શુભ પ્રસંગથી વડોદરા રાજ્ય પ્રજામંડળના સભ્યોને ઘણો આનંદ થયો છે. અને તેઓશ્રીએ પોતાના સંદેશામાં વડોદરાની પ્રજાના કલ્યાણ માટે જે સદ્‌ભાવના બતાવી છે તે માટે આ પરિષદ તેઓશ્રીનો ઉપકાર માને છે.

વડોદરા રાજ્ય પ્રજામંડળના જવાબદાર રાજતંત્રની માગણી જેમ બને તેમ વહેલી તકે તેઓશ્રી પૂર્ણ કરે તે અર્થે અને રાજ્યના ઉત્કર્ષ અને ઉજ્જ્વળ ભાવીનું કાર્ય પૂર્ણ થાય તે માટે શ્રીમંત મહારાજા સાહેબને પૂર્ણ તંદુરસ્તી અને દીર્ઘાયુ બક્ષે અને રાજકુટુંબને પણ સદા આબાદ રાખે એવી આ પરિષદ પ્રભુ પાસે પ્રાર્થના કરે છે.

(મહેસાણા અધિવેશનનો ઠરાવ)

પ્રસ્તાવના

અમરેલીમાં ભરાયેલી પ્રજામંડળ પરિષદે ઠરાવ્યું હતું કે તારીખ ૧-૧-૪૭ ના દિવસે પ્રજામંડળની સ્થાપનાને પચીસ વર્ષ પૂરાં થતાં હોવાથી તેનો રજતમહોત્સવ ઉજવવો.

રાજ્ય પ્રજામંડળની કાર્યવાહક સભાએ આ પ્રસંગે પ્રજામંડળના જીવન કાર્ય અને વિકાસનો ઇતિહાસ બહાર પાડવાનું ઠરાવ્યું હતું અને એ કામ પ્રજામંડળની મુખ્ય કચેરીને સોંપાયું હતું.

સમય થોડો હોવાથી, લડાઈના અસામાન્ય સંજોગો હોવાથી, આ ઇતિહાસગ્રંથ માટે જેટલું સાહિત્ય એકઠું થવું જોઈએ, તેટલું કરી શકાયું નથી એનું અમને દુઃખ છે. પરંતુ વર્તમાન સંજોગો અને પરિસ્થિતિ જોતાં અમે આ સ્મારકગ્રંથમાં જેટલું એકત્ર કરી શક્યા છીએ, એનાથી વાચકો સંતોષ પામશે એવી આશા છે.

પ્રજામંડળના પચ્ચીસ વર્ષના જીવનમાં એના કાર્યની સફળતા માટે તન મન અને ધનથી જે જે ભાઈબહેનોએ મદદ કરી છે તે સૌનો જાહેર રીતે ઉપકાર માનવાની તક લઉં છું.

પ્રજામંડળના જૂના નવા નાના મોટા બંધુઓએ અને પ્રજામંડળ તરફ પ્રેમ અને સમભાવ રાખનાર મિત્રોએ આ કાર્ય તરફ જે સક્રિય સહાનુભૂતિ બતાવી છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ સ્મારકગ્રંથની પ્રસિદ્ધિમાં અમને સયાજીવિજય, નવગુજરાત, શારદા, તથા ખડાયતામિત્રના તંત્રીઓએ પોતાના બ્લૉક્સ વાપરવા આપીને જે સહકાર બતાવ્યો છે તેની સાભાર નોંધ સ્વીકારું છું.

ખૂબ મુશ્કેલીઓ હોવા છતાં ઘણા ઓછા સમયમાં આ સ્મારકગ્રંથ સમયસર પ્રસિદ્ધ કરીને સાધનાપ્રેસે જે સહકાર આપ્યો છે તેને માટે આભારની લાગણી વ્યક્ત કરતાં આનંદ થાય છે.

છોટાભાઈ સુતરીઆ

પ્રમુખ




સરદારશ્રીનો સંદેશો

વડોદરા રાજ્ય પ્રજામંડળનો રજત મહોત્સવ સફળ થાય એ ઇચ્છું છું પ્રજામંડળે છેલ્લા ૨૫ વર્ષમાં પ્રજાની યથાશક્તિ સેવા કરી છે અને પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો છે પણ પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવામાં હજી સફળતા મેળવી નથી મારી ઉમેદ છે કે પ્રજાને જવાબદાર રાજતંત્ર મેળવવાના એના પ્રયત્નમાં એને જલદી સફળતા મળશે

૧૪ ૪ ૪૨

વલ્લભભાઈ પટેલ



સરદાર વલ્લભભાઈ પટેલ

પ્રજામંડળના પચીસ વર્ષ

પ્રભુનો આભાર માનીએ છીએ કે પ્રજામંડળની સ્થાપના થયે પચીસ વર્ષ પૂરાં થયાં છે અને પ્રભુની કૃપાથી આ મંડળે પ્રજાની યથાશક્તિ આછી-પાતળી સેવા કરી છે. આ સેવાના કારણે પ્રજાનો કોઇ વર્ગ પ્રજામંડળ નામથી અજાણ્યુ નહિ હોય: જ્યારે જ્યારે તે ગૂંચાય છે, જ્યારે જ્યારે એને આજના રાજતંત્રથી સંતોષ નથી મળતો, જ્યારે તે મુશ્કેલીમાં સપડાય છે, ત્યારે ત્યારે તે પ્રજામંડળને યાદ કરે છે. પ્રજામંડળ પોતાની શક્તિ પ્રમાણે તે ભાઇની સેવા કરી પોતાને કૃતકૃત્ય થયેલું માને છે.

પ્રજામંડળમાં ભરતી તથા ઓટ આવે છે. તેના મોજાં કેટલીક વખત આકાશ સુધી ઊંચે ઊછળે છે અને ઓટ વખતે કલકલ આવાજ કરતી નદીના શાંત જળ પેઠે વહ્યા કરે છે.

પ્રજામંડળે શું આપ્યું ?

પ્રજાને રાજકીય દૃષ્ટિ આપી—તેનો વિકાસ કર્યો. પચીસ વર્ષ ઉપર પ્રજા શું બોલી શકતી હતી, શું વિચાર કરી શકતી હતી, શું લખી શકતી

હતી શુ હક્કો ધરાવતી હતી આ બધાનો વિચાર કરો તો પ્રજામંડળનો પ્રશ્ન નહી રહે

પ્રજામંડળ એટલે પ્રજાનુ મંડળ—રાષ્ટ્રીય વિચાર સેવનારા તને પોતે–ના સભાસદ થાય—તની ભરતી જે તેની પાસે પૈસા નથી તેની પાસે સત્તા નથી તેની પાસે અમલદારનુ જૂથ નથી તની પાસ છે સ્વયંસેવકો તની પાસે છે પ્રજાનો પ્રેમ તેની પાસે છે સેવા કરવાની વૃત્તિ

પ્રજામંડળ આ લોકો તથા તેને વધારે ઉત્તેજન આપવાની આ લોકો તરફ પ્રજાના માથા ઉપર જે ભારેખમ થઈને બેઠી છે તને હળવા બનાવવાની આ લોકોના પાયારૂપ ગણાતા અમલદારોને પ્રજાના સાચા સેવકો બનાવવાની અને આ લોકો તરફ વધારે ને વધારે પ્રજામત માનનારી બનાવવાની હિમ કરવા માગે છે

પ્રજામંડળ માગે છે શ્રીમંતના છત્રછાયા નીચે જવાબદાર રાજતંત્ર પ્રજામંડળ માગે છે મજૂર ઉપરનો બોજો, પ્રજામંડળ માગે છે ન્યાયી કરવાની સત્તા પ્રજામંડળ માગે છે પ્રજાકીય સરકાર—પ્રજાના કલ્યાણ માટે સરકાર—પ્રજાના પ્રતિનિધિઓની સરકાર

પ્રજામંડળથી શું ફાયદા થયા એમ પ્રશ્ન પૂછનારાને એટલો જ જવાબ છે કે પ્રજાની દૃષ્ટિમા સુધારો કરવા તનો જન્મ થયો છે. લોકશાસનના ભાવના માટે તેની સ્થાપના થઈ અને ત્યાર્થ તથ કર્યું આજે બિન જવાબદાર નો ખ્યાલી કે બે ચાર રાજતંત્રોના બચાવ કરનારા ગણ્યાગાંઠ્યા વડોદરામા રહ્યા હશે.

કેળવણી ખાતામા સુધારો કરવા માટે નીમાયેલી ધારાસભા આજે કામ કરનાર મંડળી બન્યું છે તમો કે આ મોરચાને સહકારની વધારે નરમાશથી અધિકાર કર્યા છે અને પ્રજાની અનુમતિને અનુમતિ થઈ છે અત્રે ઉપર બધા કરવા ધારો અધિકાર અહીં છે આથી આપણને સંતોષ નથી વધારે મેળવવા આપણામાં આશા ને શ્રદ્ધા છે

આનપથાનામાં અને ગ્રામ સુધારામા પ્રમુખ અને ઉપપ્રમુખ કર્યા છે થોડોક ખર્ચ કરવા વધારે મંજૂરી છે હાલ ગામપંચાયતનો અને વર્ગની સુધારણાનું એ જ ગરિમા ગણાય છે

જમીન મહેસૂલના પ્રશ્ન—આખી પ્રજાના એ મના પ્રશ્ન—૧૯૨૬ થી આપણે આ ભાગણુથી નામના—જ્યાં જ્યાં પ્રજામંડળની સભા હોય ત્યાં એક જ નાદ કે મહેસૂલ ઓછું કરો—છેવટે પ્રજાની આ માગણીને થોડો સંતોષ થયો ત્રીસ લાખનો બોજો ઓછો થયો. પ્રજાના શ્વાસમાં થોડી શાન્તિ મળે છે પ્રજામંડળની પાછળ પ્રજાએ એક લાખ રૂપિયા અત્યારસુધી નહિ ખર્ચેલા હોય પણ આજે દર વર્ષે ત્રીસ લાખનો ફાયદો મળ્યા કરે છે

પોકનાદ તાલુકાનો સત્યાગ્રહ—નોટિફાઈડ એરીઆ—ધનીયાવી શિનોરખાના—આનંદપુરવેગામાથી રજાગેનો છુટકારો—પીડિત અમલદારો તરફથી ગરદન—આવા નાના મોટા પ્રશ્નો નો પ્રજામંડળ પાસે હજારો આવ્યા તાલુકાના પ્રશ્નો હેઠવાયે જતા—આ બધા પ્રશ્નોનો પ્રજામંડળે અભ્યાસ કર્યો—પ્રજા ન સમજી તે અભ્યાસ રજૂ કર્યો—સભાઓ ભરી—પ્રજામત સખત બનાવ્યો—સરકારનો હૃદય પલટો કર્યો—પ્રશ્નોનો નિકાલ કરી પ્રજાને સંતોષ આપ્યો

જેને સાચું આવું કે પ્રજામંડળ મદદ કરવા દોડે છે હિંમત આપે છે, પ્રજાને તે આશ્વાસન આપે છે લગ્ગા પણ નથી ખેડુતાના આંસુઓ લૂછે છે નાત મેળી ગયા છે પ્રજાને હિંમત આપે

પ્રજામંડળ ખેડૂતાનું મિત્ર છે વેપારીઓનું મિત્ર છે મજુરોનું દોસ્ત છે પછાત વર્ગની સેવા કરવામાં તનને ઘસી નાખવામાં માને છે અસ્પૃશ્યતાને તે માનતું નથી તેને કોઈ શત્રુ નથી સરકારી અમલદાર તેનો દુશ્મન નથી મુસલમાન જોડે તેને વેર નથી મરાઠા દીપનોનું ન સકો ? છે નાત નથી જાત નથી ધર્મ નથી. બધુ એકમાં જ સમાય છે સાડીઅઠ્ઠાવીસ લાખ પ્રજાની ગંભીર સભા ગ્વાની તેની મૂડી છે વધારે ધાર્મિકતા વધારે સંગઠિતતા વધારે રાષ્ટ્રીયતાના વધારે મજુરની લાગણી તે પ્રયત્ન કરે છે પ્રજાની ગરીબાઈ અને અજ્ઞાનતાની નાગચૂડમાંથી પ્રજાને દૂર કરવા તે કમર આદરી ગયું છે

પ્રજામંડળના માણસો દેવો નથી સાધુઓ નથી દુન્યવી મનુષ્યો તરીકે નબળાઈઓ તેમનામાં હશે—અશક્તિ હશે—બંધનોને તોડી નાખવાની શક્તિ થોડી હશે પણ તેઓ પ્રજાની સેવા કરવા માગે છે નીડરપણે મંતવ્ય રજૂ કરવા માગે છે તુટી ફૂટી ભાષામાં પ્રજાની માગણીઓ જાહેર કરવા માગે

છે. સેવા કરવાની કાંઈક તમન્ના છે. પ્રગતમાં વિકાસ થાય ને જેવા સેવી આશા લાગી રહી છે.

પચીસ વર્ષમાં શું સેવા કરી તે વિગતવાર રજુ કરતાં કંટાળો થાય. આજે આ અંક જ બાગપુ કરે છે. કોઈને અકસ્માતના નુકસાન થયું હોય, અન્યાય થયો હોય, કોઈ હાલમા હોય, કોઈને મદદ કરવું પડયું હોય તો તેની સાખી આપે છે. પ્રગતમંડળ રાજ્યની–મહાજનની–તેમના કર્મચારીઓની પ્રગતની સૌની સેવા માટે જન્મ્યુ છે. તે વધારે આગળ સેવા કરવા–વધારે નિઃસ્વાર્થ સેવા કરવા, વધારે સંગઠન કરવા પ્રભુ પાસે તે તાકાત માગે છે; વધારે સેવક સેવકોની મદદ માગે છે. ગગનગામ દૃષ્ટિનો વધારે વિકાસ માગે છે. બધાના આશીર્વાદ માગે છે. પ્રગતમંડળને તે કરવા શક્તિ બળ અને બુદ્ધિ પ્રભુ આપે એ જ અભ્યર્થના.

ચુનીલાલ શાહ

પચ્ચીસીના પ્રજાજીવનનું રેખાદર્શન

પૂર્વરંગ

કેટલીક વાર ઐતિહાસિક અકસ્માતો બને છે. અને એ અકસ્માતોની તેજછાયામાં પ્રજાજીવનના નાના નાના પ્રસંગો પણ મળી જઈને નાનીશી પરંતુ અનોખી મહત્તા ધારણ કરે છે. વડોદરા રાજ્ય પ્રજામંડળનો જન્મ થયો ઈ. સ. ૧૯૧૬ માં. એ વખતે ઈંગ્લાંડ અને જર્મની વચ્ચેનું મહાયુદ્ધ અડધી મંજલે પહોંચ્યું હતું. આજે પ્રજામંડળ પચ્ચીસ વર્ષ પૂરાં કરીને એના રજત-મહોત્સવને પ્રસંગે જ્યારે પોતાના પૂર્વરંગ ભણી સ્મરણયાત્રા કરી રહ્યું છે ત્યારે એ જ ઈંગ્લાંડ અને બદલાયેલા જર્મની વચ્ચે ફરીથી મહા વિકરાળ યુદ્ધ મચ્યું છે. ગયા મહાયુદ્ધ વખતે તો વિનાશના સાણસા માત્ર યુરોપના જ રાષ્ટ્રોને જકડતા હતા પરંતુ આજના અમાનુષી યુદ્ધના સાણસામાં જાણે આખું વિશ્વ સપડાઈ રહ્યું છે. ઈ. સ. ૧૯૧૪–૧૯૧૮ ના મહાયુદ્ધથી માંડીને ૧૯૩૯–૧૯૪૨ ના ચાલતા વિશ્વયુદ્ધ સુધીના સમયમાં જીવેલી અને જીવતી દુનિયામાં વડોદરા રાજ્ય પ્રજામંડળે પોતાની પહેલી પચ્ચીસીનું વિકટ જીવન વિતાવ્યું છે.

વડોદરા રાજ્ય પ્રજામંડળના પચ્ચીસ વર્ષના જીવનની તવારીખ એટલે વડોદરા રાજ્યના પ્રજાકીય જીવનના વિકાસનો કૌતુકપ્રિય ઇતિહાસ, વડોદરા

રાજ્યની પીઠિકા કે પ્રગતિના સ્વરૂપનું સાચું દર્શન અને સદ્ગત શ્રીમંત સયાજીરાવની ઊગતી પચ્ચીસીની જીવનકથાનો સીમાવિસ્તાર. એક રીતે કહીએ તો આ સમયમાં વડોદરાની પ્રજાકીય અસ્મિતા જન્મી અને સ્થિર થઈ અને આજે એની વ્યાપકતા દિવસે દિવસે વધતી જાય છે

પચ્ચીસીના પ્રજાજીવનની સ્મરણયાત્રા આપણે આરંભીએ તે પહેલાં વડોદરા રાજ્ય પ્રજામંડળના જન્મસમયના આપણા સમગ્ર દેશનાં અને ખાસ કરીને વડોદરા રાજ્યનાં વાતાવરણ, પરિસ્થિતિ અને સંજોગોનું દિગ્દર્શન કરી લઈએ એ જરૂરનું છે.

પચ્ચીસી પહેલાંની પરિસ્થિતિ

ઈ. સ. ૧૮૮૧ના ડીસેમ્બરની ૨૮મી તારીખે સદ્ગત શ્રીમંત સયાજીરાવને ગાદીના સંપૂર્ણ અધિકારો મળ્યા. એટલે ઈ. સ. ૧૯૧૬માં એમના શાસનનો મધ્યાહ્નકાળ હતો. આ તપના મધ્યાહ્ને સયાજીરાવના રાજ્યકારભારમાં એક મહત્ત્વનો બનાવ બન્યો. ઈ. સ. ૧૯૧૬ની શરૂઆતમાં શ્રીમંત કાશ્મીરમાં હતા ત્યારે તે વખતના દિવાન સર વી. પી. માધવરાવ વિદાય થયા અને દિવાની સર મનુભાઈ નંદશંકર મહેતાને મળી

આ રીતે પ્રાચીનપ્રેમી દિવાનોની પેઢીના છેલ્લા અવશેષ જેવા વી. પી. માધવરાવ ગયા અને અર્વાચીનતાના આરંભ જેવા સર મનુભાઈ મહેતાનો અમલ મંડાયો. દેશમાં લડાયક વાતાવરણ ઘેરું બનતું જતું હતું અને 'પર્શિયા' નામનું ઈંગ્લાંડનું જંગી જહાજ પૂર્વ સમુદ્રમાં ડૂબી જવાથી પરિસ્થિતિ વિષે લોકો ચિંતા કરતા થયા હતા. રાષ્ટ્રીય મહાસભા તે વખતે લડાઈમાં સહકાર આપતી હતી અને અત્યારે વાણીસ્વાતંત્ર્ય માટે લડતા ગાંધીજી પોતે થઈને નવા સૈનિકોની ભરતી કરતા હતા.

દેશની આવી વિષમ અને અસ્થિર પરિસ્થિતિમાં ઈ. સ. ૧૯૧૬ના જુન માસની પહેલી તારીખે નવસારીથી એક પત્રિકા પ્રસિદ્ધ થઈ:

"સેવામાં વિનતિ કે આપણા પ્રજાવત્સલ રાજપિતા શ્રીમંત મહારાજા સાહેબની પ્રજા સ્વરાજની ઉચ્ચ ભાવનાના પ્રભાવે સ્થપાયાથી આ રાજ્યની પંચાયતો, વિશિષ્ટ પંચાયતો, સુધરાઈઓ વગેરે પ્રજાકીય સંસ્થાઓ કે જે લોકોને સ્થાનિક સ્વરાજ્યનું કિંમતી શિક્ષણ આપવામાં મદદરૂપ થઈ પડી છે અને તેથી

એ સસ્થાઓને દિન પર દિન વધારેને વધાર હક્કો આપી રાજ્યકારભારમા તેવી સસ્થાઓની પ્રત્યક્ષ મદદ લેવાનો શ્રીમત મહારાજા સાહેબનો હેતુ સ્પષ્ટ દેખાવા લાગ્યો છે તેથી શ્રીમત મહારાજા સાહેબનો એ સ્તુત્ય હેતુ પાર આવે તે માટે, જેમ જેમ મહારાજા સાહેબ તરફથી પ્રજાને એવા કિમતી હક્કો મળતા જાય, તેમ તેમ પ્રજાને પણ એવા હક્કોની ઓળખાણ કરાવવી એ રાજ્યના દરેક આગેવાનની ફરજ છે તે માટે આ રાજ્યની પ્રજાને કેળવવા અને આ રાજ્યના અમલદારો સાથે સદ્ભાવથી પ્રજાને નડતી અડચણો અને ગેરસમજો દૂર કરવા આ રાજ્યની તમામ પચાયતો, સુધરાઇઓ વગેરે પ્રજા કીય સસ્થાઓનુ સમેલન ભરવામા આવે તો, આ રાજ્યની પ્રજાને મળેલા હક્કો ભોગવવામા પડતી અડચણોનો એકત્ર વિચાર કરી તે દૂર કરવા ઘટતા એકત્ર ઇલાજો લેવા તેમજ આ રાજ્યની પ્રજાને એક બીજા સાથે સમાગમમા લાવી તેઓમા ભાઇચારો વધારવા માટે આવા સમેલનનો મોટે ભાગે ઉપયોગી થઈ પડવાનો સભવ છે તેથી દર વર્ષે આ રાજ્યની પચાયતો અને સુધરાઇના સભાસદોનુ તેમજ એ બાબતમા ભાગ લેનારા બીજા પ્રજાજનોનુ એક મડળ સ્થાપન કરી, રાજ્યના જુદા જુદા સ્થળે ભેગા મળવાની શરૂઆત કરવા અને એ મડળની પહેલી બેઠક વડેલી સગવડતાએ નવસારીમા બોલાવવા બાબત વિચાર કરવા માટે હમો આપ સાહેબને તા ૧૨ માહે જુન સને ૧૯૧૬ના રોજ દિવસે દસ વાકે લક્ષ્મણ હોલમા પધારવા વિનતી કરીએ છીએ માટે આપ સાહેબ આ હમારી વિનતીને માન આપી આવા મડળની સ્થાપના માટેની આપની કિમતી સલાહ અને મદદ આપી મેહરબાને આભારી કરશો એવી હમોને ઉમેદ છે છે ૧ ૬-૧૯૧૬ નવસારી

હમે છીએ
આપ સાહેબના આજ્ઞાકીત સેવકો,
દીનશાહ ર. ક. દાબુ
બેરામજી મનચેરજી દેસાઈ
ખંડુભાઇ વસનજી મરોલીઆ
પીરજાદા મજલેમીયા બળામીયા
હરી રાવજી ચાંદોરીકર
વામનરાવ રામચદ્ર તામ્હનકર

આ પત્રિકા જેવી છે તેવીને તેવી અહીં ઉતારવાનો એક આશય એ છે કે તે વખતે આવી સંસ્થા સ્થાપવાની પાછળ પ્રજાની કઈ મનોદશા કામ કરી રહી હતી. અને બીજું કારણ એ કે આપણને આગળ જતાં પ્રજાનાં પલટાતા માનસને નીરખવામાં આ હકીકત સહાય કરશે.

બારમી જુને લક્ષ્મણ હોલમાં ધારાસભાના કામરેજ વિભાગના સભાસદ રા. મકનજી ડાહ્યાભાઈના પ્રમુખપણા હેઠળ નિમંત્રીત સદ્‌ગૃહસ્થોની સભા મળી હતી. અને એમાં થયેલા નિર્ણય પ્રમાણે ૩૧મી ડીસેમ્બરે 'વડોદરા રાજ્ય પંચાયત પરિષદ' ને નામે પહેલી બેઠક સદ્‌ગત રાવબહાદુર હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખપદે મળી હતી.

પ્રજામંડળનો જન્મ

આ વડોદરા રાજ્ય પંચાયત પરિષદમાં જ વડોદરા રાજ્ય પ્રજામંડળની સ્થાપનાનો ઠરાવ કરવામાં આવ્યો અને એનું બંધારણ તથા નિયમો તૈયાર કરવા માટે સદ્‌ગત હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખપદે ચારે પ્રાંતના સત્તર સદ્‌ગૃહસ્થોની કમિટી નીમવામાં આવી. આ કમિટીએ ઈ. સ. ૧૯૧૭ ના ૮મી જાનેવારીએ મળીને વડોદરા રાજ્ય પ્રજામંડળનું પ્રથમ બંધારણ ઘડી કાઢ્યું.

એ બંધારણમાં પ્રજામંડળનો ઉદ્દેશ નીચે પ્રમાણે રાખવામાં આવ્યો હતો.

"આપણા પ્રજાવત્સલ રાજપિતા શ્રીમંત મહારાજા સાહેબની પ્રજાકલ્યાણની ઉચ્ચ લાગણીના પ્રભાવે સ્થપાયલી આ રાજ્યની પંચાયતો, સુધરાઈઓ, વગેરે પ્રજાકીય સંસ્થાઓ કે જે લોકોને સ્થાનિક સ્વરાજ્યનું કિંમતી શિક્ષણ આપવામાં મદદરૂપ થઈ પડી છે. અને એ સંસ્થાઓને દિન પર દિન વધારે હક્કો આપી રાજ્યકારભારમાં એ સંસ્થાઓની પ્રત્યક્ષ મદદ લેવાનો શ્રીમંત મહારાજા સાહેબનો અભિનંદનીય હેતુ બર આવે તે માટે આ રાજ્યની પ્રજાને કેળવવાનો, આ રાજ્યના અમલદારો સાથે સહકાર્યથી પ્રજાને નડતી અડચણો તથા આ રાજ્યની પ્રજામાં થએલી ગેરસમજુતીઓ દૂર કરવાનો અને પંચાયતો તથા સુધરાઇના પ્રશ્નો ઉપરાંત આ રાજ્યની પ્રજાને હરકત કરતી બાબતો ઉપર વાટાઘાટ કરીને હરકતો દૂર કરવા માટે ઘટતા અને કાયદેસર ઇલાજો લેવાનો આ મંડળનો ઉદ્દેશ છે."

આ ઉદ્દેશનાં સ્વરૂપ અને ધ્યેય નવસારીથી પ્રથમ પ્રગટ થએલી પત્રિકાને લગભગ મળતાં છે. એટલે નવસારીમાં મળેલા અગ્રણીઓના મનમાં જે વાત ઘોળાતી હતી અને જે ચર્ચવા માટે નક્કી કરી હતી અને જેની છણાવટ થઇ હતી તે જ મનોદશા ઉદ્દેશમાં સ્વરૂપ પામી છે. આ પ્રથમ અધિવેશને એક ચીલો એ પણ શરૂ કર્યો કે ઠરાવો નિવેદન કરવા માટે શ્રીમંત પાસે એક વગદાર પ્રતિનિધિમંડળ મોકલવું.

સરકાર ચેતે છે

સામાન્ય રીતે કોઈ પણ સરકાર પોતાની પ્રજાના સંગઠનને ઉદાર દૃષ્ટિએ જોવાનું પસંદ કરતી નથી. વડોદરાની સરકારના મનમાં પણ નવસારીમાં એકઠી થએલી પ્રજાના સંગઠ્ઠને સળવળાટ જન્માવ્યો, અને એનો પડઘો વડોદરામાં મળેલા પ્રજામંડળના બીજા અધિવેશનને સમયે આબાદ રીતે પડયો. વડોદરાની પ્રજાના સુભાગ્યે આ બીજા અધિવેશનનાં પ્રમુખ તરીકે સ્વર્ગસ્થ દેશભક્ત વિઠ્ઠલભાઈ પટેલ મળ્યા. ભારતીય રાજકારણના તેજસ્વી અને સમર્થ અગ્રણી તરીકે વિઠ્ઠલભાઈનું નામ તે વખતે પણ લોકપ્રિય હતું. એમની પ્રમુખ લેખેની વરણી જોઈને વડોદરા રાજ્યની પ્રજામાં ખૂબ ચેતન આવ્યું પણ વડોદરાની સરકારમાં ભયનો સંચાર થયો. પારકા બ્રિટીશ-હિંદમાંથી આવીને આ ચાણક્યબુદ્ધિવાળો પુરુષ જો વડોદરાની પ્રજાને ફટવી દેશે તો? આવા પ્રશ્ને સરકારને વિચાર કરતી કરી મૂકી. આ મુંઝવણનું પરિણામ એ આવ્યું કે અધિવેશનના થોડા સમય પહેલાં જ સરકારે એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. વડોદરાનું બીજું અધિવેશન ઇ. સ. ૧૯૧૮ના મે ની ૨૫-૨૬ અને ૨૭ મીએ મળવાનું હતું. પરિષદની તડામાર તૈયારીઓ ચાલતી હતી. વડોદરા રાજધાની હોવાથી તથા કેળવણીની દૃષ્ટિએ પણ વિચાર કરનારો વર્ગ આ શહેરમાં વધારે હોવાથી પ્રજાનાં જીવનમાં એક નવોજ રાજકીય રંગ દેખાવા લાગ્યો હતો. એટલામાં તા. ૩-૫-૧૯૧૮ ના રોજ સરકારે આજ્ઞાપત્રિકામાં હુકમ નં. ૨૪૮૧ પ્રસિદ્ધ કરીને પ્રજાને પોતાની લાલ આંખ દેખાડી. આ જાહેરનામાની મતલબ એવી હતી કે સરકારી નોકરો તેમજ નિવૃત્તિવેતન લેનારાઓએ સરકારી રાજનીતિ અથવા સરકારની કાર્યપદ્ધતિ વિરુદ્ધ કશી ટીકા કરવી નહીં. જાહેર ચર્ચામાં ભાષણથી, લખાણથી કે બીજી

રીતે ખાતાઓના ઠરાવો પર ટીકા કરવી નહીં તેમજ કોઈ પણ રાજકીય મંડળમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભાગ લેવો નહીં અગર મદદ કરવી નહીં.

તરત જ સરકારી નોકરો અને પેન્શનરો જેઓ સ્વાગત સમિતિમાં જોડાયા હતા તેમણે પટાપટ રાજીનામાં આપી દીધાં ને અબ્બાસ તૈયબજી અને સારંગપાણી જેવા સ્વતંત્ર માનસવાળા પ્રજાજનો પણ અધિવેશનમાં ભાગ ન લઈ શક્યા અને પ્રજાના અમલદારપ્રિય અગ્રણીઓ પણ એવા ડર્યા કે વિઠ્ઠલભાઈના સ્વાગત વખતે સ્ટેશને સાવ નજીવી સંખ્યા હાજર રહી.

સરકારી જાહેરનામાથી મનાઈ થએલી હોવા છતાં અધિવેશનમાં ડૉ. સુમન્ત મહેતા, શ્રી સત્યવ્રત મુનશી અને શ્રી મીનાક્ષીપ્રસાદ દેસાઈએ હાજર રહેવાની નૈતિક હિંમત દેખાડીને પોતાની સ્વતંત્રબુદ્ધિનો પરિચય આપ્યો હતો. એટલું જ નહીં પણ પરિષદને પહેલે દિવસે દિવાન સાહેબે હાજરી આપીને તથા પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલને પોતાને બંગલે ચહાપાણી માટે બોલાવીને સરકારની દ્વિમુખી રાજનીતિનો અચ્છો પરિચય કરાવ્યો હતો.

પ્રજાનો જવાબ

પ્રમુખ તરીકેના શ્રી વિઠ્ઠલભાઈ પટેલના ભાષણે સ્વતંત્ર વાણીનાં નવા જ સ્વરૂપનું દર્શન કરાવ્યું હતું. એમાં બ્રિટીશ હિંદમાં ચાલતી હોમરૂલની ચળવળનો વિશદ ખ્યાલ હતો અને દેશી રાજ્યોની પ્રજાના સંગઠન વિષે જોરદાર અપીલ હતી. આ બીજી પરિષદે પહેલા અધિવેશને સ્વીકારેલા ધ્યેયના સિદ્ધાંતને જબરજસ્ત ધક્કો મારીને આગળ લીધો. એ પરિષદમાં થએલો નીચેનો ઠરાવ એની સાક્ષી પૂરશે.

"આ પ્રજામંડળ શ્રીમંત સરકાર મહારાજા સાહેબને વિનંતિ કરે છે કે તેઓ નામદારે આ રાજ્યમાં જેમ બને તેમ સત્વર પ્રજાને જવાબદાર રાજતંત્ર આપવાનો પોતાનો હેતુ છે એ મતલબનું જાહેરનામું બહાર પાડવાની કૃપા કરવી અને શ્રીમન્ત સરકારનો તે ઉદ્દેશ પાર પાડવાને નીચેના ચૌદ સુધારાઓ રાજ્યમાં સત્વર દાખલ કરવા કૃપા કરવી."

આ પરિષદની સૌથી મોટી સિદ્ધિ એ જવાબદાર રાજતંત્રની માગણીનો ઠરાવ થયો તે કહેવાય. પ્રજાકીય ભાવનાના વિકાસનું પ્રથમ સીમાચિન્હ અહીં રોપાયું એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

બંધારણીય મનોદશા

સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખના ભાષણમાંથી સરકાર અને પ્રજાને જાગૃતિના જે થોડાક આંચકા લાગ્યા તેને પરિણામે બન્ને સચેત થયાં. અને બન્નેની કાર્યદિશાએ પણ નોખાં નોખાં સ્વરૂપો પકડયાં. સરકારને લાગ્યું કે જો પ્રજામંડળની મનોદશા સ્વતંત્ર મીજાજી થઈ જશે તો સરકારને સાચે જ ભારે પડશે. માટે સરકારે આડકતરી રીતે એવી વ્યુહરચના કરી કે પ્રજામંડળની લગામ વિનીત મનોદશાવાળા પણ સ્વતંત્ર શહેરીઓ અને સરકારના વફાદાર માણસોના હાથમાં સચવાઈ રહે. સરકારની આ ઇચ્છાની સામે મોટામાં મોટી નડતર હતી તે સમય. પ્રજામંડળનું ત્રીજું અધિવેશન ભરાયું એ સાલ ૧૯૨૨ની હતી. ૧૯૨૨ ની સાલમાં સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત, અસહકારની અસરનાં રંગે રંગાઈ રહ્યા હતા. પ્રજાની મનોદશા સ્વાતંત્ર્યની ભાવના ભણી વધારે ને વધારે આકર્ષાતી હતી. અને લોકોના મનમાં નાગરિક આઝાદીનો ખ્યાલ અને હક્ક વધારે સ્પષ્ટ અને બળવાન બનતાં હતાં. આમ છતાં પણ વડોદરામાં ૧૯૨૨ ના માર્ચની ૧૭ અને ૧૮ મીએ મળેલા પ્રજામંડળના ત્રીજા અધિવેશને એ સિદ્ધ કર્યું કે પ્રજામંડળની લગામ બંધારણીય મનોદશાના તાબામાં છે, ઉદ્દામવાદીના હાથમાં પ્રજામંડળ હજી સરક્યું નથી. આ અધિવેશનના પ્રમુખ હતા અમરેલીવાળા શ્રી. હરિલાલ ગોવિંદજી પરીખ. રાષ્ટ્રીય મનોદશાવાળા આ રાજ્યરત્નને પસંદ કરવામાં સરકારની ઇચ્છા અને પ્રજાનાં મન બન્ને સચવાયાં હતાં.

જવાબદાર રાજ્યતંત્ર માગવાનો ઠરાવ પ્રજામંડળ ગયા અધિવેશનમાં કરી ચુક્યું હતું. એટલે એ ઠરાવ પડતો મુકીને પ્રત્યાઘાતી નીતિ સ્વીકારાય એમ હતું નહીં. એટલે એ ઠરાવની પુનર્ઘોષણા કરવી જ પડી. આ અધિવેશને શ્રીમંત મહારાજાને દીર્ઘાયુ ઇચ્છવાનો ઠરાવ કર્યો તેની સાથે સાથે જ મહાત્મા ગાંધીજીને પણ સ્વરાજ્યની લડત ચલાવવા દીર્ઘાયુ ઇચ્છવાનો ઠરાવ થયો. સ્વદેશી ચીજો વાપરવાનો અને ખાસ કરીને શુદ્ધ ખાદી વાપરવાનો તથા રચનાત્મક કાર્યક્રમ અપનાવી લેવાનો ઠરાવ પણ થયો. આમ પરીષદના કાર્યવાહકો અંદરથી બંધારણીય રહ્યાં છતાં પ્રજામંડળ રાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કર્યા વિના રહ્યું નહીં એટલી અને એવી પ્રજાજાગૃતિની

અસર હતી. બળવાન અને વ્યાપક પ્રજામંડળ પરત્વે સરકાર વધારે સાવધાન બની તેનું બીજું પણ એક કારણ હતું. સને ૧૯૧૮.માં પ્રજામંડળના બીજા અધિવેશન પછી વડોદરામાં 'ખેડુત પ્રજામંડળ' ને નામે એક મોટી સભા મળી હતી. એના પ્રમુખસ્થાને અમદાવાદના જાણીતા રાષ્ટ્રવાદી બેરીસ્ટર મગનભાઈ ચતુરભાઈ હતા. રાજકારણમાં એઓ નિષ્ણાન અને વિચારશીલ અભ્યાસી તરીકે જાણીતા હતા. એમણે પોતાના ભાષણમાં પ્રજાને તુરત જ જવાબદાર રાજતંત્ર આપીને રાજકારભાર સોંપી દેવાનું કહ્યું હતું. આ ભાષણથી સરકાર ચોંકી ઉઠી હતી અને પ્રજાને પણ જાગૃતિનો એક વધુ વ્યાપક આંચકો લાગ્યો હતો. જો કે પ્રજામંડળને આની સાથે સીધો સંબંધ ન હતો છતાં સરકારે ખાસ તકેદારી રાખી હતી કે આ બન્ને પ્રવાહો એક ન થઈ જાય. અને સરકારને એમાં સફળતા પણ મળી. પહેલા ઉદ્દામ પ્રવાહને એણે પૃથ્વીમાં સદાને માટે સમાવી દીધો અને બીજા ઉદ્દામ થવા મથતા પ્રવાહને બંધારણીય નેતાગીરીની લગામ પહેરાવી.

જાગૃતિના નેજા હેઠળ

વડોદરાના ત્રીજા અધિવેશનમાં બે બંધારણીય મનોદશાવાળા સરકારપ્રિય મંત્રીઓ શ્રી. મણીભાઈ વસનજી દેસાઈ અને શ્રી. માણેકલાલ અંબારામ ડૉક્ટર ઉપરાંત સ્વતંત્ર મનોદશાવાળા શ્રી ગણેશ ભાસ્કર સાનેની પણ નીમણુંક થઈ હતી. આ રીતે શ્રી સાનેની નીમણુંક અને ગઈ પરીષદે ઠરેલો રચનાત્મક કાર્યક્રમ ને અપનાવી લેવાનો ઠરાવ એ એના શુભેચ્છે ઇ. સ. ૧૯૨૪ ના ૨૩–૨૪–૨૫ માર્ચના દિવસોએ પાટણમાં ચોથું અધિવેશન મળ્યું ત્યાં સુધીમાં પહેલી વખત કંઈ વ્યવસ્થીત કાર્ય થયું. સાને સાહેબે પ્રજામંડળની સ્વતંત્ર કચેરી શરૂ કરી, નિયમીત કાગળો રાખવા માંડયા અને પ્રજાની સમસ્યાઓ અને મુશ્કેલીઓના સમભાવથી ઉત્તરો આપવા માંડયા. શ્રી. સાને ટિળકસંપ્રદાયના રાજકારણી પુરુષ હતા છતાં ગાંધીજીમાં તેમને અદ્ભુત શ્રદ્ધા હતી. ધીરજ, ખંત અને સામાન્ય અક્કલ (common sense) આ એમના પ્રમુખ સદ્ગુણો હતા. નિયમીત કામકાજમાં ખર્ચ થવા માંડયો અને ખર્ચ કરવા માટે પૈસાની તંગી સ્પષ્ટ અને ઉગ્ર થવા માંડી. સાને સાહેબે પ્રવાસ શરૂ કર્યો. રાજ્યના ગામડાઓનો નિકટનો સંપર્ક એમણે સાધ્યો અને પૈસા



સ્વ. હરિલાલ ગોવિંદજી પરીખ
પ્રમુખ ત્રીજી પરિષદ



સ્વ. રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા
પ્રમુખ - પહેલી પરિષદ



સ્વ. ડાહ્યાભાઈ લલ્લુભાઈ પુરોહિત
વ. ગ. પ્રગતમંડળ છઠ્ઠા અધિવેશનના પ્રમુખ



સ્વ. મટુભાઈ કાંટાવાળા
વ. ગ. પ્રગતમંડળ ચોથા અધિવેશનના પ્રમુખ

મેળવવાની સાથે સાથે એમણે લોકોના હૃદયમાં શ્રદ્ધા અને જાગૃતિ જન્માવી. આ લોકજાગૃતિને ગુજરાતની સમગ્ર અને સમર્થ પ્રજાજાગૃતિએ બળ આપ્યું. પરિણામે ખાદીનું વેચાણ વધ્યું, રાષ્ટ્રીય સપ્તાહો ઉજવાયા અને અમલદારી દોરમાં જકડાતી અને મુંઝાતી જનતાની બીકતા ઓગળવા માંડી.

આ લોકજાગૃતિના મંગળાચરણ જેવા બે બનાવો ૧૯૨૨ના પ્રારંભમાં બન્યા. નાગરિકજનોના સંકટો દૂર કરવા અને એમને ઉંચે લાવવા સ્વર્ગસ્થ સારંગપાણી સાહેબના પ્રમુખપણા નીચે નાગરિક સંકટ નિવારણ સમિતિ નીમાઈ અને પ્રજામાંથી દારૂની બદી દૂર કરવા માટે મદ્યપાન નિષેધ મંડળની પણ સ્થાપના થઈ. આ બન્ને મંડળોની શરૂઆતમાં જ સારંગપાણી સાહેબનો દેહ પડ્યો. એટલે નાગરિક જન સુધારણ સભાની જવાબદારી પ્રજાએ ડૉ. સુમન્ત મહેતાને માથે નાખી. આ સમિતિએ નાગરિકોમાં ખૂબ કામ કર્યું અને પરિણામે સરકાર સાથે અથડામણો થવા માંડી. આખા રાજ્યમાં વડોદરાના સવિનય ભંગનો સવાલ ઉભો થયો. પણ એટલામાં શ્રીમંત પરદેશથી પાછા ફર્યા અને પ્રજાના પ્રતિનિધિઓએ એમની મુલાકાત લીધી અને પછી વાતની સમાધાની થઈ. ઈ. સ. ૧૯૨૪ માં રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુથી સરકાર અને પ્રજાના સવાલોની ચર્ચા કરનાર 'નવગુજરાત'નો જન્મ થયો. આ પત્રના જન્મથી પ્રજાના એક વર્ગની ખોટ પૂરાઈ. આજ માત્ર સરકારી નીમણુંકો અને ટેક્સ ફીઓના સમાચાર વાંચી વાંચીને થાકેલી જનતાએ [illegible] અનુભવી.

નવો ચીલો

પાટણના ચોથા અધિવેશને એક નવો ચીલો પાડ્યો. સ્વ. શ્રી મટુભાઈ કાંટાવાળા આ પરિષદના પ્રમુખ હતા. એમના મુખ્ય ત્રણ ઠરાવો—શ્રીમંતના અને ગાંધીજીના દીર્ઘાયુષ્યના અને જવાબદાર રાજ્યતંત્ર માગના—ઉપરાંત બીજો ઠરાવો પણ સમિતિથી ઉડી ગયા એ ઠરાવ તે અસ્પૃશ્યતા નિવારણનો હતો. પ્રમુખસ્થાનેથી આ ઠરાવ મુકાયો હતો. ત્યાં વિરોધમાં એટલું કહ્યું કે ધારણીય સિદ્ધાંતની વિરુદ્ધ થઈ. પ્રમુખે આ ઠરાવ ઉપર મત લેવા પડ્યા અને આખરે ગરમ અને હળવી ચર્ચા પછી ૮૪ વિરુદ્ધ ૯૦ મતે એ ઠરાવ ઉડી ગયો. અને બીજો ઠરાવ હતો ઠરાવોનું નિવેદન કરવા માટે શ્રીમંત

ગાંધીજી તથા સરદારશ્રી વલ્લભભાઈ પટેલે ખાસ હાજરી આપી હતી. આ વખતે પ્રજાએ જે જુસ્સો અને ઉત્સાહ દેખાડ્યા તેનો સરકાર ઉપર ખૂબ પ્રભાવ પડ્યો. પણ આ પ્રભાવની અસર સરકારના મન ઉપર કેવી પ્રત્યાઘાતી નીવડી તેનું ઉદાહરણ પ્રજામંડળે જ્યારે શ્રીમંતને સુવર્ણમહોત્સવ વખતે માનપત્ર આપ્યું તેના જવાબમાંથી મળે છે. પ્રજાના એ પ્રેમ અને શ્રદ્ધાના પ્રગટીકરણને શ્રીમંતે બહુ જ અભાવ અને ધૃણાથી લાત મારી. એમણે સ્પષ્ટ સંભળાવ્યું કે: 'પ્રજામાં વધારે હક્કો મેળવવાની અને ભોગવવાની લાયકાત નથી. લાયકાત આવશે ત્યારે સુધારાઓનો વિચાર કરવામાં આવશે.' કમોટીએ ચડેલી જનતાને આ થપાટે નવો પદાર્થપાઠ શીખવ્યો.

સ્પષ્ટ થતું ધ્યેય

ઈ. સ. ૧૯૨૨માં વડોદરામાં પ્રજામંડળનું અધિવેશન ભરાયું ત્યારે સરકારે જે વસ્તુની ખાસ દરકાર લીધી હતી તે વસ્તુ ઉપરથી સરકારનો કાબુ ઢીલો થતો ગયો. પ્રજામંડળની લગામ ધીરે ધીરે સ્વતંત્ર મનોદશાવાળા કાર્યકરોના હાથમાં આવવા માંડી. પાટણમાં મંત્રી તરીકે શ્રી મહાસુખભાઈ આવવાથી શ્રી માણેકલાલ ડૉક્ટર ખરી પડ્યા. અને અમરેલીના અધિવેશન વખતે શ્રી છોટાભાઈ સુતરીઆના આગમનથી શ્રી મણિભાઈને રૂખસદ લેવી પડી. સાને સાહેબ પ્રમુખ થયા હતા એટલે એમની ખાલી પડેલી જગ્યાએ બુલંદ અવાજવાળા અને કારમી વાણીના વક્તા શ્રી ભાઈલાલ જેરાભાઈ આવ્યા હતા. રાજ્ય પ્રજામંડળની કારોબારીમાંથી પણ પાઘડીઓ ઓછી થઈ ને ખાદી ટોપીઓ વધવા માંડી હતી. અને આ રીતે પ્રજામંડળનું જીવન અને કાર્યક્ષેત્ર વિસ્તૃત થવા માંડ્યાં હતાં.

ઈ. સ. ૧૯૨૬ના માર્ચની ૧–૨–૩ તારીખે અમરેલીમાં શ્રી ગણેશ ભાસ્કર સાનેના પ્રમુખપણા નીચે પ્રજામંડળના પાંચમા અધિવેશને સૌથી પ્રથમ અને આવશ્યક કાર્ય કર્યું તે પ્રજામંડળના ધ્યેયમાં સ્પષ્ટતા કરી. અમરેલીએ સ્પષ્ટ રીતે જાહેર કર્યું કે પ્રજામંડળનું ધ્યેય શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યછત્ર નીચે પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનું છે. વડોદરાના ત્રીજા અધિવેશન વખતે પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર દાખલ કરાવવાનો પ્રજામંડળનો ઉદ્દેશ એ અમરેલીમાં જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનું ધ્યેય બન્યું. આમ પ્રજાએ

પોતાની માગણીની પાછળ પોતાના હક્કનું ભાન અને બળ મૂક્યાં અને સાથે સાથે અમરેલી અધિવેશને એ પણ જાહેર કર્યું કે માત્ર માગણીથી કશું નહીં મળે એને માટે પ્રજાનું સંગઠન કરવું જોઈશે, અને આને માટે પ્રજામંડળે પોતાનો સ્વતંત્ર રચનાત્મક કાર્યક્રમ ઘડ્યો અને એના કાર્યની શરૂઆત કરવાનો નિર્ધાર જાહેર કર્યો

દશકાનું જીવન

પાટણ અને અમરેલીના અધિવેશનોના સમય દરમિયાન સાને દાદાએ સમય, શક્તિ અને પૈસો ખર્ચીને જે તનતોડ કામ કર્યું હતું તેને જોમ આપે એવા મંત્રી અમરેલી અધિવેશને મેળવ્યા હતા સાને દાદાના પ્રમુખપદ સાથે શ્રી છોટાભાઈ સુતરીઆના મંત્રીપદનો સુમેળ થયો અને પ્રજામંડળની કાયમી અને વ્યાપક પ્રવૃત્તિએ વધારે સજીવન સ્વરૂપ ધારણ કર્યું પ્રાંત અને તાલુકામાં શાખાઓ સ્થપાવા અને સ્થિર થવા માંડી હતી

પહેલાં ચાર વર્ષના અને પછી બે વર્ષના ગાળા બાદ ભરાતું પ્રજામંડળનું અધિવેશન હવે દર વર્ષે ભરાતું થયું હતું અને આ રીતે પ્રજાએ પ્રજામંડળની પ્રવૃત્તિઓમાં રસ અને ઉત્સાહ બતાવવા માંડ્યા હતા ઈ સ ૧૯૪૦ના જુન માસની દસમી અને અગિયારમી તારીખે પેટલાદમાં મળેલા અધિવેશનને પ્રમુખની જે મુશ્કેલી નડી હતી તે પ્રજામંડળના દસ વર્ષના જીવનમાં સાવ નવી હતી આ પરિષદના પ્રમુખ તરીકે વડોદરાના સૌજન્યમૂર્તિ શ્રી ચિમનલાલ [illegible]ની વરણી થઈ હતી પરંતુ તેઓના અચાનક અવસાનથી [illegible] [illegible] ઉનાળી એઓ પણ ટુંકી [illegible] બિમારીને [illegible] પ્રમુખસ્થાન [illegible] એમ ન હોવાથી [illegible] વ્યક્તિને પસંદ કરવામાં આવ્યા પણ એમને થોડા વખતથી [illegible] જવાથી બીજાને પસંદ કરવું પડ્યું આખર છેલ્લી ઘડીએ વડોદરાના આગેવાન વકીલ અને [illegible] શ્રી [illegible] પુરોહિતને પ્રમુખની ગાદીએ બેસાડ્યા આ આ ભિન્ન મુશ્કેલીઓએ પેટલાદના અધિવેશનને એક અપવાદરૂપ, [illegible] અને વ્યાપક [illegible] દૃષ્ટિવાળા [illegible] પ્રમુખ [illegible] અપાવ્યા. અને [illegible] અધિવેશને [illegible] પ્રજામંડળના પ્રતિનિધિઓને અભિનંદિત [illegible] [illegible] [illegible]

વાનું ઠરાવીને ભારતની એક રાષ્ટ્રીય સંસ્થા સાથે પોતાનો સંબંધ બાંધ્યો અને સંસર્ગ શરૂ કર્યો.

પ્રજામંડળની શક્તિનો સ્વીકાર

કુદરત એ એવું વિલક્ષણ બળ છે કે મોટા મોટા બળવાનોને પણ ઘડીના છઠ્ઠા ભાગમાં નમ્ર બનાવી દે, અભિમાનીનો ગર્વ ખાળી દે અને નિર્બળને શક્તિશાળી બનાવી મુકે. વરસોના અબોલા હોય એવાઓને મેળવી દે અને જૂનાં મૂલ્યો તોડીને નવાં મૂલ્યાંકનોની પ્રજાને ભેટ ધરે.

ઈ. સ. ૧૯૨૭માં આવેલા રેલસંકટે સરકાર અને પ્રજા બન્નેને પોત પોતાના બળની કસોટીનો અવસર આપ્યો. આજ સમયમાં ગુજરાતે અને ભારતે એક નવો વિજય મેળવ્યો હતો. બારડોલીના સત્યાગ્રહના વિજયે પ્રજામાં નવાં પ્રાણ, બળ અને શ્રદ્ધા પૂર્યાં હતાં. પ્રજામાં જાણે કે નૂતન જીવનની પ્રતિષ્ઠા થઈ રહી હતી. ગુજરાતે તો બારડોલીના વિજયી સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ નીચે રેલસકટનું કામ જોરશોરથી કરવા માંડ્યું હતું. એટલે વડોદરાની સરકારે પહેલાં તો પ્રજામંડળની શક્તિનો અસ્વીકાર કરવાનો પ્રયત્ન કરી જોયો પણ પાછળથી ભૂલ સમજતાં પ્રજામંડળ સાથે સહકાર કરીને રાહતની પ્રવૃત્તિ શરૂ કરી. પ્રજામંડળની શક્તિનો આ પ્રથમ સ્વીકાર હતો.

વડોદરાનું બારડોલી

ખોટો ભય અને પોતાના બળમાં વધારે પડતી શ્રદ્ધા એ બન્ને તત્ત્વો જીવનમાં ઘણી મુશ્કેલીઓ જન્માવે છે. વડોદરા સરકાર પણ આ અણસમજણનો ભોગ બની. કરજણ તાલુકામાં એણે નોટીફાઈડ એરીઆ નામનો કાયદો લાગુ કર્યો; એટલે મોખરાના કરની તલવાર કરજણ ઉપર ઝીંકાઈ. બારડોલીમાં પ્રજાનો વિજય તાજો હતો. પ્રજાની શ્રદ્ધા હજી સજીવન હતી. અને આ કટકાએ ચુસાના ખેડૂતોને મરણિયા બનાવ્યા. કરજણ તાલુકાએ આ કર સામે લડત આરંભી અને શ્રી ચુનીલાલ શાહને પોતાના સરદાર બનાવ્યા. આ લડતનો પ્રચાર અને એના તત્ત્વો એટલા જોરદાર અને વ્યાપક બન્યા કે આખી ગાયની પ્રજાનું અને સમસ્ત ગુજરાતની પ્રજાનું ધ્યાન કરજણ પર મંડાયું. પોતાનો પાડોશી ધર્મ બજાવવા ગુજરાતના નેતાઓએ પણ મદદ કરવા માંડી.

રાજ્યના વિભાગમાંથી ચુંટાઈ આવેલા વકીલ શ્રી નંદુભાઈ ધારાસભામાં આ અંગે રદ કરવાનો ઠરાવ લઈ આવ્યા. રાજ્યના ખેડુતો ધારાસભાના હોલ સુધી પહોંચ્યા. સરકારને પોતાની ભૂલ સમજાઈ અને આખરે એ અળખામણો મોખનનો કર નાબુદ થયો. વડોદરાની પ્રજાના વિકાસની તવારીખમાં અને પ્રજામંડળના ઇતિહાસમાં રાજ્યનું વડોદરા તાલુકાના આગેવાની તરીકે અમર થઈ ગયું.

ગુજરાતના સુબાની સહાનુભૂતિ

આ સમયના ઈ. સ. ૧૯૨૮ના માર્ચ માસની ૪-૫-૬ તારીખોએ વડોદરામાં પ્રજામંડળનું સાતમું અધિવેશન ભરાયું. દરબાર ગોપાળદાસને પ્રજાએ એમને અધિવેશનના પ્રમુખ બનાવી તેમના ત્યાગની કદર કરી. અને વડોદરાએ શ્રી શારદાબહેન મહેતાને સ્વાગત પ્રમુખ બનાવીને સ્ત્રીશક્તિને સન્માનની અંજલિ અર્પણ કરી.

આ પરિષદમાં બારડોલીના વિજયી સરદાર શ્રી વલ્લભભાઈ પટેલ પોતાના સાથીઓ અને બહાદુર સૈનિકો સાથે હાજર થયા હતા. સરદારને વડોદરા નગરની અને વડોદરાની પ્રજાએ હૃદયના ઉમળકાભેર આવકાર આપીને એમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. માનપત્રોની સંખ્યાનો પાર ન હતો. અને પ્રજા નિત્યના આનંદમાં સાબેલ મસ્ત હતી. સરદારે પોતાના આશીર્વાદ પ્રજામંડળને આપવા અને જરૂર પડે મદદ કરવાનું વચન આપ્યું.

પ્રગતિશીલ માનવના પ્રથમ દર્શન

ઈ. સ. ૧૯૩૦નું વર્ષ હિંદુસ્થાનના ઇતિહાસમાં યાદગાર બની ગયું છે. દાંડીકૂચથી આરંભી માર્ચના મધ્યમાં ગાંધીજીના સવિનય કાનૂનભંગે સમગ્ર દેશના જનતાની ભાવના જાગી હતી. રાષ્ટ્રીય અસ્મિતાની સ્થાપના માટે આંદોલનના સ્વરૂપ ધારી રહ્યા હતા. મહાત્માજીની દાંડીકૂચના દિવસોમાં એપ્રિલ ૧૮મી અને ૧૯મી તારીખે નવસારીમાં પ્રજામંડળનું આઠમું અધિવેશન ભરાયું હતું. આ સમયના બના નુગાનના પ્રમુખ હતા ... પરંતુ એઓ પ્રમુખ સ્થાન લેવા આવે તે પહેલા સરકારે એમને પકડીને જેલના

મહેમાન બનાવી લીધા હતા. નવસારીની સરહદો બારડોલી તાલુકા સાથે મળેલી છે. જનતાના પરસ્પરના સંબંધો પણ જુદા ન પાડી શકાય એવાં સંકળાયેલા છે. એટલે બારડોલીની લોકજાગૃતિની પૂરતી અસરમાં નવસારી પ્રાંતની જનતા પણ ભિંજાઈ હતી. એટલે નવસારીના આ અધિવેશનમાં એ જાગૃતિનો સંપૂર્ણ જમાવ હતો અને એ પ્રભાવથી આખું અધિવેશન ભર્યું ભર્યું લાગતું હતું.

ઇ. સ. ૧૯૨૭ના રેલસંકટ પછી ૧૯૨૮નું હિમસંકટ પ્રજાને માથે પડ્યું હતું. અને એક સંકટથી ઝડપાયલી પ્રજા બીજી આફતમાં ફસડાઈ પડી હતી. સંકટ અને દુઃખ પ્રજામાં સંગઠન અને સમભાવ પેદા કરે છે એ માનવ-સ્વભાવની એક હકીકત છે. પ્રજામંડળે આ હિમસંકટ માટે પણ કમર કસીને ખેડૂતોને સહાય કરવા માંડી હતી. આ ઉપરાંત ધનીઆવી શિકારખાનાનો પ્રશ્ન પણ હવે લોકોનું ધ્યાન ખેંચતો થયો હતો એટલે વડોદરાથી નવસારી સુધીની મજલ પ્રજામંડળે ખૂબ ઉત્સાહભરી સેવાથી પૂરી કરી હતી. લોકોના મનમાં અને હૃદયમાં પ્રજામંડળ પોતાની સંસ્થા છે એ ભાવ અને વિશ્વાસ સ્થિર થયાં હતાં. આવા ચેતનામય વાતાવરણમાં નવસારીનું અધિવેશન મળ્યું હતું. એમાં ચુંટાયલા પ્રમુખ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને પકડીને સરકારે લોકોમાં વધારે જુસ્સો મૂક્યો હતો.

સરદાર વલ્લભભાઈની જગ્યાએ કામચલાઉ પ્રમુખ તરીકે નવસારીએ ડૉ. સુમન્ત મહેતાની વરણી કરીને પોતાને આંગણે નોતરેલા પ્રસંગના રંગને બરાબર જાળવી રાખ્યો. આ અધિવેશનમાં પ્રજાના પલટાતા માનસને પ્રગટ થવાની ખૂબ મોકળી તક મળી હતી. નવસારીના આ અધિવેશનને એ વર્ષના રાષ્ટ્રપતિ પંડિત જવાહરલાલ નહેરૂએ પોતાનો ખાસ સંદેશો નીચે પ્રમાણે મોકલ્યો હતો.

"આપની પરિષદમાં હું હાજર રહી શકતો નથી પણ પરિષદ ઉપર સંદેશો મોકલું છું. હિંદી રાજસ્થાનો બાકીના હિંદથી કંઈક જુદાં જ છે અને બ્રિટીશ હિંદ આ રજવાડાઓ વિના ચલાવી શકે છે એ જાતના વિચારો સત્વરે અદ્રશ્ય થતા જાય છે. આપણે હવે એ સમજી લેવું જોઈએ કે આપણું હિત એક સરખું, અરસપરસ સંકળાયેલું અને અભેદ છે. બ્રિટીશ હિંદ કે રજવાડા એક


બીજા શિવાય ચલાવી શકે નહીં. રાજસ્થાનોની વધતી જતી પ્રગતિ જોઈને સંતોષ પેદા થાય છે. હિંદ આજે રાષ્ટ્રીય લડતની મહાન કસોટી પર ખડું છે. એ લડતમાં કોઈ વ્યક્તિ બ્રિટીશ હિંદમાં રહે છે કે એ લડતથી નિરાળા પડીને રાજસ્થાનમાં રહે છે એ ગણત્રી કરવી એ સંભવી શકતું જ નથી. આપની પરિષદને હું સંપૂર્ણ ફત્તેહઇચ્છું છું."

નવસારી પ્રાંતના રાષ્ટ્રીય વાતાવરણ અને મનોદશાને રાષ્ટ્રપતિના સંદેશાથી વધારે તાકાત મળી. આનું પરિણામ એ આવ્યું કે નવસારી અધિવેશને રાષ્ટ્રીય લડતમાં રાજ્યમાંથી માણસો મોકલવાનો ઠરાવ કરીને દેશી રાજ્યની પ્રજા બ્રિટીશ હિંદથી જુદી નથી એવી અભેદ લાગણી સાબીત કરી.

કાયદાનો સવિનય ભંગ

ઇ. સ. ૧૯૩૦–૩૧નું વર્ષ વડોદરાના પ્રજાકીય જીવનમાં ઘણી રીતે સ્મરણીય બન્યું છે. રાષ્ટ્રીય અસ્મિતા અને રાષ્ટ્રીય કાર્ય એ બન્નેની વ્યાપક અસર પ્રજામાનસ ઉપર શરૂ થઈ ચુકી હતી. પરંતુ આ વર્ષમાં તે સઘન સ્વરૂપે દેખાવા માંડી. રાષ્ટ્રચેતનાની ભરતીથી અને આઝાદીની તમન્નાથી પ્રજાકીય માનસ રંગાઈ ગયું હતું. વડોદરા પણ આ ભરતીથી ભિંજાયા વિના કેમ રહી શકે? વડોદરા રાજ્યમાં પણ સ્વદેશી, દારૂનિષેધ, પરદેશી કાપડ ઉપરની ચોકી, સભાસરઘસ, પ્રભાતફેરીઓ, વાનરસેના અને માંજરસેના વગેરે વિવિધ પ્રવૃત્તિઓ આરંભાઈ ચુકી હતી.

વડોદરાની પ્રગતિશીલ ગણાતી સરકારને પણ પ્રજાની આ ચેતના વધારે પડતી લાગી. અને વંશપરંપરાગત મનોદશા પ્રમાણે એણે એમ માન્યું કે કાયદો કરીને આવી ચળવળની વ્યાપકતા અટકાવવી જોઇએ એટલે એક જાહેરનામુ પ્રસિદ્ધ કરીને સભા-સરઘસ પરવાનગી વિના ભરવાં-કાઢવાં નહીં એવો હુકમ કર્યો. પ્રજામાનસ ઉપર આ હુકમે ફડાકાનું કામ કર્યું. પ્રજાને એમ લાગ્યું કે એની નાગરિક સ્વતંત્રતા ઉપર આ અણઘટતો કાપ મુકાયો છે અને આ રીતે પ્રજાસમસ્તનું અણછાજતું અપમાન કરવામાં આવ્યું છે. એ વખતે 'વડોદરા યુવકસંઘ' એ નામની એક સંસ્થા પણ વડોદરા શહેરમાં ચાલતી હતી. પ્રજામંડળની સરકાર સાથે સહકાર કરીને



ડૉ. સુમન્ત મુહેતા

વડોદરા રાજ્ય પ્રજામંડળ આઠમા અધિવેશનના પ્રમુખ



સૌ. શારદાબેન મહેતા

વ. રા. પ્રાન્તમંડળ સાતમા અધિવેશનના સ્વાગત પ્રમુખ

ચાલવાની નીતિની ખબર હોવા છતાં જુવાનો નાગરિકતાનું આ અપમાન સહી શકયા નહીં. એટલે સ્વતંત્ર રીતે યુવકસંઘે સરઘસ કાઢીને કાયદાનો ઉઘાડે છોગે સવિનયભંગ કરવાનો નિરધાર કર્યો. આ નિર્ણય પ્રમાણે યુવકસંઘના ત્રણ મુખ્ય કાર્યવાહકો શ્રી નાનુભાઈ વ્રજલાલ પટેલ, શ્રી મગનભાઈ પુરુષોત્તમ પટેલ અને શ્રી સુરેન્દ્ર ઝવેરીના નામથી સરઘસ કાઢવાની પત્રિકાઓ પ્રગટ થઈ. પત્રિકા પ્રમાણે મોટું સરઘસ નીકળ્યું. આ સરઘસને જુબીલીબાગ અને અમદાવાદી પોળ વચ્ચે પોલીસે રોકયું અને ત્રણે સહી કરનાર આગેવાનોને પકડી લીધા. આખું સરઘસ જમીન પર બેસી ગયું. આ નિર્દોષ અને અહિંસક સરઘસ ઉપર રાત્રે નવેક વાગે પોલીસે વિખેરાવાની આજ્ઞા આપ્યા વિના લાઠી-માર કર્યો. આ હકીકત છે. પછી તો લાઠીમાર કેમ થયો એની તપાસ સમિતિ નિમાઈ અને આખુંય પ્રકરણ ભીનું સંકેલાયું. ત્રણ આગેવાનોને થોડા દિવસ પછી સરકારે છોડી દીધા. પરંતુ આ લાઠીમારે વડોદરા રાજ્યની પ્રજામાં એક નવી જાતનું બળ મૂકયું, નવા પ્રાણની પ્રતિષ્ઠા કરી; એટલે એક રીતે આ લાઠીમારનો પ્રસંગ વડોદરાની પ્રજાના વિકાસના ઇતિહાસમાં સીમાચિન્હ બની ગયો. બીજી બાજુ નવસારીમાં પીકેટીંગની પ્રવૃત્તિને રૂંધતો સુબાસાહેબનો હુકમ પ્રગટ થયો હતો. આ હુકમનો અનાદર કરવાની આજ્ઞા પણ તે વખતના પ્રજામંડળના પ્રમુખ શ્રી ડૉ. સુમન્ત મહેતાએ આપી હતી પણ બીજું કંઇ બને તે પહેલાં એ હુકમ ગળી જવામાં આવ્યો.

દરમિયાન મશહૂર ગાંધી-અરવિન સંધિ થઈ. આ સંધિના સુખદ વાતા-વરણમાં કડી મુકામે માર્ચની ૭-૮ અને ૯મી તારીખે પ્રજામંડળનું નવમું અધિવેશન શ્રી છોટાભાઈ સુતરીઆના પ્રમુખપદે મળ્યું. આ કડી અધિવેશનના પ્રમુખ થવા માટે સ્વ. શ્રી અબ્બાસ તૈયબજીને વિનંતિ કરવામાં આવી હતી. પણ એઓ બ્રિટીશ હિંદની લડતમાં જોડાયા હતા એટલે એમણે ના પાડી. ડૉ. સુમન્ત મહેતાને વિનંતિ કરતાં એમણે પણ ઉપલા કારણે જ ના પાડી. એટલે તરત જ સૌની નજરે નિરભિમાની અને મૂગા સેવક શ્રી સુતરીઆ પર પડી અને એમણે મંત્રીની જોખમદારી બદલીને પ્રમુખની જવાબદારી સ્વીકારી.

મહેસાણા પ્રાંતના શેરથા ગામે શ્રી સુમન્તભાઈની આગેવાની નીચે શેરથા-આશ્રમનો પ્રયોગ શરૂ થયો હતો એટલે ડૉક્ટર સાહેબ અને એમના સાથીઓએ

અને નામ [illegible] એક આપભોગી મંત્રીની પ્રાપ્તિ થઈ. આ ગાઢ અને અજોડ ત્યાગે પ્રજામંડળમાં અને પ્રજાના જીવનમાં નૂતન પ્રેરણા અને બળ મૂક્યાં.

બીજો બનાવ એ 'પ્રજામંડળ' પત્રિકાનો જન્મ [illegible]. આજે પ્રજામંડળના મુખપત્ર તરીકે અને પ્રજાઅવાજના પ્રતિનિધિ તરીકે પ્રજા અને સરકાર જેને સરખી મહત્ત્વની ગણે છે એ પત્રિકાની પાછળ પણ શ્રી ચુનીલાલ શાહનો ભેખ અને એમની મહેનત ઉભાં છે. આ બનાવની સાથે જ સંબંધ ધરાવતો એક મહત્ત્વનો બનાવ એ બન્યો કે પ્રજામંડળના મંત્રી તરીકે એક કુનેહમાં [illegible] અને [illegible] ધારાશાસ્ત્રી અને ચતુર રાજદ્વારી શ્રી પ્રાણલાલ મુનશીની સેવાઓ પ્રજામંડળને મળી.

જુવાન વૃદ્ધનો ચમત્કાર

ભોઈંમાં ભરાયેલા અધિવેશન પછી વડોદરામાં મળેલી [illegible] મંડળની સભાએ રચનાત્મક કાર્યનો અને પ્રજામંડળના તાલુકા અને ગ્રામમંડળો ઉભાં કરવાનો જે નિર્ણય કર્યો હતો તેને અનુલક્ષીને ખૂબ [illegible] વ્યાપક કામ થયું હતું. વળી દરેક વર્ષે અધિવેશન માર્ચ અથવા મે મહિનામાં ભરાતું તેને બદલે અમરેલીમાં દશમું અધિવેશન ઓક્ટોબરની ૨૩–૨૪ અને ૨૫ તારીખોએ ભરાયું. આને કારણે પણ પ્રજામંડળના કાર્યકરોને કામ કરવાના છ મહિના વધારે મળ્યા. શ્રી ચુનીલાલ શાહના આવવાથી પ્રજામંડળની મધ્યસ્થ કચેરી વધારે વ્યવસ્થિત અને વધારે ચેતનવંતી બની.

અમરેલી અધિવેશનનું સૌથી મોટું આકર્ષણ હતું શ્રી અબ્બાસ તૈયબજી. [illegible] અબ્બાસ સાહેબે જ્યારથી અમરેલી અધિવેશનનું પ્રમુખપદ લેવાનું સ્વીકાર્યું હતું ત્યારથી પ્રજા અને [illegible] કાર્યકરોમાં ખૂબ ઉત્સાહ અને ચેતના આવ્યાં હતાં. વળી અમરેલીના નાગરિકો અને [illegible] ખાસ કરીને [illegible] શ્રી [illegible] અધિવેશનની સાથે સાથે એક ગૃહઉદ્યોગ પ્રદર્શન પણ ગોઠવવામાં આવ્યું હતું. શ્રી અબ્બાસ સાહેબ [illegible] પ્રજામત [illegible] પોતાની તાકાત વધારવા અને [illegible] ઉપર પોતાનું [illegible] અને અબ્બાસ સાહેબની [illegible] અને સંબંધનો

લાભ લઈને આખા રાજ્યમાં પ્રજામંડળની શાખાઓ અને કાર્ય વ્યવસ્થિત કરવાનો જબરજસ્ત પ્રયત્ન કરવામાં આવ્યો. શ્રી અભ્યાસ સાહેબે પણ જુવાનોને શરમાવે એવી રીતે આખું વર્ષ રાજ્યના કસ્બા અને ગામડાંઓમાં રખડીને પ્રજામાં પ્રજામંડળ વિષે અજબ શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન કર્યાં. આ ઉપરાંત પ્રજામંડળ જે માત્ર પોતાના સ્થાનિક પ્રશ્નો સંબંધી જ ખાસ વિચાર કરતું હતું, તેણે હવે પોતાના વિચારોની મર્યાદા વધારીને સમસ્ત દેશીરાજ્યોની પ્રજાના દૃષ્ટિબિંદુથી પણ કેટલાક સવાલોને જોવા માંડયા. પાડોશના બ્રિટીશહિંદની પ્રજાની પલટાતી મનોદશા અને બીજા રાજસ્થાનોમાં ચાલતી, ઉગતી અને બળ પકડતી પ્રવૃત્તિઓને લીધે વડોદરા રાજ્ય પ્રજામંડળને પણ પોતાની દૃષ્ટિનો વિસ્તાર આવશ્યક લાગ્યો. આનું બીજું પરિણામ એ પણ આવ્યું કે રાષ્ટ્રીય મહાસભા તથા બીજા રાજસ્થાનોની પ્રજાકીય હીલચાલોના નેતાઓએ વડોદરા પ્રજામંડળની આ ઉદાર, વ્યાપક અને સમભાવી નીતિને ખૂબ પ્રેમથી વધાવી લીધી અને પ્રજામંડળને એક નવી જાતની વ્યાપક પ્રતિષ્ઠા મળી.

જુવાની અને જરાની હરિફાઈ

અમરેલીના અધિવેશન પછી અભ્યાસ સાહેબે જંપીને નહીં બેસવાનો નિર્ણય કર્યો અને એમણે તરત જ પ્રજામંડળના મુખ્ય કાર્યવાહકોને હાકલ કરી. અમરેલી અધિવેશને દસહજાર સભાસદો નોંધવાનો અને પ્રજામંડળના કામ માટે રૂ. ૧૫૦૦૦) ભેગા કરવાનો ઠરાવ કર્યો હતો. આ ઠરાવના પાલન માટે અભ્યાસ સાહેબે આખા રાજ્યનો પ્રવાસ કરવાનો નિર્ણય જાહેર કર્યો. દરેક પ્રાંત અને તાલુકાઓમાંથી ફેરણીના કાર્યક્રમો તૈયાર થઈને આવ્યા અને અભ્યાસ સાહેબે ફેરણી શરૂ કરી. વડોદરા રાજ્યના ગામડાઓમાં એક નવો જ ઉત્સાહ અને નવી પ્રેરણા જનતામાં દેખાયાં. લોકોએ સંકોચ વિના પોતાનાં દિલ ઉઘાડીને પોતાના સુખદુઃખની વાતો કરી. અને પ્રજામંડળને પોતાનું માનીને પૈસા પણ આપ્યાં. અભ્યાસ સાહેબના આ ઐતિહાસિક પ્રવાસે પ્રજાના મનમાંથી ભયને દૂર કર્યો અને નિર્ભયતાની સ્થાપના કરી. અમલદારોના પ્રતાપોથી ગભરાતી, લુંટાતી અને રીબાતી પ્રજામાં નવા પ્રાણ આવ્યા, એને નવો સમભાવ મળ્યો અને એને ખાતર એના જીવનમાં નવો રસ આવ્યો. અભ્યાસ સાહેબે જુવાનોને પણ શરમાવે એટલા જોમથી અને ઉત્સાહથી પોતાની પ્રમુખ



સ્વ. અબ્બાસ તૈયબજી

વડોદરા રાજ્ય પ્રજામંડળ બારમા અને તેરમા અધિવેશનના પ્રમુખ



પંડિત જવાહરલાલ નહેરૂ

તરીકેની જવાબદારીને અદા કરી એક નવું ઉદાહરણ બેસાડયું. આને કારણે વડોદરામાં જ્યારે હોળીના તહેવારોમાં ઇ. સ. ૧૯૩૫ના માર્ચની ૨૩-૨૪ અને ૨૫મી એ વડોદરા પ્રજામંડળનું બારમું અધિવેશન મળ્યું ત્યારે પ્રજાએ ફરીથી સર્વાનુમતે અબ્બાસ સાહેબને જ પ્રમુખ તરીકે પસંદ કર્યા. વડોદરા પ્રજામંડળના ઇતિહાસમાં આ બનાવ અજોડ કહેવાય એવો હતો.

માનનીય મહેમાન

વડોદરામાં મળેલા બારમા અધિવેશનનો બીજો આકર્ષક અને અપૂર્વ પ્રસંગ એ સરદાર વલ્લભભાઈ પટેલ અને દરબાર ગોપાળદાસની હાજરી હતી. આ પરિષદમાં જનતાને સરદારની વીરવાણી સાંભળવાનો અવસર રુચ્યો. અને આ વાણી દ્વારા સરદારે વડોદરાની પ્રજાને જરૂર પડે પડખે ઉભા રહેવાનું આશ્વાસન આપ્યું. હીમસંકટને કારણે સરકારે જે મહેસૂલ માફી આપી હતી તેની તેમણે કદર હતી અને સાથે સાથે જવાબદાર રાજતંત્ર નહીં આપવા વિષે ટકોર પણ કરી હતી.

પ્રજામંડળનો વિસ્તાર

વડોદરાના અધિવેશન પછી પ્રજામંડળનું કાર્ય ખૂબ વ્યવસ્થિત થઈ ગયું હતું. પ્રજામંડળ પત્રિકાના નિયમીત પ્રકાશનથી પ્રજાની મુશ્કેલીઓ જાહેરમાં હિંમતપૂર્વક મુકાતી થઈ હતી અને સરકારી વલણો ઉપર માનપૂર્વકની પણ સચોટ ટીકાઓ પણ થવા માંડી હતી. સરકારે પણ ઇચ્છાએ કે અનિચ્છાએ પ્રજામંડળના સંગઠનને મચક આપવા માંડી હતી. આમ ધીરે ધીરે પ્રજામંડળનું કાર્ય વિસ્તરતું જતું હતું અને જામતું હતું તે સમયમાં એટલે ૧૯૩૬ના મેની ૫-૬ અને ૭મી તારીખે ડૉ. સુમન્ત મહેતાના પ્રમુખપદે નવસારી પ્રાંતમાં આવેલા કઠોરમાં પ્રજામંડળનું તેરમુ અધિવેશન મળ્યું. આ અધિવેશનમાં ડૉ. સુમન્ત મહેતાના પ્રમુખપદે એક ખેડુત તપાસ સમિતિ નીમાઈ. આ સમિતિના મંત્રી શ્રી ચુનીલાલ શાહ થયા. આ સમિતિનું કાર્યક્ષેત્ર એવું ઠર્યું કે ખેડુતોનું જુદું સંગઠન કરવું કે પ્રજામંડળમાં ખેડુતો વિષે આખો નવો વિભાગ ઉભો કરવો એની વાટાઘાટ કરી નિર્ણય કરવો. ઉપરાંત પાંત્રીસ ટકા જમીન મહેસૂલમાંથી માફીના ઠરાવ ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો. અને બે વર્ષ સુધી

તનતોડ મહેનત કરીને વડોદરાની પ્રજામાં જે જાગરણ આણ્યું તને માટે આ અભ્યાસ માટે તેમની પ્રજાએ આભાર દર્શાવ કરીને [illegible]

વડોદરાથી સિદ્ધપુરનો પ્રવાસ એ પ્રજામંડળની શાન મુસાફરી છે. સિદ્ધપુરમાં ઈ. સ. ૧૯૩૩ના માર્ચની ૨૯–૩૦ અને ૩૧મીએ શ્રી પ્રાણલાલ મુનશીના પ્રમુખપણા નીચે પ્રજામંડળનું ચૌદમું અધિવેશન ભર્યું. આ અધિવેશનમાં થએલા ઠરાવો પૈકી એક ઠરાવે પ્રજાને એક નવીન જીવનનું આહ્વાન આપ્યું. એ ઠરાવમાં એવો આશય હતો કે પ્રજામંડળનો ઉદ્દેશ સિદ્ધ કરવા, પ્રજામંડળે આજ સુધી જે જે પ્રયત્નો કર્યા તેને શ્રીમંત સરકાર તરફથી જોઈતું લક્ષ આપવામાં આવતું નથી, તેની આ પ્રજામંડળ ખેદ સાથે નોંધ લે છે અને ઠરાવે છે કે પ્રજામંડળનો હેતુ સિદ્ધ કરવા હવે સહન કરવું પડે તો તેમ કરીને પણ વડોદરા રાજ્યની જનતાએ કારોબારી સમિતિ ઠરાવે તે કાર્યક્રમ અમલમાં મૂકવો. આ ઠરાવ પ્રમુખસ્થાનેથી મૂકવામાં આવ્યો હતો. આ અગાઉના ઠરાવો કરી કરીને, માગી માગીને થાકી ગએલી અને હવે તેવા તૈયાર થએલી પ્રજાનો મક્કમ નિર્ધાર હતો. એમાંથી એવો સૂર પણ નીકળતો હતો કે જો પ્રસંગ આવે અને કારોબારી મંડળ સરકાર સામે અસહકારની નીતિ સ્વીકારે અથવા સત્યાગ્રહ આદરે તો તે વખતે ભોગ આપવા પ્રજાએ તૈયાર રહેવાનું છે. ગયે વર્ષે [illegible] જે ખેડૂત તપાસસમિતિ નીમાઈ હતી તેના ઉપર મનાઈહુકમ ફરમાવીને સરકારે તેને કામ કરવા દીધું નહોતું. આથી પ્રજાને એમ લાગ્યું હતું કે પ્રજાના નમ્ર અને મર્યાદિત વર્તનનો સરકાર અનર્થ અને દુરુપયોગ કરે છે. એટલે જ [illegible] સ્વમાની પ્રજામાનસનો પડઘો ઉપરના ઠરાવે [illegible] પાડ્યો.

સરદારનો સથવારો

સિદ્ધપુરના અધિવેશનમાં શ્રી ચુનીલાલ [illegible]ને મહામંત્રી ચૂંટવામાં આવ્યા એટલે એમણે આખું તંત્ર પોતાની આગવી રીતે સજ્જ અને સુદૃઢ બનાવ્યું અને સંગઠનનું કામ શરૂ કર્યું. આ બધાં કામનો હેવાલ આપીને એમણે બારમું અધિવેશન સંભાળ્યું. આ [illegible] સરકાર તરફની મુખ્ય [illegible] હતી તે જમીનમહેસૂલની [illegible] જેવી [illegible] મારી આપીને શ્રી [illegible] પ્રજાને સહાય કરી તેની [illegible]

પ્રજામંડળે કરી છે પરંતુ ઈ સ ૧૯૩૮ની સાલના બે બનાવોએ વડોદરા રાજ્ય પ્રજામંડળના જીવનમા નવો પ્રાણ અને નવી પ્રતિષ્ઠા આણ્યા છે પહેલો બનાવ તે સરદાર વલ્લભભાઈ પટેલ પ્રજામંડળને પ્રમુખ તરીકે મળ્યા અને બીજો બનાવ એ પંડિત જવાહરલાલ નેહરુનુ વડોદરા અને નવસારીનુ સ્વાગત વડોદરાના વૃદ્ધો વાત કરે છે કે પંડિત જવાહરલાલને માન મળ્યુ એવુ બાદશાહી માન હજી સુધી વડોદરામા કોઈપણ પ્રજાકીય નેતાને મળ્યુ હોય તેનું જાણવામા નથી અને વડોદરાની પ્રજાએ પણ રૂ દસ હજારની થેલી આપીને અને અજોડ ભવ્ય સ્વાગત કરીને પંડિતજી તરફ પોતાના પ્રેમ અને લાગણી બતાવ્યા હતા

ઈ સ ૧૯૩૮ના ઑક્ટોબરની ૨૮–૨૯ અને ૩૦ મી તારીખે ભાદરણમા સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે પ્રજામંડળનુ પંદરમુ અધિવેશન મળ્યુ આ અધિવેશન ઘણી રીતે વડોદરા રાજ્યની પ્રજાના જીવનવિકાસમા સ્મરણીય બની ગયુ તેમ છે સરદારનુ પ્રમુખ તરીકેનુ ભાષણ તેજસ્વી, સચોટ, સમતોલ અને તલસ્પર્શી હતુ વડોદરાની સરકારને સંબોધાયેલા શીખવચનોએ સરકારને વિચાર કરતી કરી દીધી અને પ્રજાના મનમા પણ નવી હિંમત અને નવી શ્રદ્ધા પેદા કર્યા જ્યારથી સરદાર વલ્લભભાઈ પટેલનુ નામ પ્રમુખ તરીકે સર્વાનુમતે રાજ્યની પ્રજાએ પસંદ કર્યું હતુ અને સરદારે એ પસંદગી વધાવી હતી ત્યારથી આખા રાજ્યની પ્રજામા અને ખાસ કરીને પેટલાદ અને ભાદરણ તાલુકાની પ્રજામા એક રીતે કહીએ તો નવજીવન આવ્યુ હતુ વ્યવસ્થા, શિસ્ત અને વૈભવની દૃષ્ટિએ તો ભાદરણનુ અધિવેશન ઐતિહાસિક બની ગયુ હતુ આ પરિષદમા ઘણા જૂના ચીલાઓનો ત્યાગ કરવામા આવ્યો હતો તેમા મુખ્ય ધ્યાન ખેંચે એવી બાબત હતી તે દર વર્ષે થતી ઠરાવોની હારમાળાનો સદંતર ત્યાગ અને એને બદલે થયેલા મુદ્દાસરના માત્ર દસ ઠરાવ આ દસ ઠરાવમાથી છ ઠરાવ તો પ્રમુખસ્થાનેથી મૂકાઈને ભાષણ વિનાજ પસાર થયા હતા અને બાકીના ચાર ઠરાવો ઉપર અધિકારી અને અભ્યાસી સેવકો તથા કાર્યકર્તાઓએ સચોટ અને મુદ્દાસરની વાતો ટુંકમાજ કરી હતી બીજી ધ્યાન ખેંચનારી બાબત એ ઠરાવોની ભાષા હતી અત્યાર સુધીના અધિવેશનોમા થયેલા ઠરાવોની ભાષા ચાલતા આવેલા રિવાજ પ્રમાણે

રગશીઆ ગાડા જેવી સામાન્ય અને પરંપરાગત હતી. ભાદરણની પરીષદે ભાષામાં જે તાકાત મૂકી હતી તે પ્રજાબળના આત્માની હતી. દાખલા તરીકે જવાબદાર રાજ્યતંત્ર માગવાનો ઠરાવ પ્રજામંડળ વર્ષોથી કરતું હતું અને સરકાર સાંભળતી હતી પણ ભાદરણે એજ વાત સાવ જુદી રીતે કહી. આ રહ્યો એ આખો ઠરાવ:

"શ્રીમંત સરકારની છત્રછાયા નીચે પ્રજાને જવાબદાર રાજ્યતંત્રની પ્રાપ્તિ વગર પ્રજાનો વિકાસ થઈ શકતો નથી એમ પ્રજામંડળ માને છે. એટલેજ પ્રજામંડળે તે પ્રમાણેનું ધ્યેય ઘણા વર્ષોથી રાખેલું છે. પ્રજામંડળ બંધારણપૂર્વક આ માટે છેલ્લાં વીસ વર્ષથી પ્રયત્ન કરી રહ્યું છે.

"જવાબદાર રાજ્યતંત્રની શરૂઆત તરીકે પ્રજામંડળે કેટલીક માગણીઓ કરી હતી. અને હીરક મહોત્સવ પ્રસંગે શ્રીમંતને ચરણે હજારો માણસોની સહીથી એક અરજ કરી હતી, તે છતાં એના ઉપર કંઈ જ લક્ષ આપવામાં આવ્યું નહોતું.

"આ સભા શ્રીમંત સરકારને આખરી વિનંતિ કરે છે કે શ્રીમંતના રાજ્યછત્ર નીચે પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર સ્થાપવું એ રાજ્યનું ધ્યેય છે, એવું જાહેરનામું વિના વિલંબે કાઢવું. અને સાથે સાથે એ ધ્યેયને પહોંચવાને યોગ્ય બંધારણ ઘડી કાઢવાને એક સમિતિ નીમવી, જેમાં રાજ્ય અને પ્રજામંડળના સરખી સંખ્યાના પ્રતિનિધિઓ હોય. અને એ સમિતિએ મુકરર કરેલી મુદતમાં પોતાનું નિવેદન રજુ કરવું.

"આ માગણી મેળવવા માટે પ્રજાએ પોતે પણ કટિબદ્ધ થવું પડશે. અને તેથી શ્રીમંત સરકારને આ છેલ્લી વિનંતિ કર્યા પછી પણ જો તે માગણી સ્વીકારવા શ્રીમંત કૃપાવંત ન થાય તો જવાબદાર રાજ્યતંત્ર મેળવવા કારોબારી મંડળ જે પગલાં લેવા ઠરાવે તે પગલે ચાલવા વડોદરા રાજ્યની પ્રજાને આગ્રહ કરે છે. અને તે માટે જે ત્યાગ કરવો પડે અને ભોગ આપવો પડે તે સર્વ પ્રજા આપશે એમ પ્રજામંડળને ખાત્રી છે."

પ્રજામાનસનો પડઘો

વડોદરા રાજ્યની પ્રજાની જવાબદાર રાજ્યતંત્ર માગવા માટે નહીં પણ મેળવવા માટે કેટલી તૈયારી હતી તેનો આ ઠરાવ એ સમર્થ અને આબાદ

પુરાવો છે. આ ઉપરાંત કઠોર પરિષદમાં ડૉ. સુમન્ત મહેતાને પ્રમુખ તરીકેના ભાષણમાંથી જે ફકરા વાંચવાની મનાઈ કરવામાં આવી હતી તે કેટલા નિર્દોષ હતા એ બતાવવા સરદાર સાહેબે એ ફકરાઓ ફરીથી પોતાના ભાષણમાં ટાંકયા હતા. અને આ જ વલણથી પ્રેરાઈને પરિષદે સરકારને સલાહ આપી હતી કે પ્રજામંડળ આવી તપાસસમિતિ ફરીવાર નીમે છે અને જો તમે એના કામમાં નડતર ઉભી કરશો તો એનો ચોકખી અને જાહેર રીતે ભંગ થશે. માટે અસ્તિત્વમાં હોય તે હુકમો પણ પાછા ખેંચી લેવા અને તપાસસમિતિને સંપૂર્ણ સગવડો આપવી. આ ઉપરાંત ધનીઆવી શિકારખાનાનો પ્રજાને જે ત્રાસ હતો તેનો સવાલ પણ વધારે ગંભીરતાપૂર્વક હાથ ધરવામાં આવ્યો અને ૩૧મી ડીસેમ્બરની મુદત પહેલાં એ શિકારખાનું ઉઠાવી લેવાની સરકારને નમ્ર વિનંતિ કરવામાં આવી. અને આ વિનંતિના અસ્વીકારથી પ્રજાને અસરકારક ઉપાયો યોજવાની સલાહ પણ આપવામાં આવી. પ્રજામાનસના આ નિર્ણયાત્મક અને બળવાન અવાજનું શું પરિણામ આવ્યું એ આપણે આગળ જોઈએ.

રૂડાં પરિણામ

ભાદરણમાં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપદે પ્રજામંડળ પરિષદ ભરાઈ તે પહેલાં પ્રજા અને સરકાર બન્નેની આળસ ઉડી ગઈ હતી. તે વખતના સરસુબા શ્રી સત્યવ્રત મુકરજીએ પોતાના પ્રવાસ પછી શ્રીમંત સરકારને મહેસુલમાફી આપવી જોઇએ એવો પોતાનો સ્પષ્ટ મત તથા ટકા પણ જણાવ્યા હતા. એ ઉપરથી શ્રીમંત સરકારે સરસુબાના પ્રમુખપદે એક સરકારી કમિટિ નીમી હતી. એક તરફથી આ કમિટિની ભલામણો અને બીજી તરફથી ભાદરણ પરિષદનો સંગીન પોકાર, એ બન્નેના એકત્ર પગલાનું પરિણામ આખરે રૂડું જ આવ્યું. જનતાનો પોકાર ઉગ્ર થએલો જોઈને અને સરકારી કમિટિની ભલામણો ઉપરથી નામદાર દીવાન સાહેબે પણ રાજ્યનો કેટલોક પ્રવાસ કર્યો. પ્રજાની માગણી અને એનું દુઃખ બન્ને વ્યાજબી હતાં. એટલે પ્રજાનું મન મનાવવા સરકારે આખરે મહેસુલની પાંચ વર્ષની રાહત આપી. સરકારની આ રાહતનો પ્રજામંડળે અહેસાન માન્યો અને પ્રમાણમાં એ રાહત અપૂર્ણ છે એવો પોતાનો પ્રમાણિક અભિપ્રાય પણ પ્રગટ કર્યો.

વડોદરાને શરમાવનારૂં

બ્રાહ્મણ પરિષદ પછી પ્રજામાં અપૂર્વ જાગૃતિ આવી. તાલુકા મંડળો અને પ્રાંતિ મંડળો વધારે વ્યવસ્થિત થઈ ગયા અને સભાસદોની સંખ્યા પણ કૂદકે ને ભૂસકે વધતી ચાલી. કાર્યકર્તાઓનું સંગઠન જામતા ચાલ્યું. લોક જાગૃતિની આ ભરતી જોઈને સરકારને મુંઝવણ ઉભી થઈ. એવામાં ૧૯૨૮ના જાન્યુઆરીની ૨૦મી તારીખે સરદાર વડોદરા પધાર્યા. પ્રજામંડળે એમના ભાવભીના સ્વાગત માટે જબરજસ્ત તૈયારીઓ કરી હતી અને વડોદરાની સમસ્ત પ્રજાનો એમાં પ્રેમપૂર્વકનો સાથ હતો. પ્રજાએ પચ્ચીસ હજારની થેલી પોતાના આ પ્રિય નેતાને આપવાનો નિશ્ચય કર્યો હતો. સરદારને નવસારી પ્રાંતે જે માનપત્રનો આદર આપ્યો હતો એણે સિદ્ધ કર્યું હતું કે પ્રજાના હૃદય ઉપર સરદારનું કાબુ પ્રબળ છે.

બીજી તરફથી પ્રજામંડળના વિરોધીઓએ એવા ગપગોળા ઉડાડ્યા હતા કે સરદારે શ્રીમંતને ગાળો દીધી છે અથવા ગુજરાત છોડીને ચાલ્યા જવાની ધમકી આપી છે અને આમ અફવાની વાતોને સાચી માનીને સરદાર જ્યારે વડોદરા આવ્યા ત્યારે વડોદરાને શરમાવનારૂં સમખાણું થયું. હિંદુ મુસલમાનના રમખાણો તો બનનસીબ હિંદી પ્રજાએ સાંભળ્યા અને જોયા હતા, પણ આ દક્ષિણી અને ગુજરાતી રમખાણું વડોદરાના ઇતિહાસમાં તદ્દન નવું હતું અને એ એક વડોદરા જેવા પ્રગતિશીલ રાજ્યને માટે અતિશય શરમાવનારૂં હતું.

તેજસ્વી તારો ખર્યો

જે સમયે આ રમખાણું થયું તે વખતે શ્રીમંત સયાજીરાવની તબીયત ચિંતાજનક હતી અને જાણે પોતાના જીવનની સંધ્યાએ વડોદરાના આ અતિ અમાનુષી બનાવથી દુઃખી થઈને પોતાની જીવનયાત્રા સંકેલી હોય તેમ તેઓ તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ અવસાન પામ્યા. વડોદરા ઉપર ચોસઠ વર્ષનું રાજ્ય ભોગવી હિંદના એક શાણા રાજનીતિજ્ઞ અને માનવી મહારાજા અસ્ત થઈ ગયા એનું દુઃખ વડોદરાની પ્રજાને તેમજ સમસ્ત હિંદની પ્રજાને થયું એ સ્વાભાવિક ન ગણાય તેવી કે

નવા રાજા

શ્રીમંત સયાજીરાવના અવસાનને બીજે દિવસે જ નિયમાનુસાર શ્રીમંત પ્રતાપસિંહ ગાયકવાડ ગાદીનશીન થયા. એમણે પોતાની પ્રિય પ્રજાજોગ જે ઢંઢેરો બહાર પાડ્યો તેમાં ભાવ, ભાષા અને પ્રેમ એક ઉદાર પિતામહના ઉદાર પૌત્રને છાજે એવા હતા. સાથે સાથે જાન્યુઆરી માસમાં તૈયાર થએલો ધારાસભા હક્ક વિસ્તાર તથા તેને લગતા પ્રશ્નોનો વિચાર કરવા નીમાયલી સમિતિની ભલામણો પણ પ્રસિદ્ધ થયા. એપ્રિલ માસમાં નવા રાજા શ્રીમંત પ્રતાપસિંહ મહારાજાનો દબદબાભરી રીતે રાજ્યારોહણનો સમારંભ થયો. આ સમારંભ પછી શ્રીમંતે જે ઢંઢેરો બહાર પાડ્યો હતો તેને અનુલક્ષીને સરકારે નવા કાયદાની અને નવા નિયમોની તૈયારીઓ કરવા માંડી.

રાજ્યશાસન નિબંધ

શ્રીમંત સરકાર તરફથી આખરે 'ધી ગવર્નમેન્ટ ઑફ બરોડા ઍક્ટ' વડોદરા રાજ્યશાસન નિબંધ ઈ. સ. ૧૯૪૦ના પહેલી ફેબ્રુઆરીના દિવસે પ્રસિદ્ધ થયો. આ કાયદો લગભગ ૭ માસ પહેલાં તૈયાર થઈ ગયો હતો પણ સરકારે કોણ જાણે કેમ પ્રસિદ્ધ કરવામાં આટલો સમય લીધો. આ નિબંધ ઉપર વિચાર કરીને, એની છણાવટ કરવા તથા નિર્ણય બાંધવા વડોદરા રાજ્ય પ્રજામંડળની કારોબારી સમિતિ તા. ૧૪-૨-૪૦ને રોજ વડોદરામાં મળી. એ સભાએ એવો નિર્ણય ઉચ્ચાર્યો કે શ્રીમંતના તા. ૨૦-૨-૩૯ના સંદેશામાં બતાવ્યા પ્રમાણેના હકો પણ આ કાયદાથી આપવામાં આવ્યા નથી તેની આ સભા સખેદ નોંધ લે છે અને આ બાબત તરફ પ્રજામંડળની [illegible] જોઈએ તે [illegible] ચર્ચા કરી ઠરાવવામાં આવે છે કે ધારાસભાની સભા આ રીતે એક માસની અંદર સભાએ પોતાની આ [illegible] આખર નિર્ણય કરવી [illegible]

ધનિયાવી શિકારખાનાની મુંઝવણ ટળી

ધનિયાવી શિકારખાના વિ. પ્રજામંડળ તરફથી [illegible] આ [illegible] પણ એની અસર સરકારના મન ઉપર પત્થર ઉપર પાણી જેવી થઈ હતી. પરંતુ સરદાર પટેલના પ્રમુખસ્થાને આ બાબત જેમ ઘણા ઠરાવોનો તાત્કાલિક અમલ થયો તેમ ધનિયાવી શિકારખાના વિ. પણ પ્રજાને રાહત મળી

આ વિષે શ્રીમત સરકારનો ઉપકાર માનતા સુંદરપગમા તા ૧૪મી ફેબ્રુઆરીએ જે ભવ્ય સભા સરદાર પટેલના પ્રમુખપણા નીચે મળી તેનુ દશ્ય અનુપમ હતુ

પ્રજામડળનો અંતિમ નિર્ણય

વડોદરામા મળેલી સભાના ઠરાવ પ્રમાણે નવસારીમા તા ૧૦-૮-૪૦ને રોજ વડોદરા રાજ્યના નારીમારી મ ડળની સભા મળી એ સભાએ એવો નિર્ણય ર્યો કે સુધારા તો અમ તોષકારક જ છે એવો ગઈ સભાનો જે મત હતો તેને આ સભા બરાબર માન્ય રાખે છે પર તુ દેશની વર્તમાન પરિસ્થિતિ જોતા અને પ્રજામડળની રાજ્ય પ્રત્યેની નીતિ વિષે કોઈ પણ જાતની શ કાને સ્થાન ન રહે તે ખાતર, તથા પ્રજામડળને પ્રજાનો કેટલો સાથ છે તે સિદ્ધ રી દેવાની તક ગુમાવવાથી ગેરસમજ ઉત્પન્ન થવાનો સભવ ન રહે તે ખાતર, તેમ જ આ સુધારાના ખરા સ્વરૂપ વિષે ભ્રમણા ન રહે તે ખાતર અને હાલના શ્રીમત મહારાજા સાહેબની શરૂની ઉદારવૃત્તિ લક્ષમા રાખતા આ સુધારાનો લાભ તુરત સાધી બહિષ્ કાર ન કરતા ચુટણીમા ભાગ લઈ જેટલી બને તેટલી જગાઓ કબજે રવી અને મતદારોને જાહેર વિનતિ રી કે પ્રજામડળમા પોતાનો વિશ્વાસ દેખાડી તેઓ એમ પૂરવાર રે કે પ્રજામડળ પા ળ પ્રજાનુ કેટલુ પીઠબળ છે આ ચુટણીનુ કાર્ય વ્યવસ્થિત કરવા માટે સરદાર સાહેબના પ્રમુખપદે એક નાની સમિતિ પણ નીમાઈ

મહેસાણાનુ અધિવેશન

નવો મધારાપ્રીય સગ્રામ લડી લેવા માટે નવસારીમા મળેલા કારોબારી મ ડળે જે સમિતિ નીમી હતી તેણે ધારાસભા માટે ઉમેદવારો પસદ કરવાનુ તથા મતદારોમા પ્રચાર કરવાનુ વ્યવસ્થિત રીતે આરભી દીધુ હતુ અને આ નિર્ણયને સમતિની મહોર મારી આપવા વડો ગ રાજ્ય પ્રજામડળનુ મોટામુ અધિવેશન મહેસાણા મુકામે ઇ સ ૧૯૪૦ના એપ્રિલની ૨૭ અને ૨૮માએ મળ્યુ ગર્ભશ્રીમત અભ્યાસ તૈયબજીને જેમ પ્રજાએ આગ્રહ રીને બીજે વર્ષે પણ પ્રમુખપદે સ્થાપ્યા તેવી જ રીતે સરદાર સાહેબ માટે પ્રજાએ આગ્રહ અને પ્રેમપૂર્વક બીજીવાર મહેસાણા અધિવેશનના પ્રમુખ બનાવ્યા મહેસાણાના અધિવેશન પહેલા દરેક પ્રાતમા જુદા જુદા સ્થળોએ ફરીને ખૂબ પ્રચાર કરવામા આવ્યું

હતુ એટલે મહેસાણામા નહીં હાજરી આપવાની વિરોધીઓની પત્રિકાઓ નીકળ્યા છતા અને સખત પ્રચાર થયા છતા લોકોએ ઘણી મોટી સંખ્યામા મહેસાણામા હાજરી આપી હતી અને પ્રતિનિધિઓની સંખ્યા તો ભૂતકાળના બધા અધિવેશનોથી ચઢી જાય તેટલી હતી સરદારનુ પ્રમુખ તરીકેનુ ભાષણ ગંભીર, સમતોલ, તેજસ્વી અને તલસ્પર્શી હતુ એમણે પ્રજામંડળના ધ્યેય, નીતિ વિષે એની બધી સ્પષ્ટ ચોખવટ કરી હતી, પોતાને વિષે ઉડતા ગપગોળા વિષે એવા વિશદ જવાબ આપ્યા હતા કે મુરખના મનમા પણ શકા ન રહે ઠરાવો પણ ગયા અધિવેશન જેટલા અગિયારજ થયા હતા તેમા ત્રણ તો શોકદર્શનના અને ત્રણ હોદ્દારો નીમવાના હતા એટલે મુખ્ય ઠરાવો તો પાચ જ ગણાય તેવા હતા આ અધિવેશનની વિશિષ્ટતા એ હતી કે એણે પ્રજામંડળના માર્ગ પણ સભ્યે રાજ્ય તરફથી કોઈપણ ખિતાબ અથવા બહુમાનનો સ્વીકાર ન કરવો એવો ઠરાવ કર્યો

ચુંટણીજંગ અને પ્રજાનો વિજય

નવા બંધારણ પ્રમાણેની ધારાસભા માટેની ચુંટણીનો જંગ મહેસાણા અધિવેશન પછી બમણા જોરથી શરૂ થયો પ્રજામંડળે પોતાની નીતિની સ્પષ્ટતા પ્રગટ કરતુ નિવેદન જાહેર કર્યુ આ નિવેદનથી અને પ્રજામંડળના વ્યવસ્થિત પ્રચારથી તથા પ્રજામંડળને મળતા પરિણામથી પ્રજામંડળના વિરોધીઓ પણ વધારે માઝા અને વ્યવસ્થિત થવા માંડ્યા કેટલાક ભાગમા તો સરકારી અમલદારોએ પણ પ્રજામંડળના વિરોધી ઉમેદવારોને સીધી મદદ પોતાની લાગવગ વાપરીને કરવા માંડી આ બધુ છતા આખરે પ્રજામંડળનો વિજય થયો તેત્રીસ સામાન્ય જગ્યાઓમાથી કે જના ચુંટણી શક્ય હતી તેમાથી ૨૫ જગ્યાઓ પ્રજામંડળે સર કરી પોતાની પાછળ પ્રજાનુ કેટલુ પીઠબળ છે તે સિદ્ધ કરીને બતાવ્યુ આ સંગીન પરિણામથી સરકારને પણ પ્રજામંડળના બળ વિષે ચોક્કસ જાણવાનુ મળ્યુ

બંધારણીય પ્રગતિ

ધારાસભામા પ્રજામંડળ પક્ષનો વિજય થયા પછી એ પક્ષના હોદ્દેદારો નીમાયા અને તેમા શ્રી ડોગભાઈ સુનરીઆની પક્ષના નેતા તરીકે પસંદગી થઈ

પ્રજાના સવાલો પ્રજાકીય દૃષ્ટિએ

લેખક:

ચુનીલાલ પુ. શાહ



અનુક્રમ

આમુખ

વડોદરા રાજ્ય પ્રજામંડળના આ રજતમહોત્સવ પ્રસંગે પ્રજામંડળને અડતાં કેટલાક વિષયો ઉપર લેખો તૈયાર કરી પ્રજા આગળ મુકતાં આનંદ થાય છે.

પ્રજામંડળનો મુખ્ય સવાલ જવાબદાર રાજતંત્રનો છે. અને તેથી ૧૯૧૬–૧૭થી માંડી અત્યાર સુધીમાં ધારાસભા, પ્રાંતપંચાયત, ગામપંચાયત, સુધરાઈઓ વગેરેમાં પ્રજા અવાજનો કેવો વિકાસ થયો છે તે બતાવવા તથા રાજ્યનો મુખ્ય પ્રશ્ન જમીન મહેસુલ એ વિષયો વધારે વિસ્તારથી ચર્ચ્યા છે.


પ્રજામંડળ સંબંધી કેટલીક વિગતો–તેના અધિવેશનો–તેની કામ કરવાની રીત એ પણ સમજાવવા આ લેખોમાં પ્રયત્ન થયો છે.

પ્રજાના મોટા ભાગને ચર્ચતો આયપતવેરો નથી ચર્ચ્યો. કારણ કે શ્રીમંત સરકારે રૂ. ૭૫૦ ઉપર આવક વેરો લેવાનું જે ધોરણ હતું તે રદ કરી રૂ. બે હજાર ઉપર લેવાનું થવાથી ગરીબ પ્રજાજનો આ ત્રાસમાંથી છૂટયા છે. તેમ જ પચ્ચીસ હજાર ઇન્કમટેક્સ ભરનારમાંથી ૮૩૩૧ના માથે ભરવાનું થવાથી ઘણાં વર્ગને રાહત મળી છે. આજે જે ભરનારા છે તેને માટે પણ વિગતોમાં રાહતો આપવાની વ્યવસ્થા થતી હોવાથી આ પુસ્તકમાં તે સંબંધી જગ્યા રોકી નથી.

છેલ્લાં થોડા વર્ષોથી ખેડુતોને રાહતો આપવાની જરૂરીઆત પડી છે. અને જે પ્રમાણે અપાય છે તે ધોરણથી પ્રજાને સંતોષ થયો નથી પણ ધારાસભામાં આનાવારીનું તથા રાહતનું ધોરણ નક્કી થવાનું હોવાથી તેમ જ આ તો હાલનો પ્રશ્ન હોવાથી આમાં ચર્ચ્યો નથી.

આશા રાખવામાં આવે છે કે આ સાથેના લેખો પ્રજાને માહિતી અને સંતોષ આપશે.

ચુનીલાલ શાહ



વરણામામાં મળેલી વડોદરા તાલુકા પરિષદ

પરિષદો

પહેલી પરિષદ —તા ૩૧–૧૨–૧ ને ૧–૧–૧૭ સ્થળ નવસારી ઠરાવો ૨૦ —પરિષદના પ્રમુખ શ્રી હરગોવિંદદાસ કાંટાવાળા સ્વા પ્રમુખ પેસ્તનજી રતનજી ફરામજી ડાભુ મંત્રી નરભાઈ વાઘજીભાઈ

બીજી પરિષદ —તા ૨૫–૨ –૨૭ મે ૧૯૧૮ સ્થળ વડોદરા ઠરાવો ૨૦ —પરિષદના પ્રમુખ નામદાર વિઠ્ઠલભાઈ પટેલ સ્વા પ્રમુખ નગરશેઠ મગનભાઈ હરિભક્તિ મંત્રીઓ માણેકલાલ અંબારામ ડૉક્ટર નરભાઈ વાઘજીભાઈ પટેલ

ત્રીજી પરિષદ —તા ૧૭–૧૮ માર્ચ ૧૯૨૦ સ્થળ વડોદરા ઠરાવો ૨૦ —પરિષદના પ્રમુખ શ્રી હરિલાલ ગોવિંદજી પરીખ સ્વા પ્રમુખ શેઠ ચિમનલાલ શામળબેચર મંત્રીઓ મણીભાઈ વસનજી દેસાઈ, ગ સાને ગ માણેકલાલ અંબારામ ડૉક્ટર

ચોથી પરિષદ —તા ૨૩–૨૪–૨૫ માર્ચ ૧૯૨૪ સ્થળ પાટણ ઠરાવો ૩૫ —પ્રમુખ શ્રી મટુભાઈ કાંટાવાળા સ્વા પ્રમુખ નગરશેઠ પોપટલાલ હેમચંદ મંત્રીઓ ગ સાને ગ મણિભાઈ વસનજી દેસાઈ ગ મહાસુખભાઈ ચુનીલાલ શેઠ

ખાસ પરિષદ —તા ૭-૮-૯ ફેબ્રુઆરી ૧૯૨૫ સ્થળ બીલીમોરા ઠરાવો ૧૦ —પરિષદના પ્રમુખ ડૉ. સુમંત મહેતા સ્વા પ્રમુખ શ્રી મગનલાલ ઉપપ્રમુખ શ્રી ફકીરભાઈ વૈદ્ય

પાંચમી પરિષદ —તા ૧-૨-૩ માર્ચ ૧૯૨૬ સ્થળ અમરેલી ઠરાવો ૪૦ —પ્રમુખ શ્રી ગણેશ બાપ્પુ સાને સ્વા પ્રમુખ ચતુર્ભુજ જગજીવનદાસ દોશી મંત્રીઓ બાઈનાનભાઈ જેરાભાઈ, છોટાભાઈ ઝવેરભાઈ સુતરીઆ, મહાસુખભાઈ ચુનીલાલ.

છઠ્ઠી પરિષદ —તા ૧૦-૧૧ જુન ૧૯૨૭ સ્થળ પેટલાદ ઠરાવો ૨૮ પ્રમુખ ગ ડાહ્યાભાઈ નથુભાઈ પુરોહિત, સ્વા પ્રમુખ છોટાલાલ નરોત્તમદાસ શ્રોફ મંત્રીઓ છોટાભાઈ ઝવેરભાઈ સુતરીઆ, મહાસુખભાઈ ચુનીલાલ, બાઈનાનભાઈ જેરાભાઈ અમીન

સાતમી પરિષદ —તા ૪-૫-૬ નવેમ્બર ૧૯૨૮ સ્થળ વડોદરા ઠરાવો ૩૧ —પ્રમુખ દરબાર ગોપાળદાસ સ્વા પ્રમુખ શ્રીમતી શારદાબેન મહેતા મંત્રીઓ છોટાભાઈ ઝવેરભાઈ સુતરીઆ, મહાસુખભાઈ ચુનીલાલ, તથા રા જગજીવનદાસ નારણદાસ મહેતા

આઠમી પરિષદ —તા ૧૮-૧૯ માર્ચ ૧૯૩૦ સ્થળ નવસારી ઠરાવો ૧૨ —પ્રમુખ શ્રી ડૉ. સુમંતભાઈ સ્વા પ્રમુખ શ્રી ભીમભાઈ નાયક

નવમી પરિષદ —તા ૭-૮-૯ માર્ચ ૧૯૩૧ સ્થળ કડી. ઠરાવો ૨૦ —પ્રમુખ શ્રી છોટાભાઈ સુતરીઆ સ્વા પ્રમુખ શ્રી મહમદ ઉમર ભોયરાવાળા

દસમી પરિષદ —તા ૨૧-૫-૩૨ સ્થળ ડભોઈ ઠરાવ ૨૦ — પ્રમુખ વામનરાવ તામ્હણકર સ્વા પ્રમુખ મગનલાલ શાસ્ત્રી મંત્રીઓ છોટાભાઈ સુતરીઆ, પ્રાણલાલ મુનશી

અગીઆરમી પરિષદ —તા ૨૩-૨૪-૨૫ ઓક્ટોબર ૧૯૩૩ સ્થળ અમરેલી ઠરાવ ૩૧ —પ્રમુખ અબ્બાસ સાહેબ સ્વા પ્રમુખ મોહનભાઈ વીરજીભાઈ પટેલ મંત્રીઓ પ્રાણલાલ મુનશી, મણીભાઈ ઝવેરભાઈ, અમાલાલ શિવલાલ

બારમી પરિષદ:—તા. ૨૩–૨૪ માર્ચ ૧૯૩૫. સ્થળ: વડોદરા. ઠરાવ ૪૩.—પ્રમુખ: શ્રી અબ્બાસ સાહેબ. સ્વા. પ્રમુખ: શ્રી મગનભાઈ શંકરભાઈ પટેલ. મંત્રીઓ : પ્રાણલાલ મુનશી.

તેરમી પરિષદ:—તા. ૫–૫–૩૬. સ્થળ: કઠોર. ઠરાવ ૨૯.—પ્રમુખ: શ્રી સુમંતભાઈ. સ્વા. પ્રમુખ : શ્રી છોટુભાઈ વનમાળીદાસ પટેલ. મંત્રીઓ : છોટાભાઈ સુતરીઆ, શ્રી શિવપ્રસાદ ઠાકર, શ્રી મગનભાઈ શંકરભાઈ.

ચૌદમી પરિષદ:—૨૯–૩૦ માર્ચ ૧૯૩૭. સ્થળ : વિસનગર. ઠરાવો ૧૭.—પ્રમુખ: પ્રાણલાલ મુનશી. સ્વા. પ્રમુખ: જયશંકર ભોજક. મંત્રીઓ: ચુનીલાલ પી. શાહ, શિવપ્રસાદ ઠાકર, મગનભાઈ શંકરભાઈ.

પંદરમી પરિષદ:—તા. ૨૯–૧૦–૩૮. સ્થળ: ભાદરણ. ઠરાવો ૧૦. પ્રમુખ: સરદારશ્રી વલ્લભભાઈ પટેલ. સ્વા. પ્રમુખ: શ્રી તુલસીભાઈ અમીન. મંત્રીઓ: પ્રાણલાલ મુનશી, શ્રી મગનભાઈ શંકરભાઈ, શ્રી ચુનીલાલ શાહ.

સોળમી પરિષદ:—તા. ૨૭–૨૮ એપ્રીલ ૪૦. સ્થળ: મહેસાણા. ઠરાવો ૧૧.—પ્રમુખ: સરદાર વલ્લભભાઈ પટેલ. સ્વા. પ્રમુખ: મોગીલાલ નાથાલાલ શેઠ. મંત્રીઓ: ઉપર મુજબ.

સત્તરમી પરિષદ:—તા. ૧૦–૧૧ મે ૧૯૪૧. સ્થળ : અમરેલી. ઠરાવો ૧૪.—પ્રમુખ: શ્રી છોટાભાઈ સુતરીઆ. સ્વા. પ્રમુખ : રામજી હંસરાજ, મંત્રીઓ, ઉપર મુજબ.

ધારાસભા

૧૯૦૮–૧૯૧૬–૨૭

"આ રાજ્યમાં કેટલાક કામોમાં—જેમકે કાયદાઓ વગેરે ઘડવામાં અનુભવી લોકોની સલાહ લેવી હિતાવહ થશે એમ ધારી તેમની એક ધારાસભા સ્થાપી જોવી." શ્રીમંત મહારાજા સાહેબના ૧૯૦૭–૦૮માં થયેલા આ હુકમથી ધારાસભા અસ્તિત્વમાં આવી.

૧૯૦૭–૦૮માં ધારાસભામાં ૧૭ સભાસદો હતા. ૭ લોકજ સભ્યો, ત્રણ સરકારે નીમેલા પ્રજામાંથી સભ્યો, આઠ સરકારી સભ્યો મળી કુલ સત્તર સભ્યો હતા.

૧૯૦૭–૦૮ના રાજ્ય કારોબારી રિપોર્ટમાં જણાવ્યું છે "આ ધારાસભાની સ્થાપના એ એક ઐતિહાસિક બીના (mark an epoch) ગણાશે. આ ધારાસભામાં પ્રજાકીય પ્રમાણ નક્કી કર્યું છે. પણ આ પ્રજાકીય સભાસદોનું પ્રમાણ અમલદારી પ્રમાણ કરતાં વધવાનો સંભવ છે.

પ્રજાકીય સભ્યોએ પોતાના કાર્યથી સૌને સંતોષ આપ્યો હતો. ૧૯૦૭–૦૮ના રિપોર્ટમાં જણાવે છે. "રાજ્ય અને પ્રજા માટે કાયદાની

જરૂરિયાતોમાં આ પ્રજાકીય સભાસદોએ ખૂબ ઉત્સાહ અને રસ, સરકાર જોડે વફાદારીથી સહકાર કરવામાં બતાવ્યો છે."

પ્રજાએ દાખવેલો ઉત્સાહ

૧૯૦૮-૦૯મા ધારાસભાની ચાર વખત બેઠક ભરાઇ હતી અને રિપોર્ટ જણાવે છે તે પ્રમાણે "હરહમેશ પ્રમાણે પ્રજાના પ્રતિનિધિઓએ ખુબ રસ (Keen interest) અને ઉત્સાહપૂર્વક સહકાર (Diligently cooperated) બતાવ્યો છે. પ્રશ્નો પૃછવાનો જે હક્ક આપેલો છે તે બહુ જરૂરી રીતે ઉપયોગ કર્યો છે અને બધાએ શક્તિપૂર્વક અને સહાનુભૂતિથી કામ કર્યું છે. (and they all worked smoothly and sympathetically)

૧૯૦૯-૧૦ની સાલ આવી. આ સાલમા બે બેઠક થઈ ૧૯૧૦-૧૧મા વર્ષમા ત્રણ બેઠકો ભરાઇ "આ સ્થળે જણાવવુ જરૂરી છે કે ધારાસભાના નામદારોમા ખુબ રસ (lively interest) લઇ રહ્યા છે પ્રશ્નો પૃછવાનો હક્ક જે સ્વતત્રપણે તેઓ વાપરી રહ્યા છે તેમજ ધારાસભામા ઠરાવો લાવવાના કાર્ય ઉપરથી તેમજ ખાનગી મુસદ્દો લાવ્યા છે તે ઉપરથી આ સહેજે જણાય છે."—(૧૯૧૦-૧૧ના રિપોર્ટ ઉપરથી.)

પણ ૧૯૧૧-૧૨મા ધારાસભાની બેઠક બોલાવવામા ન જ આવી ૧૯૧૨-૧૩મા ધારાસભાની બે બેઠકો ભરાઈ પહેલી બેઠક તો એટલા માટે જાણીતી થઇ કે તેના બધારણનો વિસ્તાર થયો અને ૭ સભાસદોને બદલે પ્રજાકીય દસ સભાસદો ઠરાવ્યા શ્રીમત મહારાજા સાહેબ ધારાસભાના કામમા ખૂબ રસ લઈ રહ્યા છે અને તેઓશ્રી પ્રજા રાજવહીવટમા ભાગ લેતી થાય તે માટે પ્રજાને મફ્ફ્ફ્રે હાથે અધિકારો આપવા માગે છે અને તેથી તેમની આજ્ઞાથી જ આ વિસ્તાર કરવામા આવ્યો છે. [under the orders of His Highness the Maharaja who evinces a keen interest in the working of the council and is ever ready to freely confer upon his subjects privileges to participate in the administration of the state]

પણ જે નવુ બધારણ રજુ કરવામા આવ્યુ તેમા દસ લોકનિયુક્ત સભાસદો, પાચ સરકારનિયુક્ત પ્રજાજનો, ૭ સરકારી અમલદારો અને ચાર હોદ્દાની રૂએ એટલે પચીસ સભાસદો એટલે પ્રથમ ૭ લોકનિયુક્ત સભાસદો સામે ૧૧ હતા. હવે દસ લોકનિયુક્ત સભાસદો સાથે ૧૫ થયા, કેટલી સરસ પ્રગતિ !!

આ વર્ષમા બે સભા ભરાઈ. રિપોર્ટ કહે છે કે "આ વિસ્તૃત કરેલી ધારાસભામા સભાસદો બુદ્ધિપૂર્વક રસ (intelligent interest) લઇ રહ્યા છે અને પોતાના પ્રશ્નો પૂછવાની નવી સત્તા સવિનયપૂર્વક (Moderation) ઉપયોગ કરી રહ્યા છે ૧૯૧૪–૧૫મા ધારાસભાની બેઠક એક જ વખત મળી ધારાસભાના સભાસદોને પ્રશ્નો પૂછવાના, ઠરાવો લાવવાના અને મુસદ્દા લાવવા માટે પરવાનગી આપવાનો અધિકાર મળ્યો છે આ થતુ કામ સરકારને બધનકારક નથી હોતુ પણ ફક્ત સલાહ જેવુ જ ગણાય છે

પ્રજાએ તો પોતાનુ કામ કર્યે જ રાખ્યુ "ખૂબ રસમય વાત તો એ છે કે પ્રજાના ચુટાએલા પ્રતિનિધિએ બાળલગ્નનો કાયદો સુધારવા માગણી કરી હતી જેમા છોકરાની ઉમર અઢાર વર્ષની હોવી જોઈએ અને બાળલગ્ન કરવાની પરવાનગી આપવી નહિ એવો મુસદ્દો રજૂ કર્યો કન્યાવિક્રય બધ કરવાનો પણ બીજા એક સભાસદ મુસદ્દો લાવ્યા."

પછી તો ૧૯૧૫–૧૬ આવી હવે ધારાસભાના પચ્ચીસને બદલે છવીસ સભાસદ થયા હોદ્દાની રૂઇએ ત્રણ એમના હતા તેના ચાર કર્યા.

ધારાસભા બે વખત મળી "ધારાસભાના ચૂટાયેલા સભાસદો પહેલાના જેવો જ રસ લઈ રહ્યા છે (continued to evince great interest) પ્રશ્નો પૂછવામા સુધારા લાવવામા, ઠરાવો રજૂ કરવામા અને મુસદ્દા લાવવા ઉપરથી તે જણાય છે"—(રાજ્યકારભાર રિપોર્ટમાથી.)

પછી આગળ વધતા ૧૯૧૬–૧૭ આવી તે પણ છવીસ સભાસદોની ધારાસભા એકજ વખત મળી તેના કામકાજ વિષે સરકારી કારોબારી રિપોર્ટ જણાવે છે "આપણને સંતોષ થાય છે (It is gratifying to note) કે પ્રજાકીય ચૂટાયેલા સભ્યો ધારાસભાના કામમા ખૂબ રસ (lively

interest) નહિ ગણ્યા છે અને તે તો પૂછાતા પ્રશ્નો અને ધારાસભામાં આવતા મુસદ્દાઓ ઉપરથી જણાય છે

ઉપર પ્રમાણે કાંઈ જાતનો પ્રજાકીય વિસ્તાર ન હોવાથી પ્રશ્નનો સ્પષ્ટ અને સાચો પ્રજામત જાણવાના સારુ પ્રજામંડળની સ્થાપના થઈ

૧૯૧૬–૧૭ થી ૧૯૨૬–૨૭

૧૯૧૬–૧૭મા પ્રજામંડળે વધારે જગ્યાની માગણી કરી

૧૯૧૭–૧૮મા પ્રજામંડળની બીજી બેઠકમા ના વિઠ્ઠલભાઈ પટેલ વડીધારાસભાના ગુજરાતના સભ્ય—ના પ્રમુખપણાનીચે મળી અને તેમણે પ્રજામંડળને સ્પષ્ટ દોરવણી આપી જવાબદાર રાજતંત્રની હાજત પોતાના ભાષણમા કરી જવાબદાર રાજતંત્ર આપવાથી રાજ્ય–રાજા અને પ્રજા સૌ બળવાન કેવી રીતે બનશે તે સમજાવ્યુ પ્રજામંડળના ઠરાવમા જવાબદાર રાજતંત્રની વિગતો નક્કી થઈ

દેશીરાજ્યોનુ બંધારણ : ને. ના. દીવાન સાહેબની નજરે

પણ આવા ઠરાવો અમલદારોને શાના ગમે ? ને ના દીવાન સાહેબે આ જાતની પ્રજાકીય માગણીને હસી કાઢી તેમણે જણાવ્યુ કે "દેશીરાજ્યનુ બંધારણ, રાજ્ય સત્તાનો પાયો, રાજવ્યક્તિઆત્મક છે કે વ્યક્તિવિહીન છે, એ તત્ત્વોનો વિચારપૂર્વક વિચાર કર્યા વિના પરદેશની સંસ્થાઓ દેશી રાજ્યમા અનુસરણ માટે આગળ ધરવી તેમા વિવેકબુદ્ધિની શૂન્યતા જણાશે તેથી લોર્ડ મોર્લેના છટાદાર વાક્યમા કહીએ તો 'કેનેડીઅનને અરબસ્તાનના રેતીના રણમા અને સાહબીને લેપલેન્ડના બરફના મેદાનમા મૂકવા જેવા' પરિણામ આવે. પારકા દેશની વનસ્પતિ આપણા દેશમા ઉગાડવી શક્ય નથી" અમલદારશાહી કોઈ દિવસ ઇતિહાસ શીખી નથી આજે પણ એજ કચરાપેટીમા નાખવા જેવી પુરાણી દલીલો પોપટના વાક્યો પ્રમાણે કયા બોલાતા નથી ? આપણે ૧૯૧૮નો જ્યારે વિચાર કરીએ ત્યારે એ ઇતિહાસ અને તર્કશાસ્ત્રના પ્રોફેસરમાથી બનેના દીવાન સાહેબ માટે પણ અનુકમ્પાજ કરવી રહી.

૧૯૧૮–૧૯માં ધારાસભાના છવીસ સભાસદો હતા. ધારાસભાની ત્રણ સભાઓ મળી. અને આપણો કારોબારી રિપોર્ટ જણાવે છે: "It is gratifying to note that the members always continued to take lively interest in the proceedings of the council as may be seen from the number of interpellations, resolutions of general public interest and motions for permission."

પ્રજા તો તૈયાર હતી

સૌ કોઈ આથી જોઈ શકે છે કે જેઓ એમ કહે છે કે પ્રજાને આપવાની સૌની ઇચ્છા હતી. ખોબે ખોબે ભરીને આપવાની ઇચ્છા હતી. લેનાર હોય તેની કોથળી ભરાઈ જાય તેટલી આપવાની મરજી હતી; પણ પ્રજા લાયક ન હોય તો શું કરે? પ્રજા પછાત હોય તો શું થાય? એ જાતની જે ભ્રમણા વડોદરાની પ્રજા માટે બીજાઓ રાખતા હોય કે પ્રજામાં પણ એવો વસવસો હોય ને આ ૧૯૦૬ થી ૧૯૧૯ સુધીના રિપોર્ટ ઉપરથી જોશે કે પ્રજા તો ઝીલવા તૈયાર હતી, પ્રજા આગળ વધવા માગતી હતી, પ્રજાને વિકાસ પ્રિય હતો; પણ તે પ્રમાણે કોઈને આપવાની ઇચ્છા ન હતી. પ્રજા આગળ વધતી હતી. પણ આગળ વધારવાના પ્રયાસને બદલે તેના માર્ગને રૂંધનારાજ મળતા હતા.

નિયત ઘરેડે ગાડું દોડતું

આપણી સરકાર નિયત થયેલ ઘરેડ પ્રમાણે ગાડું દોડાવ્યા કરતી હતી. ધારાસભાના સભાસદો છવીસ તો ગણ્યા પણ પાછો તેમાં ફેરફાર કર્યો. સરકાર નિયુક્ત પ્રજાજનમાંથી એક ઓછો કર્યો અને સરકારી અમલદાર એક વધ્યો.

તે વખતનું કામકાજ જોતાં જણાય છે "સભાસદોએ પ્રશ્નો પૂછ્યા અને ઠરાવો મૂક્યા. જેમાં મુખ્યત્વે માગણી ધારાસભાના વિસ્તાર માટે હતી પ્રેસનો કાયદો રદ કરવાનો અને દારૂપ્રતિબંધનો હતો. મી. કાલીદાસ નારણદાસ દારૂ પ્રતિબંધનો ઠરાવ લાવ્યા. પણ *After a hot and lively discussion* the Darkhast was disallowed.

પ્રજા બેવફા હતી જ ક્યાં ?

૧૯૨૩-૨૪મા ધારાસભાની બે બેઠકો હતી પેટલાદ તાલુકાની જમીન મહેસૂલ સેટલમેન્ટ સબધી જે હિલચાલ ચાલતી હતી તે સંબધી ને ના દીવાન સાહેબે ભાષણ કર્યુ હતુ. અને પ્રજાને શ્રીમતને વફાદાર રહેવા જણાવ્યુ હતુ. પણ પ્રજા કયે દિવસે બેવફા હતી ? પોતાની માગણી જરા જોરથી કરે ત્યા ત્યા બેવફાની વાતો કરી પ્રજાની ચળવળ મારી નાખવા આ અમલદારો હમેશાં ક્યા તૈયાર નથી?

ધારાસભામાં પહેલીવાર રજૂ થયેલુ બજેટ

પણ પ્રજાની શક્તિ જેનાથી ધારાસભામા પહેલી વખત વડોદરા રાજ્યનુ બજેટ ૧૯૨૪મા ચર્ચા માટે આવ્યુ અને સભાસદોએ તેને ન્યાય પણ આપ્યો અને રાજ્યકારોભારનો ૧૯૨૩-૨૪નો રિપોર્ટ આ વિષે કહે છે કે ચર્ચા બહુ વિનયથી અને સમજદાર હતી (The tone of the discussion was moderate and reasonable) ૧૯૨૪-૨૫ની સાલ આવી ધારા સભાનો વિસ્તાર થયો ૨૬ સભાસદોના સત્તાવીસ થયા સરકારી અમલદારો બારના તેર થયા

ધારાસભામા પ્રેસ એક્ટનો કાયદો આવ્યો પ્રેસ કાઢતા પહેલા કઈ શરતો રાખવી તેની ખૂબ ચર્ચા થઈ બહુમતી આવી કોઈ જાતની શરતો રાખવા ખુશી ન હતી.

ધારાસભામા બજેટ રજુ થયુ સારી ચર્ચા થઈ ને ના દીવાન સાહેબનુ પ્રમુખ તરીકેનુ ભાષણ બજેટની ચર્ચા વખતે ખૂબ વિસ્તારથી થયુ ૧૯૨૫-૨૬ની સાલ આવી ધારાસભાની ત્રણ વખત બેઠક ભરાઈ અને આ વખતે પણ બજેટ મુકાયુ

બજેટની રજૂઆત બધ થઈ

૧૯૨૬-૨૭ વર્ષ એ વડોદરાની પ્રજાને માટે મહત્ત્વનુ હતુ. ધારાસભાની ચાર બેઠકો ભરાઈ, પણ હવે બજેટ રજૂ કરવાનુ બધ થઈ ગયુ.

વડોદરાના દીવાન સર મનુભાઈએ ડીસેમ્બર ૧૯૨૬મા રાજીનામુ આપ્યુ અને તેમણે દાખલ કરેલી આ બજેટની પ્રણાલિકા તેમની સાથે બધ થઈ બજેટ ચર્ચવાનો હક્ક શ્રીમત મહારાજા સાહેબની ત્યુબિલી ૧૯૨૬ના જાને વારીમા ઉજવાઈ ત્યાસુધી તે જ્યો ૧૯૨૬ન નર્ પૂરુ થયુ અને એ હક્ક અદ્રશ્ય થયો !

એની પાછળના મૂળભૂત કારણો

આ બજેટની ચર્ચા સરકારી અમલદારોને ગમતી નહોતી, અને તેનુ કારણ એ હતુ કે ધારાસના ખ મર, મુમાબ્જી, ગીતજી વગેરમા નાપ કરવાનુ દહેતી હતી તે વખતે ધારાસભાના બીન સરકારી સભાસદોની અને સરકારી અમલદારોની સમિતિ નીમાઈ હતી અને એ મિટીએ રેલી સર્વ સૂચના સરકારી અમલદારોને નાપમદ પડી હતી અને એથી સર મનુભાઈએ કહુ હતુ "Still I may say that the council is not inclined to accept all the suggestions of the committee વળી બીજી ખરી વાત એ પણ હતી કે જે રીતે બજેટ મૂકાતુ હતુ તેના ગતા વધારે વિગતોથી ભરપૂર આપવા જરૂ ના વિનતિ થતી હતી આજે ૧૯૪૨મા પણ તેવીજ માગણી છે અને આ વાત તો તે વખતના દીવાન સાહેબે એ રીતે ઉડાવી કે ' It is no use preparing a detailed scheme in this respect so long as there is no provision in the rules for placing the annual budget before the Dhara Sabha આ ઉપરાત એમણે એમ પણ કહુ કે " You ask to be allowed to discuss every detail pertaining to every department and that can only be done by a committee working on the system on which the Budget Committee was working properly' આગળ ઉપર જણાવે છે " The precedents in the legislative assemblies of British India are not applicable to the circumstances prevailing here અને છેવટે તેમણે આશ્વાસન આપ્યુ કે, " When the rules

are amended to provide for the discussion of budget in the Dhara Sabha it will be convenient to fix the details permanently."

તે નિયમો ગયા, તે બજેટ પણ ગયું. આ સ્થળે કહેવું જોઇએ કે ધારાસભાના સભ્ય શ્રી મગનભાઈ વાઘજીભાઈ વગેરે ખૂબ સખ્ત ચર્ચા બજેટ ઉપર કરતા હતા

સીધી ચૂંટણી માટે માગણી

૧૯૨૬–૨૭ ના વર્ષમાં ધારાસભાની ચૂંટણી થઈ અને આ ચૂંટણી વખતે મતદારોની નાનીસરખી સંખ્યા–મહાલપંચાયતના સભ્યો જ મતદાર–આથી આ ધારાસભા ઉપર થોડોક કટાક્ષ પણ આવ્યો અને તેથી ધારાસભા વિષેના પ્રજામંડળના ઠરાવમાં સ્પષ્ટ માગણી કરી કે પ્રતિનિધિની ચૂંટણી; સીધી રીતે (Direct election) થી કરવી 'શ્રીમંત સરકારને આ પ્રજામંડળ વિનંતિ કરે છે કે ધારાસભાની ચૂંટણી હાલ માત્ર મહાલ પંચાયતના સભાસદોના જ મત લેવાઈ થાય છે તે ધોરણ રદ કરી મહાલ પંચાયત અને સુધરાઈની મારફત મતદારોના મત લઈ સીધી ચૂંટણી કરવાની તુરત ને તુરતજ તજવીજ કરવી"

સર્જન માગતાં વિનાશ મળ્યો.

પ્રજામંડળે જ્યારે આ માગ્યું–અને તેને બદલે મળ્યું–આ મહાલ પંચાયતોનો નાશ અને આશરે ૨૫૦ કરતા વધારે મતદારોને બદલે ૫૦ મતદાર–વડોદરા પ્રાંતમાં રહ્યા. પ્રાન્તપંચાયતોને હવે ચુંટવાના અધિકાર મળ્યા

આ ઉપરાંત આ પ્રજામંડળે એક માગણી વધારી અને તે એ હતી કે, "કોઈપણ મંત્રી મંડળના સભાસદ સામે નાપસંદ કરવાની દરખાસ્ત પસાર થાય તો તેને મંત્રીપદેથી શ્રીમંત સરકારે દૂર કરવા વિચાર કરવો અને બે વખત જુદી જુદી બેઠકે એ-જ મંત્રી વિરુદ્ધ એવો ઠરાવ થાય તો શ્રીમંત સરકારે તેને દૂર કરવો જોઈએ"

તેમજ "ચૂંટાએલા સભાસદની જગો ખાલી પડે તો તે ચૂંટણીથીજ ભરવી જોઇએ"

પ્રજામાં દિવસે દિવસે રાજકીય માનસનો વિકાસ થતો જતો હતો, પણ સરકારની રાજનીતિની પીછેહઠ થતી ચાલી. અને છતાં પ્રજાને કપાળે કલંકનો ટીકો દેવાતો હતો કે પ્રજા લાયક નથી. બાકી સરકાર તો રાજકીય હક્કોની કોથળી છોડી દેવા તૈયાર હતી.

૧૯૨૮–૧૯૩૮

૧૯૨૯ ની ધારાસભાની બેઠકમાં આયપતવેરાનો પ્રશ્ન આવ્યો. સીલેક્ટ કમિટીનો રિપોર્ટ રજુ કરવામાં આવ્યો અને બીજી બેઠક માટે ફરીથી વિચારણા સારૂ રાખ્યો. તા. ૨૫ મી જુલાઈના રોજ મળેલી બેઠકમાં એ આયપતવેરાનું બીલ મંજુર કરવામાં આવ્યું.

પણ આ ધારાસભાએ સર્વાનુમતે–સરકારી અમલદારો અને હોદ્દાની રૂએ બેઠેલા સરકારી સભ્યો–તો જોડે કરીને–એકમતે ઠરાવ કર્યો–અને છતાં આ આયપતવેરાનો કાયદો તે ધોરણે મંજુર કરવામાં ન આવ્યો. ધારાસભાના સભાસદોને આમાં સમજ ન પડી. સૌ ભેગા થઈને – બહુમતીએ નહી પણ સર્વાનુમતે – ઠરાવ કર્યો – જેમાં કાંઈ મતભેદ હોય તે મતભેદ સૌએ ભેગા થઈને દૂર કર્યો – અને જાણે થોડાક મહિનામાં આ કાયદો અમલમાં આવશે એવા આનંદસહ સૌ બહાર નીકળ્યા. અને જ્યાં સરકારે એ કાયદાને કચરા પેટીની ટોપલીમાં નાખ્યો. જૂની ઘરેડ પ્રમાણે જ સાડીમાન સોના કાયદાનો અમલ ચાલુ રહ્યો. આ વર્તનથી ધારાસભાના સભાસદો અને પ્રજાજનોનો ઉકળાટ ખૂબ વધી ગયો.

કડીમાં પ્રજામંડળની પરિષદ ભરાઈ. શ્રી ઠોગભાઈ સુતરીઆ જેનાથી આ અપમાન ન સહેવાયું અને પોતાના ભાષણમાં એ બધો રોષ ઠાલવ્યો અને કડી પરિષદે નીચે પ્રમાણે ઠરાવ કર્યો.

> " વડોદરાની ધારાસભાના ચુંટાયેલા ગૃહસ્થો પ્રજાના પ્રતિનિધિ નથી. અને તેમણે પ્રજા તરફથી કાંઈપણ કાર્ય કરવું નહિ અને જો તેમણે સ્વમાન જેવું કાંઈ હોય તો રાજીનામું આપી છુટા થવું એવું આ પરિષદ જાહેર કરે છે "

પ્રજામતનો ચઢતો જુવાળ

પ્રજામતના ચઢતા જુવાળ આગળ કોઈ ટકી શક્યું નહિ અને તડાતડ રાજીનામા પડના માંડ્યા. આ ધારાસભામાં શું છે તેનો અભ્યાસ પણ સૌ કરવા માંડ્યા – સત્તાવીસ જણની બનેલી ધારાસભામાં હવે ૨૯ સભાસદો થયા હવે સરકારી અમલદારો ૧૫ થયા

બેઠક વિનાનાં વર્ષો

છઠ્ઠી નવેમ્બર ૧૯૩૦મા ધારાસભાની બેઠક મળી તે મળી અને પછી ધારાસભાની બેઠક ૧૯૩૧મા મળી જ નહિ. કારણ કે રાજીનામા આપ્યા પછી તેટલા સભ્યો નહોતા કે જેથી ધારાસભાની બેઠક મળે

૧૯૩૧ ની સાલ પૂરી થઈ તેમા બેઠક ન મળી ૧૯૩૧–૩૨ મા પણ ધારાસભા ન મળી

તરછોડેલી અને ત્યજેલી એ ધારાસભા

બીજી બાજુ આ પ્રાન્તપચાયતોને આ જાતનો સકુચિત અધિકાર આપ્યો ને પ્રજાજનના હક્કો લઈ લેવામા પ્રાતપચાયતોને હથિયાર બનાવી તેથી પ્રાત પચાયતોમાથી ઘણા ખસી ગયા અને એ ધારાસભાની ઉમેદવારીનો બહિષ્કાર પોકારાયો અત્યાર સુધી જેઓ કામ કરી શકે એવા હતા તે બધા ખસી ગયા અને મહામડેનને ખૂબ જ ખટપટ કરીને વડોદરા રાજ્યમાથી દસ સભાસદો ઊભા ર્યા પ્રજામત દર્શાવના નીચે પ્રમાણે રગાન દસમી પરિષદમા તા ૨૧–૫–૩૨ના રોજ પસાર થયો

> "પ્રજામડળની હાનિ વિરુદ્ધ તેમજ પ્રજામડળે ધારાસભાનુ જે બધારણ માગેલુ છે તેના બધારણ વિનાની ધારાસભામા જે પ્રજાજનો ગયા છે તેઓ પ્રજાના ખરા પ્રતિનિધિ નથી અને તેમના ઉપર પ્રજાનો વિશ્વાસ નથી, એમ આ પ્રજામડળ જાહેર કરે છે અને સરકારે પ્રજા મડળની માગણીની અવગણના કરી નામની ધારાસભા ઊભી કરી છે તે માટે પ્રજામડળ પોતાનો વિરોધ જાહેર કરે છે"

ધારાસભાએ તો પોતાનો રથ હાંકે જ રાખ્યો

૧૯૩૨–૩૪મા ધારાસભાના સભાસદો ત્રીસ થયા સરકારનિયુક્ત પ્રજાના ચારના ત્રણ થયા. અને સરકારી અમલદારો ૧૭ થયા

આળપંપાળની નીતિ

વડોદરાની પ્રજાને એમ ન લાગે કે આ ધારાસભા અર્થ વગરની છે એટલે જમીનમહેસૂલ જેવા પ્રશ્નો માટે કમિટી નીમી. પણ એ ૧૯૩૪ની બારમી જુલાઈએ નિમાયલી કમિટી રિપોર્ટ કર્યા વગર દફનાઈ ગઈ અને તેના મરણના સમાચાર પણ કોઈએ સાંભળ્યા નહીં. કોઈ જાતના નામ કર્યા વગર તે સૂઈ ગઈ

પ્રજાસેવકોનો પુનઃપ્રવેશ

૧૯૩૩ના ઓગસ્ટ માસમા શ્રી અબ્બાસ તૈયબજીના પ્રમુખપણા નીચે અગિયારમી પરિષદ ભરાઈ. ૧૯૩૪મા ધારાસભાની ફરી ચુટણી આવી. પ્રજાને આ ધારાસભામા રસ નહોતો રહ્યો પણ જે Parliamentary Mentality ના છે તેઓને લાગ્યું કે સભ્યોનો બહિષ્કાર કરેલો હોવાથી પ્રજાના માણસો ચૂંટાતા નથી. કારણ કે જાય તો તેઓ પ્રજાનો દ્રોહ કરનાર ગણાય. બીજી બાજુ જેઓ જાય છે તેઓ પ્રજાના માણસો નથી. ત્યારે છે અને તેને લીધે પ્રજાના હિતને નુકશાન થાય છે. જેઓ પ્રજાને તૈયાર કરવાની શક્તિવાળા હોય તેઓ અંદર ન જાય, પણ આ સભ્યોએથી ઘણા જનાથી પ્રજાને નુકસાન થશે. અનુભવને બતાવવાનું હતું તે બતાવી આપ્યું કે આ ધારાસભાની કેટલી કિંમત? અને ના તાકીએ પણ આ ધારાસભામા પ્રજાને શું કર્યું છે તે જાણી લીધું છે? અને રસ માણસો તો આખા ગામમાંથી પ્રજાને નામે ગયા જેમ નથી જવાના. એટલે "અમોને જવા દો થાય તે મેળવવા દો પ્રજાની માગણી મેળવવા દો." આ જાતની માગણી થતા આગલા અધિવેશનમા ઠરાવ થયો કે 'વડોદરા રાજ્યની ધારાસભામાં જવા માટે આ અધિવેશનના જે પ્રતિબંધ મૂકવામા આવ્યો હતો તે પાછો ખેંચી લેવામા આવે છે'

ધારાસભાના બંધારણમા ફેરફાર કરવા શુ કરવુ જોઈએ ? હીરક મહોત્સવ પાસે આવે છે ત્યારે આપણે પ્રજાજનોની સહીથી એક અરજી તૈયાર કરીએ આ અરજીમા પ્રજા જવાબદાર રાજતંત્ર વગેરે માટે શુ માગે છે તેનો મુસદ્દો પ્રજામંડળે તૈયાર કરી લોકો પાસે સહીઓ કરાવવા તે અરજી મોકલી આપી પ્રજાજનોએ સહીઓ કરવા માંડી અને આશરે ચાળીસહજાર માણસોની સહીઓ સાથે આ અરજી સરકાર તરફ મોકલી આપી

આ અરજીમા નીચે પ્રમાણે માગણી હતી

"હાલની ધારાસભા જે માત્ર સત્તાહીન સલાહકાર મંડળ છે તેને તેવી ન રાખતા તેને વિસ્તૃત કરી અધિકાર આપવા અને તેનુ બંધારણ નીચે પ્રમાણે રાખવુ

(૧) ચૂટણીની પદ્ધતિ સીધી (Direct) રાખવી
(૨) દરેક મહાલમાથી એક એક સભાસદ ચૂટવો
(૩) લોકચૂ સભાસદની કુલ સખ્યાથી સરકારી અમલદાર અને પ્રજામાંથી નિમાએલા સભાસદોની ભેગી સખ્યા ૧/૨ કરતા વધુ હોવી ન જોઇએ
(૪) સરપ્લસ (તરતા) બજેટની પદ્ધતિ બધ કરવી જોઇએ
(૫) દરેક કાયદો ધારાસભામા પસાર કરાવી લેવો જોઈએ
(૬) શ્રીમંત મહારાજા સાહેબને (Veto) નકારનો હક્ક સર્વથા કાયમ રાખવાનો છે

આ સમયે—હીરક મહોત્સવ વખતે—તા ૮ ૧–૩૬ના રોજ વડોદરાના ધારાસભાના સભ્યોએ શ્રીમતને નીચે પ્રમાણે માનપત્ર આપ્યુ અને માગણી કરી કે

વય અને લાયકાતની વૃદ્ધિ સાથે તેના કાર્યક્ષેત્ર તથા હક્ક વિસ્તારમા વધારો કરી આ સસ્થાને પૂર્ણ વિકસિત યથાર્થ નામ ધારાસભા બનાવવાની શ્રીમતની લાબા વખતની હદયેચ્છા સત્વર સફળ થાય એવી પ્રજાની હાર્દિક ઉમેદ છે "

પણ આ ઉમેદનો જવાબ શ્રીમતે નીચે પ્રમાણે આપ્યો છે

"તમારૂ માનપત્ર મે લક્ષપૂર્વક સાભળ્યુ છે તેમાં જણાવેલા અગત્યના મુદ્દાઓ મારા ધ્યાન કે જાણ બહાર નથી હુ હમેશા તે બાબતમા વિચાર

કરતો રહ્યો છું. મે ધારાસભા સ્થાપી ત્યારથી હું તમારું કામકાજ તથા તમારી પ્રગતિ નિહાળતો રહ્યો છું અને તે સબંધમાં મારા વિચારો અને અનુભવો મેં અન્ય પ્રસંગે કહી બતાવી છે. આ પ્રસંગે એટલું જ કહીશ કે દુનિયામાં [illegible] નથી. સમય સંજોગ પ્રમાણે દ [illegible] પરિવર્તન થાય છે અને થવું જોઈએ. તે પ્રમાણે આ સંસ્થામાં પણ સુધારા વધારા થયા છે ને થશે. સુધારાનો હેતુ સિદ્ધ થાય એ વાત ધ્યાનમાં રાખીને સુધારો [illegible] એ તો સહજતા માટે જ. માત્ર દેખાદેખી કે દેખાવની ખાતર સુધારા કરીએ તેનો વિશેષ ઉપયોગ નથી [illegible] થા [illegible] થાય ને સંજીન [illegible] અને પરિણામે લાભ થાય એ હેતુ પ્રથમ જોવાનો છે. આપણા પાછલા અનુભવો અને ભૂલાથી [illegible] તે પ્રમાણે સુધારા [illegible] રીએ તો સઘળું સારું પરિણામ ન આવે એ વાત ધ્યાનમાં રાખીને આગળ વધીએ. સામાન્ય હેતુ અને [illegible] થી [illegible] રીએ તો પરિણામ સારું આવે.


ઉપરનો જવાબ અને પેલી મેનાગીય કલ્પનની સહી સાથેની [illegible] ના ઉત્તર પણ નહિ. તેથી તેરમા—૧૯૩[illegible]ના—અધિવેશનમાં નીચે પ્રમાણે [illegible] [illegible] તો.


શ્રીમંત મહારાજા સાહેબના હીરક મહોત્સવ પ્રસંગે વડોદરા રાજ્યની પ્ર[illegible]ની માગણીઓની ચાળીસ હજાર સહીઓ સાથેની અરજી ને [illegible] ના દીવાન સાહેબને સાદર કરી. ઠરાવ કરવા જ્યાં હતા જવાબ નથી આપ્યો કે પહોંચ નથી મોકલી તેથી સરકારની આ નીતિ સામે [illegible] એ. [illegible] છે

૧૯૩૭ ની સાલમાં વિસ્તરણ પ[illegible] બ[illegible] ધારાસભાનો બહિ[illegible] થયો—અરજીઓ [illegible]—ધારાસભાના સભ્યોએ માનપત્રમાં આપ[illegible] રી—ને આ ન વર્ત્યું ત્યારે શું [illegible]?

પ્ર[illegible] [illegible]નો હેતુ સિદ્ધ કરવા પ્રજામંડળે આજસુધી જેટલા પ્રયત્નો [illegible] શ્રીમંત સરકાર [illegible] થી જોઈતું લક્ષ આપવામાં આવતું નથી તેની આ [illegible] ખેદ સાથે નોંધ લે છે. અને ઠરાવે છે કે [illegible]નો હેતુ સિદ્ધ કરવા હવે સહન કરવું પડે તો તેમ કરીને પણ વડોદરા રાજ્યની જનતાએ કારોબારી સમિતિ ઠરાવે તે [illegible] અમલમાં મૂકવો.

૧૯૩૬—૩૭ માં ધારાસભાનો વિસ્તાર થયો. હવે ત્રીસના એકત્રીસ થયા પણ તોય તો દસના દસ રહ્યા.





બ્રિ. હિંદમાં કોંગ્રેસ રાજતંત્ર અને તેનો દેશી રાજ્યોમાં પડેલો પડઘો

૧૯૩૭ની સાલમાં આખાયે હિંદુસ્તાનમાં અને ખાસ કરીને મુંબઈ ઈલાકામાં ત્યાંના નવા બંધારણ પ્રમાણે પ્રાન્તિક સ્વરાજ્ય શરૂ થયું. મહાસભા સ્થળે સ્થળે ફતેહ પામી. સ્વતંત્રતાના હિમાયતીઓની ચૂંટણીમાં મળેલી ફતેહથી પ્રજાનું આખું માનસ પલટાઈ ગયું. ૧૯૩૭ના જુલાઈ માસમાં મહાસભાવાદી સરકારે ત્યાંનું રાજતંત્ર ઉપાડી લીધું. પ્રજામાં પોતાની લાયકાત માટે અત્યાર સુધી રાજકર્તા અને અમલદારોથી જે દબાયેલા રહેવાનું વાતાવરણ હતું તેમાં સ્વતંત્રતા ને ભ્રાતૃભાવનો સંચાર થવા માંડયો.

દેશી રાજ્યોનું વર્ષ

મૈસૂર તો આગળ વધતું ચાલેલું. વડોદરામાં પણ શું કરવું તેની વિચારણા ચાલતી હતી. જવાબદાર રાજતંત્રની પુસ્તિકાની હજારો નકલો પ્રજામાં વંચાઈ. સરકારી નોકરીમાં વડોદરાની પ્રજાનું સ્થાન શું છે તેનો પણ અભ્યાસ થયો. આ પ્રમાણે ૧૯૩૮ના એપ્રિલ માસથી પ્રજામાં તનમનાટ શરૂ થયો હતો. અને ૧૯૩૮ની પરિષદ આવી. સરદારશ્રી વલ્લભભાઈએ પ્રમુખપદ સ્વીકારવાની હા પાડતાં આખીએ પ્રજામાં એક નવીન ઉત્સાહનું મોજું ફરી વળ્યું. અને કેટલાંક કબૂતરખાનામાં ફડફડાટ શરૂ થયો. અત્યાર-સુધી જેના અવાજને કોઈ ગણતું ન હતું તેને બદલે પ્રજાની માગણીઓ એક પછી એક સ્વીકારાઈ.

૧૯૩૮ના એપ્રિલ મહિનામાં ધારાસભામાં ધારાસભાના વિસ્તાર માટે એક કમિટી નીમવાનો ઠરાવ સ્વીકારાયો અને તે સમિતિને શું કામ અપાયું છે તેને લગતી વિદ્વતાભરી ચર્ચાઓ ચાલી રહી હતી. એ જ અરસામાં – ઑક્ટોબર ૧૯૩૮માં – પ્રજામંડળની એ ઐતિહાસિક બેઠક મળી અને જવાબદાર રાજતંત્ર માટે વડોદરા રાજ્યની વિરાટ જનતાએ એ ઘેર ઘેર જાગૃતિનો થએલો ઠરાવ પસાર કર્યો.

પ્રજામતનો આ પ્રમાણે વિકાસ થતો જોઇ ધારાસભાએ નીમેલી કમિટીએ ઝડપી ગતિએ કામ શરૂ કર્યું અને પોતાની ભલામણો રજુ કરી.

આ ભલામણોએ પ્રજાને સંતોષ ન આપ્યો. પ્રજાને લાગ્યું કે "ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર." અને આ સંબંધી શું કરવું એનો વિચાર કરતાં પહેલાં તો શ્રીમંત મહારાજા સર સયાજીરાવ ગાયકવાડનું તા. ૬-૨-૩૯ના રોજ નિધન થયું. અને એથી આખું રાજ્ય શોકમગ્ન થયું. ૬૦ વર્ષ કરતાં વધારે વર્ષ રાજ્ય કરનાર અને પ્રજાને સુરાજ્યનો આછો આસ્વાદ આપનાર આ મહારાજાના અવસાનથી થોડા વખત માટે સર્વ પ્રવૃત્તિ બંધ પડી. તા. ૭મી ફેબ્રુઆરી ૧૯૩૯ના રોજ આપણા હાલના શ્રીમંત પ્રતાપસિંહ મહારાજા ગાદીએ બેઠા અને તા. ૨૦મી ફેબ્રુઆરીએ પોતાની પ્રજાને સંદેશો આપ્યો. તેમાં જણાવ્યું કે આ સુધારાની ભલામણોને અમારી સંમતિ છે, એ વાત જાહેર કરતાં અમને આનંદ થાય છે. અને તેમણે જણાવ્યું કે

> 'રાજા અને પ્રજા વચ્ચેના હિતની અને પ્રજાના તમામ વર્ગો વચ્ચેના હિતની સંપૂર્ણ અભિન્નતા ઉપર એકવાર ફરીથી આ નવું બંધારણ વિશેષ ભાર મૂકશે અને અમારી સંપૂર્ણ ઉમેદ છે કે લાંબા સમયથી ચાલતી આવેલી રૂઢિઓથી દબાયેલી પ્રજા સહિત અમારી આખી પ્રજાની બૌદ્ધિક અને નૈતિક સ્થિતિમાં પ્રગતિ થશે.'

ઉતાવળે અટોપાયું

આ આખી ઘટના એવી રીતની બની કે પ્રજાને આમાં કહેવાની તક ન મળી. જો આ બંધારણ—જે રિફોર્મ્સ સમિતિએ પસાર કર્યું હતું તે જ બંધારણ જો થોડા વખત પૂરતું રાખ્યું હોત અને ધારાસભાની રિફોર્મ્સની આગામી તારીખે મળનારી બેઠકમાં ચર્ચા માટે મૂક્યું હોત તો પ્રજામત જાણી શકાત. પણ જો કે ધારાસભાની જ આ કમિટી હતી—અને ધારાસભાને રિપોર્ટ રજૂ કરવો જોઈએ એ પણ તે પ્રમાણે કરવામાં ન આવ્યું અને આ આખું બંધારણ ઉતાવળે ઘડી કાઢવામાં આવ્યું, અને આમાં મતભેદ પડે તો ભવિષ્યમાં કશું મળશે નહિ એવી મનોદશા ઉત્પન્ન કરાવી ઉતાવળે સર્વાનુમતે મંજૂર કરવા આગ્રહ થયો હોય એમ લાગે છે—આ રિપોર્ટની પ્રજાને જાણ ન થઈ—અને તા. ૨૦મી ફેબ્રુઆરીના સંદેશાની જોડે આ કમિટીનો રિપોર્ટ પણ પ્રસિદ્ધ થયો. પણ પ્રજાને આ બંધારણથી સંતોષ ન થયો.

વડોદરા રાજ્ય પ્રજામંડળ કાર્યવાહી સભા તા. ૪-૩-૩૯નાં રોજ આ બંધારણની યોજના પર ચર્ચા કરવા મળી. અને તે આખો ઠરાવ મહેસાણા અધિવેશનમાં મંજૂર થયો. આ કાર્યવાહીએ ઠરાવ કર્યો કે આ સુધારાઓ પીછેહઠના, વડોદરા રાજ્યને બંધબેસતા ન થાય એવા અને નિરાશાજનક છે, એમ માનવા તેને ફરજ પડી છે અને છેવટે જણાવે છે કે

" સુધારાની આ આખી યોજનામાંથી ભવિષ્યમાં કોઈપણ સમયે પ્રજાને જવાબદાર રાજતંત્રની શરૂઆત કરવાનું ધ્યેય હોવાનો આડકતરી રીતે પણ બોધ થતો નથી. અને જે યોજના શરૂઆતના અગત્યના પગલા તરીકે રજૂ કરવામાં આવી છે. તે શ્રીમંત મહારાજા સાહેબે પસંદ કરેલી અને કેવળ તેમને જ જવાબદાર એવી કારોબારી કાઉન્સીલની કારોબારી અને કાયદા વિષયક સત્તા કાયમને માટે એક હથ્થુ રહે છતા બહાર ઉઘાડી રીતે એ વાત એકદમ નજરે ન આવે એવા હેતુપૂર્વક ઘડવામા આવી હોય એમ લાગે છે."

આ બંધારણ ઉપર ખૂબ ચર્ચાઓ થઈ છે. ખૂબ લેખો લખાયા છે. પ્રજામંડળે તો વડોદરાના રાજકીય સુધારા (તેનું પૃથક્કરણ) એ નામનું પુસ્તક બહાર પાડ્યું અને વડોદરાના પત્રો તથા બહારના પત્રોમાં અને "પ્રજામંડળ" અઠવાડિક પત્રમાં ખૂબ ચર્ચાયું છે એટલે એ વિષે અહીં પિષ્ટપેષણ નિરર્થક છે.

નવા બંધારણનો મિશ્ર આવકાર

આ આખું બંધારણ તા. ૧ લી ફેબ્રુઆરી ૧૯૪૦ ના રોજ કાયદા તરીકે બહાર આવ્યું. તા. ૧૦-૩-૪૦ ના રોજ નવસારીમાં ભરાએલી કારોબારી સમિતિમાં ખૂબ ચર્ચાને અંગે તે બંધારણ સંબંધી પ્રજામંડળે ઠરાવ્યું કે

આ સુધારાને પ્રથમ દ્રષ્ટિએ તો બહિષ્કાર કરવા યોગ્ય ગણાય છતાં દેશની વર્તમાન પરિસ્થિતિ જોતાં અને **પ્રજામંડળની રાજ્ય પ્રત્યેની નીતિ વિષે કોઈપણ જાતની શંકાને સ્થાન ન રહે તે ખાતર** તથા પ્રજામંડળને પ્રજાનો કેટલો સાથ છે તે સિદ્ધ કરી દેવાની આ તક ગુમાવવાથી ગેરસમજ ઉત્પન્ન થવાનો સંભવ ન રહે તે ખાતર તેમજ આ સુધારાના ખરા સ્વરૂપ વિષે ભ્રમણા ન રહે તે ખાતર અને હાલના શ્રીમંત મહારાજા સાહેબની શરૂ કારકિર્દી લક્ષમા રાખતાં આ સુધારાને હાલ તુરત સીધો બહિષ્કાર ન કરતાં

ચૂંટણીમાં ભાગ લઈ જેટલી બને તેટલી જગ્યાઓ કબજે કરવા ઠરાવ કર્યો છે અને મતદારોને અને જાહેર પ્રજાને વિનંતિ કરે છે કે પ્રજામંડળને આ કામમાં સહૃદય સાથ આપી પ્રજામંડળમાં પોતાનો વિશ્વાસ જાહેર કરી તેનો હાથ મજબૂત બનાવે. પ્રજામંડળનો ઉદ્દેશ શ્રીમંત ગાયકવાડ સરકારના છત્ર નીચે જવાબદાર રાજતંત્ર મેળવવાનો છે. એ ઉદ્દેશને પહોંચવાના માર્ગમાં આવતા અંતરાયો દૂર કરવાના હેતુથી જ આ ચૂંટણીમાં ભાગ લઈ ધારાસભામાં પ્રજામંડળ પ્રવેશ કરવાનું ઇચ્છે છે.

પ્રજામંડળની બેઠક બીજા માસમાં એટલે એપ્રિલ માસમાં હતી. પણ આ ઠરાવ થવાની આખા ગામમાં જાણે વીજળીનો ચમકારો ફેલાયો હોય તેમ થઈ ગયું. મહેમાણાનું અધિવેશન ભરાયું ત્યારે તેનો પાટનગર ઠરાવ વાંચે ને વાંચી જવા અમે ખાસ વિનંતિ કરીએ છીએ.

પ્રજામંડળ વિરોધી ચક્રો ચાલુ થયાં

પ્રજામંડળને પ્રજાનો કેવો સાથ છે તે બતાવવા સારુ આ ચૂંટણીમાં ઝુંબેશ પૂરજોશથી પ્રજામંડળના વિરુદ્ધ સખત પ્રચાર સરકારી અમલદારોએ શરૂ કર્યો. તા. ૮-૫-૪૦ ના રોજ રાજકરણ મુકામે એક સહકારી મંડળીની ઉદ્‌ઘાટન ક્રિયા વખતે એક બનાવ બન્યો. ગવાયેલું ને ના. દીવાનસાહેબનું આહ્વાનરૂપ ભાષણ થયું અને પ્રજામંડળની ખરી કસોટીના શ્રીગણેશ શરૂ થયા. દીવાનસાહેબે કહ્યું :

'હવે હું સામાન્ય બાબતો વિષે થોડા શબ્દો બોલવા ધારું છું. હું જે બોલું છું તે તમારામાંથી હું એક વ્યક્તિ હોઉં એ રીતે વડોદરાના ઉન્નત ભવિષ્યમાં વિશ્વાસ રાખનાર તરીકે તેમ જ હિંદના ઉજ્જવળ ભાવિની આશા સેવનારાઓમાં બીજા કોઈની પણ પાછળ નહિ રહેનાર તરીકે બોલું છું. આપ સર્વ જાણો છો કે બોલવાનું કર્તવ્ય અનિવાર્ય થઈ પડે છે ત્યારે હું બોલું છું.

હિંદ માટે લોકશાસનની પ્રથા ઉપયુક્ત નથી એવું માનનારામાં મારું સ્થાન નથી. લોકશાસનની પ્રથા હિંદને અનુકૂળ નથી એ માન્યતાથી હું જુદો પડું છું. પરંતુ લોકશાસનની પ્રથાના ઘણા પ્રકાર છે. બ્રિટિશ હિંદના પ્રાંતોમાં દાખલ કરવામાં આવેલી જવાબદાર શાસન-પદ્ધતિનો નમૂનો માત્ર

એક જ પ્રકાર છે પ્રજાના પ્રગાઢ સંપર્કના સિદ્ધાન્તને પૂર્ણપણે અમલમા મૂકીને પણ પોતપોતાનાની વિશિષ્ટ જરૂરીઆતોને અનુકૂળ પડે તેવી વહીવટી તેમની વિવિધ પદ્ધતિઓ પ્રયોગ અને અનુભવ વડે વિકસાવી લેવા સારુ હિન્દના રાજ્યોને પૂરતો અવકાશ છે

"ખુલ્લા મન રાખીને આપણે સહુએ આ કાર્યમા એક ધ્યાનથી પના વાઈ જવુ જોઈએ બ્રિટિશ હિન્દમા રાજકીય અગર કોમી મંડળોનો આપણા રાજ્યકારણમા પ્રત્યક્ષ અગર પરોક્ષ પણ પ્રવેશ આ કાર્યમા ઉપકારક બની શકે એમ હુ નથી ધારતો ઉલટુ તેવા પર પ્રાંતિય રાજકીય અને કોમી મંડળોના પ્રવેશથી આપણી ગૂચો વધે છે અને આપણે માટે તેમજ તેમને માટે નવી નવી મુશ્કેલીઓ ઊભી થાય છે અહીના તેમજ અન્ય સ્થળોના અનુભવે એ વાત સાચી ઠરાવી આપી છે"

"એક બીજા મુદ્દા ઉપર પણ હુ ભાર મૂકવા ઈચ્છુ છુ આપણી ધારાસભામા આપણે કદી પણ વિભાગબધી અને વાડા બાધવાનો પ્રયત્ન નથી કર્યો સરકાર નિયુક્ત અને અમલદાર સભ્યોને તેમની ઇચ્છા પ્રમાણે પોતાનો મત આપવાની છૂટ છે જ તેમને કોઈ પ્રકારનો આદેશ નથી અપાતો તેમણે આમ કરવુ આમ ન કરવુ એવી કદી તેમને આજ્ઞા કરવામા આવતી નથી તેવી જ રીતે બીન અમલદારી સભ્યોમા પણ કદીએ પક્ષ કે કોમની છાપ છપાયેલી જોવામા આવી નથી બલ્કે તેમણે હમેશા પ્રત્યેક વ્યક્તિગત પ્રશ્નના ગુણદોષ ઉપર જ સ્વતંત્રપણે વિચારશ્રેણી રચી પોતાના અભિપ્રાય સ્વતંત્રપણે જ પ્રકટ કર્યાં છે આપણા જાહેરજીવનનુ આ સ્વતંત્ર વિભાગબધીની છાપ રહિત વિચાર પ્રદર્શનનુ અંગ અતિમૂલ્યવાન અને મોઘુ છે અને ગમે આશા છે કે તે અખંડિત જળવાઈ રહે"

ને ના દીવાન સાહેબના આ ભાષણની હજારો નકલો વડોદરા રાજ્યના ગામડે ગામડે ને ખૂણેખૂણે વહેંચનામા આવી અને પ્રજામંડળ સામેનો સામનો સખત થયો

અમે તો ને ના દીવાન સાહેબનો ખૂબ આભાર માનીએ છીએ કે પ્રજામંડળે પ્રજાની અંદર કેટલો પ્રેમ મેળવ્યો છે તેની ખરી કસોટી કરાવી પ્રજામંડળની વિરુદ્ધ અમલદારોએ ખૂબ કામ કર્યું અમલદારોના માણસોએ પગ ખૂબ જોર ઉપાડ્યો અને કેટલીક સંસ્થાઓએ પણ પોતાનો સાથ તેમા

સારી રીતે પૂર્યો અને પ્રભુનો આભાર માનવો જોઈએ કે પ્રજામંડળ એ કસોટીમાંથી પ્રતિષ્ઠા સહિત પસાર થયું.

કસોટીનું માપ

ચુંટણીના લાંબા ઈતિહાસમાં આપણે નથી ઊતરતા પણ પ્રજામંડળે કેટલી જગ્યા મેળવી છે તે ઉપરથી પ્રજાનો પ્રેમ જણાશે.

વડોદરા પ્રાંતમાં નવ જગ્યામાંથી નવ, નવસારી પ્રાંતમાં પાંચમાંથી ચાર, મહેસાણા પ્રાંતમાં નવમાંથી પાંચ, અમરેલી પ્રાંતમાંથી ચારમાંથી બે, વેપારઉદ્યોગમાં ચારમાંથી ત્રણ, સહકારી સંસ્થામાં બેમાંથી બે મળી પચીસ સભ્યોની ચૂંટણી થઈ સાડત્રીસ કુલ જગ્યા, જેમાંથી મજૂર વર્ગના જથા હજુ થયા નથી તેથી સરકારે બે પોતે પસંદ કર્યાં–ઇનામદાર અને આંકડાદારમાંથી કોઈ પ્રજામંડળનો હોઈ શકે નહિ એટલે ખરેખર તેત્રીસમાંથી પચીસ સભ્યોની ચૂંટણી કહી શકાય.

મત ગણતરી તો નીચે પ્રમાણે થઈ. ૧૯ બેઠકો માટે થએલી તેમાં નીચેપ્રમાણે મતો મળ્યા છે —

પ્રજામંડળ		વિરુદ્ધ	
મોહનભાઈ નિરૂભાઈ	૧૮૫૪	દરબાર ચાપરાજ	૨૯૩
જગજીવનદાસ નારાયણ	૧૨૪૬	મોહનભાઈ ઓધવજી	૧૦૭૩
અંબાલાલ શિવલાલ	૮૫૫૬	શંકરભાઈ પટેલ	૩૬૪૦
રામચંદ્ર જમનાદાસ	૨૭૧૨	પોપટલાલ મજમુદાર	૩૧૧૩
કાશીરામભાઈ	૧૯૮૦	કાશીભાઈ અમીન	૨૬૭૮
છોટાભાઈ પટેલ	૧૯૮૦	ચિમનલાલ પંચોલી	૩૯૯૭
ભોગીલાલ શેઠ	૮૩૯૪	મયાભાઈ શેઠ	૪૪૪૯
નિરાભાઈ પ્રભુદાસ	૮૪૬૧	લક્ષ્મણભાઈ મોહનદાસ	૪૦૫૨
મધુસૂદન મજમુદાર	૩૩૩૦	રામલાલ વ્યાસ	૧૬૫૦
ડૉ. દાદાભાઈ	૨૦૪૭	શાન્તિલાલ શેઠ	૯૧૧
		બાલુભાઈ	૮૯૩
લલ્લુભાઈ કિશોરભાઈ	૬૨૬૯	રામસિંગ ઠાકોર	૨૯૮૦
દાદાભાઈ મથુરભાઈ	૫૩૩૯		

અંબાલાલ છોટાલાલ	૩૮૯૨	હરગોવિંદદાસ પટેલ જેઠાભાઈ વકીલ	૬૪૧ ૩૭૯
કનૈયાલાલ મજમુંદાર દયાળજી મિસ્ત્રી	૩૮૨૬ ૩૭૭૨	વકીલ કાત્રક	૭૦૧
બાપુભાઈ દેસાઈ	૭૯૪	સાંકળલાલ આત્મારામ	૧૦૨૪
મગનભાઈ શંકરભાઈ છોટાભાઈ ભાઈલાલભાઈ	૬૭૦૦ ૬૬૩૦	મોહનભાઈ દાળીયા	૪૬૬

ઓખાવાળા ડૉ. જયંતિલાલ સામે પ્રજામંડળ સભ્યની હરીફાઈમાં દાવો થતાં ડૉ. જયંતિલાલની ચૂંટણી રદ કરવામાં આવી હતી. ફરીની ચૂંટણીમાં પ્રજામંડળ ઉભું રહ્યું નહોતું.

આ પ્રમાણે ધારાસભાની ચૂંટણી થઈ. ૨૫ પ્રજામંડળના હતા તેમાં શ્રી. દ્વારકાનાથ શેઠજી ગુજરી ગયા અને તેથી ફરીથી ચૂંટણી થઈ તેમાં પ્રજામંડળપક્ષ તરફથી છોટુભાઈ ભીમભાઈ દેસાઈ ઉભા રહ્યા. તે સર્વાનુમતે ચૂંટાયા.

ધારાસભા અંગે મુસ્લીમોનું વલણ

નીચે પ્રમાણે એક પ્રકાશનયાદી ને. ના. દિવાનસાહેબની નીતિ ઉપર પ્રકાશ પાડે છે તે છાપીને આ ચૂંટણી પ્રકરણ બંધ કરીએઃ—

"મુસ્લીમ પરિષદ તરફથી શ્રી રસૂલખાન પહાણે ને. ના. દિવાન સાહેબ સમક્ષ અરજી સાદર કરીને તેઓશ્રીને ખાતરી આપી કે મુસ્લીમ પરિષદની નીતિ સરકાર સાથે સહકારની છે. સુધારા સમિતિના પ્રજામંડળના જે સભ્યોએ મજકુર સમિતિના નિવેદન ઉપર સહી કરી હતી તેઓ પ્રજામંડળને કોંગ્રેસ સાથે જોડીને પ્રતિજ્ઞાપત્રોનો આગ્રહ રાખીને તેમજ અન્ય રીતે એ નિવેદનના મૂળભૂત હેતુમાંથી ચલિત થયા હતા. તે સંજોગો જોતાં પરિષદને ભય લાગ્યો કે અલગ મતાધિકાર સિવાય ધારાસભામાં મુસ્લીમ કોમના સાચા પ્રતિનિધિઓ ચૂંટાશે નહી. ચૂંટણીના સંબંધમાં કડીવાળા ઠરાવ અને તે પછીની પરિષદે અખત્યાર કરેલા વલણનું કારણ પણ એ જ હતું."

ધારાસભામાં કોમના સાચા પ્રતિનિધિઓને સાથ મળે તે માટે શ્રી રસૂલખાને એવી સૂચના કરી કે નિમણૂક માટે એક નામોની યાદી પસંદગી

માટે રજૂ કરવા મુસ્લીમ પરિષદને કહેવું મુસ્લીમ પરિષદ નામોની યાદી રજૂ કરે એવી શ્રી રસૂલખાનની સૂચનાનો સ્વીકાર થયો હતો

મુસલમાનો માટે સાત બેઠકો અનામત રાખવા શ્રી રસૂલખાને આગ્રહ કર્યો હતો. ને. ના. દિવાનસાહેબે કહ્યું કે સાત બેઠકો આપવામાં શ્રીમંત સરકારને મુશ્કેલી પડશે પરંતુ પૂરતા પ્રતિનિધિત્વ માટેની વિનંતિ ઉપર સહાનુભૂતિપૂર્વક વિચાર કરવામાં આવશે

છેવટમાં ને. ના. દિવાનસાહેબે કહ્યું કે મુસ્લીમ પરિષદના ઠરાવ તથા વલણ વિષેની ચોખવટ થઈ તેથી રાજ્યનું પૂરતું હિત સધાય એમ સુધારાના અમલ પરત્વે શ્રીમંત સરકાર સાથે પૂરેપૂરો સહકાર કરવાનો મુસ્લીમ પરિષદનો ઉદ્દેશ જાણીને શ્રીમંત સરકાર રાજી થાય છે

મુસ્લીમ કોન્ફરન્સ તરફથી નિવેદન બહાર પડ્યું કે

જે ભાઈઓની નિમણુક થઈ છે તેઓ પોતે મુસ્લીમ પ્રજાના સેવક છે અને મુસ્લીમ કોન્ફરન્સ મારફત તેઓ ધારાસભામાં ગયા છે એ યાદ રાખે અને પોતાની કોમની સેવા તે પોતાની પ્રથમ ફરજ છે એવી ને તેથી તેમને થાય અને તેઓ કોમની સેવા કરવા શક્તિમાન થાય એમ પાક પરવરદીગાર પાસે દુઆ માગીએ છીએ

અમે શ્રી રસૂલખાન પઠાણ માટે કંઈપણ લખવા માગતા નથી અમે મુસ્લીમ કોન્ફરન્સ માટે લખવા માગતા નથી પ્રજામતના મનમાં મુસ્લીમ કોમ કે હિંદુ કોમ જેવું કાંઈ છે નહિ. પ્રજાના સેવકો તરીકે જ તેઓ આગળ આવે છે અને હજુ સુધી મુસ્લીમ કોમનું ખાસ કર્યું નથી કરવાની ઈચ્છા કરતું નથી. પણ અમે તો ને. ના. દીવાન સાહેબ જે પગ અને કોમવાર થી પર રહેવા માગે છે તે પોતે કેવી રીતે કોમવાદનો પક્ષપાતના થયા તે જણાવવા સારુ આ એક જ દાખલો ટાંક્યો છે તેથી પ્રજામત પોતાના પગ ઉપર ઉભુ રહે જે દુનિયામાંથી જ્યાંથી જાણવાનું મળતું હોય ત્યાંથી તે જ્ઞાન મેળવે છે અને પોતાનું વ્યક્તિત્વ સ્વતંત્ર રાખી કોઈની પણ તાબેદારી સ્વીકારતું નથી તે વાતની ખાતરી ને. ના. દીવાન સાહેબ કરાવવા ધારે તેને તેજ વાતનું સમજ કરના ને સમજાવનાર દુનિયામાં કોઈ ન મળે

છેવટે ૧૯૧૮ ની સાલથી પ્રજામંડળે જે માગ્યું છે તે હજુ સુધી નથી મળ્યું; લોકશાસન અને જવાબદાર રાજતંત્રમાં ને. ના. દીવાન સાહેબ માનતા હોવા છતાં તે જાતનો અંતીમ હેતુ આ રાજ્યનો છે તેવું જાહેરનામું નથી કાઢી શક્યા; પ્રતિનિધિઓને જવાબદાર અને પ્રતિનિધિઓએ પસંદ કરેલાને જ કાઉન્સિલમાં લેવા જોઇએ તે સૂત્ર હજુ નથી સ્વીકારાયું; પણ એક જ વાત સાબીત થઈ છે કે પ્રજામંડળે પ્રજાનો પ્રેમ મેળવ્યો છે – અને તે રીતે પ્રજા શ્રીમંતની છત્રછાયા નીચે જવાબદાર રાજતંત્રની ઝંખના કરી રહી છે, પ્રજાની તે ઉત્કટ ઇચ્છા છે એટલી વાત સૌ કોઈને સ્વીકારવી પડી છે એટલું લખી આ લાંબો લેખ પૂરો કરૂં છું.

ચુનીલાલ શાહ

જમીન મહેસૂલ

જમીન મહેસૂલનો પ્રશ્ન એ વડોદરા રાજ્યમાં જુગજૂનો પ્રશ્ન છે. વડોદરાની ખેડૂત પ્રજાને એ બોજો-બહુ ભારે લાગે છે. ને તે ભાર ઓછો કરવા—હલકો કરવા પ્રયત્ન કર્યા જ કરે છે.

બ્રિટિશ ધોરણ સાથે સરખામણી

જમીન મહેસૂલ જ્યારે જ્યારે વધતું ત્યારે ત્યારે એની સામે પોકાર થતો હતો.

બ્રિટિશ હિંદુસ્તાનની લગોલગ આપણું રાજ્ય આવેલું છે અને તેથી તેની સાથે સહજ સરખામણી કરવાનું મન થાય અને આપણે વધારે આપવું પડે તેથી મનમાં લાગ્યા કરે.

સેટલમેન્ટ કેટલું હોવું જોઈએ તે સંબંધી ખૂબ ચર્ચા થયા કરતી હતી. જમીન મહેસૂલ એ કર છે કે ગણોતનું ઉત્પન્ન છે તેના પર વાદવિવાદ થતો હતો. પેટલાદ તાલુકાએ આ મહેસૂલના પ્રશ્ન ઉપર ૧૯૨૫-૨૬માં ભારે આંદોલન ઉપાડ્યું હતું.

૧૯૨૫-૨૬ પછીના આંદોલનો

બારડોલીની લડત વખતે આ પ્રશ્ન પણ પાછો ખુબ ચર્ચાયો હતો તે વખતે નોટિફાઈડ એરીઆનો પ્રશ્ન ઉગ્ર બન્યો. મોખરાની જમીન ઉપર મકાન ન બાંધે તો પણ નીંધે રૂ ૫૦ જેટલી રકમ આવતી સેટલમેન્ટ વખતે લેવામા આવશે એવી ધમકી મળી પણ છેવટે તે શબ્દો સરકારે પાછા ખેંચી લીધા. ૧૯૩૦મા જમીન મહેસુલ માટે ન્રજણુ, ડભોઈ અને કડીમા હિલચાલ ઉપડેલી

વરસ ખરાબ આવતા ગયા ભાવસપાટ વધતુ ગયુ — ભાવ ઓછો ઊતરવા માંડ્યો. રેવન્યુ ને ડિમિસન્ટના પ્રશ્નોએ ખેડૂતપ્રજાની પીઠ ભાગી નાખી — 'જમીન મેહસૂલ ઓછુ કરો' એવો પોકાર દિવસે દિવસે જોર પકડતો ગયો.

શ્રીમતનો હીરક મહોત્સવ આવ્યો. પ્રજાએ તે ઉત્સવ ઉજવ્યો — પ્રજાએ માગણી કરી — દર્દભરી વિનતિ ચાળીસ હજારની સહીથી કરી — કે ૨૫ ટકા મહેસુલ ઓછુ કરો.

પ્રજામંડળના સક્રિય પ્રયત્નો

પણ આ માગણીનો કાંઈ જવાબ ન મળ્યો. ૧૯૩૬ની સાલ આવી. આ પોકાર નિષ્ફળ જવાથી વધારે સક્રિય સ્વરૂપ લેતો ગયો. આપણી કેટલા ટકા માગણી હોવી જોઈએ એ માટે કમિટીઓ નીમાઈ અને પ્રાંતમા તાલુકા પસંદ કરી ગામડામા જવાનુ—અભ્યાસ કરવાનુ નક્કી કર્યું

સરકારે મૂકેલાં પ્રતિબંધો

સરકારને લાગ્યુ કે આ જાતની તપાસ થશે—ગામડાના માણસો તેમજ ખેડૂત જોડે સંપર્ક થશે—તો પ્રજામા બળ વધશે. તે અટકાવવા શ્રી વામન આપાજી નિમ્તે, શ્રી ચુનીલાલ શાહ અને શ્રી મગનભાઈ શંકરભાઈ ઉપર નોટિસો નીકળી. શ્રી ચુનીલાલ શાહ ઉપર નીચે પ્રમાણે નોટિસ કાઢવામા આવી —

"ન્રજણુ તાલુકાના ગામોમા રા ચુનીલાલ શાહે પ્રવાસ કરવા તથા ત્યાના ખેડૂતોના દેવા તથા તેમની હકીકત જાણવાનુ કામ

આગળ આણેલું છે. અત્રે જે હકીકત રજૂ થઈ છે તે ઉપરથી અંદરખાનેથી તેઓ ખેડૂતવર્ગ તથા બીજા ઇતર માણસોને મળી જમીનમહેસૂલ ઘટાડવા બાબત પ્રવૃત્તિ કરતા હોવાનું જણાય છે. આવી રીતે રા. ચુનીલાલ પુરુષોત્તમ શાહની પ્રવૃત્તિ ઉપર જો અંકુશ ન રખાય તો આવી પ્રવૃત્તિથી ખેડૂતોના મનમાં ખોટી અસર થઈ આગળ જતાં તેઓમાં વિનાકારણ ગેરસમજ થઈ સુલેહનો ભંગ થવાનો સંભવ છે એમ અમોને લાગે છે માટે તેમ થવા ન દેવા ખાતર સાવચેતીનાં પગલાં લેવાં જરૂરી હોવાથી હુકમ કરવામાં આવે છે કે :—

બારમાસ સુધી આ પ્રાંતમાંના કોઈપણ ગામમાં જઈને ખેડૂતખાતેદાર વગેરે લોકો સાથે તેમનાં દેવાં, હરકતો, જમીનમહેસૂલમાં ઘટાડો વગેરે જાહેર અગર અન્ય રીતે વાટાઘાટ કરવી નહિ અગર ભાષણો કરવાં નહિ અગર કાંઈપણ તેની પત્રિકા કાઢવી નહિ."

આ હુકમ ૧૯૩૬માં નીકળ્યો. રા. મગનભાઈ તથા રા. નિકતે સામેનો હુકમ સાદો હતો. અને તેમાં એમ જણાવેલું કે :—

"આ ભાષણોનો મજકૂર જોતાં લોકોમાં આ રાજ્ય વિરુદ્ધ બેદિલી ફેલાઈ, મનમાં ખોટી અસર થઈ આગળ જતાં તેઓમાં વિનાકારણ ગેરસમજ થઈ સુલેહનો ભંગ થવાનો સંભવ જણાય છે. માટે તેમ ન થવા દેવા ખાતર અગાઉ પગલાં લેવાં ઇષ્ટ લાગવાથી હુકમ કરવામાં આવે છે કે બાર માસ સુધી ભાષણો કરવાં નહિ અને પત્રિકાઓ કાઢવી નહિ."

આ સંબંધે રા. નિકતે અને રા. મગનભાઈનું કહેવું એવું હતું કે એમણે તો એવાં ભાષણ કર્યાં નથી. આ વાટાઘાટ ચાલતાં ખબર પડી કે સરકાર માગે છે કે આ જમીનમહેસૂલના પ્રશ્ન–ઘટાડવાની વાતો ગામડામાં કરવી નહિ અને જો પ્રજામંડળ નીચે પ્રમાણે લખી આપે તો રા. ચુનીલાલ શાહ ઉપરનો મનાઈહુકમ રદ કરવામાં આવે.

માગણીનો સાર

"જમીનમહેસૂલના ઝઘડા સબંધે જાહેર અગર ખાનગી વાટાઘાટો અગર ચળવળ ગામડામા થતી અટકાવવા જે વાંધો સરકારે લીધેલો તે ઉપરથી આ પરિસ્થિતિ ઊભી થઈ હતી

જમીનમહેસૂલની તપાસના પ્રશ્ન માટે એમ ઠર્યું કે એ આખાયે પ્રશ્નની અભ્યાસની દૃષ્ટિએ પ્રજામડળ પોતાના પ્રાંતોની મુખ્ય મથકની ઑફિસોમા ઠરેલી યોજના પ્રમાણે તપાસ કરે અને આવી તપાસને અંગે જે નિર્ણયોપર પ્રજામડળ આવે તે સરકારમા સાદર કરે તેમા સરકારનો વાંધો નથી "આ પ્રમાણે સરકાર તરફે જે માગણી થઇ તે પ્રજામડળની કારોબારીએ ના પાડી અને ઠરાવ્યુ કે આ પ્રતિબધો દૂર કરાવવા પ્રજામત કેળવવો અને ખેડૂતોની જમીનમહેસૂલની તપાસ ક્યી અને ક્યારે કરવી તેનો નિર્ણય યોગ્ય સમયે કરવો."

અને પ્રજામડળ શાંત બેઠું પણ સરકારે લીધેલા દમનના પગલા તે ન ભૂલી ક્યારે પ્રસગ આવે અને જોખમ વેઠીને પણ ગામડામા જઈ આ મહેસૂલનો અભ્યાસ થાય! અને એ ઘડી આવી બાદરણનુ અધિવેશન આવ્યુ પ્રજામા તાલાવેલી રહી અને પ્રજામડળે જાહેર કર્યું કે —

"આવી તપાસ કરવી એ પ્રજામડળનો હક્ક છે અને એવી તપાસ કરવામા રાજ્ય તરફથી કોઈ પણ પ્રતિબધ મૂકવામા આવશે તો આ મડળને એવા અન્યાયી હુકમનો સવિનય અનાદર કરવા ફરજ પડશે પ્રજામડળ આશા રાખે છે કે આ સબધી જે હુકમો થયા હોય તે રદ કરશે અને હવે પછી પ્રજામડળે નીમેલી સમિતિ રાજ્યના કોઇપણ વિભાગમા કે ગામડામા ખેડૂતોની આર્થિક સ્થિતિની કે જમીનમહેસૂલના હાલના ધોરણમા રાહત આપવાની જરૂર છે કે કેમ અને હોય તો કેટલી અને ક્યા પ્રકારની એ સબધી તપાસ કરવા જાય તો તેની આ નિર્દોષ અને જરૂરી પ્રવૃત્તિમા કોઈપણ જાતની રોકાવટ કરવામા નહિ આવે."

સેનામાટે પડાપડી

પ્રજામ ાની મરોગારી સના મળી અને આ ૃગર માટે કોમુ કોણ જ્વા માગે છે એ માગણી થના યુરએની હારને ાર નીમાના લાગી પ્ર સરદારશ્રીમે ૉ શુમત, શ્રી કાગાભાઈ મુનરીઆ અને શ્રી પરમોનમત્ામ પરેની આ માટે પમદ ર્યાં આખા રાજ્યમા આ પ્રશ્ન ખુબ ચર્ચાયો સર ાર ુ રશે ? ાતિ ાધિ ાી નોટિમો ની ાશે ? મનાઈ ુ મ ના આપશે ? લાપી ચા ઈ થશે ? આ બધા પ્રશ્નો પ્રજા ચર્ચતી હતી તે પરનાર તો શુ રવુ ? પ્રજાએ તા એર પાછળ એર નામો તૈયાર ર્યાં તા ર ૭ ડિમે બરે આ પાણી વડો ગ ગ્ગનેથી પ્રજાના ઉચા હૈયા વચ્ચે ઉપડી ત આણુદ થઇને બાગ્રોન જ્વાની હતી એને આણુદ સ્ટશને ભવ્ય માન મળ્યુ મનાઈ ુ મ ાઈ ની ગ્યો નથી. પ્રજામત આગળ સૌ કોઈ નમે છે અને આ તપાસ રરી પાચ ડિમ સમિતિ ફરીરીજ્વા પાછી આવી સાધારણ આ ટા ઉપરથી આશરે ૪૦ ટ ા મકેસૂન વધારે છે તમ માનમ પ ણુ આ બાજુ આગળ ૂ રનુ ન સાઉ ગરો ારી મડળની સભા રા ાપીપળામા ગખનામા આવેલી હારણ્ ક મરરાર સાહેબના પ્રમુખપણે ત્યા તાગ્સભા મળવાની હતી અને ત ર અરસામા ના ર ૬ ૧૨ ર૮ ના રોજ અગ્માર નરકથી ખરીના મા ા પડયા

> ખેતીની પેદાશના ભાવમા થના ઘગાડાને લીધે ચાનની મદીમા ગ નના ખેડૂત ખાતદારોને ઈ રીને રાહત આપવી એ પ્રશ્ન શ્રીમત મહારાજાસાહેબ કેરના સમયથી બ ુ વિચારી રહ્યા હતા અને તેઓ શ્રીએ તે ના. દીવાનસાહેબને યુરોપથી પત્ર લખી ખાસ આજ્ઞા રી હતી ે આવી ગરતા સ ાધમા રપષ્ટ બનામશો તૈયાર થાય

ગયા વરના છેવટના ભાગમા પ્રાથમિર ાર્ શરૂ થઈ ગયુ હતુ રાજ્યના થના પા ના જે ત સમયના મજારનાવ સ મવી વિગતવાર આર ા તૈયાર ામા આ ના. આ આ સ ાધમા હિંદુસ્તાનના જુદા જુદા ભાગમા સરારોના ઇલાજો મબધી વિગતવાર માહિતી ભેગી રરવામા આવી હતી ત્ય મજાનના ન્રરી થરના આમ સ ાધી પણ સપૂર્ણ વિચાર રવામા

આ યોજના ત્યાર પછી આ પ્રશ્નને વિચારી ભલામણો કરવા માટે એક સમિતિ પણ નીમવામાં આવી હતી

સર્વાંશે જાહેર થયેલી રાહતો

મજરા ભાગના ધોરણ ઉપર ન ક્કી થએલા હાલ અમલમાં છે તે આંકાર તેના ત્રણ સ્પષ્ટ વિભાગો પાડી શકાય

(૧) ૧૯૦૮–૦૯ સુધી લાગુ કરેલો આંકાર
(૨) ૧૯૦૯–૧૦ થી ૧૯૧૯–૨૦ સુધી લાગુ કરેલો આંકાર
(૩) ૧૯૨૦–૨૧ થી ૧૯૩૦–૩૧ સુધી લાગુ કરેલો આંકાર

અને પહેલા વર્ગને રૂપિયે બે આની છૂટ બીજા વર્ગને રૂપિયે ત્રણ આની છૂટ અને ત્રીજા વર્ગને રૂપિયે ચાર આની છૂટ આપવામાં આવી છે ઓખા મંડળ, સોનગઢ, પાદરા, શિનોર, ગણદેવી નવસારી વ્યારા, દામનગર, રતનપુર રૂપીએ બે આના ડભોઈ અમરેલી, સંખેડા, તિલકવાડા, નામરેજ, પલસાણા, માંગરોળ, ધારી, ખાંભા, કરજણ, સાવલી, મહુવા, સિદ્ધપુર, વડોદરા, આતરસુમા દહેગામ, હારીજ પાટણ ખેરાળુ મહેસાણા વિસનગર, ચાણસ્મા ને કડીને રૂપિયે ત્રણ આના ભાદરણ, પેટલાદ, વાઘોડિયા, કોડીનાર અને ભીમ કાને ચાર આના રાહત આપી

આ રાહત કેટલી થાય છે તે જાણવા માટે આપણે સરકારી રિપોર્ટ જોઈશું તો માલમ પડશે કે આ રીતે ૨૧,૬૭૦૦૦ રૂપિયા રાહત જમીન મહેસૂલમાં આપી અને બાગાયતી જમીનમાં રૂ ૫૦૦૦૦૦ રાહત મળશે અને આ ઉપરાંત તે પ્રમાણે લોકલ સેસ ઓછું થયું આ પ્રમાણે આશરે ત્રીસેક લાખ જેટલી રકમ ઓછી થઈ

એ રાહતો કાયમનું સ્વરૂપ લે છે

આ રાહત પાયતર્ગને માટે હતી પ્રજાની માગણી હતી કે આ રાહત કાયમ કરવી જોઈએ અને આપણા મહારાજા શ્રીમંત પ્રતાપસિંહના રાજ્યારોહણ વખતે ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૩૯ ના રોજ નીચેપ્રમાણે ઢંઢેરો બહાર પાડ્યો –

શ્રીમંત મહારાજા સાહેબની શુભ ભાવના

"રાજ્યશાસનના કામમાં અમે છેલ્લા દસ વર્ષથી ભાગ લીધો છે. તે ઉપરથી પણ અમને સમજાયું છે કે ખેડૂત અમારા રાજ્યનો સ્થંભ છે અને તેની આર્થિક સ્થિતિ અને સન્માન કલ્યાણ તરફ અમારે વધારેમાં વધારે ધ્યાન આપવું. અમારો પ્રેમ અને અમારી સહાનુભુતિની વાસ્તવિક સાક્ષાત જાહેરાત માટે અમે ફરમાવીએ છીએ કે અમારા પુરોગામી મહારાજા સાહેબે મહેસૂલના આકારના ઘટાડાની જે જાહેરાત કરી છે તે ઘટાડેલો આકાર જ હવે ચાલુ આકાર ગણાશે અને રિવિઝન સેટલમેન્ટ અર્થાત્ ફેર આકાર વખતે જ તેમાં ફેરફાર કરવામાં આવશે."

શ્રીમંત મહારાજા સાહેબને ખેડૂતો માટે આટલી બધી કાળજી; અને ખેડૂતોનાં દુઃખો જાણવા માટે અને તે દૂર કરવા સારૂ જ્યારે પ્રજામંડળના માણસો ગામડામાં ભટકે ત્યારે તેમના મોં ઉપર અને તેમની કલમ તેમ જ પ્રવાસ પર અટકાયત મૂકવાના પ્રતિબંધો કરનારી આ અમલદારશાહીમાં કેટલો ફરક છે તે તરત જ જણાઈ આવે છે.

પ્રજામંડળે તો પોતાનો સંતોષ તરત જ જાહેર કર્યો અને બ્રિટિશના પ્રમાણમાં જમીનમહેસૂલ રાખવા વિનંતિ કરી.

એક અર્થશાસ્ત્રીનું મંતવ્ય


પ્રજામંડળે પેટલાદ તાલુકાની તપાસણી કરી. અને આશરે ચાળીસ ટકા ઓછા કરવા જેવા છે તેવો રિપોર્ટ તૈયાર કર્યો હતો. પણ તે જ અરસામાં એક અર્થશાસ્ત્રી જેમને પેટલાદ તાલુકાની આર્થિકસ્થિતિનો અભ્યાસ કરવાનો રસ હતો અને જેને સરકારના કાગળો મળી શક્યા હતા તેમનો પણ તેવો જ રિપોર્ટ બહાર પડયો. અને ચોપડી પ્રસિદ્ધ થઈ. તે ચોપડીનું નામ "મધ્યગુજરાતના આર્થિક પ્રશ્નો" અને તેના લેખક છે "મણિલાલ લીલાલાલ શાહ."

આ પ્રમાણે આંકડા મળવા હોવાના કારણે પ્રજામંડળે પોતાનો રિપોર્ટ છપાવ્યો નહિ. પેટલાદ તાલુકાના મહેસૂલના પચીસ ટકા ઓછા થયા. એટલે બ્રિટિશના જે સો રૂપિયા મહેસૂલ હોય તો આપણા ૧૪૦ પેટલાદના



અહમદ મહમદ પટેલ

મડેસૂન તપાસ સમિતિ



વિસનગર તાલુકા પ્રજામંડળની પોતાની માલકીની કચેરી

વડોદરા રાજ્ય પ્રજામંડળની માલકીની મુખ્ય કચેરી

ગણાત અને તેના પચીસ ટકા ઓછા થાય એટલે રૂ ૩૫ બાદ થતા રૂ ૧૦૫ મહેસૂલ ગણાય અને તેથી પાચ ટકા જેટલો વધારો થયો પહેલાના પ્રમાણમા ઓછું ન કહેવાય

૧૯૧૮ની સાલથી પ્રજામંડળે જ્યારે ત્યા આ પ્રશ્ન ચર્ચ્યો હતો ઠરાવો પણ કર્યા હતા અને તેથી પ્રજામડળના આ કાર્યને ૧૯૩૮મા જ યશ મળ્યો તેથી પ્રભુનો આભાર જ માનવો રહ્યો

એ યશ પ્રજામંડળને શા માટે?

ને ના દીવાન સાહેબને આ પ્રજામંડળની ઘણા વખતથી કરેલી માગણી સતોષાઈ, તેથી પ્રજાનો પ્રેમ તેના તરફ વધ્યો એમ લાગ્યુ અને તે તેમને ઠીક ન લાગ્યુ અને તેથી તે ૧૯૪૦ ના મે માસમા દક્ષણમા બોલ્યા

> “૧૯૨૬ની સાલમા હિન્દી સરકાર સાથે જકાતને લગતી તકરારનો નિવેડો આવ્યો અને તેને પરિણામે રાજ્યના ઉત્પન્નમા વધારો થવા પામ્યો એ ઉપરથી સદ્ગત શ્રીમત મહારાજા સાહેબ અને તેઓશ્રીની સરકારે એવો નિર્ણય કર્યો કે આ વધારાનો ઉપયોગ રાજ્યના ખેડુતોને રાહત આપવામા કરવો એ રાહતનો પ્રકાર કેવો હોવો જોઈએ એ પ્રશ્ન ઉપર બહુ ધ્યાનપૂર્વક વિચાર કરવામા આવ્યો અને રાજ્યના અનુભવી અમલદારોએ જુદી જુદી યોજનાઓ પ્રત્યે પસદગી બતાવી અને નામદાર મત્રીમડળની સલાહ અનુસાર ૧૯૩૮ના ડિસેમ્બર મહિનામા જાહેર કરવામા આવેલી રાહતની યોજનાને સદ્ગત શ્રીમત મહારાજા સાહેબે મજૂરી આપી હતી આ માટે વ્યક્તિગત રાજદ્વારી અને અન્ય જાહેર સસ્થાઓ યશ લે છે આ સ્થળે ભારપૂર્વક કહેવુ જોઈએ કે એ યશના દાવા આધાર વગરના છે તેને માટે તો ખેડૂતો ફક્ત સદ્ગત શ્રીમત મહારાજા સાહેબના જ આભારી છે”

એટલો પણ વિવેક ન વાપર્યો

પ્રભુ ના કહે છે? પ્રજા જરૂર શ્રીમતને આભારી છે પણ ૧૯૩૬ મા જન્મ મળ્યા ત્યા અને જમીનમહેસૂલની તપાસ કરવા જતા પ્રજામડળને–

સ્થાનિક સ્વરાજ

પ્રજાના હિત માટે

૧૯૦૪મા શ્રીમતનો ... મ થતા સાર્વજનિક કામો ચલાવવા લોકમતની સહાયતા લેવી એ ઉદાર રાજનીતિનું એક મુખ્ય તત્ત્વ માનેલ છે. કલાએ- સુધરેલા દેશોમા આ તત્ત્વનો સ્વીકાર થઇ સ્થાનિક સભાઓના હાથે મોટા મોટા નગરો તથા પ્રગણાઓની સ્થાનિક હાજતો પૂરી પાડવામા આવે છે અને એ પ્રમાણે મહત્ત્વના વિષય ઉપર વિચાર ચલાવી વિવેકપૂર્વક અભિપ્રાય દર્શાવવાની તેઓ ટેવ પડે છે. આજ તત્ત્વ લક્ષમાં ... ભારથી શ્રીમત સરકાર મહારાજ સાહેબે—પોતાની પ્રજાના હિતને માટે—ગામ પચાયત, પ્રાન્ત પચાયત તથા મહાલ પચાયતોની સ્થાપના કરવા ... મ ... યો એમ શ્રી અમાત્ય સમથનો ખર્ગના ... મ ... પ ... ો

પ્રજાને આગળ વધારવી છે; પણ ક્રમેક્રમે

૧૯૦૪ થી આજે ૩૮ વર્ષ થયા અને ત્યા શ્રીમત મહારાજ સાહેબની ઇચ્છા પાર પડી નથી. પ્રજા જાણે પ્રજાની ... ના ... ન ... ત્યા સુધી ચાલુ ... પણ હજુ ૧૯૦૪મા એમની ઇચ્છા મા ... ની સ્થાપના હજુ ...

ઊંચે ચઢી ગયા છે. જમીનમહેસૂલના એક આનાના ખર્ચ કરવાને માટે હજુ કોણ જાણે લાખોના કેટલા પ્રમાણપત્રો જોઈશે અને કોણ જાણે આખા ઉત્પન્નના અડધા આના માટે આટલી નોકશાઈ ત્યારે આખા રૂપિયાના વહીવટ માટેની શક્તિ કેળવવા માટે કેટલા વર્ષોની તાલીમની જરૂરીયાત તેમને લાગતી હશે ?

સ્થાનિક સ્વરાજ એટલે ?

સ્થાનિક સ્વરાજ એટલે ગામ પંચાયત, પ્રાંત પંચાયત અને મહાલ પંચાયત અને સુધરાઈઓ.

ઉત્પન્ન અને તેના ખર્ચના ભાગોની ચર્ચા માટે આ સ્થળે લખવાનું હોય નહિ. તેના ખર્ચના નામો માટે તેના રિપોર્ટો વાંચવા પડશે. પણ આ નામ કરવા માટે પ્રજાને કેટલું મહત્વ આપ્યું છે તેનો જ વિચાર કરવાનો આશય હોય.

ચાલો ત્યારે ૧૯૧૬-૧૭ થી જોઈએ. તે વખતે ગામપંચાયતો ૨-૧૦ હતી. ૦૭ મહાલ પંચાયતો હતી ને ચાર પ્રાંત પંચાયત થઈ. પ્રાંત પંચાયતના પ્રમુખ સુબા, મહાલ પંચાયતના પ્રમુખ નાયબસુબા, ગામપંચાયતના પ્રમુખ ગામનો પટેલ. ઉપપ્રમુખો પણ સરકારી જ માણસ. ૧૯૧૬-૧૭માં કેટલીક મહાલપંચાયતને ઉપાધ્યક્ષ ચૂંટવાનો અધિકાર આપ્યો. કાયદામાં પ્રાંત ને મહાલપંચાયતને પ્રમુખ આપવાની સગવડ રાખી અધિકાર આપ્યો, પણ વાપર્યો નહિ. ગામ પંચાયતોને દીવાની અને ફોજદારી નામો ચલાવવાનો અધિકાર આપ્યો. ગામ સંતોષકારક કરી ગયા છે તેનો સરકારી રિપોર્ટ છે. નવાઈ જેવું લાગશે, પણ પ્રજામંડળની સ્થાપના વખતે આ સ્થાનિક સ્વરાજની નાની સરખી પંચાયતની સાસનમાં પણ સરકારી અમલદારોની નીતિ સહજ અસંતોષકારક હતી તે જોઈ પહેલી પરિષદના સ્વાગત પ્રમુખ શ્રી ડામુ જેવા પણ જણાવે છે.

> “શ્રીમંત સરકાર હજુર હસ્તક દસ વરસમાં પોતાનું હસ્તિત્વ પ્રાપ્ત કરવા સારૂ પ્રજામાં જે ઉમંગ, જે ખંત અને જે લાગણી પ્રફુલ્લિત થયેલી હતી તે ઉત્સાહ અને ઉમંગ ગુમ થયા જણાય છે. તેના દસ વર્ષોના નવસારી પ્રાંતની પંચાયતનો ઉત્સાહમય અનુભવ એ છે કે

પ્રાંત પંચાયતના પ્રમુખો




શ્રી મગનભાઇ શંકરભાઇ પટેલ
વડોદરા



પુરૂષોત્તમદાસ પટેલ
મહેસાણા



શ્રી શિવપ્રસાદ ઠાકર
તેરમા અધિવેશનના મંત્રી



શ્રી વામન આપાજી નિકતે
વ. શહેર પ્રજામંડળના પ્રમુખ

મહાનપંચાયતનો ૮૨ સાનો સાત સંખ્યાબંધ સૂચનાઓ સરકારને કરી સ્થાનિક સ્વરાજના તત્ત્વને પ્રફુલ્લિત કરવાને તત્પર હતી, તે ઉત્સાહ પ્રજામા એટલો તો લાગણી વગરનો અને ઝાંખો માલમ પડતો જાય છે કે જેના થોડાક વર્ષોથી સરકાર મારફત પાસ પોતાની માગણીઓ રજૂ કરવાનુ પણ ચિત્તમાંથી કમી થતુ ચાલ્યુ છે વિશેષ ખેદજનક બનાવ આનુ સાથે મને માલમ પડ્યો છે કે નવસારી પ્રાંતની એક મહાનપંચાયતે લખી નાખ્યુ છે કે અમારે કાંઈ પણ સૂચના કરવી નથી આ મોટી અફસોસની વાત છે '

આ શબ્દો એક શાન્ત પારસી નાયબ-કર્તા શ્રી ડાણુના ૧૯૧૬ ના ડિસેમ્બર માસમા ઉચ્ચારેલા છે એમને જે અફસોસની વાત લાગેલી તે નાયબ અમલદારોને ગામગામની ઝંખના કરાવતી હોત—કોઈને સૂચના કરવા જેવુ હવે રહ્યુ નથી જાણુ સારુ કે તે વાત ખરી છે

"શ્રીમંત સરકાર હક્કો આપે છે પણ તેના અમલદારો આજે પ્રફુલ્લિત બનાવવા કાંઈ કરતા નથી ઊલટુ, એવુ બનુ તેના ઉપર બેધ્યાન સરકારી અમલદારો આપે છે કે સૌ કોઈ નિરાશ થઈ બેસી જાય છે '

આ શબ્દો જાણે આજે ૧૯૪૨મા જ બોલાતા હોય એમ નથી લાગતુ ? એ તો એમના જેવાએ ઊભી કરેલી આ પ્રજામંડળ સંસ્થા જ એવી છે કે એ બેધ્યાન બનેલા અમલદારોના હાથપગ બનાવીને ઊભું જીવન દેખાડતુ કરે છે શ્રીમંતના વિચાર જૂના વખતની આપણી ગામ પંચાયતના—એ નાના નાના પ્રજાતંત્રના એકમોનો વિકાસ કરવાનો હતા શ્રીમંતનો જૂની સંસ્કૃતિ અને નવી [illegible] સ્થિતિના વિચાર કરી આ ગામ પંચાયતોને તે જીવતી બનાવવાનો હતો પણ તે કામ તેમના અમલદારોને રુચતુ આવ્યુ હોય એમ લાગતુ નથી [illegible] પંચના પરના [illegible] ગામના વડા [illegible] કારભારી અને તલાટીના એ વખત [illegible] અને નાના [illegible] [illegible] જણાવે છે

"ગામપંચાયતનો [illegible] સ ૧૯૧૭–૧ મા વર્ષ તેરામા આવી અને તેનુ [illegible] એમ [illegible] ગામપંચાયતના નિરૂપણથી

આ અખતરો નિષ્ફળ થયા હતો પણ આ વાત ખોટી છે તે જણાવે છે કે ગામોને રુઝતી રમ્મ મધ થવા ત્યા ગામોમાં અને આરોગ્યતાના સંબંધમાં ગ્રામપંચાયતો ઉપરથી પોતાની ફરજો અદા કરે છે અને તે વખતના દિવાન સાહેબના નજરે ગાર છે "ગડી અને નવસારી પ્રાંત ખાતે દુષ્કાળ નિવારણાર્થે લોકોને પાણી પીવાના મંજૂર થયેલા સઘળા કુવા ગામડાના લોકોએ પોતે કર્યા હતા અને તે રકમથી જ માગી રીતે ગ્રામમાં આવ્યા હતા બુદ્ધિશાળી દોરનાર હોય તો સામાન્ય નાનના ગામો લોકો એમ રીતે ગ્રાને શક્તિવાન છે તેનો સારો દાખલો અધો નાખતી મંજૂર થયેલી રમ્મ વડે કુવાઓને મરામત કરવાનું તેનવા કુવા બનાવવાનું કામ ગ્રામપંચાયતોએ કર્યું તે છે આ સ્ટેની રમ્મ કરતા જરૂર પડી ત્યા વધારે કામ કર્યાના દૃષ્ટાન્તની ખોટ નથી. અને એ પણ ખનાસ કામ વીના દાખલા નથી આ બાબત તમના નાનમાં બાબ અર્થસૂચક છે

૧૯૧૭–૧૮ના પંચાયતની આ સ્થિતિ જોઈ મિ. મનુભાઈ મહેતા પોતાના નિવેદનમાં શ્રીમંતને ચરણે એવી વાત મૂકે છે કે આપણે યોજનાઓ ઘડવાની છે "For promoting Local Self Government on a broad bottomed basis for strengthening the units of Village Panchayats improvements of their finances their function and enlarging their franchise" ચાલુ એ યા ત્યા ધ [illegible]

ના ૧૯૧૭–૧૮માં એમ ઠર્યું કે મહાલપંચાયતમાં ત્યા હાકેમ ઉપપ્રમુખ આ ચાલતા પ્રમુખ વહીવટ [illegible] થયા નાયબસુબા [illegible] ઉપપ્રમુખો [illegible] તે પ્રમુખનું [illegible] થયો [illegible]

જ્યારે ખરી વાત ઉઘાડી પડે છે

પણ ખરી વાત આ [illegible] છે [illegible] આ રપને માગમ [illegible] કે [illegible] ખરી [illegible] એવી નથી છે કે કામ [illegible] પૈસા [illegible] નથી

"જા બિલ્લી કુત્તેકો માર"ની નીતિ

આજે પણ તેનું તે જ છે. ફેર એટલો જ કે આજે સરકાર કહી શકે છે કે "જા, કુત્તા બિલ્લીકો માર." જ્યારે પ્રશ્ન સરકાર પાસે જાય છે ત્યારે સરકાર મોકલે છે પ્રાંતપંચાયત પાસે. પ્રાંતપંચાયત પેટ બતાવે છે કે અમારી પાસે કાંઈ નથી અને આ પ્રાંતપંચાયતની કચેરી અને સરકારી અમલદારની કચેરી વચ્ચે ગરીબ ભીંસાતો ખેડૂત હજી પણ ધક્કા ખાયા કરે છે. તે વખતે પણ ફરીથી લખવામાં આવ્યું કે ખરી મુશ્કેલી પૈસાની છે (The real difficulty was that of larger funds).

વધતી જતી ચુંટાયલા પ્રમુખોની માગણી

૧૯૧૮–૧૯માં માગણી થાય છે અને તેથી સરકારી રિપોર્ટમાં લખવું પડે છે કે ચુંટાયલા પ્રમુખ માટેની માગણી ખૂબ વધતી જાય છે અને તેમના આવા કામને માટે પણ આ અધીકારો આપવા જોઇએ. (The demand for elected non-official presidents for the Municipalities and local boards is growing and as our acts make adequate provision for this provison, some of these local bodies may now be conceded this privilege as a mark of discrimination and for their zeal and good work)

૧૯૧૯–૨૦ પંચાયત અને ગુધરાઈ પ્રશ્નના કામ કરતી જ રહી. એમના કામથી દિવાન સાહેબની આંખને ઠંડક વળી. અને તે લખે છે: પંચાયત ગુધરાઈ અને બીજી સ્થાનિક સંસ્થાઓનું બળ દિવસેદિવસે વધતું જાય છે તેમને સ્થપાયે સોળ વર્ષ થયાં અને સગીર મટવાની હવે થોડીવાર છે. આપણે તેમને વધારે ને વધારે સ્વાવલંબી બનાવીએ છીએ. અને ઉત્પન્નનાં વધારે સાધનોથી અને ઉદાર દેખરેખથી આ સંસ્થાઓ પોતાની પાંખો બહુ વિસ્તારી શકશે અને સ્થાનિક સ્વરાજનાં કામો તેની અંદર સમાઈ જશે. છત્રીસે મહાલ પંચાયતોને ઉપપ્રમુખ તો મળ્યા છે. અને ચારને તો પ્રમુખ ચૂંટવાનો અધિકાર મળ્યો છે. પંચાયતોનું બંધારણ અડધોઅડધ ચુંટાયેલાને બદલે ૨/૩ લોકન

સભાસદોથી વધારે પ્રજાપ્રિય બન્યું છે અને વળી તે મતદારોની લાયકાત એટલી બધી વિસ્તૃત કરી છે કે બધી ચૂંટણીઓ થઈ શકે છે ગ્રામપંચાયતનો કાયદો સુધારવામાં આવ્યો છે અને આ સંસ્થાના એકમોને પ્રતિનિધિત્વવાળા અને સ્વતંત્ર બનાવ્યા છે

Panchayats, Municipalities and other local Government bodies are gathering strength year after year They are now about sixteen years old and will soon enter their age of adolescence We are making them more and more self reliant, and with added sources of income and liberal subsidies they will soon be in a position to spread their wings out and cover the whole of field of improvement works Most of 36 Taluka Panchayats have now elected Vice Presidents and four important Mahal Panchayats have also been allowed to elect their own Presidents The constitution of these Panchayat Boards has been liberalized by the substitution of a two third majority in place of a half and their franchise has been made more broad bottomed so as to admit of more direct representation The Village Panchayats Act has been remodelled and will lead to make these elementary Self governing bodies really representative and autonomous


ગ્રામપંચાયતોમાં તો ફેરફાર થયો નહિ પણ ૧૯૦૨–૦૩માં ૬૦ ગ્રામ પંચાયતોને પ્રમુખ ચૂંટવાનો અધિકાર આપવાનો અખતરો શરૂ થયો સર્વને લાગતું હતું કે લોકલબોર્ડો સારું કામ આપી રહ્યાં છે (The local boards did fairly good work)




શ્રી શિવાભાઇ પ્રભુદાસ પટેલ
વિસનગર સુધરાઇના પ્રમુખ



શ્રી મોહનલાલ વિરજીભાઈ
અમરેલી સુધરાઇના પ્રમુખ



શ્રી ભાઈલાલ જે. અમીન
છઠ્ઠા અધિવેશનના મંત્રી



શ્રી જગજીવન નારાયણ મહેતા
સાતમા અધિવેશનના મંત્રી

અમરેલી ને નવસારી સુધરાઇને પ્રમુખ ચૂટવાનો અધિકાર મળ્યો

વડોદરા શહેરને માટે ૧૯૨૩-૨૪નુ વર્ષ જરા યશસ્વી નીવડયુ. તે વખતે ડો. તનાકી વડોદરા શહેર સુધરાઇના કમિશ્નર હતા અને સુબા પ્રમુખ હતા પણ ૧૯૨૪ ના જાન્યુઆરી માસમા સરકાર આગળ વધી મિ ગમચદ્ર ગોખલે સુધરાઇના એક ચુટાએલા સભાસદ ઉપર શ્રી સરકારની નજર પડી અને તેમની સુધરાઇના પ્રમુખ અને કમિશ્નર એ બે જગ્યા માટે નિમણુકરી

તે વખતના રિપોર્ટમા જણાવવામા આવે છે —

" આ અત્યત મહત્વના ફેરફાર છે અને જો આ આપેલ હક્કોનો સારો ઉપયોગ થશે તો ભવિષ્ય બહુ શક્યતાઓથી ભરેલુ છ (These are very important changes in the constitutional history of the Municipal government in the state and are fraught with large possibilities for achievement in this field if the benefit conferred is rightly appreciated and the changes offered are properly utilized)

પણ એ શક્યતાઓ હજુ પાર પડી નથી ઘરવેરા ઉપર શ્રી. ગોખલેએ ગજીનામુ આપ્યુ અને શ્રી સરકારને એક વખત આચકો લાગ્યો અને તે આચકો ૧૯૩૯ મા કાઇક શમ્યો અને શ્રી મોતીભાઈ ચુટાયેલા પ્રમુખ જાહેર થયા ત્યાર પછી શ્રી મગનભાઈ શકરભાઈ ચુટાયેલા પ્રમુખ થયા પણ હજુ કમિશ્નર તો કોઈ થઈ શક્યુ નથી કમિશ્નરનો હોદ્દો હજુ પ્રજાકીય સભાસદને નથી મળ્યો

૧૯૨૬ ડિસેમ્બરમા સર મનુભાઇએ ગજીનામુ આપ્યુ અને તે વખતની સ્થિતિ નીચે પ્રમાણે હતી

પ્રાતપચાયતોમા વડોદરા પ્રાતપચાયતના પ્રમુખ ચુટાયેલા હતા અને શ્રી તુલસીભાઈ બકોરભાઈ તે પ્રમાણે કામ કરી ગયા હતા

મહાલ પંચાયતના પ્રમુખ તરીકે સુબા હતા પણ વડોદરા, પેટલાદ, ભાદરણ, સાવલી, અમરેલી અને પેટલાદની મહાલપંચાયતને પ્રમુખ ચૂંટવા અધિકાર આપેલો હતો.

વળી મહાલ પંચાયતો પોતાના ઉપપ્રમુખ ચૂંટતી હતી.

વડોદરા અને નવસારીની ગામ પંચાયતમાંથી દરેક પોતાના પ્રમુખ ચૂંટતા હતા. તેઓ દિવાની અને ફોજદારી અધિકારો ભોગવતા હતા અને દરેક રિપોર્ટ જણાવે છે કે આ તેમના મોટાનું કામ સંતોષકારક હતું (Fairly satisfactory)

વિશિષ્ટ પંચાયતોનું કામ પણ સારું હતું.

નવસારી અને અમરેલી સુધરાઈને ચૂંટાયેલા પ્રમુખો અધિકાર આપ્યો હતો.

ઘરવેરાના પ્રશ્ન ઉપર વડોદરા શહેર સુધરાઈના ૧૯ સભાસદો અને સરકારનિયુક્ત પ્રમુખને રાજીનામું આપ્યું. ફરી ચૂંટણી થઈ અને તેઓ ફરી ચૂંટાઈને આવ્યા. શ્રી ગોખલેએ ૧૯૨૫ની સાલમાં ડિસેમ્બરે રાજીનામું આપ્યું અને શ્રી તનાજી પાસે ત્રણે અધિકારો આવી પડ્યા: પ્રેસીડન્ટ, કમિશનર, અને ચીફ ઑફિસર.

જ્યારે કોઈ ગામપંચાયતમાં લોકોના પ્રમુખ નથી

આપણે હવે એક કદમ આગળ વધીએ. ૧૯૨૯–૩૦ના રિપોર્ટમાં મહાલ પંચાયતો એ ભૂતકાળની ચીજો બની છે. પ્રાન્તપંચાયતના અધ્યક્ષ સુબા બની ગયા છે. વડોદરાપ્રાન્તમાં પણ શ્રી તુળજીભાઈએ ભોગવેલા હક્કો અન્તર્ધાન થયા છે. કોઈપણ ગામપંચાયતોમાં હવે પ્રમુખ તરીકે ચૂંટાયેલા નથી. દીવાની ફોજદારી અધિકાર હવે તે વાપરતા નથી. બધી વિશિષ્ટપંચાયતો કે જે બ વર્ગની સુધરાઈ કહેવાય તેમાં પ્રમુખ તરીકે વહીવટદાર છે. ફક્ત ભાદરણ એક એવી સુધરાઈ છે કે જ્યાં સુધરાઈના સભાસદોમાંથી પ્રમુખ નીમાય છે. આ બધાના ઉપપ્રમુખ પ્રજામાંથી ચૂંટાય છે. અ વર્ગની સુધરાઈઓમાં અમરેલી, પાટણ અને નવસારીમાં પ્રમુખ ચૂંટાયેલા હતા. [illegible] વડોદરામાં કમિશનરથી કામ ચાલતું હતું. બીજે સ્થળે નાયબ સુબા પ્રમુખ હતા.

હવે આપણે ૧૯૩૭-૩૮નો રિપોર્ટ જોઈએ. કશો ખાસ ફેરફાર નહિ. ૨૧૦૩ ગ્રામપંચાયતો, તે જ પ્રાન્તપંચાયતો, સુધરાઈઓ, જ તેના પ્રમુખો, ગ્રામપંચાયતના એના એ જ પટેલો પ્રમુખપદે, મહાલસમિતિઓના પ્રમુખો વહીવટદારો. વડોદરા સુધરાઈના પ્રમુખ શ્રી મોતીભાઈ દેસાઈની નિમણૂક અને શ્રી [illegible]ની મ્યુનિસિપલ કમિશનર તરીકેની નિમણૂક. અ વર્ગની સુધરાઈમાં પાટણ, નવસારી અને અમરેલીમાં ચુંટાયેલા પ્રમુખ. બાકી બધે સ્થળે નાયબ સુબા પ્રમુખ. બ વર્ગની સુધરાઈમાં વહીવટદાર પ્રમુખ. ફક્ત નવસારી પ્રાન્તના વરીઆવમાં એક બીનસરકારી સભ્યને પ્રમુખ નીમ્યા ને બાકીનામાં મહાલકરી પ્રમુખ.

હા ૧૯૩૮ના પ્રજામંડળના અધિવેશન પછી તરત જ ફેરફાર થયો. તે જ સાલથી પ્રાન્તપંચાયતોના પ્રમુખો ચૂંટણીથી લેવામાં આવ્યા.

પ્રાન્તપંચાયતોએ એક આના લોકલસેસમાંથી ફક્ત બે પાઈ ગ્રામપંચાયતને આપવાની રહી. કેળવણી અને આરોગ્યની રકમ સરકારે લેવી બંધ કરી. વડોદરા શહેર સુધરાઈને ચૂંટણીનો પ્રમુખ આપ્યો.

અ વર્ગની સર્વ સુધરાઈઓમાં ચૂંટણીનો પ્રમુખ આપ્યો.

પણ બ વર્ગ સુધરાઈઓના પ્રમુખ માત્ર વહીવટદાર જ રહ્યા. ઊંઝાની બ વર્ગ સુધરાઈને ચૂંટણીનો પ્રમુખ આપ્યો. ઊંઝાના ધન્ય ભાગ્ય!!

મહાલ સમિતિઓ હજુ પણ વહીવટદારના પ્રમુખપણા નીચે કામ કરે છે.

૨૦૭૫ ગ્રામપંચાયતો પટેલના પ્રમુખપણા નીચે કામ કરી રહી છે.

૧૯૩૯ સુધી પ્રાન્તપંચાયતોને કેળવણી પાછળ અને પશુ દવાખાના માટે એમ કરીને ૩ [illegible] લાખની જે રકમ આપવી પડતી હતી તે રકમ પાંચ વર્ષ માટે માફ કરવામાં આવી છે. પણ એની સાથે સાથે આપણે વિચાર કરવાનો કે જમીન મહેસૂલનો ઘટાડો થયો. એક આના લોકલસેસનો પણ ઘટાડો થયો. પહેલાં ઉત્પન્ન આવતું હતું આશરે સાડા બાર લાખ. હવે ઉત્પન્ન આવ્યું આશરે સાડા [illegible] લાખ. આ ઉપરાન્ત [illegible] ગામમાં સાર્વજનિક કામ ગ્રામપંચાયત કરે તો અત્યારસુધી સરકાર જે અડધી રકમ આપતી હતી તે

બદલે ૧/૪ ભાગ સરકાર આપે અને ૧/૪ ભાગ પ્રાંતપંચાયત. એટલે ગામપંચાયત કામનો વિકાસ થતો અટકયો. કારણ કે, પ્રાંતપંચાયત પાસે પૈસા નથી. અને તેથી વધારે કામો થવાના નહિ.


પ્રજાની માગણી પ્રમાણે ગામપંચાયતોને પ્રમુખ મળ્યા નથી અને આજની સરકારની નીતિ તેની વિરુદ્ધ છે એટલે તે હક્ક તો નથી મળવાનો; તેમજ વ વર્ગની સુધરાઈને પણ તે હક્ક મળ્યા નથી.

પ્રાંતપંચાયતોની સ્થિતિ

આજે જે પ્રાંતપંચાયતમાં ૨/૩ સભાસદો આવે છે તેમાં પણ ખૂબ વર્ગો હોય છે. પ્રાંતપંચાયતના પ્રમુખ સુબા મટયા ને ચુંટાયેલા આવ્યા. પણ તે ચુંટાયેલાના ઉપરી સુબા રહ્યા એટલે પંચાયત એ સુબા સાહેબના હાથ નીચેની સંસ્થા બની. આને પ્રગતિ કેમ ગણાતી હશે તે સમજાતું નથી. હા, સુબાની જવાબદારી ગઈ અને પ્રાંતપંચાયતના પ્રમુખો સુબા સાહેબના હાથ નીચેના આસિસ્ટન્ટ બન્યા.

હવે આપણે પૈસાની અગવડતા કેવી છે તે વડોદરા પ્રાન્તપંચાયતના બજેટ ઉપરથી સમજી શકીશું.

તેનું ઉત્પન્ન એક આના લોકલસેસ પ્રમાણે રૂ. ૨,૭૫,૦૦૦ છે. તેના ખર્ચમાં નીચે પ્રમાણે રકમ આવે છે: રૂા. ૪૬,૦૦૦ આશરે ગામપંચાયતોને એ પાર્ટ પ્રમાણે આપવાના, રૂા. ૨૩,૦૦૦ આરોગ્ય માટે એક પાર્ટ તરીકે, રૂા. ૪૮,૦૦૦ મહેકમ ખર્ચના; રૂા. ૭,૫૦૦ સુધરાઈને કાળાના; રૂા. ૧૦,૦૦૦ હીરક મહોત્સવના કામોમાં કાળાના; રૂા. ૨૪,૦૦૦ રોડ, ધર્મશાળા વગેરેના નિભાવ ખર્ચના; રૂા. ૧૦,૦૦૦ ચોરાની દુરસ્તીના; રૂા. ૨૦,૦૦૦ પ્રજાના કામમાં નીમે મદદના આપવા માટે રાખવા, રૂા. ૧૫,૦૦૦ નવીન કુવાઓ અંગેના; રૂા. ૭,૫૦૦ બોરીંગ કુવા માટે; રૂા. ૨૦,૦૦૦ કુવા દુરસ્તીના, રૂા. ૨૫,૦૦૦ રસ્તામાં નાળા ખડીપાટ, પીચીંગ વગેરે માટે. રૂા. ૨૦,૦૦૦ તળાવના ઓવારા. ગળનાળા ખડીપાટ વગેરે અને રૂા. ૧૦,૦૦૦ તળાવના જુના ઓવારા વગેરેને દુરસ્તીના, એટે પણ ઉપર પ્રમાણે ગણતા રૂા. ૨,૧૧,૦૦૦ થયા આનો અર્થ રૂ. ૬૧,૦૦૦ની ખોટ. અને આપણે તો હજુ હીરક રોડ કરવા છે અને સરકાર





દરબાર ગોપાળદાસ દેસાઈ

વડોદરા રાજ્ય પ્રજામંડળ સાતમા અધિવેશનના પ્રમુખ

પહેલાના ધોરણ પ્રમાણે ૧/૨ આપતા હતા તે આપે તો રૂ. ૭૦ થી ૭૫ હજાર ની રકમ જોઇએ આજે જુની યોજના પ્રમાણે રકમ ખર્ચાય છે અને તે રીઝર્વ ફંડમાથી અને તે પૂરૂ થયુ છે નોટર વર્કર્સની યોજના હાથ ઉપર લેવાઈ છે તેને મદદ સારૂ રૂપિયા દરવર્ષે ૨૦ થી ૨૫ હજાર જોઇએ એટલે ૧,૩૦,૦૦૦ રૂપિયા ખૂટયા

આજે જે ચાર પાઇ મળે છે તેમજ ઢોરના દવાખાનાની રકમ જે બચી તેમાથી પછાત પ્રદેશને દુર્લક્ષ કરેલા પ્રદેશમા રકમ ખર્ચવાનુ ઠરતુ હોવાથી તે પ્રદેશ વગર બીજે કોઈ સ્થળે કુવા દુરસ્તી રસ્તાના ખડીયાટ નાળા બધ અગર તો તળાવના નવા ખડીયાટ કે ઓવારા થઇ શકાયા નથી અને જો પાચ વર્ષે ચાર પાઈ થઇ તેનામા આવશે તો કોઇ સ્થળે કામ થશે નહિ અને તેથી વધારે મદદની જરૂર છે

એટલે વડોદરા પ્રાન્તને રૂપિયા બે લાખની મદદ ના તફાવતની રકમ ઉપરાંત મળે તો જ વડોદરા પ્રાન્તપંચાયત સારૂ કામ કરી શકે એ સહેજ સમજાય એમ છે જો તે રકમ નહિ અપાય તો પરિણામ એ આવશે કે બજેટમા ભલે પ્રગતિને માટે ઉદાર નીતિ જાહેર થાય પણ પંચાયત પાસે રકમ ન હોવાથી તે ઉદાર નીતિ કાગળીઆ ઉપર જ રહેશે રકમ પાછી જશે અને પંચાયતના ફજેત થશે

એટલે પંચાયતોને જોઇએ છે વધારે ઉત્પન્ન અને જોઇએ છીએ પ્રજાકીય સ્વતંત્રતા

પ્રજાતમ કળા આજે સ્થાનિક સસ્થામા એક પ્રયોગ કરી રહ્યા છે પંચાયતોમા સભાસદો પ્રજાતમ કળાની દૃષ્ટિ ઉપર ત્રણ પ્રાંતોમા મોકલ્યા છે આજે વડોદરા અને મહેસાણા પ્રાંતમા પંચાયતના પ્રમુખ પ્રજાતમ કળાની દૃષ્ટિ ઉપર આવેલા છે મ્યુનિસિપાલિટિમા પણ વડોદરા અને વિસનગરમા પ્રજાતમ કળાની દૃષ્ટિ ઉપર સભાસદો મોકલ્યા છે પ્રમુખો પણ તે સ્થળે પ્રજાતમ કળાના છે પ્રજાતમ કળાની દૃષ્ટિ વગર પ્રજાતમ કળાને માનનારાઓ ઘણે સ્થળે આજે પ્રમુખપદે છે આ પ્રયોગ હજુ બાલ્યાવસ્થામાં છે અને ખારા મધુરા જેવા અને મીઠા સ્વાદો તેના ચખાય છે

સંપૂર્ણ લોકશાસન બનાવો

ઉપરના આખા નિવેદન પછી પ્રજામંડળની જે માગણીઓ છે તે સમજાશે. પ્રજામંડળ માગે છે કે આ સંસ્થાઓ તદ્દન લોકમતની જોઈએ. માગે છે કે સંસ્થામાં પ્રમુખ અને ઉપપ્રમુખો ચૂંટણીના. તે માગે છે કે ગામના સારૂ પૈસાની મદદો એક થાણેથી બીજે થાણે મોકલવાનું પ્રજાજનોને બંધ કરવાનું તે માગે છે. અને આ રીતે આગળ આવતા પ્રજાના પ્રતિનિધિઓનું અપમાન ન થવું તે માગે છે. સરકારી અમલદારો તો નોકરીના સગા છે. સરકાર જ્યાં તને મૂકે ત્યાં તેમ કરવાનું છે પણ આ પ્રજાના પ્રતિનિધિઓને તો ડગલે પગલે ધક્કા ખાવાના હોય છે. તેઓ અનીતિમાન હોય તો જરૂર તેમને શિક્ષા કરો. પણ તેમનું અપમાન ખાળવો. નિઃસ્વાર્થીઓને આગળ આવવાની તક મળે તેવું વાતાવરણ કરો. અને આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને પૂરતા હક્કો આપો ને જુઓ કે વડોદરાની આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ કેવી આગળ પડે છે. આજે તો આ સંસ્થાઓ ઓગમાના દીવા જેવી છે. તેનો નાનો ને ગૂંચવાડો હિમાલય જેવો મોટો ગણાય છે, પાયો માગતા અધૂરો પડે છે—દબાવી રાખવામાં જ પ્રજાનું જેર છે. તે જાતની લાગણી ભાવના જ્યારે અમલદારો તજમાં બદલાશે ત્યારે જ આ સંસ્થાઓનો વિકાસ થશે અને મહારાજા સાહેબના સન ૧૯૦૪માં સ્વપ્ના એવોના સફળ થશે.

ચુનીલાલ નાયક

પ્રશ્નોતરી

[આ આખી પ્રશ્નોત્તરી ઘણાઓના મનમાં પ્રજામંડળના કાર્ય માટે જે વિચારો ઉદ્ભવે છે તેના ખુલાસા રૂપે છાપી છે —ચુ પુ શાહ]

પ્ર શ્રીમત મહારાજા સાહેબ તરફ તમારું વલણ કેવું છે?

ઉ શ્રીમત મહારાજા સાહેબને સર્વ પ્રજામંડળ વાળાઓ વફાદાર છે એટલું જ નહિ પણ સીધી કે આડકતરી રીતે ભાષણ કે લખાણદ્વારા શ્રીમતના ઉપર કોઈપણ જાતની ટીકા ન થાય તેવો શિરસ્તો (convention) સર્વ પાળે છે

પ્ર બ્રિટિશ હિંદની મહાસભા કે સર્વ દેશીરાજ્યોની સ્ટેટપીપલ કૉન્ફરન્સની શાખા તરીકે તમે કામ કરો છો?

ઉ ના અમે કોઈપણ સંસ્થા જોડે એફીલીએટ (જોડાયા) નથી તેમજ અમે કોઈની શાખા તરીકે કામ કરતા નથી અમે તદ્દન સ્વતંત્ર રીતે અમારી ઢબે કામ કર્યા કરીએ છીએ

પ્ર ત્યારે તમારી સામે આવી વાતો કેમ થાય છે?

ઉ પ્રજામંડળની પ્રતિષ્ઠા ઘટાડવા અંગ્રેજીમાં કહેવત છે કે give a dog bad name and hang him તે રીતે પ્રજામંડળની કિંમત ઉતારી પાડવા વડોદરાના ઘણા માણસો ગત દિવસ કાંઈ વાતો પ્રચલિત કરે છે અને પ્રચારની એક રીત એવી છે કે એક વાત હજાર વખત કહ્યા કરો એટલે કેટલાક ભલા માણસો માનતા થવાના અને આવી વાતોથી પ્રજામંડળને જો અશક્તિમાન બનાવાય તેટલું ખરું. હા પ્રજામંડળ પોતાના ધ્યેય પ્રાપ્ત કરવા માટે જે જે પ્રચાર અને બંધારણીય રસ્તાઓ બ્રિટિશ હિન્દ કે દુનીયાના કોઈપણ ભાગમાં લેવાયા હોય તો તે સમજી અહીંયા લાગુ કરવા જરૂરી છે કેમ તેનો વિચાર કરી અમલ કરવા તજવીજ કરશે. કૂવાના દેડકા જેવા રહેવાનું પ્રત્યાઘાતીઓને માફક આવે પણ આગળની વિકાસ કરતી સંસ્થાઓને આ નીતિ આપઘાતક નીવડે.

પ્ર વડોદરામાં જે (લોઅર સર્વીસ) નાના દરજ્જાના અમલદારો છે તેની જોડે તમારો સંબંધ કેમ છે

ઉ નોકરો વગર રાજ્ય ન ચલાવી શકાય એ પ્રજામંડળ માને છે અને તેથી તેમને યોગ્ય પગાર રજા તથા તેમની પ્રતિષ્ઠા જાળવવી જોઈએ એમ પ્રજામંડળ માને છે અને તે રીતે વર્તન રાખે છે પણ જો કોઈ અમલદાર નાનો કે મોટો પણ લાંચ લેતો હોય, જુલમ કરતો હોય, ત્રાસ આપતો હોય, પજવણી કરતો હોય, પોતાની ફરજ બરાબર બજાવતો ન હોય અને તેથી પ્રજાના કામને નુકશાન થતું હોય તો પ્રજા તેના કૃત્યની વિરૂદ્ધતા કરે. આવા પ્રસંગોમાં પ્રજામંડળ જરૂર પડે તો તે સહન કરનાર પાસેથી કે બીજા જાણકારો પાસેથી ફરિયાદો તથા જરૂરી પુરાવા એકત્ર કરી, પોતાના મનની કેસ સાચો છે તેની ખાત્રી થાય તો યોગ્ય માર્ગ લે. તેના ઉપરી અમલદારને ખબર આપે, ડેપ્યુટેશન લઈ જાય, પેપરોમાં ખબર મૂકે અને આ રીતે આવી ખોટી રીતો બંધ કરાવવા તજવીજ કરે. આ નીતિથી પ્રજામંડળને સહન કરવું પડે છે પણ તેનો છૂટકો જ નહિ. શંખપાળ કેસ તો જૂનો થયો. ચીમનલાલ દેસાઈ, ચીમનલાલ કસારા, વગેરેના કેસો અખબારને પાને ચડેલા છે અને આ વગર પણ બીજા ઘણા [illegible] બન્યા છે. [illegible] ફરિયાદ કરનાર અને તેના સાક્ષીને

વડોદરા ગ્રામઉદ્યોગ સંઘ

ડૉ. રમણલાલ પટેલ રવિશંકર મહારાજ ત્રિકમભાઈ



શ્રીમતી બાળાબહેન ઠાકર
વડોદરા રાષ્ટ્રીય સ્ત્રી સમાજના પ્રમુખ

મહેસાણા અધિવેશનની દેશસેવિકાઓ

પજવણી પણ થાય છે. ઘણી વખત કેટલાક નાના અમલદારો એક સંપી કરી પ્રજામંડળને આવા કામોમાં હરકતના તજવીજ કરે છે, કારણ કે આજે આનો વારો તો આવતી કાલે આપણો પણ વારો આવે.

પ્ર મોટા અમલદારો જોડે કેમ ચાલે છે?

ઉ તેઓમાંથી કેટલાક પ્રજામંડળ ઉપર ચિડાયેલા છે. પ્રજામંડળે માગણી કરી કે વડોદરાના વતનીઓને જ નોકરી મળવી જોઈએ પણ વડોદરામાં તો ઘણા બહારના અને તેથી આ પ્રયત્ન ઘણાને ગમતો નથી. કેટલાક અમલદારો સારા હોવા છતાં તેઓ જે નીતિનો અમલ કરાવવા માગતા હોય તે પ્રજાકીય દૃષ્ટિએ સારી ન હોય તો તે નીતિ ફેરવી દેવા અથવા સુધારો કરાવવા જેવું હોય તો સુધારો કરાવવાનો બોજો પ્રજામંડળને જ ઉપાડી લેવો પડે છે અને આ જ્યારે કરવાનું હોય ત્યારે બંધારણીય સર્વ ઉપાયો યોજવા જોઈએ. ગામડે ગામડે ફરવું, સભાઓ ભરવી, ઠરાવો કરાવવા, સમેલનો ભરવા, પત્રિકાઓ કાઢવી, પેપરોમાં પ્રચાર કરવો, વાર્તાલાપો રાખવા, ડેપ્યુટેશન મોકલવા, ધારાસભામાં ચર્ચા કરવી. આ બધું કામ કરવું પડે છે અને આ વાત અમલદારોને ન ગમે તે સ્વાભાવિક છે. રાજકીય સંસ્થાના મુખ્ય કામ આ બે ગણાય છે. સરકારની નીતિ પ્રજામતને અનુસરીને ઘડાવવી તથા રાજ્યતંત્ર બની શકે તેટલું ચોખ્ખું રાખવું—લાંચરુશવત, જોર, જુલમ, પજવણી વગેરે ન હોય તે પ્રમાણે પ્રયત્ન કરવો. પ્રજામંડળ પોતાની શક્તિ એમાં ખર્ચે છે. પ્રજાને જ્યારે મુશ્કેલી લાગે કે રાજતંત્રના ખાતાઓ જોડે અસંતોષ થાય ત્યારે પ્રજા પ્રજામંડળ પાસે આવે છે, પ્રજામંડળ યોગ્ય અને નિઃસ્વાર્થ સલાહ આપે છે અને જ્યાં વાત સત્ય લાગે ત્યાં થઈ શકે તેટલી જરૂરી મદદ કરે છે. નોટિફાઈડ એરીઆ, ધનીઆની ગિરાસખાતા, જમીનમહેસૂલ, તેમાં આપવી જોઈતી રાહતો, વગેરે રાજ્યની નીતિના પ્રશ્નમાં પ્રજામત પ્રમાણે કરવા ઘણો વખત પ્રજામંડળને લડવું પડે છે. સરકારી અમલદારો કેટલીક વખત પ્રજામંડળ ઉપર ચિડાતા હોય કારણ કે પ્રજામંડળ લઘુતા દૃષ્ટિ (inferior complexion) દૂર કરે છે અને દૂર કરાવે છે એટલે અમલદારોને આ સમાનતા ખૂંચે છે. કેટલીક વખત સાધારણ

શિષ્ટ સમાજ કરી નાકે તેવી ગનાઓ તેમની નીતિ માટે થાય છે તે પણ તેમને ગમતી નથી અને તેમની મુવાળી ચામડીને એ ખુબ દંશ અને અપમાન જનક લાગે છે

પ્ર રાષ્ટ્રપ્રવૃત્તિ (National building) ખાતામાં પ્રજામંડળ મજાગને સહાય કરે છે

ઉ પ્રજામંડળના ચરમની નીતિ કરવી છે કે આના કામોમાં બનતી મદદ આપવી કોઈ પણની સંસ્થાઓમાં—સામાન્ય બોર્ડ ગો કે નાતિની બોર્ડિંગો હોય—તે પાસામાં તેનો હિસ્સો છે સ્વતંત્ર અથવા સરકારની મદદથી ચાલતી શાળાઓમાં—જેમકે વડોદરાનું ન્યુ ઇરા સ્કૂલ, નિનોર કેળવણી મંડળ, નડી સર વિદ્યાલય, ગોઝારીઆ સ્કુલ, ઉનાવા અને નારદીપુરની સંસ્થાઓ, મહિના વિદ્યાલય ગભીરાનું નૂતન વિદ્યાલય—સર્વમાં તે કામ કરે છે અને આવી સંસ્થાઓ દ્વારાસના તેમ જ વિકાસ કરવા તે પ્રયત્ન કરે છે તથા જ્યાં નિશાળો હોય ત્યાં ત્યાં પુસ્તકાલયોને જરૂરી સ્થળ વાચનાલયોમાં તેમ જ પુસ્તકાલય મંડળો કે પુસ્તક સહકારી મંડળમાં તેઓ ભાગ લે છે વ્યાયામ પ્રવૃત્તિમાં તેઓ રસ લઈ રહ્યા છે સહકારી મંડળીઓમાં—નવસારી અને વડોદરાની સેન્ટ્રલ મોર્ટગેજોમાં, પ્રાન્ત ડીસ્ટ્રીક્ટ બેન્કોમાં, માલ વેચાણ કરનારી સહકારી મંડળીઓમાં, સનાઈટ સહકાર સંસ્થાઓમાં, સ્વતંત્ર તાલુકામાં જ્યાં સરકાર ખુબ વિનામ કરવા માગે છે તે સંસ્થાઓમાં, પ્રજામંડળના માણસો સરસ કામ કરી રહ્યા છે રાજ્યની ગ્રામપુનર્ઘટનાને પ્રજામંડળના કાર્યકના સહાદ ને જરૂરી લાગણી આપી રહ્યા છે તાલુકામાં ગામ ગામ દવાખાના તથા પાણીના પુરવઠાના કામમાં પોતાનાથી થાય તે પ્રમાણે સહાદ રોગ્ય રીતે અને પૈસાની મદદ પણ કરે છે આવી સેવાઓ નજીવી ને યોગ્ય ન ગણાય પણ આજે કેટલાકના મનમાં એમ છે કે પ્રજામંડળના માણસો ચળવળ વગર બીજું કશું કરતા નથી તેવાઓની દષ્ટિ બદલાવવા સહેજ આ કહેવું પડે છે

પ્ર રચનાત્મક કાર્યક્રમ જે મહાત્માજીએ બતાવ્યો છે તે તમે માનો છો અને એ દિશામાં કાંઈ કામ કરો છો ?

ઉ. હા, અમે માનીએ છીએ અને તેની અમલ બજાવણી માટે યથાશક્તિ કામ કરીએ છીએ. પ્રજામંડળનો વિચારક ભાગ માને છે કે પ્રજાનાં ઉત્કર્ષ અને પ્રજાની સંગઠિત શક્તિ માટે આ કાર્યક્રમ બહુ જરૂરી અને ઉપયોગી છે. અને આપણે આ કાર્યક્રમનો અમલ કરીશું ત્યારેજ એક રાષ્ટ્ર બનીશું.

મહત્વનો કાર્યક્રમ ખાદી છે. પ્રજામંડળ પરિષદના પ્રતિનિધિ થવા માટે પ્રથમ શરત તે ખાદી પહેરતા હોવા જોઈએ. આથી આખુંય વાતાવરણ ખાદીમય—સાદાઈ, નૈતિકદ્રષ્ટિ, ગરીબો તરફ સદ્ભાવ—બનાવવા નજીક કરે છે. વડોદરા રાજ્યના ઘણા તાલુકાઓમાં ખાદી વેચવાના ભંડારો નીકળ્યા છે. અને મહાત્માજીની જયંતિ પ્રસંગે દરસાલ ખાદી વેચવાનો કાર્યક્રમ પ્રજામંડળના મંડળો કરી રહ્યા છે. વડોદરા શહેરમાં તે પ્રસંગે લાખ રૂપિયા જેટલી ખાદી વેચાય છે. ખાદી બનાવવા માટે જુદે જુદે સ્થળે કેન્દ્રો ઉઘડતા જાય છે. પ્રજામાં આજે ખાદીનો પ્રેમ વધતો જાય છે

ગ્રામઉદ્યોગનો પ્રશ્ન પણ વડોદરાની પ્રજાને આકર્ષણ કરી રહ્યો છે નરમડા અને બીજે સ્થળે ગ્રામઉદ્યોગનું કામ થતું હતું. પ્રજા આર્થિક અને આરોગ્યની દ્રષ્ટિએ તેની કીંમત સમજે છે અને તેથી વડોદરામાં ડૉ. રમણલાલના પ્રમુખપણા નીચે ચાલતો ગ્રામઉદ્યોગ ભંડાર સારો વિકાસ પામ્યો છે. ઘાણીનું તેલ, હાથ છડના ચોખા, દાળ, ઘંટીનો લોટ, અને મસાલાઓનો સારો ઉપયોગ વધ્યો છે ખાદી કાગળ, પણ વપરાતા જાય છે.

આજે નવસારીમાં ચર્માલય કામ કરી રહ્યું છે અને મરેલા ઢોરના ચામડામાંથી આંખને સંતોષ આપે તેવી રીતે બને છે ચંપલોનો વપરાસ ખૂબ વધ્યો છે

સ્વદેશી ચીજો સારા પ્રમાણમાં વપરાય છે ખાદી ભંડારો ગ્રામ ઉદ્યોગની તથા સ્વદેશી ચીજો સારી રીતે વેચે છે વડોદરામાં તો પ્રજામંડળ પ્રમાણિત સ્વદેશી ભંડાર ચાલે છે.

રાષ્ટ્રભાષાના કેન્દ્રો શહેરના તાલુકાના સ્થળો અને ગામડાંમાં પણ નીકળ્યા છે. ગુજરાતના કોઈપણ વિભાગ કરતાં આ પ્રવૃત્તિમાં વડોદરા રાજ્ય પાછળ નથી.


સ્ત્રીઓ પણ વધારે જાગૃત બની છે. તેના કાયદાઓમાં ફેરફાર થયો છે. તેની દષ્ટિ વિશાળ બની છે. રાષ્ટ્રિય સ્ત્રીમંડળ નીકળ્યું છે. રાષ્ટ્રભાષાની પરિક્ષામાં પણ તેઓ પછાત નથી રહ્યાં. પ્રાથમીક સારવાર અને A. R. P.માં પણ સારો ભાગ લે છે.

પછાતવર્ગ માટે પ્રજામંડળે સેવા કરી છે. રાનીપરજ કોમમાં તો જ્યારે ૧૯૨૭–૨૮માં દારૂના પ્રશ્ન–માતાના નામે ચાલતા હતા ત્યારે પણ દારૂપ્રતિબંધ માટે સારો પ્રયત્ન કર્યો હતો અને ત્યારપછી જે ગણોતનો પ્રશ્ન ઉભો થયેલો તેને માટે સરદાર વલ્લભભાઈ, છોટાભાઈ, મુનશી તથા ડૉ. સુમન્તના પ્રયત્નો જાણીતા છે. ૧૯૩૫–૩૬ સુધી તો પ્રજામંડળ પોતાના ખર્ચે આ કાયદાઓના લાભ લઈ શકાય તે સારૂ સ્વયંસેવક પણ રોકતા હતા.

ઠાકરડા ભાઈઓને માટે પણ ડૉ. સુમન્ત, ભાઈશંકર અને બીજાઓ પ્રયત્ન કરતા હતા. સેવામંડળ પણ નીકળેલું. પરિષદો પણ ભરેલી. તેમનો મુખ્ય પ્રશ્ન હાજરીનો હતો. તે પ્રશ્ન ઉપર રવિશંકર મહારાજ અને પ્રો. ના. સુ. નિંબાલકર એકમત થવાથી આજે તેમની હાજરીનું દુઃખ ઓછું થયું છે.

હરિજનોનો પ્રશ્ન અઘરો છે. જુના વિચારો છોડતાં પ્રજાને ઘણી મુશ્કેલીઓ પડે છે. વડોદરા અને બીજે સ્થળે હરિજનસેવક મંડળો કામ કરી રહ્યાં છે. વડોદરામાં તો મોટી વિશાળ બોર્ડિંગ ખોલી છે. વડોદરાની હરિજન પ્રવૃત્તિના પ્રાણ ડૉ. વેણીભાઈ છે.

મુસ્લીમ ભાઈઓ જોડે પ્રજામંડળને સારો સંબંધ છે. અબ્બાસ સાહેબનું નામ સાંભળતાં પ્રજામંડળનો અદનો સેવક માથું નમાવે છે. બ્રીટીશહિન્દની અસર અહિંઆ કાંઈક થઈ છે છતાં પ્રજામંડળની ટિકિટ ઉપર રાજરત્ન અહમદ મહમદ પટેલ ધારાસભામાં બીરાજે છે. અમરેલીના એક મુસ્લીમભાઈને પ્રજામંડળની ટિકિટ ઉપર ઉભા રહેવાનું કહેલું. પછી



છોગાભાઇ સુતરીઆ

વ. ગ. પ્ર. મંડળના ચાલુ વર્ષના પ્રમુખ



શ્રી ચુનીલાલ પુરુષોત્તમ શાહ

ચ. ગૂ. સેવામંડળ ચોથા અધિવેશનના મંત્રી



મોહનભાઈ પટેલ

નવસારી પ્રાંતના પ્રવાસ વખતે જેમની જીંદગીને ભયંકર અકસ્માત થયો હતો

તેમનો વિચાર અરતાયો અને આજે પણ તે પ્રજામંડળનુ કામ યથાશક્તિ કરે છે. હમણાં ડેમોક્રેસી પ્રોફેટ કે ઉજવાયો તે વખતે વડોદરા શહેર પ્રજામંડળના પ્રમુખ નીતે ગયેના ને સારુ અભ્યાસી ભાષણ કર્યું હતુ.

સામાજિક રીતરીનાતેમા તો પ્રજામંડળના વિચારો આગળ પડતા છે. જોગ રૂઢિ તેનાનો નિષધ અને બીજી પત્ની ન કરવાના નિયમ સામે તેઓએ પ્રયત્ન કરી તે બધ કરવના તજવીજ કરી છે બાળલગ્નના પ્રશ્નમા તો તે ગુનારને કેદમા મોકલવા સુધી આગળ વધેના છે કન્યાવિક્રય અને વૃદ્ધપુરુષોના લગ્ન સામે પણ ધારાસભામા સારી ઝુંબેશ કરેની મરણ પાછળની જ્ઞાતિઓ બધ કરવા જરૂરી પ્રયત્ન કરેના અને આજે પણ વિનોદ તાલુકામા સારી પ્રવૃત્તિઓ ચાલી રહેની છે

ધર્મેજ ચડીઆ પતાવવાનુ નામ પણ પ્રજામંડળ કરે છ શિનોર તાલુના પ્રજામંડળના મંત્રીએ તો આ કામ આદર્યું છે અને આશરે લખ લાખ રૂપિયાના લેણદેણનો પ્રશ્ન બન્ને પક્ષને અનુકુળ પડે તે રીત તેનો નીકાલ કર્યો છે

પ્ર રેનસન્ટમા તમે કાઈ નામ કરતુ ખરું ?

ઉ ૧૯૨૭-૨૮ મા તા કરેલી સેવાનો રેકર્ડ પડ્યો છ, ડૉ. સુમન્ત, પુરોહિત સુતરીઆ, રૂનવા વગેરેએ સ્થળે સ્થળે ઘુમી સારી મદદ પહોંચાડી હતી ૧૯૪૧ મા નવસારી પ્રાન્તમા રેનસન્ટ આવ્યુ અને તે વખતે પ્રજા મડળે જુદી જુદી સસ્થાઓની મદદ લઈ સારી સેવા કરી છે ગુજરાત પ્રાન્તિક સમિતિની મદદ તો ઘણીજ ઉદાર હતી ૧૯૪૧ ના ઑગષ્ટ માસમા મહીસાગરમા આવેલી રેલ વખતે પણ મદદ સરસ રીતે કરેની છે તે વાત તો આ દ સૌ કાઈ જાણે છ સરકારની મદદ કરતા પ્રજાકીય મદદ ઉતરતી નહી નીવડે એમ આજે સૌ માને છે અને ઉપર જે આશ્વાસન આપવા સેવકો દોડી ગયા હતા તથી તો તે દુખનો ભાર ઓછો થયો હતો આવા એક સેવક મોહનભાઈ બાપુભાઈ પટેલને જીવ લેણુ અકસ્માત થયો હતો અને બે મહીના દવાખાનામા રહેવુ પડેલુ આજે પણ તે ઘા જોઈ શકાય છે

" ધારાસભામાં દોઢ વર્ષ "

(૧) સલાહ આપનારી મટી કાયદા ઘડનારી સંસ્થા થઈ

નવા બંધારણથી ધારાસભા કેવળ સલાહ આપનારી સંસ્થા મટી કાયદા ઘડનારી સંસ્થા થઈ છે. જ્યાં વડોદરાની પ્રજાને નવા સુધારા અત્યંત અસંતોષકારક અને નિરાશાજનક લાગ્યા છે. પ્રજાના કોઈ પક્ષે નવા બંધારણને સત્કાર્યું નથી એટલું જ નહિ પરંતુ આજે તો કહેવું જ પડે છે કે સુધારા અપાયા પછી જે વર્તન ગ્રહાઇ રહ્યું છે ને ઉપરથી પ્રજાને તે અંગે આનંદ અનુભવવાનું કે ઉત્સાહ દાખવવાનું મન થાય એવું વાતાવરણ નથી.

(૨) રાજ્યને ગૌરવરૂપ બંધારણ નથી

જે રાજ્ય પોતાની પ્રગતિ અને સુધારા માટે ઉંચો ખ્યાલ રાખે છે, જે રાજ્ય પોતાના સામાજિક કાયદાઓ અને લોકોપકારક યોજનાઓ માટે ઉંડું અભિમાન ધરાવે છે, તેવા પશ્ચિમ હિંદના એક બુઝર્ગ અને પ્રગતિશીલ રાજ્યને અનુરૂપ અને ગૌરવરૂપ આ બંધારણ નથી, તે તો હરકોઈ વિચારના સજ્જનને સ્વીકારે જ છૂટકો છે. લોકદૃષ્ટિએ એનું મૂલ્યાંકન બહુ ઝાઝું થયું નથી.

(૩) લઘુમતીઓ અને બાંહેધરીઓના બંધન

ચૂંટણીની સંમતિ, સંયુક્ત મતાધિકાર અને પ્રથમ [illegible] ના ચર્ચાનું વિભાગ ધોરણ એ સ્વરાજ્યના લાગમાં લાગ તત્ત્વો તો [illegible] આવકાર [illegible] અને આશ્વાસન લેવા જેવા છે પણ સર્વ બ્રિટિશ [illegible] બાંહેધરીઓનો વિચાર કરીએ તો આખી યોજના પાંગળી, અસ્પષ્ટ અને એ ધારી [illegible] જેવી દેખાય છે.

ધારાસભાની સત્તા વધી [illegible] ઓછી અને મર્યાદિત છે. અમુક બાબતોના ધારાસભાની ચાવી [illegible] નહિ, અમુક બાબતોની [illegible] ની પરવાનગી વિના ચર્ચા ચલાવી શકાય નહિ અને ધારાસભાની [illegible] નીચેની બાબતોને પણ [illegible] ની [illegible] ના [illegible] અને બાંહેધરીઓના બંધનથી ધારાસભાને [illegible] થી જકડી લીધી છે. [illegible] ની વાત તો બાજુએ રહી પણ [illegible] ની વાત પણ પોસાતી નથી. [illegible] બ્રિટિશ હિન્દ [illegible] વર્ષ પહેલાં આપવામાં આવેલા [illegible] થી પણ [illegible] આજે [illegible] સ્થાપવામાં આવ્યું છે.

(૪) રાજકીય લક્ષ્ય કે ધ્યેય વિનાનું બંધારણ

બ્રિટિશ સરકાર બ્રિટિશ હિન્દ માટે સંસ્થાનિક સ્વરાજ્ય (Dominion Status) અંતિમ ધ્યેય [illegible] છે [illegible] ના જેવા [illegible] અને પ્રગતિ [illegible] ધ્યેય સ્વીકારવામાં આવ્યું નથી. શ્રીમંત મહારાજા સાહેબે પોતાના [illegible] માં "અંતીમ ધ્યેય તરીકે પ્રજાને રાજ્ય [illegible] માં સંપૂર્ણ ભાગ [illegible] કરવાનું" અને [illegible] "પ્રજાની આર્થિક પ્રગતિની અભિવૃદ્ધિ" [illegible] આપવામાં આવ્યું છે તેમ [illegible] છે. શ્રીમંત મહારાજા સાહેબનું ધ્યેય "પ્રજાને ક્રમેક્રમે જવાબદાર રાજતંત્ર આપવાનું છે" એવું સ્પષ્ટ [illegible] નિશ્ચીત ધ્યેય તેમાં નથી.

(૫) રાજકારણ અને અર્થવ્યવસ્થા

રાજકીય પ્રગતિ સિવાય [illegible] પ્રજાની આર્થિક પ્રગતિ [illegible] શકે નહિ એ સર્વમાન્ય સિદ્ધાંત છે. દુનિયાનો ક્યો રાજનીતિજ્ઞ [illegible] અર્થશાસ્ત્રી [illegible]

એમ કહી શકાય કે કોઈ પણ દેશ અગર પ્રજાની આર્થિક ઉન્નતિ રાજકીય ઉન્નતિ વિના મેળવવી શક્ય છે? દુનિયાના સુધરેલા દેશોનો એક સદીનો ઇતિહાસ પણ એમ સાખી પૂરે છે. તેનું કારણ? તેનો પ્રજાનો આર્થિક પાટ ને જેવો પ્રજાનો આર્થિક પાટ તેવું તેનું રાજતંત્ર. આર્થિક સંસ્થામાંથી રાજકીય સંસ્થાઓના પાટ ઘડાય છે અને રાજકીય સંસ્થાઓમાંથી આર્થિક સંસ્થાઓના પાટ ઘડાય છે. રાજકારણ અને અર્થવ્યવસ્થાને ગાઢો સંબંધ છે. બન્ને પરસ્પર વણાયેલાં છે એક સિક્કાના બે પાસા છે. ઢાલની બે બાજુ છે એક વિના બીજાની ઉપયોગીતા નથી, સાર્થકતા નથી.

(૬) આર્થિક પ્રગતિ કેવી રીતે સંભવે?

હવે પ્રજાને રાજ્યની અર્થવ્યવસ્થામાં અને નાણાકિય શાસનમાં કેટલા અધિકાર મળ્યા છે, કેટલી સત્તા આપવામાં આવી છે તે તપાસીએ. સરકારી આવક એ રાષ્ટ્રીય નાણું (Public Finance) ગણાય છે. નવા કરો નાખવા, જુના સુધારવા કે તેની પદ્ધતિમાં ફેરફાર કરવામાં પ્રજાના પ્રતિનિધિઓની સલાહ કે સંમતિ લેવામાં આવતી નથી. કોઈ સુધારણીય નવી વ્યવસ્થા કે યોજનાઓને અંગે આવી પડનારી જવાબદારીઓ અને ખર્ચાને માટે પ્રજાની સંમતિ લેવામાં આવતી નથી. પ્રજાને પૂછવાની વાત તો દૂર રહી પરંતુ ખાતાઓની રીત જેવી નજીવી બાબતમાં પણ પ્રજાને વિશ્વાસમાં લેવાની સરકારને જરૂર જણાતી નથી. દરબારના હાથમાં તો રાજ્યની બધી સત્તા અનામત રાખી છે. જે રાજ્યની અર્થવ્યવસ્થામાં પ્રજાનું કોઈ સ્થાન ન હોય, કોઈ હક્ક ન હોય, પ્રજાનો કાંઈ કાબુ ન હોય તે રાજ્યની પ્રજાની આર્થિક પ્રગતિ કેવી રીતે સંભવે?

(૭) કેવો અને કેટલો અસરકારક કાબુ.

આજે રાજ્યની બજેટ ઘડવાની સમિતિમાં ધારાસભાના સભ્યોને સ્થાન નથી. રાજ્યના આર્થિક અને નાણાકીય પ્રશ્નોનો વિચાર વિનિમય કરવા બ્રિટિશ હિંદ અને કેનાડા જેવા રાજ્યોમાં સ્થાયી નાણાકીય સમિતિ (Standing Finance Committee) હોય છે તેવી રાજ્યમાં સમિતિ નથી. મૈસુર રાજ્યમાં ખાતાઓના હિસાબ સરકારી ધારાધોરણ પ્રમાણે રખાય છે કે કેમ

તેની તપાસ કરવા 'પબ્લિક એકાઉંટ્સ કમિટી" છે તેવી વ્યવસ્થા આ રાજ્યમાં નથી. ખાતાઓના ખર્ચો વિગેરેની માહિતી માગવા જતી નથી. પ્રજાની રાજ્યની આર્થિક અને નાણાકીય બાબતમાં કેવો અને કેટલો અખત્યાર રહ્યું છે તે આ ઉપરથી સમજાય છે. સલાહકાર કમિટીએ એક સભાસદ લેવા સુચવેલું પણ કાંઈ સભાસદ લેવાનો નથી.

(૮) દોઢ વર્ષના કામકાજનું સરવૈયું

દોઢ વરસમાં એ ધારાસભાની બેઠકો, બે સામાન્ય અને એક બજેટ એ રીતે કુલ ને ચાર બેઠકો થઈ છે. પ્રજામંડળ પક્ષે આશરે ૨૦૦, સ્વતંત્ર ઉમેદવારોએ ૭૧ અને સરકાર નિયુક્ત સભાસદોએ ૮૨ મળી કુલ ને પ્રશ્નો આશરે ૩૫૦ પૂછ્યા છે. કુલ ને ઠરાવો ૨૩૧ રજુ થયા. જેમાંથી પ્રજામંડળે ૧૭૦—સ્વતંત્ર પક્ષે ૪ અને સરકાર—નિયુક્ત સભાસદોએ ૫૫ રજુ કર્યા છે. બજેટ વખતે પ્રજામંડળ પક્ષે ૫૫ અને સ્વતંત્ર પક્ષે ફક્ત એક જ કાપની દરખાસ્ત રજુ કરી છે.

(૯) હિસાબ પ્રજા કાઢી લે'

દરેક પક્ષના પ્રશ્નો તથા ઠરાવોના સવિસ્તર વિવેચનમાં ઉતરવાને અહીં અવકાશ નથી. તેને માટે કોઈ અભિપ્રાય ઉચ્ચારવો અસ્થાને છે. સાચી ધર્મ, કોમ પક્ષ કે કોઈ પણ વર્ગના હિતનો વિચાર કર્યા વિના કેવળ તો આણ અને સમગ્રહિતની દૃષ્ટિએ, નીડરપણે પ્રજામંડળપક્ષે પ્રશ્નો અને ઠરાવો રજુ કર્યા છે તેનો વિચાર કરવાનું કામ વાચક જનતાની વિવેકબુદ્ધિ ઉપર છોડું છું. જમીન મહેસૂલ, આનાવારી, આબપાસ વેરો, દારૂબંધી, ગૃહઉદ્યોગ કાપડ, દવાખાનું અને આરોગ્ય જેવા—પ્રજાના સામાજિક આર્થિક અને નૈતિક ઘડતરમાં ફાળો આપે તેવા સર્વદેશીય ઠરાવો ક્યા પક્ષે રજુ કર્યા છે તેનો હિસાબ પ્રજા કાઢી લે'

(૧૦) પ્રશ્નો અને જવાબો

ધારાસભામાં પ્રશ્નો બે જાતના પૂછાય છે. એક લેખિત પ્રશ્ન અને બીજો મૌખિક પ્રશ્ન (Starred Queston) મૌખિક પ્રશ્નો સામાન્ય રીતે તાત્કાલિક માહિતીના અને સામાન્ય સ્વરૂપના હોય છે, જ્યારે લેખિત પ્રશ્નો આંકડા અને વિગતવાર માહિતી અંગેના હોય છે. લેખિત પ્રશ્નોના લેખિત અને મૌખિક પ્રશ્નોના જવાબ જે તે વખતે ધારાસભામાં આપવામાં આવે છે. બન્ને

જાતના પ્રશ્નો પૂછવા દેવામાં અર્થ અને ઉપયોગિતા રહેલી છે. બ્રિટિશ હિંદની મધ્યસ્થ, પ્રાંતીય અને મ્હૈસુર જેવા દેશી રાજ્યમાં પણ બન્ને જાતના પ્રશ્નો પૂછવાની સગવડ બંધારણમાં છે. વડોદરા જેવા સુધરેલા અને પ્રગતિમાન રાજ્યમાં એકલા લેખિત પ્રશ્નો પૂછવાનો સિદ્ધાંત કયા મુદ્દાથી સ્વીકારવામાં આવ્યો છે?

વિશેષમાં જે લેખિત જવાબો આપવામાં આવે છે તેમાં કેટલાક અસંગત, અપૂરતા અને ભળતાં જ આપવામાં આવ્યા છે. કેટલા પ્રશ્નો તો અનુત્તર જ ગયા છે. આ પદ્ધતિ ઇચ્છનીય અને શોભાસ્પદ નથી. પ્રશ્નોના જવાબ હંમેશા સીધા, સરળ અને મુદ્દાસર આપવાની પાર્લામેન્ટરી પ્રણાલિકા છે (Parliamentary Convention)

(૧૧) ઠરાવો અને કાપની દરખાસ્તો

કુલ રજૂ થયેલા ૨૩૧ ઠરાવો અને ૫૧ કાપની દરખાસ્તોમાંથી હજુસુધી ફક્ત ૧૧ ઉપર જ શ્રીમંત સરકારના હુકમો થયા છે. ધારાસભાની મુદત પૂરી થતા સુધીમાં બાકીના માટે હુકમ થઈ જશે એમ માનીએ છીએ. ઠરાવો ઉપરના સરકારી નિર્ણયોનું તારણ કાઢતાં એમ જણાય છે કે જે ઠરાવોથી પ્રજાને કોઈ હક્ક અગર જવાબદારી મળતી હોય—ભલે પછી તે ઠરાવો ધારાસભાએ પસાર કર્યા હોય—તે સામાન્ય રીતે નામંજુર કર્યા છે. જ્યારે સામાન્ય સ્વરૂપના ઠરાવો મંજૂર રાખ્યા છે.

[દાખલા તરીકે જ વર્ગ સુધરાઈમાં નિમણુંકના તત્ત્વમાં ફેરફાર કરવાનો—ગ્રામ્યપંચાયતોને અધ્યક્ષ ચૂંટવાનો અધિકાર આપવાનો—શારીરિક ઈજાના દાખલાની ફી રૂા. ૨) કરવાના વિ.—આ ઠરાવો શ્રીમંત સરકારે નામંજૂર કર્યાં છે.]

વિશેષમાં કેટલાક ઠરાવોના નિર્ણય એવા સ્વરૂપમાં કરવામાં આવ્યા છે કે સરકારે તે સ્વીકાર્યા છે એમ પ્રજાને ઉપરટપકે જણાય, જ્યારે વાસ્તવિક રીતે તેનો સ્પષ્ટ સીધો અને સરળ સ્વરૂપમાં સ્વીકાર થતો નથી.

(૧૨) પક્ષોનું વલણ

પ્રજામંડળ અને સ્વતંત્રપક્ષનું વલણ સામાન્ય રીતે સાર્વજનિક અને પ્રજાહિતના દરેક ઠરાવો તરફ સહાનુભૂતિભર્યું થતું જાય છે

(૧૩) હેવાલ પૂરેપૂરો છપાતો નથી

ધારાસભાના કામકાજનો હેવાલ પૂરેપૂરો છપાતો નથી. માત્ર સારાંશ આવતો હોય તેમ જણાય છે. ક્યાંક ક્યાંક તો સભાસદે કહ્યું હોય તેથી ઊલટું જ રિપોર્ટમાં જણાય છે. ક્યાં તો નોંધ પૂરેપૂરી લેવાતી નથી અગર આપવામાં આવતી નથી. બ્રિટિશ હિંદની તેમજ મૈસુર, કોચીનની ધારાસભાઓમાં જે તે સભાસદનું ભાષણ સુધ્ધાંની લેવામાં આવે છે. આપણે ત્યાં તેવી પદ્ધતિ કેમ નથી તે સમજાતું નથી!

(૧૪) બારીક લીટી ભૂંસાઈ જાય છે

ચૂંટાયેલા પ્રમુખ હોય છે ત્યાંની અને દેશી રાજ્યોમાં જ્યાં હોદ્દાની રૂએ દીવાન પ્રમુખ હોય છે ત્યાંની કામકાજ કરવાની પદ્ધતિ અને વાતાવરણમાં મોટો ફેર દેખાય છે. ઘણીએ નાજુક અને અધ્યાનક્ષીય પ્રસંગોએ ધારાસભાના પ્રમુખ અને રાજ્યના દીવાન વચ્ચેની બારીક લીટી ભૂંસાઈ જાય છે. મીઠી લાગણી, સહકાર, ખેલદિલી અને મૈત્રીભર્યું વાતાવરણ જે આવી સંસ્થાઓનું ગૌરવ છે તે જાણ્યે—અજાણ્યે ભૂંસાઈ જાય છે.

(૧૫) મૂળમાં ઘા કરનારું પગલું

ધારાસભાના પ્રમુખની ફરજ સભાના કામકાજનું નિયમન કરવાનું હોય છે દોરવણી કરવાનું હોતું નથી. દરેક લોકશાસિત રાજ્યની ધારાસભાનો આ મુખ્ય સિદ્ધાંત છે. વડોદરાના ધારાસભાના પ્રમુખને કોઈપણ ઠરાવની ચર્ચાની વચમાં અને પછી બોલવાની જોગવાઈ છે. લોકશાસનના મજબૂત સિદ્ધાંતોના મૂળમાં ઘા કરનારું આ પગલું છે. જ્યાં ચૂંટાયેલા પ્રમુખોને પણ આવી સત્તા આપવાનું જરૂરી અને હિતાવહ માન્યું નથી ત્યાં હોદ્દાની રૂએ દીવાન-પ્રમુખને આવી સત્તા મળે ત્યાં ધારાસભાનું મહત્ત્વ અને અર્થગૌરવ કેમ જળવાય? અને ત્યારે તે સત્તાનો મર્યાદિત, વિવેકપૂર્વક અને વારંવારથી અમલ ન કરવામાં આવે તો કોઈપણ ધારાસભાની ચર્ચા વ્યાપક દૃષ્ટિએ, ઊંડા ધોરણે અને નિખાલસતાથી કેવી રીતે થઈ શકે? સત્તાનો સ્વતંત્ર ઉપયોગ કેવા સંજોગોમાં થઈ શકે?

(૧૬) બંધારણનું સ્વરૂપ મૃગજળ જેવું થઈ પડશે

બ્રિટિશ હિંદની માફક આપણે ત્યાં પણ સર્વોપરિ સત્તા શ્રીમંત સરકારની છે. ઉપરાંત દીવાન અને પ્રમુખને વિશિષ્ટ અધિકારો પણ છે. સામાન્ય રીતે ધારાસભાએ પસાર કરેલા ઠરાવો મંજૂર કરવા જોઈએ. અધિકારો અને સત્તાઓનો મર્યાદિત અને સંકોચથી અમલ કરવામાં નહિ આવે તો આખાએ બંધારણનું સ્વરૂપ મૃગજળ જેવું થઈ પડશે. પ્રજાની નજરે આવું સ્વરૂપ દેખાવા દેવું કે ન દેવું તે સરકારના સૂત્રસંચાલકોના હાથમાં છે.

(૧૭) પ્રજાતંત્રની ભાવનામૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા થતી નથી

રાજસ્થાનોના બંધારણીય સુધારા માટે પ્રજામાં આજે બારે વસવસા અને શંકાની લાગણી સેવાઈ રહી છે. સમગ્ર હિંદમાં પ્રથમ પંક્તિની ગણાતી રિયાસતોમાં આજે લોકશાહી સંસ્થાઓના મંદિરો રચાયાં છે પણ તેમાં સાચા પ્રજાતંત્રની ભાવનામૂર્તિની પ્રાણ-પ્રતિષ્ઠા થતી નથી. અધિકારો આપવાની, સત્તાના સૂત્રો પ્રજાકીય આગેવાનોના હાથમાં મૂકવાની વાતો થાય છે. પણ દિલ છૂટતું નથી. પરિણામે એક હાથે આપી બીજે હાથે ઝૂંટવી લેવાની તરકીબો રચાય છે. વડોદરાની પ્રજાની નજરે રાજ્યની લોકશાસિત સંસ્થાઓનું આવું સ્વરૂપ દેખાવા દેવું કે ન દેવું અને સુધારાનો સંઘ દ્વારકા પહોંચવા દેવો તે શ્રીમંત સરકારના કર્મચારીઓના હાથમાં છે.

(૧૮) વડોદરામાં પાર્લામેન્ટરી માનસ

પ્રજામંડળના કેટલાક પીઢ અને અનુભવી કાર્યકર્તાઓનું એમ માનવું છે કે વડોદરામાં પાર્લામેન્ટરી માનસ વધતું જાય છે. વાત સાચી છે. જ્યાં ધારાસભાની પ્રવૃત્તિઓ એ આખાએ કાર્યક્રમના એક અંગ તરીકે ઉપાડવામાં આવે છે ત્યાં તે ઉપયોગી અને ફલદાયી નીવડે છે. આપણે ત્યાં તેવી પરિસ્થિતિ અને વાતાવરણ નથી એ પણ સાચું છે. પ્રજામંડળની મૂળભૂત પ્રવૃત્તિઓમાં આથી કાંઈક ઝોક પણ આવ્યો છે.

(૧૯) તો આદર્શો અધૂરાંજ રહેવાના છે

પરંતુ પ્રજામંડળે નવું બંધારણ હાલની રાજ્યની મનોદશા, સ્થિતિ અને સંજોગોને લક્ષમાં લઈને ફક્ત પ્રયોગાત્મક રીતે સ્વીકાર્યું છે. કોઈપણ

ભરતી ઓટના ચાર મહિના

જીવનમા કેટલાક દિવસો એવા હોય છે કે જાણે આપણે દોડતા હોઇએ, જાણે આપણે લાબી ફલગો ભરતા હોઇએ, જાણે જીવનમા કોઈ એવુ વાતાવરણ ભર્યું હોય કે તે ચીજ વગર ચેન ન પડે, જાણે કોઈ અતરનો અવાજ જોરથી આપણને ધક્કો મારી રહ્યો હોય. આવા વખતે તે પોતાના નિત્ય કાર્યક્રમ વેગળો મૂકે છે અને તે ધસતો જ—દોડતો કૂચકદમ કરે છે વર્ષોમા થતુ કામ મહિનામા—અરે દિવસોમા—તે કરે છે.

૧૯૩૮ના ઑક્ટોબરથી ૧૯૩૯ના ફેબ્રુઆરી સુધીમા આવો અનુભવ મને થયો—વડોદરાની પ્રજાને થયો.

૧૯૩૮ના ચોમાસામા એકબાજુ ચાદી અને રેશમ ઉપરની જકાતે મહેસાણા પ્રાન્તના વેપારીઓને અસ્વસ્થ બનાવેલા. બીજી બાજુ લવેટના પ્રદેશમા કિસાનો જાગ્રત થયા હતા મંત્રી તરીકે મને લાગ્યુ કે મારે તે સ્થળોએ જવુ જોઇએ અને તેથી વડોદરાથી મહેસાણા અને મહેસાણાથી માંગરોળ અને વાકળની મુસાફરી કરતો મહેસાણાથી ધીણોજ, વડનગર, વિજાપુર વગેરે સ્થળોના વેપારીઓને મળતો અને બીજી બાજુ માગરોળના જમીનદારો અને રાનીપરજ ભાઇઓને મળતો—રસ્તામા ધોધમાર વરસાદ, રાની-

મળ્યા અને ત્યાગી પ્રજામંડળનો નાનો મંડપ આ માગ્રમ છોગો પડ્યો ત્યારે વિરાટ સાથે સાથે નિશ્ચય કરીને સ્વરાજ લેવાના વિચારથી તે નીકળી પડ્યો હતો

ગામડે ઘૂમતા સેવકો

પ્રજામંડળવાળાઓ ગામડેગામડે ઘૂમતા થયા નાના સરખા ગામડામા પણ વિશાળ સભાઓ વડોદરા પ્રાન્તમા ડભોઈ તાલુકાના વઢવાણા ગામથી શરૂ થયેલું અધિવેશન તિલકવાડામા અફાટ માનવમેદનીની સભાએ અટક્યું. શું માણસો, શું બહેનો, શું બાળકો, સૌને સ્વરાજ ઘેર લાવવાનું ઘેન લાગ્યું હતું બીજી વાતચીત નહિ સભાઓ અધિવેશનો અને સ્વરાજની ઘોષણાઓ—મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈના જયનાદોના પોકારો—વંદેમાતરમના ગીતો, સ્થળેસ્થળે આવા દૃશ્ય ઉભરાતા હતા આગેવાનો ક્યાંયથી બહાર નીકળી આવ્યા જેને જે લાગ્યું તે બોલતા થયા—સંયમ હતો સૌના મનમા ધગશ હતી દેશસેવાનો અનુપમ પ્રેમ હતો પ્રજામંડળવાળા આવ્યાની વાત થતા ગામના ભાઈ બહેનો ને બાળકો તેમને ઘેરી લેતા સખેડાની સભામા લાઉડસ્પીકર પણ કામ ન કરે એટલી દૂર દૂર સુધી મેદની સભ્યા, મહેસાણા પ્રાન્તમા વડીની સભામા ખડિઆરી ઉભરાય તેવી માનવમેદની, હારીજમા તો આસપાસના દેશીરાજ્યોની પ્રજા પણ આ પ્રજાજાગૃતિના પૂર જોતા અને પ્રેરણા લેવા દોડી આવી અને સિદ્ધપુરમા સખત તડકો છતા હજારો માણસો શાંતિથી બેઠેલા, પાટણ તાલુકાના ગાંભીમણાની સભામા મુસ્લિમભાઈઓની હાજરી હતી, આ સભાઓમા સૌ આવ્યા—વાણીયા આવ્યા પાટીદાર આવ્યા, ઠાકોરો આવ્યા, સર્વ વર્ણ ને જાત ભેગી થઈ, દરેક સભા એક મોટો મેળો હતો હું તો દરેક સ્થળે ઘૂમતો હતો, વડોદરા અને મહેસાણા પ્રાંતના અધિવેશનોમા રખડતો રાતદિવસ ઉજાગરો વેઠતો હતો, બંને કામ સંભાળતો હતો ઓફિસનું નામ પણ સૂઝતો નહોતો થાકનું તો જાણે નામ જ નહિ પૂર્ણવેગે જાણે યંત્ર ચાલતા જ કરતું હતું ખાવાપીવાની પરવા જ નહિ બસ કામ ને કામ પ્રજાજાગૃતિ અને તે જાગૃતિમા જાણે ઊંડતાન

પ્રજાજાગૃતિના પડઘા

વડોદરારાજ્યના સર્વ અમલદારો આ પ્રજાબળને પરખી ગયા અત્યાર સુધી પ્રજાના મોઢારો બહેરા કાને સાંભળતા હતા, હવે તો નાના મોટા

પ્રશ્નોનો તરત નિકાલ થવા લાગ્યો. લાંચ લેવાતી બંધ થઈ ગઈ. તે વખતે તેના માટે પકડાએલા કાંઈક ઠેકાણે પડી ગયા. સભામાં કોઈ અડચણ કરવા ન આવે. ને. ના. દીવાનસાહેબ પ્રજામત જાણવા તાલુકાઓમાં ફરવા નીકળ્યા. પણ આજે તો તે દરબારોમાં શરમ ન હતી, આજે નિર્બળતા ન હતી. આજે તો ગામડાના અબુધ ગણાતા આદમીમાં પણ દીવાનસાહેબને મોઢે કહેવાની હિંમત આવી હતી. તાલુકાને શું જોઈએ તે પૂછાવા માંડ્યું. લોકોએ સ્પષ્ટપણે કહેવા માંડ્યું. જમીનમહેસૂલના ગજબ ભારની વીનક વાતો સંભળાવી. આવા દરબારો પ્રજાને શરમમાં નાખવા, લઘુત્વની અસર ઉપજાવવા, પ્રભાવ પાડવા માટે હોય છે તે તો ઊડી ગયું અને એ દરબારોમાં પ્રજાને સ્પષ્ટ વાતો કહેવાની તક આપતું, અમલદારોને મોઢે મોઢ સંભળાવવાનું, અત્યાર સુધી તેમની નિષ્ફળતા ઉપર અજવાળુ નાખતું સ્થળ બન્યું. આ દરબારો બંધ થયા.

ધનીઆવી શિકારખાના પ્રકરણ

ધનીઆવીનો પ્રશ્ન ઉપાડવામાં આવેલો. પ્રજાએ નિશ્ચય કર્યો કે થવાનું હોય તે થાય, પણ હવે એ હરણોનું નુકસાન નહિ વેઠાય એવા દૃઢ સંકલ્પ સાથે તા. ૩૧ મી ડિસેમ્બર પછી જરૂર પડે સત્યાગ્રહના નગારાં વગાડવાના નિશ્ચય સાથે સભાજનો ભાદરણમાંથી બહાર પડ્યા. લોખંડના ચણા ચાવવાની ઇચ્છાવાળાઓનેજ કારોબારીમાં લીધેલા.

જમીનમહેસૂલમાં તપાસ કરવાની જે ૧૯૩૬ માં ના પાડવામાં આવેલી અને તે વખતે જે યુવાનો નિશ્ચેતન બેસી રહ્યા હતા તે આ વખતે દૃઢ નિશ્ચયપૂર્વક બહાર આવ્યા. સરકારને જે કરવું હોય તે કરી લે પણ આ વખતે તો ગામડાના ખેડૂતોની પાસે જવું છે, જમીનમહેસૂલની હકીકત ભેગી કરવા ને તેમની મુશ્કેલીઓની વાત કરવી છે.

યાદગાર બે બનાવો

તે વખતની મનોકલ્પના—ક્યારે નોટિસ આવે કે ન જશો—અને પ્રભુનું નામ દઈને તે અન્યાયી હુકમ—નો ભંગ કરવો તેવી થઈ હતી. પ્રજાના થયેલાં બારોબાર અપમાન આજે હવે મીટાવવાં છે તે જાતના વિચારો સર્વત્ર થયા.

આજે આ બધું આથમી ગયું લાગે છે. આજે તે માગણીઓ નથી રહી. આજે જાણે શાંત, સ્થિર વાતાવરણ બન્યું છે. તે વખતે આ બધું કેમ થયું તે હજુ સમજણુ પડની નથી. મારા જીવનમાં એ બે બનાવો—નોટિફાઈડ એરીઆ અને આ ચાર મહિના—જીવંત રહેવાના છે. પ્રજાજીવનમાંથી છૂટીશ ત્યારે પણ આ સંસ્મરણો ચિરસ્થાયી રહેવાના છે. તે વખતનું જીવન એ જીવન હતું અને તે વગરનું તો જાણે ઘરેડ પ્રમાણે ચાલતું રગશિયું ગાડું છે. પ્રભુ આવી તકો ઓછી આપે છે અને આપે છે ત્યારે ઓછી ભોગવાય છે. આવી તકો વખતે આપણા આત્માનું ટીપું એ ટીપું તેમાં ખરચાઈ જાય છે. વૈતિયા જીવનમાંથી વિરાટ સ્વરૂપ પ્રગટે છે.

સારી કમાણી કરી છે

વડોદરાની પ્રજાએ પણ આ જીવન પસાર કરવામાં ગુમાવ્યું નથી પણ કમાવ્યું છે તેની શક્તિનું તેને ભાન થયું છે, તેની નબળાઈઓની કડીઓ તે જાણી શક્યું છે. આપણે હવે થોડા બનાવો તે વખતે થયા તે જોઈ લઈએ.

(૧) ઓખા સંરક્ષણની જકાત ચાંદી ઉપરથી નીકળી ગઈ.

(૨) ધનીઆવી શિકારખાના માટે લોહ મિશ્રિત દીવાલ ઉભી કરવા હુકમ કર્યો.

(૩) પ્રાન્તપંચાયતોને, બ વર્ગની સુધરાઈઓને તથા વડોદરા શહેર-સુધરાઈને ચૂંટણીના હક્કો આપ્યા.

(૪) પ્રાન્તપંચાયતો વધુ કામ કરી શકે તે માટે કેળવણીનો ને આરોગ્યનો ફાળો માફ કર્યો.

(૫) ડભોઈમાંથી અંતિમકર નીકળી ગયો.

(૬) કરજણ તાલુકામાં કંડારીમાં ફાંસ, એ. વી. સ્કૂલો, ચાર રસ્તાઓ અને ચાર દવાખાનાં મળશે એવું આશ્વાસન મળ્યું.

(૭) સંખેડા તાલુકામાં ત્રણ મોટા રસ્તાઓ કરવાના ઓર્ડર થયા અને બીજી કાંઈક નાની મોટી ચીજો મળી.

પણ પ્રજાને વધારે અસર કરનારી—પ્રજાના સ્વમાનને સંતોષ આપનારી પેલી જમીનમહેસૂલ તપાસસમિતિ વગર અડચણે પોતાનું કામ કરી શકી

એટલું જ નહિ પણ એનો ટૂંકો રિપોર્ટ અને નિવેદન પ્રજામંડળની નવસારી સભા ગાંધીપરામાં તા. ૩૦મી ડિસેમ્બરે ભેગી થવાની હતી તે વખતે જાહેર કરવાનો હતો પણ તા. ૨૬મી ડિસેમ્બરના રોજ વડોદરા રાજ્યની ખેડૂત પ્રજાના ઉપરથી બોજો ઓછો ઊતરી ગયો—આશરે વીસ લાખ રૂપિયા જેટલી સાલવાર રકમ તેના બજેટમાંની દરસાલ ઓછી કરવાની જાહેરાત નીકળી

ધારાસભાની બેઠક મળી અને તેમાં દીવાનસાહેબે વડોદરા રાજ્યની અત્યારસુધીની કહેવાની રાજનીતિ પહેલી જ વખત જાહેર કરી

એ યોજનાઓ કરી હોત તો ?

પ્રજાનું સંગઠન અજબ હતું અને સરકાર સાહેબનું તેજ સહન થઈ શક્યું નહિ. સરદાર સાહેબ એ તો ગાંધીજીના પટ્ટશિષ્ય. ગાંધીજી રાજ્યમાં માનનારા, રામરાજ્યની હરહમેશ વાત કરનારા, રાજાઓના મિત્ર અને તેમના પટ્ટશિષ્ય સરદારસાહેબ. સરદારસાહેબ અને દીવાનસાહેબ મિત્ર બન્યા હોત અને આ બે મહાન મુત્સદ્દી ભેગા થઈને વડોદરારાજ્યના વિકાસ માટે યોજના કરી હોત તો વડોદરા એ આખાએ હિંદુસ્તાનમાં સૌથી વિકાસ બનેલું, આગળ ધપેલું રાજ્ય બધાની આંખો નમન કરે તેવું એ વડોદરા બન્યું હોત. પણ ભાવિના આગળ કોણ મોટું છે?

જેઓએ એ સુલેહ-સંપમાં ભંગાણ પાડ્યું

પ્રજામંડળની સામે પ્રચાર શરૂ કર્યો. વડોદરા શહેરમાં તો ગુજરાતીઓ ને દક્ષિણીભાઈઓ હમેશાં ભાઈ ભાઈ તરીકે સાથે રહ્યા છે અને રહેવાના છે. પ્રજામંડળના નામથી સળગી ઊઠેલાઓએ આ દક્ષિણીભાઈઓને ઉશ્કેર્યા અને તેમને વડોદરામાંથી સરસામાન સાથે કાઢી મૂકવા ગુજરાતનો સરદાર આવે છે તેવી વાતો વહેતી મૂકી. વડોદરામાં સાથે રહેવા છતાં ભાષા જુદી હોવાથી વધારે સહવાસમાં તેઓ નહોતા. આ વિગતો આજે લખવાની જરૂર નથી પણ તે પ્રસંગો બની ગયા છે

મહેમાનના પ્રાંતના પ્રવાસથી થાકીને આવેલો હું, ઑફિસમાં ગયો થાકના અને ઉજાગરાના ભારથી ચક્કરો આવતા હતા તરત જ નીચે ઊતરી ડૉ વેણીનાથને ત્યાંથી દવા લઈને ઘેર આવતા આંખોમાં અંધારા આવતા મહામહેનતે ચાલીને મારે ઘરે પહોંચ્યો . પડ્યો ત્રણ કે ચાર દિવસ પછી મહારાજસાહેબ આવવાના વડોદરા પ્રાંત તો મહારાજસાહેબ પાછળ ગાંડો બન્યો મહારાજસાહેબના દર્શન કરવા માટે તે ગાંડોતુર બન્યો ફૂલ નહિ તો ફૂલની પાંખડી તેમને ચરણે ધરવા તે આતુર બન્યો થોડા દિવસોના પ્રયત્નથી આશરે પચીસ હજાર જેટલી ગાદગાદી રકમ મહારાજશ્રીને ચરણે ધરવા તે ધમધમતો આવતો હતો

એ કલંકની કાલિમા

મને ખબર પડી કે તોફાન થવાનું છે . મારા દક્ષિણી મિત્રોને ઓળખું છું કોઈ વખત પવન વાય છે અને તે વખતે જાળો પણ ગાંડો બને છે મને માહિતી મળતા મારી પથારીએથી મે શ્રી છોટાભાઈ સુતરીઆને ખબર આપી કે આપ કાળજી રાખજો આજે વડોદરાની પ્રતિષ્ઠા જોખમાવાની છે પણ મારુ ગરીબનું કોણ માને? મારી વાત હસી કાઢી મારી પાસે માણસો હતા તે બધાને ખબર આપી કે થાય તે પ્રમાણે પ્રયત્ન કરો પણ અહિંસા સાચવજો

આજે તે વર્ણન કરવાનો વખત નથી આજે પણ એ અંધારી અમાસની રાતના બનાવો ભૂલી શકાતા નથી વડોદરા રાજ્યનું એ પાટનગર, પોલીસ અને મિલિટરીનું સ્થળ શ્રીમંત મહારાજા સાહેબના સાઠ સાઠ વર્ષથી વખણાયેલા એ નગર ઉપર તે બનાવે અંધારપટ ઓઢાડ્યો છે મને આવા તોફાનોથી કંઈ લાગતું નથી આવા તોફાનો થાય, વાગે, મરી પણ જવાય પણ ગુજરાત નરેશના મહાન પાટનગરમાં વડોદરાની પ્રજાનો એ માનીતો મહેમાન આવે અને જેને પૂજવાને અને નમન કરવા હજારો પુરુષો અને બહેનો આવે તે વખતે આ અમલદારશાહીથી આ તોફાન અટકાવી ન શકાયું તે શરમથી મારી આંખોમાંથી અશ્રુ સરી ગયા અમે વડોદરાવાસીઓ તો સાથે રહેનારા છીએ આજે લડીશું ને કાલે ભેગા થઈશું પણ આ અમલદારશાહી ઉપરનો ડાઘ ચિરંજીવી રહેશે

વડોદરાનો પડઘો લીમડીએ પાડયો

પણ આ તો રાજકીય ખેલો છે. જેવો બનાવ અહીંયા બન્યો તેવો જ બીજે મહિને લીમડીમાં બન્યો. ત્યાં દરબારસાહેબ પ્રમુખ હતા. દરબારસાહેબને લીમડીના ઠાકોર પોતાના જમાઈ ગણતા હતા. ભક્તિબાને પોતાની દીકરી ગણતા હતા. પણ એ સંબંધોની અસર તો સાધારણ જનતાને હોય છે. લીમડીમાં પણ એ જ જાતના બનાવો. અહીંયા મહારાષ્ટ્રીયનો અને ત્યાં સનાતનીઓ અને ગરાસિયાઓ. અને આવા બનાવ તો કાઠિયાવાડના દેશી રાજ્યોમાં જ્યાં જ્યાં પ્રજાએ જવાબદાર રાજતંત્ર માગ્યું ત્યાં બન્યા કર્યા છે. હવે તેની નવાઈ નથી.

પ્રજા સંગઠિત બને છે ત્યારે

વડોદરાની પ્રજાને તો જે મુખ્ય માગણીઓ હતી તે સંતોષાઇ હતી. વડોદરાની પ્રજા સમજી ગઈ કે જ્યારે પ્રજા સૌ એકમત થાય છે—સંગઠિત થાય છે ત્યારે તેના આગળ એ રોફ મારના અમલદારો ટાઢા બની જાય છે અને તેમની સેવા કરવા આગળ વધે છે। અને એ સાથે એ પણ સમજી ગયા કે એ પ્રજાબળ તોડવા માટે બળ કામમાં નથી આવતું। જુલમ કામમાં નથી આવતો. પણ પ્રજાના જુદા જુદા વિભાગો પાડી અને એકમેક જોડે લડાવી પ્રજાની આ એકતાની તકરારોથી તેના બળને વિચ્છિન્ન કરી નાખે છે અને તેથી આમજનતાનો સંપૂર્ણ સદ્ભાવ અને જુદા જુદા નામમાં કહેવાતો મનભેદ થાઓ દૂર કરવી જ રહી. પ્રજાના બળના વિરોધીઓએ અત્યાર સુધી એ રીતે કામ કર્યું છે ને હવે પણ કર્યા જ કરવાના છે. માટે આપણી વચમાં ખડી કરેલી દીવાલો તોડી સૌ સરખા પ્રજાજન થઈએ, એ જ અત્યંત મહત્ત્વની બાબત, બીજાઓની સમજાવટ કે રોમનામણથી પણ આપણું ઐક્ય તૂટે નહિ એ જ આપણે જોયા કરીએ।

તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડ ગુજરી ગયા. તા. ૧૦ મી જાન્યુઆરીનો ઘા પ્રજાના હૃદય ઉપર તાજો હતો અને આ સમાચારથી પ્રજા તો સૂનમૂન થઈ

આશા-નિરાશાનાં હીંચોળે

તા ૨૦મી ફેબ્રુઆરીએ આપણા રાજ્યના મહારાજા શ્રીમંત પ્રતાપસિંહરાવે સંદેશો આપ્યો નવું બંધારણ આપ્યું, એ-ટીસ વર્ષે ધારાસભાના સુધારા આ ના પછી પણ પ્રજાને એનાથી સંતોષ ન થયો

અને આ રીતે તા ૨૦મી ઓક્ટોબરથી તા ૨૦મી ફેબ્રુઆરીના ચાર મહિના મારે માટે ઘણા જ યાદગાર રહે એવા બન્યા આશાને ઉચ્ચ નામના ઊંચા શિખરે પણ પહોંચ્યો હતો[1] અને નિરાશાના પાતાળ સુધીના ખાડાના પણ ગરકાવ થયો હતો મધુરું મળ્યું ફક્ત ના મળ્યું જવાબદાર રાજતંત્ર

આવતા અદ્ભુત અને તેજસ્વી દિવસો

અને એ આશાની મીટ માંડીને બેઠો છું કે જ્યારે પ્રજાબળ આના કરતા વધારે મજબૂત નીવડશે, વધારે સંગઠનવાળું તે હશે, અને ગ્હીગ્હી નબળાઈઓ દબાય નાખી ગઈ હશે અને તે વખતે પ્રજામત સાથે રમવાના દાવપેચ છતા પડી જશે અને જવાબદાર રાજતંત્રનું પાકું ફળ એમને સંપ્રાપ્ત થશે, તે દિવસો આના કરતા પણ વધારે તેજસ્વી અને અદ્ભુત હશે જે તે દિવસોમાં જીવશે અને તે દિવસોમાં કામ કરશે તે ભાગ્યશાળી હશે અને તેની અદેખાઈ કરવાનું મન જરૂર થશે

મારા જીવનમાં વર્ષોની કિંમત નથી આ ચાર મહિનાઓ હમેશા યાદ રહેવાના છે

મોખરાનો કર

ગુજરાતના એ પ્રદેશનાં માનપ્રતિષ્ઠા

ગુજરાતના પ્રજાકીય જીવનમાં સ્વમાનનું સાચું ગૌરવ અને આત્મીયતાની જાગૃતિનું સાચું દર્શન કરવું હોય તો આપણે-સુરતજિલ્લાના બારડોલી અને ચરોતરના બોરસદ–રાસ તરફ દૃષ્ટિ કરવી જોઈએ.

બ્રિટિશ હકૂમત હેઠળ આવેલા આ બે તાલુકાએ સારાયે હિંદુસ્તાનમાં એક વીર સત્યાગ્રહીઓ, અને સ્વમાનપૂર્વક જીવન જીવી જાણનારા ખેડૂતો તરીકે, અને વિજયની પતાકાઓ ઉડાવનારા સ્ત્રી પુરુષોના પ્રદેશ તરીકે માન અને પ્રતિષ્ઠા સંપાદન કર્યાં છે.

બારડોલીની લડતનું વિહંગાવલોકન કરવાનો આ સમય નથી. પરંતુ સન ૧૯૨૮ની સાલમાં ગુજરાતભરના પ્રજાજીવનમાં જે જાગૃતિ, જે રચનાત્મક કાર્યક્રમની ભાવના, અને સહકારની ઉપાસના જાગી હતી એનો સુયશ બારડોલીની લડતને ફાળે જાય છે.

ખેડૂતોને માથે આકરા કરબોજ, સામાજિક ખર્ચા, અને દેવાના ડુંગરો, હમેશા બોજારૂપ રહ્યાં છે. એ બોજો જ્યારે ઓછો હોય, તેમ રાજસત્તાઓ

કયું પણ તેમના માથે કેનું બોજ વધારવાનું છે અને તે મુંગે મોઢે તે સહન કરી લે તો તેની પીઠ પર વધુ વજન મૂકાય છે

બારડોલીના ખેડૂતો આવા આકરા કર લોકોના નાગમામા બીંઆયા, અને તેથી તેઓએ તે સામે સાચો અવાજ અને સાચી જ્યાન ઉપાડી અને પરિણામે તેઓનો વિજય થયો

બારડોલીની એ લડતે આજે સારીયે ખેડૂત આલમમાં વિશ્વાસ અને સન્માન પેદા કર્યું છે અને ખેડૂત જાગૃત રહે, પોતાનો થાય અપમાન સમજે, અને નીડરતા કેળવે તો, તેનું કેવું સારું ફળ મેળવી શકે છે તે નવો પાઠ બારડોલીના ખેડૂતોએ ખેડૂત આલમને શિખવ્યો છે

સન ૧૯૨૮મા બારડોલીમા જ્યારે સત્યાગ્રહની રણભેરીઓ વાગતી હતી ત્યારે વડોદરા રાજ્યના કેટલાક તાલુકાઓ માથે એક નવા પ્રકારનો મોખરાનો કર (નોટીફાઈડ એરીઆ) નાખવામા આવ્યો

ખેતીના કરને બદલે

સરકારનું આ કર નાખવા માટે એમ કહેવું હતું કે સ્ટેશનો અને શહેરોની નજીકના ગામોની જમીન ખેતી સિવાયના કામે ઉપયોગ કરે એટલે એ જમીનનો ખૂબ વધારે પ્રમાણમા આકાર આપવો જોઈએ એક બાજુ સુરતની હદની નાનો કરી અને બીજી બાજુ મહાલોના સાધે તેની પાસે અસલ મહેસૂલ જેવું તે શોભતું નહોતું

આ જાતના કારણે પ્રથમ વડોદરા શહેરમા સન ૧૯૨૪–૨૫મા આ ‘મોખરાનો કર’ તેનાનુ ધોરણ દાખલ કરેલ અને નોટિફાઈડ એરીઆમા આવેલી મિલકતની કિંમતના સેંકડે ૨ ટકા જેટલો ધારો (કર) લેવાનું ઠરાવ્યું

વડોદરા શહેરમા જે ધોરણ લાગુ કર્યું તેવું જ ધોરણ બીજે ઠેકાણે લાગુ કર્યું હોત તો ઠીક, પરંતુ તેથી વિરુદ્ધ જાતના પ્રયોગો વડોદરા રાજ્યના તાલુકાઓમા શરૂ થયા

ગણદેવી તાલુકામા આ વેરાના શ્રીગણેશ

પ્રથમ આ ધોરણ ગણદેવી તાલુકાને લાગુ કર્યું ગણદેવી તાલુકામા આ કર આવ્યો ત્યારે બીલીમોરામા પ્રજામંડળની ખાસ પરિષદ ડૉ. સુમંત મહેતાના પ્રમુખપણા હેઠળ ભરવામા આવી હતી

અને આ કર સામે નખ્ત અણગમો જાગ્રત ગ્રામમાં આવ્યો હતો પરંતુ વ્યવસ્થિત નિવાન અને નિરંતર નાદ વિના આ પ્રવૃત્તિ આગળ ચાલી નહિ અને ગણોતીને માથે તે કર ચડી બેઠો.

મૂના રહ્યા માટે

આપણામાં સામાન્ય કહેવત છે કે મૂંગા ઉપર મોં કોઈ ભાગી કરવાને તૈયાર હોય છે એજ રીતે કરનારે એમ ધાર્યું કે ગણોતીમાં જાગૃત થયું નથી અને પ્રજા કર ભરવા તૈયાર કરનારી નથી.

આ જાતના મનસ્વી ખ્યાલો માનીને પાછળથી વડોદરા, ભોઈ, સિદ્ધપુર અને કોઈ તાલુકાને પણ આ તોફાની એરીઆનો નામે લાગુ કર્યો.

અને ત્યાંથી હો તો હોતો કડાણ તાલુકામાં આ કર આવી પહોંચ્યો.

કર તાલુકામાં આ વખતે મારવાડીની વગવગની અસર આવતી જતી હતી અને તાલુકામાંથી નવજુવાન ભાઈઓ મુંબાઈની ઘ તમા જો કે ઊંટને આખ્ખોની પહોંચ્યા હતા. મારવાડીની ખેડૂત ચળવળનું મોજું ખૂબ આગળ વધતું હતું તેના સંપર્કના ટેકા તેમનો આ મા જાગ્રત અને મ સહ હતો

આવા સંજોગો હતા ત્યાં, અમને તેની સત્તાએ નીચન ઉપર નામું પ્રક્ર રીતે કન્યાનું તાન તે માથે મેળવનો ન નાખવાનું ઠરાવ ધાર્યું

સન ૧૯૨૯ની તા. ૨૩-૧-૨૯ના રોજ આજ્ઞાપત્રિકામાં જાહેરાત અંક ૬૧૦ માં નીચે પ્રમાણે છે,

' આ જાહેરાતથી કર લેવાતા તાલુકાના ખેડૂત ખાતેદારો તથા ઈતર બાગાયતગામાઓને જણાવવામાં આવે છે કે કંપનીની જમીન એવી સિવાયના કામે રોકાય તો હાન જે વિશે આમાન વામાં આવે તે તથા ગામ ભૂતી જમીન નિયત બાર કે એમ પ્ર ત થી જે ઉપર લેવાના આવે છે, તે બધ કરી નામ પી જમીનની મિલ્કત પ્રમાણ આમાર લેવા મ ની નોટીસ પોસ્ટના ૬ ૮ ૧૯૫૪ નામીમ

૨૬–૯–૧૯૨૬થી મંજૂર થયેલી છે તે યોજના કરજણ તાલુકાને લાગુ કરી ખેતી સિવાયનો આકાર ઠરાવવા સારૂ આ કચેરીથી ટી. ઉ. નો અંક ૬ તા. ૨૨–૧૦–૨૭નું સાદર કરતાં તે ઉપર નામદાર મંત્રી મંડળનો સર્વે ખાતે હુ. અંક ૧૮/૭ તારીખ ૨૮–૧૧–૨૭ તથા દી. હુ. અંક ૯/૪ તા. ૭–૧–૨૮થી નીચેના ગામોને લાગુ કરવામાં આવે છે. (૧) કરજણ કસ્બો, (૨) ચોરંદા, (૩) ભરથાણી, (૪) બચાર, (૫) માલોદ, (૬) મોટી કોરલ, (૭) નાની કોરલ, (૮) વેમાર, (૯) ગણપતપુરા, (ગંધારા) આ સ્ટેશનનાં ગામો હોવા કારણે અને તે સિવાયના બીજાં ગામો પૈકી (૧૦) કંડારી, (૧૧) ધાવટ, (૧૨) કુરાલી, (૧૩) વલણ, (૧૪) કુરાઈ, (૧૫) ભરથાણા" અને વધારે જણાવ્યું કે સેટલમેન્ટની મુદત પૂરી થાય તે વખતે મકાનો બાંધવામાં નહિ આવ્યાં હોય તો પણ તેમની પાસે એટલી ભારે જમીનમહેસૂલ રૂ. ૫૦ થી માંડી રૂ. ૨૦ સુધી લેવામા આવશે.

ઉપરના પંદર ગામોને મોખરાનો કર લાગુ કરવાની જાહેરાત નીકળતા જ કરજણ તાલુકાની પ્રજા ત્રસ્ત બની ગઈ

પત્રિકાઓની પ્રસિદ્ધિ

કરજણ તાલુકાના પ્રજાજીવનમા ઉચ્ચ સંસ્કાર, શુદ્ધિ ચારિત્ર્ય, આત્મિક જીવન વિકાસનું ભાન કરાવનાર, ખેડૂત પ્રજાના તારણહાર, અને પ્રજાને નિર્ભયતાનુ ભાન કરાવનાર શ્રી ચુનીભાઈ શાહે આ કરની વિકરાળતા અને તે કર જો પ્રજાને માથે પડે તો તેથી પ્રજાને શુ શુ નુકસાન થવાનુ છે તેની ઝીણી મોટી વિગતો દર્શાવતી પત્રિકાઓ પ્રકટ કરવા માંડી–શ્રી ચુનીભાઈ શાહની આ પત્રિકાઓએ સારાયે તાલુકાની ખેડૂત પ્રજામા કોઈ અજબ જાગૃતિ આણી, એટલુ જ નહિ પણ આ પત્રિકાઓના ઉતારાઓ રાજ્યના છાપાઓમાં આવવા લાગ્યા તંત્રીઓએ પોતાના અગ્રલેખો લખવા માડ્યા અને તેની અસર વડોદરાની વડી કચેરીઓ સુધી પહોંચી ગઈ

છતાં કશી અસર ન થઈ

આમ મોખરાના કરની ચળવળની ભૂમિકાનુ પ્રથમ સ્વરૂપ તે શ્રી ચુની ભાઈ શાહની પત્રિકાઓ. પરંતુ આ પત્રિકાઓથી સરકારને કોઈ અસર થાય

તેમ નહોતું. એક બાજુ શ્રી ચુનીભાઈ શાહે આ પત્રિકાઓ દ્વારા એ઼દ્દત પ્રજાને જાગ્રત કરી હતી અને બીજી બાજુ સરકારને તે કર રદ કરવા ભલામણ કરી હતી પરંતુ સરકારી તંત્રમાં તેથી કશોજ ફરક ન પડયો.

લડતના મંડાણ

પરિણામ એ આવ્યું કે આ કર સામે વ્યવસ્થિત અને બંધારણપૂર્વકની લડત ચલાવવાને કરજણમાં પહેલી સભા તા. ૮–૭–૧૯૨૮ના રોજ ધર્મશાળાના વિશાળ ચોગાનમાં બોલાવવામાં આવી.

કરજણમાં આ સભા ભરાઈ ત્યારે માનવમેદની ઊલટી રહી હતી અને પ્રજાઉત્સાહનું દૃશ્ય ભારે ઉત્સાહપ્રેરક બન્યું હતું. આ સભામાં હાજરી આપવાને હાલના આપણા પ્રજામંડળના મહામંત્રી શ્રી પ્રાણલાલ મુનશી અને શ્રી નિકતે વકીલ વડોદરાથી આવ્યા હતા—સભામાં હાજર રહેલા પ્રજાજનો સમક્ષ શ્રી ચુનીભાઈ શાહે અને આંકડાશાસ્ત્રના નિષ્ણાત શ્રી લલ્લુભાઈ વકીલે અનેક દાખલાદલીલો અને પુરાવાઓ સહિત આ કાયદાની બધંકરતા સાબિત કરી આપી. આ ઉપરાંત શ્રી પ્રાણલાલ મુનશીએ અને શ્રી નિકતે વકીલે પણ સચોટ અને અસરકારક ભાષણો કરેલાં અને તેની છાપ પ્રજા ઉપર સચોટપણે પડી હતી.

કરજણની આ સભામાં એક ઠરાવ કરવામાં આવ્યો અને તે ઠરાવ દ્વારા આખીએ લડતના ગણેશ મંડાયા.

ડૉ. સુમંતનો સાથ

વળી આ સભાને બારડોલીના સરભોણ થાણાના નાયક ડૉ. સુમંત મહેતાએ એક પ્રેરક સંદેશો મોકલ્યો હતો અને તે સંદેશામાં ડૉ. સુમંતે ખેડૂતની સાચી ગરીબાઈનો અને બોખરાના કરની બધંકરતાનો, તેમજ સરકારી અમલદારોના માનસિક વલણનો ચિતાર આપ્યો હતો.

એ પ્રેરક દૃશ્યો

કરજણની સભાનું અનુપમ ને ઉત્સાહપ્રેરક દૃશ્ય સારાયે વડોદરા રાજ્યમાં જાહેર થયું અને ત્યારબાદ તો બબ્બે દિવસને આંતરે ગણપતપુરા, ચોરંદા,

ભરથાની, અને વેમાર, વગેરે ગામોમા સભાઓ થવા લાગી અને ત્યારપછી તો સખેડા પાદરા શિનોર વગેરે તાલુકાઓમા પણ સભાઓ થઈ

દરેક સભામા માણસોની ઠઠ જામતી હતી યુવકમડળો રાષ્ટ્રધ્વજને લઈને ફરતા હતા અને ભજનમડળીઓ દૂરદૂરથી મોખરાના કરના ગીતો ગાતી આવતી હતી

હાલના આપણા વડા ન્યાયમૂર્તિ સુધાનકર સાહેબ પણ ગણપતપુરાની સભામા તે વખતે આવ્યા હતા અને તેમણે પણ આ કર કાઢી નાખવા સરકારને ભલામણ કરી હતી ગણપતપુરામા સભા મળી ત્યારથી ચોમાસુ ચાલતુ હતુ અને માથે વરસાદ ટપકતો હતો તે છતા દસ દસ ગાઉથી લોકો મા ન ખૂદતા સભાઓમા આવતા હતા અને પોતાનો વિરોધ બતાવતા હતા

વિવિધ પ્રકારની અટકળો

પ્રજાકરનની જાગૃતિનુ આ મોજુ એટલુ નરમ અને ઉત્સાહજનક હતુ કે આ સભાઓથી સરકારને એમ લાગ્યુ કે નજીકમા ખેડૂતો સત્યાગ્રહ કરવાના છે વડોદરાની વરિષ્ઠ કચેરીઓમા અને મોટા અમલદારી વર્ગમા આ વાતો ફેલાવા લાગી વળી કેટલાકે તો એમ પણ જણાવ્યુ હતુ કે શ્રી ચુનીભાઈ શાહ અને શ્રી નટુભાઈ નથીનની સનદો ખૂચવી લવાની સરકાર તૈયારીઓ કરે છે

આમ એક બાજુ પ્રજા મક્કમ નિર્ણય અને નીડરતાના પાઠ શીખતી હતી અને બીજી બાજુ વડોદરાની સરકારી કચેરીઓમા સત્યાગ્રહનો પવન ફૂકાતો હતો

બીજાં રાજ્યોની સરખામણીમા વડોદરાની ઉદારતા

પરતુ વડોદરાની સરકારમા બીજા દેશી રાજ્યો કરતા કઈક વધુ ડહાપણ અને ઉદાત્ત ભાવના દેખાય છે આ ડહાપણ ને ઉદાત્ત ભાવના પાકેલા પગને ગમે તેટલી સત્તાઓએ બનાવી નથી અને તેવુ જ વડોદરાને માટે પણ બન્યુ જ્યા સુધી પ્રજા ગળ બનાવે નહિ ત્યા સુધી સરકાર કોઈપણ જાતની છૂટ મૂકવા તૈયાર હોય નહિ

કરજણ તાલુકાના ખેડૂતો આ વાત બરાબર સમજી ગયા હતા. કરજણના ખેડૂતોના એ નાયકો શ્રી ચુનીભાઈ શાહ અને શ્રી લલ્લુભાઈ વકીલની બેલડીએ પોતાનું કાર્ય બહુ ઝડપભેર અને નીડરતાથી શરૂ કર્યું હતું.

શ્રી ચુનીભાઈ શાહ માનવતાના સાચા પાઠ આપતા હતા અને નીડર બનીને ગામેગામ ઘૂમતા હતા ત્યારે શ્રી લલ્લુભાઈ વકીલ ગોખરાના ગણિતનું અર્થશાસ્ત્ર બરાબર ગોઠવીને દરેક ગામવાર જમીનની કિંમત, ધારો અને વેચાણ, ગીરોના આંકડાઓ ભેગા કરીને સરકાર પાસે આ કરની દુષ્ટતા સમજાવવાની તૈયારીઓ કરી ચૂકયા હતા. આ ગોખરાના કરમાં એક વધુ ભયંકરતા એ પણ હતી કે:

પંચાયતનું કિરાયું ઝૂંટવાયું

પહેલાં કિરાયાનું ઉત્પન્ન ગામપંચાયતોને આપવામાં આવતું હતું પરંતુ ગોખરાનો કર આવ્યા પછી તો ગામપંચાયતોના કિરાયાનું ઉત્પન્ન પણ સરકારે ઝૂંટવી લીધું હતું અને તેથી કરજણ તાલુકાની ગામપંચાયતો ખાલી મુડદાની જેમ ખોખારૂપે બની જવાની હતી.

આ કારણે તાલુકાની કેટલીક ગામપંચાયતોએ પોતાની પંચાયતોના કારભારના રાજીનામાં મૂકી દીધાં હતાં. વળી કોઈ કોઈ ગામોના પટેલોએ પોતાની પટલાઈના રાજીનામાં મૂકવાની હિંમત અને નીડરતા બતાવી હતી.

આ કરની ત્રીજી ભયંકરતા એ હતી કે મુંબાઈ ઇલાકામાં માથાદીઠ કરનું ભારણ રૂા. ૨ થી ૩ આવે છે, જ્યારે વડોદરા રાજ્યમાં કરજણ સિવાયના તાલુકાઓમાં માથાદીઠ કર રૂા. ૬) ની આસપાસ ભરવાનો હોય છે. જ્યારે કરજણમાં તો માથાદીઠ રૂા. ૧૧) ભરવામાં આવતો હતો. તે છતાં ગોખરાનો કર નાખીને તે બોજો કેટલાયે ટકા વધારી દેવામાં આવ્યો અને જાણે કરજણમાં, સોનાના મોર ન ઊડતા હોય, તેમ માનીને સરકારે ગોખરાનો કર નાંખવા ઠરાવ્યું.

પ્રગતિના પૂર આગળ વધે છે

પરંતુ આથી પરિણામ ઊલટું આવ્યું અને કરજણના ખેડૂતોએ સાચી નીડરતા બતાવી. ગામેગામ યુવક મંડળો સ્થપાયાં, ગામેગામ આત્મશુદ્ધિની

પ્રવૃત્તિઓ શરૂ થઈ અને છેવટે આ કર કાઢી નાખવા ધારાસભાના સભાસદ શ્રી નરસુભાઈ વકીલ તા ૨૬મી જુલાઈ સન ૧૯૨૮ ની ધારાસભામાં એક અગત્યનો ઠરાવ લાવ્યા આ ધારાસભામાં આ ઠરાવ આવનાર છે અને રાજ્યના ખેડૂતોની લડતનો અંજામ પડઘો પડનાર છે, તેનું વાતાવરણ ધારાસભા મળે તે પહેલાં જ ફેલાઈ ગયું હતું

ખેડૂતોની સંઘકૂચ

અને તેથી ધારાસભા સમક્ષ પોતાનો વિરોધ બતાવવા રાજ્યભરમાંથી ઘણી મોટી સંખ્યામાં ખેડૂતો વડોદરા આવ્યા હતા વડોદરા સ્ટેશનેથી શ્રી ચુનીભાઈ શાહની સરદારી હેઠળ ખેડૂતોનું સંઘ ટોળું ધારાસભાગૃહમાં કૂચ કરતું આવ્યું હતું અને પ્રેક્ષક ગૅલરીમાં તો માણસો ઊભરાઈ ગયા હતા

ધારાસભામાં પડઘો

આ ઠરાવ શ્રી નરસુભાઈએ મૂક્યો ત્યારે પ્રેક્ષકોએ તેને તાળીઓથી વધાવી લીધો હતો શ્રી નરસુભાઈએ એ દિવસે જે દલીલો અને આંકડાઓ રજૂ કર્યાં હતા તે વડોદરા રાજ્યના ઇતિહાસમાં એક સુંદર અર્થશાસ્ત્રની રજૂઆતનો ખ્યાલ આપે તેવા હતા

આ ઠરાવને અનુમોદન આપનાર મહેસાણા પ્રાંતના જાણીતા ધારાશાસ્ત્રી અને તે વખતની ધારાસભાના સભાસદ શ્રી રામચંદ્ર અમીન હતા

શ્રી નરસુભાઈ વકીલે તથા શ્રી રામચંદ્ર અમીને લગભગ આ ઠરાવ ઉપર સચોટ અને એકધારી દલીલો કરીને ત્રણ કલાક જેટલો વખત આ ઠરાવના સંબંધમાં લીધો હતો અને દાખલા, દલીલો, દસ્તાવેજી પુરાવા તેમજ ખેડૂતની કંગાલિયતની સમસ્યાઓ મૂકીને ધારાસભાગૃહને ગજવી મૂક્યું હતું

છેવટે નોટિફાઇડ એરીઆ લાગુ થવાથી–ખેડૂત ખાતેદારોને શી હરકતો નડે છે, અને નુકસાન થયું છે, તેની તપાસ કરી નિવેદન કરવા એક તપાસ સમિતિ નીમવામાં આવી આ સમિતિમાં પ્રજા તરફથી શ્રી નરસુભાઈ વકીલ અને શ્રી રામચંદ્ર અમીનની નિમણૂક કરવામાં આવી હતી

ધારાસભાએ આમ આ પ્રશ્ન ઉપર સમિતિ નીમવા માટે આ આખી હિલચાલ તુરંત જ સમેટી લીધી

કરજણ, ડભોઈ, પાદરા, સિનોર, સિદ્ધપુર, અને ચોરંદા તાલુકામાંથી કર લીધે શું શું ઊપજ આવે છે, ખેડૂતને ખેતીમાં કેટલું નુકસાન જાય છે, વિઘાયુ કેટલું લેવાય છે, વગેરે માહિતીઓ ભેગી કરવાનું કામ નાના સ્વયંસેવકો મારફત શરૂ થઈ ચૂક્યું હતું.

સમિતિએ જે પુરાવાઓ ભેગા કર્યા હતા તે ઉપરથી છેવટે આ મોખરાનો કર કરજણની લડતના પરિણામે રદ થયો.

લટકતી તલવાર ચાલી ગઈ

અને પ્રથમ જે ગામોને લાગુ કર્યો હતો તે ગામોમાંથી આ કર દૂર થયો. કરજણમાં કસ્બા પૂરતો અને તે સિવાય મુખ્ય ગામો કે જે ગામોને રેશન લાગુ હતા તેવા ગામોને સામાન્ય ધોરણ " ખેતી સિવાયના કામે ઉપયોગ કરે તો જમીનમહેસૂલના કાયદામાં જે વધારાનો દર લેવાનું ઠરાવ્યું છે તે દર લેવાનું ધોરણ ચાલુ રહ્યું અને નવું જાહેરનામું રદ થયું. આથી ખેડૂતોને આનંદ થયો કે તેમના માથે જે તલવાર લટકતી હતી તે તલવાર હમેશને માટે ચાલી ગઈ.

ખેડૂત પ્રજાના સંગઠનથી, પ્રજાવૃત્તિના જુવાળથી, રચનાત્મક કાર્યક્રમથી અને સાચા નીડર નેતાઓથી, પ્રજા શું મેળવી શકે છે, તેનો પુરાવો જેમ સન ૧૯૨૮માં બ્રિટિશ હકૂમતમાં બારડોલીએ આપ્યો, તેમ વડોદરા રાજ્યમાં કરજણ તાલુકાએ આ નોટિફિકેશનની લડતનું સુકાન હાથ ધરીને વડોદરાની પ્રજાને સાચી નીડરતાના, સાચી સંગઠનશક્તિના, અને સાચા રચનાત્મક કાર્યક્રમના બોધ ને અનુભવના દર્શન કરાવ્યા છે.

આજે પણ યાદ કરે છે

કરજણ તાલુકાની પ્રજા આજે પણ આ મોખરાના કરની પ્રજાકીય પ્રવૃત્તિના આદ્ય ને અનુભવના સંસ્મરણો યાદ કરે છે. સાચેજ કરજણ તાલુકાની આ મોખરાના કરની લડત સારાયે વડોદરા રાજ્યના ખેડૂતોને એક આદર્શ દાખલારૂપ છે.

" કરજણવાસી "

પેટલાદ તાલુકાનો સત્યાગ્રહ

વડોદરા રાજ્યની પ્રજા પોતાની વહાલી સંસ્થા "પ્રજામંડળ"નો રજત-મહોત્સવ ઊજવવા ભાગ્યશાળી બને છે તેનો અર્થ તો એ છે કે પ્રજામંડળે પ્રજામાં ઠીક ઠીક સેવા બજાવી છે અને પ્રજાને તે પ્રિય થઈ પડી છે. આવે સહર્ષે રજતોત્સવને અંગે સમારંભો અને સંમેલનો ગોઠવીએ તે સાથે તેના ભૂતકાળના પચીસ વર્ષ પ્રત્યે પણ દૃષ્ટિ કરવી જોઈએ.

પૂર્વ મનોદશા–અંધકાર

પચીસ વર્ષ પહેલાની પેટલાદ તાલુકાની પ્રજાની મનોદશા તરફ દૃષ્ટિપાત કરતાં અંધકાર સિવાય અન્ય કાંઈ જણાતુ નથી. પ્રજાના રાજકીય જીવનમાં તો મોઢું મીઠું હતું. નોકરશાહીનો દોર ભારે હતો. એ દમામી દોરથી અંજાઈને તાલુકાની પ્રજા તેની ખુશામત કરી પ્રજાજીવનમાં આગળ આવવાને પ્રયત્ન કરતી અને તેમાં કેટલાક 'પટેલિઆ' મનોદશાવાળા ફાવી જતા. 'પટેલિઆ' જેઓ પ્રજાના પ્રતિનિધિ તરીકે ઓળખાતા હતા અને તે રીતે પોતાની જાતને આગળ ધરતા હતા તેઓ જ પ્રજા પીડનમાં હથિયાર રૂપ થતા. લાંચરુશવતની બદી તો પૂરજોસમાં હતી. તેણે તો રાજ્યવહીવટની એક

આવશ્યક વિધિનું સ્થાન લીધેલું. જેમ શ્રી ગણેશજીની પૂજા કર્યા સિવાય કોઈ પણ શુભ કાર્યની શરૂઆત ન થઈ શકે એવી જ માન્યતા પ્રજામાં હતી કે રાજ્યના નોકરો પાસે કોઈને કાયદેસરનું કે ન્યાયપુરઃસરનું પોતાનું કામ કઢાવવાનું હોય તો ગણેશપૂજન રૂપી લાંચને કોઈ નવાજેશ તો કરવી જ રહી. આમાં કોઈક અપવાદ હશે પણ તે બહુ જૂજ.

પ્રજાને પોતાના હિતાહિતનો કાંઈ ખ્યાલ નહોતો. એકતે નોકરશાહી અને પટેલિયાઓની ચક્કીમાં પ્રજા પીસાતી જતી. તેમાં જમીનમહેસૂલનો દોર ભારે હતો. સામાન્ય રીતે પાસેના બ્રિટિશપ્રદેશ કરતાં દોઢો બમણો જમીનમહેસૂલનો આકાર અને તેમાં ક્યાંયે છૂટછાટની તો વાત ન હોય. જ્યાંયે પ્રજાને નગરી ઇચ્છાને આધીન થયે જ છૂટકો.

આવા સમયમાં પૂજ્ય મહાત્માજી ગુજરાતમાં સ્થિર થયા પછી તેમનાં જીવન સિદ્ધાંતોનો લાભ પ્રથમ–ખેડાજિલ્લાને મળ્યો. સને ૧૯૧૭–૧૮ ની ખેડાજિલ્લાની સત્યાગ્રહની લડતે ખેડાજિલ્લાની પ્રજાના હૃદયમાં અને સાથે સાથે પડોશમાં વસતી પેટલાદ તાલુકાની પ્રજાના હૃદયમાં આશાના કિરણો પ્રસાર્યાં. પ્રજાહૃદયમાં નવચેતનનો નવીન સંચાર થયો. એવામાં બોરસદ તાલુકાની પ્રજાએ 'પ્યુનિટિવ પોલીસ ટેક્સ'–હૈડીઆ વેરા સામે સત્યાગ્રહ કર્યો. બોરસદ અને પેટલાદ તાલુકાના ગામો ફક્ત ગૂથણીરૂપે આવેલાં છે. પેટલાદ તાલુકાની પ્રજાએ મિનકુન તટસ્થ રહીને પોતાની સગી આંખે જોયું કે પ્રજા પોતાપર થયેલા અન્યાયનો અહિંસક સામનો શી રીતે કરી શકે અને શી રીતે તે સામનામાં સફળતા મેળવી શકે. આમ તેને વ્યવહારૂ પદાર્થપાઠ મળ્યો. તે સંજોગોને પ્રતાપે તે સમયે કે [illegible] જેટલી પેટલાદ તાલુકાની પ્રજામાં શક્તિ તો હતી જ.

ધન્ય અવસર

એવામાં તાલુકાની પ્રજાને એક ધન્ય અવસર આવી પડ્યો. આવો અવસર પ્રભુકૃપાથી દરેક વ્યક્તિજીવનને કે પ્રજાજીવનને પ્રાપ્ત થાય છે જ. ફક્ત વ્યક્તિએ કે પ્રજાએ તેને ઓળખીને અપનાવી લેવો જોઈએ. પેટલાદ તાલુકાની પ્રજાએ તે ધન્ય અવસરને ઓળખ્યો અને અપનાવ્યો. સને

૧૯૧૩ મા વડોદરા સરકારે પેટલાદ તાલુકાનુ રિવિઝન સેટલમેન્ટ નક્કી કર્યું. અને બાવીસ ટકા મહેસૂલ વધાર્યું. સરકારના નિયમ પ્રમાણે પણ સને ૧૯૨૮ સુધી આવો વધારો થઈ શકે નહિ જમીનમા કુદરતી રીતે અગર સરકારના પ્રયત્નથી સુધારો થયો હોય અગર તે જમીન વધારે ફળદ્રુપ બની હોય તો જ જમીનમહેસૂલ વધે એવો જમીનમહેસૂલનો નિયમ છે પણ રાજવહીવટમા ખર્ચો વધે—રાજ્યને લોભ વૃત્તિ વધે, એટલે જમીનમહેસૂલમા કેટલો વધારો કરવો એ પ્રથમથી નક્કી થાય અને પછી તે ધોરણે બંધબેસતા કારણો શોધીને યુક્તિપ્રયુક્તિથી તેટલો વધારો વાજબી ઠરાવી આપે એવા કુશળ અમલદારને સેટલમેન્ટ ઑફિસર નીમીને તેને એ કામ સોંપે એ પ્રણાલીકા ઘણા રાજ્યોએ નિર્દયતાથી અખત્યાર કરેલી છે પેટલાદ તાલુકાની જમીન પર પણ એ રીતે બીજુ રિવિઝન સેટલમેન્ટ ઠોકી બેસાડ્યુ એમા ખાતેદારોની સમતિની જરૂર જોઈએ છે નવા સેટલમેન્ટમા કરેલા નિર્ણયની નોટીસ ઉપર ખાતેદારની સમતિ અને સ્વીકાર બદલ તેની સહી જોઈએ પણ આ સેટલમેન્ટ ઑફીસરે તો નોટીસો પહોંચાડી દીધા એક ગામે તો નોટિસો લેવાનો પણ ઈન્કાર થવાથી ઝાડ ઉપરથી તે નોટિસો ફેંકવામા આવેલી આમ આ નવા રિવિઝન સેટલમેન્ટમા પ્રજાનો અસતોષ વધ્યો

નરવા અને રૈયતવારી

આ અસતોષ વધે એના વાજબી કારણ હતા ચરોતર પ્રદેશમા નરવા પદ્ધતિ (જુમ્મેદારી પદ્ધતિ) હતી એટલે કે ગામના કુલ રકબા ઉપર મહેસૂલનો જે આકડો હોય તેના જવાબદાર જમીન ધારણ કરનારના કુટુબીઓના મુખ્ય મુખ્ય માણસો હતા તેમને નરવાદાર કહેવાય છે તેનો બીજો અર્થ જુમ્મેદાર પણ થાય છે સરકાર એ ઠરાવેલા આકડાની ઘણી—ઓછી કાઈ દખલગીરી ગામકાજમા કે ગામસીમમા સરકારના હોય નહિ આનો અર્થ એવો થતો કે સરકાર પ્રજાના રક્ષણ અર્થે તેમજ પ્રજાસમુદાયના કલ્યાણાર્થે જે કાઈ પ્રવૃત્તિ કરે તેને આર્થિક દૃષ્ટિએ પહોંચી વળવાને જમીન ધારણ કરનારાઓ પાસેથી સરકાર જમીનમહેસૂલના નામે કર લેતી એ સિવાય સરકારનો બીજો હક્ક પહોંચે નહિ સરકારે એ પદ્ધતિ તોડીને રૈયતવારી દાખલ કરી અને આખુ મુલકીખાતુ ઊભુ કરીને જમીનના ધણીધણી થઈને

ગેરા. જમીન ધારણ કરનારને પાટીદાર–જમીન ધારણ કરનારને બદલે ખેડૂત બનાવ્યો. સરકારનો મજૂરીઓ બનાવ્યો અને અનેક જાતના મુલકી નિયમો બનાવીને; નિયમોના બંધનમાં જકડી નાખી. આથી અસંતોષ પ્રજામાં હતો જ. તેમાં વળી આ રિવિઝન સેટલમેન્ટમાં વધારો જાહેર થતાં પ્રજાનો અસંતોષ વધ્યો.

મહેસૂલ વધારાનો જાહેર વિરોધ

ખેડૂતોમાં આ વિષે ગરમાગરમ ચર્ચા ચાલી તેમને એમ થયું કે આપણને કોઈ દોરનાર હોય તો બોરસદ તાલુકાની પ્રજાની જેમ સત્યાગ્રહ કરીએ. આવો અવાજ ઠેરઠેર નીકળવા માંડચો. કેટલાક ગ્રહસ્થોએ એક અરજી ઘડી કાઢી તાલુકાના ગામોના ખાતેદારોની સહીઓ લઈને સરકારને મોકલી પણ તેને કોણ સાંભળે. અરજી પહોંચ્યાનો જવાબ સરખો લોકોને ન મળ્યો. એટલે એક ડેપ્યુટેશન રાજ્યના અમાત્ય સાહેબ પાસે ગયું. તે ડેપ્યુટેશને રૂબરૂમાં અરજી આપી, અને દાદ માગી. અમાત્ય સાહેબે તો અરજદારોના દેખતાં અરજીને કચરા પેટીમાં નાંખી દીધી અને તુમાખીપણે જવાબ આપ્યો કે જે નિર્ણય થયો છે તેમાં કંઈ કરવાનું નથી. આવો જવાબ સાંભળી પ્રજાના કાર્યકર્તાઓ નિરાશ ન થયા. તેમણે આખા તાલુકાના ખાતેદારોની એક સભા તારીખ ૩૧–૧૨–૨૩ના રોજ વડનાલ મુકામે બોલાવી. તાલુકાના સેંકડો ખાતેદારોની આ સભાએ કેટલાક ઠરાવો કર્યા. તેમાં નીચેના ઠરાવ મુખ્ય હતા.

૧. પેટલાદ તાલુકા ખેડૂત પ્રજામંડળ સ્થાપવું અને તેની પ્રથમ પરિષદ નાર મુકામે તા. ૧૬–૧–૨૪ના રોજ ભરવી.

૨. ચાલુ સાલે દુષ્કાળને કારણે જમીનમહેસૂલની રાહત માટે તથા નવા રિવિઝન સેટલમેન્ટના ભારણ સંબંધે પ્રજાની અરજ રજૂ કરવાને શ્રીમંત મહારાજા સાહેબની હજૂર એક ડેપ્યુટેશન મોકલવું.

૩. ગામેગામ ગામખેડૂતપ્રજામંડળ સ્થાપવાને કાર્યકર્તાઓની વ્યવસ્થા કરી.

તાલુકાખેડૂતપ્રજાની પ્રથમ પરિષદ

ઉપરના ઠરાવ પ્રમાણે તાલુકાના એક પ્રતિષ્ઠિત અને બાંધીયા વતની અને રીટાયર્ડ અમલદાર શ્રી રાવજીભાઈ ભાઈલાલભાઈ પટેલના પ્રમુખપણા નીચે

તાલુકાના ખેડૂતોની એક પરિષદ તા ૧૩-૧-૨૪ના રોજે નહિ પણ પ્રમુખશ્રીની અનુકૂળતાને લીધે તા ૨૭-૧-૨૪ના રોજ નાર ગામે ભરાઈ પ્રમુખશ્રીની કાર્યકુશળતાથી તેમા કામ સારૂ થયુ પ્રજાની શક્તિના વેગને વેડી નહિ જવા દે । તેને નિયમનમા રાખી વ્યવસ્થાપુર સર કામ આગળ લીધુ

નાર ગામે પરિષદ

તા ૨૭-૧-૨૪ના રોજ નાર ગામે પ્રથમપરિષદ મા થી રાવજીભાઈ ભાઈનાનભાઈના પ્રમુખપણા નીચે ભરાઈ તેમા થયેલા ઠરાવમા નીચેના ઠરાવ ખાસ અગત્યના ગણાય

૧ પેટલાદ તાલુકા ખેડૂતપ્રજામંડળની આ પરિષદ શ્રીમત સરકાર મહારાજા સાહેબને આગ્રહપૂર્વક આગ્રહ કરે છે કે ઓશ્રીએ આ સેટલમેન્ટ સબધે પૂર્ણ વિચાર કરી આ પરિષદના ડેપ્યુટેશન સાથે દરેક મહાલની અને તમામી બાબતની તપાસ કરી, શ્રીમત હજૂર નિવેદન કરવા આ સેટલમેન્ટ ઠરાવમા જેમનો હાથ નહિ હોય તેવા નિષ્ણાત અમલદારોની કમિટી નીમવાની કૃપા કરી અને એ કમિટીના નિવેદન હજૂર સાદર થઈ નિકાલ થતા સુધી સેટલમેન્ટનો અમલ બધ રખાવવા ફરમાન કરવા કૃપા કરી

૨ આ પરિષદ દરેક ગામના લોકોને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે ખેડૂતોની આબાદી માટે દરેક ગામમા નીચે જણાવ્યા પ્રમાણે રચનાત્મક કાર્યને કાર્યરૂપે અમલમા મૂકવો

૧ (૧) એકતા, (૨) ખેતીનુ રક્ષણ અને આબાદી (૩) લાચનિષેધ (૪) ખાદીપ્રચાર (૫) દારૂ અને દુર્વ્યસન નિષેધ, (૬) લવાદ, (૭) ગેરવ્યાજે થતી હક તો દૂર કરવી (૮) સાર્વજનિક કામોની દેખરેખ

પેટલાદના ખેડૂતોની આ પરિષદમા વડોદરારાજ્ય પ્રજામંડળની પણ દોર વણી હતી તે રખને મગજીથ શાણે સાહેબ પ્રજામંડળને નિસ્વાર્થ અને સેવાભાવી દોરવણી આપી હતી. તેમણે આ પરિષદમા હાજરી આપી અને ઠેઠ સુધી તે સાથમા હ્યા ઉપરાત પ્રજામંડળના અન્ય અગ્રગણ્યો શ્રી છોટાભાઈ

સુનરીઆ, શ્રી નિકને અને શ્રી મગનલાલ શંકરભાઇ પટેલ પણ પ્રજાની આગેવાનમા સાથી હતા

ઉપરની પરિષદના ઠરાવોનું ફળ પરિણામ આવ્યુ નહિ, સરકારને પ્રતિષ્ઠાનું રાઉ નડ્યુ પ્રશ્ન હતો મુદ્દાનો

૧ મેનેજમેન્ટ ખેડૂતોને–તેના પ્રતિનિધિઓને પૂછીને થવુ જોઈએ તેમ થયુ નથી માટે કોઈ તાત્ત્વિક અમલ કરવાને પચ તરીકે નીમીને તપાસ કરીને, પ્રજાના પ્રતિનિધિઓને સરકારે ખાત્રી કરી આપવી કે નવુ મેનેજમેન્ટ વાજબી છે

૨ ના જોવી સાબિત થાય તો ખેડૂતોએ મહેસૂલ તુરત ભરી દેવુ તેમા ઓછુવત્તુ સાબિત થાય તો તે પ્રમાણે આપવુ અને લેવુ

દીવાન સાહેબે સ્પષ્ટ સભળાવી દીધુ કે ખેડૂતોને તેવી માગણી કરવાનો હક્ક નથી મહેસૂલનો નિર્ણય કરવાનો સપૂર્ણ હક્ક સરકારને છે પ્રજા અને સરકાર વચ્ચેના મતભેદનો મુદ્દો એ હતો પ્રજા આ મુદ્દો સારી રીતે સમજતી હતી સરકાર પણ સમજતી હતી પ્રજા કહે કે અમારી સમતિ સિવાય મેનેજમેન્ટ કરી શકો નહિ ગાયકવાડ ખુશીથી અને સમત્તિ ન આપીએ તો બળાત્કારથી–જુલમથી અમારી સમત્તિ લો પણ અમારી સમત્તિ સિવાયનુ મેનેજમેન્ટ અમને માન્ય નથી તનો મુદ્દો એ હતો

ઉપર પ્રમાણેનો દિવાન સાહેબનો જવાબ સાભળી પ્રજાએ છેવટનો નિર્ણય કરવાને ધર્મજ મુકામે તા ૧૨–૧૩ એપ્રિલ સને ૧૯૨૪ના રોજ શ્રી ગણેશભાઈ ભાઈલાલભાઈ પટેલના પ્રમુખપદે પેટલાદ તાલુકાના ખેડૂતોની પરિષદ ભરી

ધર્મજની પરિષદ

ધર્મજમા પ્રજાનુ પીઠ બળ જોશ જામ્યુ ત્યા કામ કરવાનું હતુ સરકાર સામે મોરચો સરાની હતી આ નિર્ણયમા બાજુના બ્રિટિશ તાલુકાઓમા સત્યાગ્રહની લડત લડીને પાવરધા થયેલા મહાસભાના કાર્યકર્તાઓના અનુભવનો લાભ

પણ મળ્યો સત્યાગ્રહનો ઠરાવ થયો પણ તે બહુ જ સાવચેતી ભર્યો તાલુકાની પ્રજામા તાકાત તો હતી, પણ તેની સાથે તેને પોતાની જવાબદારીનુ પણ પૂરુ ભાન હતુ વળી સત્યાગ્રહના સિદ્ધાતોના પાઠ શીખનારા પીઢ કાર્યકર્તાઓ પણ હતા તેથી તેમણે એવો નિર્ણય કર્યો કે સત્યાગ્રહની માગણીમા ઓછામા ઓછી માગણી કરવી પણ તે માગણી સપૂર્ણ ન મળે ત્યા સુધી લડવુ આમ પૂરા વિચાર પછી મુખ્ય ઠરાવ થયો કે —

સરકારે નવુ રિવિઝન સેટલમેન્ટ પ્રજાને પૂછ્યા સિવાય કર્યું છે જેથી કરેલુ નવુ રિવિઝન વાજબી છે કે ગેરવાજબી છે તેની તપાસ કોઈપણ જવાબદાર નિષ્પક્ષપાતી અમલદાર પાસે કરાવવી આ તપાસમા પ્રજાના પ્રતિનિધિઓને સાથે રાખી કરેલા નિર્ણયના વ્યાજબીપણા વિષે તેઓને ખાત્રી કરાવે ત્યાંસુધી નવા રીવીઝન સેટલમેન્ટના આધારે વધેલા જમીન મહેસૂલનો વધારાનો ભાગ પ્રજાએ ભરવો નહિ

થયેલો ઠરાવ શબ્દે શબ્દ નોંધ્યો નથી પણ તેના અર્થમા સપૂર્ણ છે એ ઠરાવના બે ભાગ છે એક ભાગ મૂળ સિદ્ધાતનો છે કે, પ્રજાની સમ્મતિ સિવાય નવુ રિવિઝન સૅટલમૅન્ટ થયુ છે માટે તેની તપાસ કરવાને પચ નીમવુ. જે પચના ગૃહસ્થ આ કાર્યમા નિષ્ણાત એવા તટસ્થ અમલદાર હોય તે પચ તપાસમા પ્રજાના પ્રતિનિધિઓને વિશ્વાસમા લેઈ જે નિર્ણય કરે તેના વ્યાજબીપણા વિષે તે પ્રતિનિધિઓને ખાત્રી થયેલી હોય—બીજો મુદ્દો આ પચના નિર્ણય ઉપરથી આર્થિક લાભનો હતો—ઉપરાત પ્રજાની બીજી ફરિયાદો પણ હતી સમઓધનના કરની, મો બદલાની વગેરે ફરિયાદો પણ પેટામા મૂકવામા આવેલી

ઉપરના નિર્ણયની અસર આખા તાલુકામા વીજળી વેગે થઈ હરધેના ખેડૂતો પોતપોતાને ગામ ગયા અને લડતની તૈયારીઓ કરવા માડી. તેને અગે મુખી મતદારોએ અને રાવણીઆઓએ રાજીનામા આપવાનો, સમય આવે જપ્તીઓ, જમીન હરાજીઓ અને જેલ વગેરે જે જે વિધિઓ થાય તે સર્વ સહન કરવાને તૈયારી કરવા માડી.

પ્રજાની બેઠી તાકાત

અમને બધાને નવાઈ લાગેલી કે આવી તાકાત પ્રજામાં ક્યાંથી આવી? એ તાકાત તાલુકાના કાર્યકર્તાઓએ સત્યાગ્રહની લડતના મુખ્ય હથિયારનું ઠીક ઠીક સેવન કર્યું હતું. તે હથિયાર તેમનું રચનાત્મક કાર્યક્રમ હતું. કાર્યકર્તાઓએ તાલુકાના જૂથોમાં લવાદ પંચો સ્થાપ્યાં હતાં. દારૂ નિષેધની પ્રવૃત્તિ શરૂ કરી હતી. ગામે ગામ લોકોનું સંગઠન કર્યું હતું અને આ કાર્ય માટે સ્વયંસેવકોની ટુકડીઓ ઊભી કરી હતી. સરકારી અમલદારો જમીન-મહેસૂલ વસુલ કરતા થંભી ગયા પણ પ્રજાનો ઉપરોક્ત રચનાત્મક કાર્યક્રમ જોસભેર ચાલ્યો. દીવાની ફોજદારી કચેરીઓમાં મેળા ભરાય છે તેને બદલે તે કચેરીઓ ઉજ્જડ દેખાતી. ભાગ્યે કોઈ જૂનો પુરાણો કેસ હોય તો તે પૂરતા માણસો ત્યાં જતાં. ગામે ગામ પંચો નીમાયા અને તેમણે બહુજ સુંદર કામ કર્યું. લાંચ રુશવતની બદી તો સાવ બંધ થઈ ગઈ. પેટલાદ તાલુકામાં કોઇ તલાટી કે નોંધણીકામદાર કે પોલીસ અમલદાર નોકરી કરવાને પણ રાજી ન હોય, આવું સ્વચ્છ વાતાવરણ થયું. ગામેગામ ઉપસ્થિત થતા કજીઆનો નિકાલ થવાથી પ્રજાનું સુંદર સંગઠન થયું. આવી બેઠી તાકાતથી સરકારી અમલદારો પણ ચેત્યા. તેમણે પણ ઠીક ઠીક મર્યાદા સાચવી.

આમ ઉત્તમ શસ્ત્રથી સુસજ્જ થઇને પ્રજા પોતાના નિર્ણયનું પાલન કરતી રહી. આવા સંગીન કાર્યથી સરકાર વિચારમાં પડી. કોઈપણ સખ્તાઈનું પગલું ભરે, અને તેમાં તે નાસીપાસ થાય તો તેની મર્યાદા–માઝા–પ્રતિષ્ઠા તૂટે એવો તેને પૂરો ભય પેઠો. શ્રીમંત મહારાજાસાહેબ વિલાયત હતા. તે તો અહીંની બધી ખબર મેળવતા. તે વખતના દીવાન શ્રી મનુભાઈ મહેતાએ બહુજ ધીરજ અને ડહાપણ વાપર્યું એમ કહું એજ વાજબી ગણાય. તેમણે જમીનમહેસૂલની વસુલાત અંગેનું કોઈપણ કડક પગલું ન ભર્યું. બીજી બાજુ પ્રજા પણ એક પગે થનથની રહી હતી. ધર્મજમાં એક રાત્રે વાવડ આવ્યા કે સવારે જપ્તીઓ થશે. જાણે વીજળી ચમકી ગઈ, તે રીતે રાતોરાત ઘર-ગામ થયાં, વલોણાં વલોવાયાં, ભેંસો દોવાઈ, વાસીદાં થયાં અને દિવસનાં બધાં કામ રાતોરાત કરી પરવારીને ઉષા ઊગે તે પહેલાં તો લડાઈને વધાવવાને

તૈયારી થઈને સર્વ સ્ત્રી પુરુષો રાહ જોતાં બેઠાં. વહીવટદારે એક મુખીને મહેસૂલ નથી ભર્યું માટે એક બે કલાક કોરટમાં બેસાડી મૂક્યો—પરિણામે મહેસૂલ તો ન જ મળ્યું પણ સરકારી કામે પણ મુખીઓએ મહાલની કચેરીમાં જવાનુ માંડી વાળ્યું. આમ પેટલાદ તાલુકામાં જાણે રાજસત્તાજ નથી અને ખેડુત પ્રજામંડળનું જ રાજ છે એમ થયું.

સુલેહના દૂત

આવી યત સંપુટની શાન્તિ થોડા માસ ચાલી. દરમિયાન રાજનગરના યાત્રીઓ હરદમેશ વાવડ લાવતા કે જપ્તીઓનો હુકમ નીકળ્યો છે, જમીનો હરાજ કરવાની મસલત ચાલે છે. જમીનો રાખનારાઓને ઊભા કરવામાં આવ્યા છે. મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓની ધરપકડ કરવાના હુકમો નીકળી ચૂક્યા છે, વગેરે વગેરે. પણ એવામાં બાજી પલટાઈ! એક માંગલિક દિવસે પેટલાદના મહેમાનગૃહમાં તે વખતના વડોદરા પ્રાંતના સુબા શ્રી મુકરજીનો મુકામ થયો. બપોરના એક વાગે તાલુકા ખેડુત પ્રજામંડળના મંત્રી અને કાર્યકર્તાઓને બોલાવ્યા. કાંઈ પ્રતિબંધનો હુકમ આપવા તો નહિ બોલાવતા હોય, એવો પ્રશ્ન ઉઠ્યો. મંત્રી વગેરે ત્યાં ગયા. આવકાર સાથે બેસાડ્યા અને સરકારનો હુકમ વાંચી સંભળાવ્યો કે: "પેટલાદ તાલુકાના ખેડૂતોની ફરિયાદ ધ્યાનપૂર્વક સાંભળી શ્રીમંત સરકાર એવો નિર્ણય કરે છે કે 'નવા રિવિઝન સેટલમેન્ટના અંગેની અન્ય ફરિયાદો અંગેની તપાસ કરવાને મહાલનિહાય સરસુબા શ્રી અનંત નારાયણ દાનારને નીમવામાં આવે છે." તેમણે અમુક મુદતમાં તપાસ કરી તેનો રિપોર્ટ કાઉન્સીલ સમક્ષ રજૂ કરવો. તપાસમાં પ્રમુખશ્રીનો સાથ લેવો.

શંકાશીલ વાતાવરણ નિશ્ચિત આનંદમાં પલટાઈ ગયું. તાલુકામાં આનંદ પ્રસરી રહ્યો. સત્યાગ્રહની જીતના જયઘોષ થયા. તાલુકાના ખેડૂતોની પ્રતિષ્ઠા આખા રાજ્યમાં એક બહાદુર પ્રજા તરીકે ખૂબ વધી પડી. પરમપૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ સરકારનો એ હુકમ નવજીવનમાં પ્રસિદ્ધ કરીને સત્યાગ્રહની લડતમાં પેટલાદના ખેડૂતોને જીત મળ્યા બદલ અભિનંદન આપ્યું. તાલુકામાં આનંદોત્સવ થયો.

તપાસ થઇ

નિમણુંક પ્રમાણે શ્રી દાનાર પેટલાદ તાલુકામા આવ્યા પ્રમુખ, મંત્રી અને અન્ય માદિનગાર કાર્યકર્તાઓ તાલુકાના ગામોમાં તેમની સાથે ફર્યા તપાસ કરી સમસ્યાઓને અંગે કુવાના પાણી તપાસ્યા અને તેમણે રિપોર્ટ કર્યો. જે રિપોર્ટ થયો તેમાં પ્રજાના પ્રતિનિધિઓની સંમતિ હતી તેમણે પ્રજાના પીડાળનો વિચાર કરીને તેમના મુખ્ય સિદ્ધાન્ત સંપૂર્ણપણે સાચવીને સંમતિ આપી હતી તે રિપોર્ટ ડાક્ટરભીન પાસે રજુ થયો.

સોજીત્રાની પરિષદ—પૂ. મહાત્માજીની હાજરી

તે દરમિયાન તાલુકાના કાર્યકર્તાઓએ આ પ્રસંગનો પૂરો લાભ લેવા ધાર્યું તાલુકામાં પ્રજાની એક પરિષદ વિજય ઉજવવાને અને તાલુકાની પ્રજાનુ વધારે સાર સંગઠન કરવા અર્થે યોજાઈ, પ્રમુખ તરીકે ડો સુમન્ત મહેતાની વરણી થઈ. પૂ મહાત્મા ગાંધીજી આ પ્રસંગે પધારે એવો સોજીત્રા સ્વાગતમંડળનો આગ્રહ હોવાથી તેમના તરફથી એક પ્રતિનિધિમંડળ પૂ મહાત્માજીને આમંત્રણ કરવાને દીલ્હી મોકલવામા આવ્યુ પૂ મહાત્માજી ૨૧ દિવસના ઉપવાસ કરીને ગુમાવેલુ સ્વાસ્થ્ય મેળવતા હતા. આવા લાંબા ઉપવાસ પછી પ્રથમવાર જ તેમને મુસાફરી કરવાની હતી જેથી તેમણે પોતાને અનુકૂળ તારીખ આપી તે દિવસે સોજીત્રામા પરિષદના દિવસો નક્કી થયા સોંનો ઉત્સાહ, પૂ મહાત્માજીની પધરામણી, યોગ્ય પ્રચારકાર્ય, ખિટિશ અને ગાયકવાડી ગામોની કુનગૂથણી વગેરે સંજોગોને કારણે નવરહ્યાગની વસ્તીવાળા સોજીત્રા ગામમા લાખ માણસની મેદની જામી આ પરિષદને અંગે હરિજન પરિષદ, બાળ પરિષદ, અને મહિલા પરિષદો ભરાઈ દેખાવ એવો હતો કે જાણે મહાસભાની નાનીશી બેઠક ન હોય! આ પરિષદમા પ્રમુખશ્રી ડો સુમન્ત મહેતાએ તાલુકા પાસેથી ૪૦ કાર્યકર્તાઓ માગ્યા અને તે તેમને મળ્યા હરેક ગૂપે કાર્યકર્તાઓ તેમણે ગોઠવ્યા

છેવટની વાટાઘાટ અને જાહેરાત

ડૉ સુમન્ત અને હુ એક દિવસે મહેળાવ ગામે હતા. ત્યા તે વખતના નાયબ દિવાન શ્રી રામભાઈભાઈ દેસાઈ તરફથી તેડુ આવ્યુ કે પેટલાદના મુખ્ય કાર્ય-

ર્તાઓને દિવાન સાહેબ બોલાવે છે. તે ઉપરથી ટૂંક કલાકના સમયમાં જેટલાને બોલાવી શકાય તેટલાને લઇને ડૉ. સુમન્ત સાહેબ દીવાનસાહેબ પાસે ગયા. સાથે માજી પ્રમુખ શ્રી રાવજીભાઈ પટેલ પણ હતા. શ્રી દાતારના રિપોર્ટ ઉપરથી કરેલા નિર્ણય વિષે તાલુકાના પ્રતિનિધિઓ સાથે વાટાઘાટ કરવાની હતી એક પછી એક બધા મુદ્દાઓ ચર્ચાયા ખેંચતાણ થઈ તેમાં કોઈ કોઈ મુદ્દે નરમગરમ પણ થવું પડ્યું, અને તેમાં થયેલો નિર્ણય સંતોષકારક ગણાય. કરેલા નવા રિવિઝન સેટલમેન્ટમાં જોઈતો ફેરફાર કરીને સબસોઈલનું ધોરણ બંધ. મોમદ્વાનું ધોરણ બ્રિટિશ ધોરણે કરવાની ખાત્રી આપી, વગેરે વગેરે જે હુકમ મંત્રીમંડળની સહીથી તા. ૧૯–૩–૧૯૨૫ના રોજ આજ્ઞાપત્રિકામાં પ્રસિદ્ધ થયો છે. આમ પ્રજાના સંગઠનથી પ્રજાએ માગેલો ન્યાય મળ્યો છે. અને પ્રજામાં પોતાની શક્તિ માટે શ્રદ્ધા આવી છે.

રાવજીભાઈ મણિભાઈ પટેલ

પ્રજામંડળ અને ફોજદારી કેસો

'પ્રજામંડળે પ્રજાવર્ગને કેટલાક ફોજદારી કેસોમાં મદદ કરી તેની ટૂંક નોંધ લખવાનું કામ મને સોંપવામાં આવ્યું છે.

સન ૧૯૨૮ પહેલાની વાતની 'મને ખબર નથી. અને પ્રજામંડળે કદાચ મદદ કરી હશે તો તેનું કોઈએ રેકર્ડ રાખ્યું નથી પણ ત્યારપછીના દરેક ફોજદારી મુકદ્દમાનું ઓછું વધારે રેકર્ડ પ્રજામંડળમાં છે.

શંખપાળ

૧૯૨૮ પછી પહેલો જાણવાજોગ ફોજદારી કેસ શંખપાળનો થયો. વડોદરાને આંગણે માત્ર પાંચ કે છ માઈલ દૂર મો કોળીઓનું ટોળું આમોદના પાદરે તળાવમાં પડેલું. તે વખતના વડોદરા તાલુકા ફોજદાર શંખપાળનો આમોદમાં મુકામ હતો. દારૂમાં ચકચૂર થઈ તેણે તેના ગોઠીઆઓ જોડે રાતે આ કોળીઓને ત્રાસ આપ્યો અને જુવાન સ્ત્રીઓ સામે નગ્ન બગાડી તેમને ડરાવવા ગોળીબાર કર્યા—બોરાના પતરાં કાણાં કરી નાંખ્યા.


ફોજદાર વિરૂદ્ધ કોણ દાદ સાંભળે—એક દિવસ ગયો—બીજો ગયો—ત્રીજો ગયો—આ સનાપુરના પરદેશીઓ આખરે કોઈની સલાહથી વડોદરા સ્ટેશને




શ્રી ગણેશ ભાસ્કર સાને
પ્રમુખ —પાંચમી પરિષદ



શ્રી પ્રાણલાલ મુનશી
પ્રમુખ —ચૌદમી પરિષદ



સ્વ. હરિ રાવજી ચાંદોરીકર
નવસારી પ્રાંત પ્રજામંડળના આગેવાન કાર્યકર્તા



શ્રી વામનરાવ તામ્હણકર
ન. રા. પ્રજામંડળના દશમા અધિવેશના પ્રમુખ

આ ના તેઓ મે ગ રા પોલીસ કમીશનર અને નેક નામદાર દીવાન સાહેબને મળ્યા—તેમણે જણાવ્યું કે ...વગતુ નથી—આશ્વાસન ઉપરાંત આગળ ગાડી ચાલતી નથી તેમની પાસે ખાવાનું પણ નહોતું અને તેઓ આ થા પ્રજામંડળમાં

પ્રજા સેવાનો આ મોકો હતો અમલદારો સામે ગરીબ પરદેશીઓને મદદ કરવાની આ ઘડી હતી અને પ્રજામંડળે આ કામ ઉપાડી લીધું ગુના બન્યા બાદ જાતિ ાઇથી તપાસ કરી, ચોરાની જુબાનીઓ લીધી—પ્રગટ કરી—અને ગામ લોકોના જવાબ લીધા અને આસપાસથી આ અત્યાચાર બન્યા બને તેનો પુરાવો મેળવ્યો પ્રજામંડળના મંત્રીઓ ગામડે ગામડે ભટક્યા ખૂબ ખૂબ ...ગણુ કરી—અને આ વાત પૂરી પેશ નહિ થાત પણ એક દૈવી અકસ્માત થયો શ્રીમંત મહારાજા સાહેબ શ્રીમંત સયાજીરાવ મહારાજ મહાર ફરવા ની ...ના અને ...રીઆએ બૂમ મારી 'જય શ્રીમંતનું કશળપાળનું' ...અને વેચાતા અને નાણા આપી આ વધારો શ્રીમંત મોટર ઉભી રાખીને ...લીધો—તપાસ ચાલી—અને ખાસ ન્યાયાધિશ નીમાઇ શખપાળને યોગ્ય સજા થઈ

આ કામે પ્રજામંડળે જે ખબરદારીથી કામ કર્યું તથી પ્રજામંડળની પ્રતિષ્ઠા ઘણી જ વધી ગઈ સતાપુરના લગભગ સો ભગીઓને છ માસ સુધી વડોદરામાં રહેવું પડ્યું તમને માટે ૭ મહિના ચાલે એટલું અનાજ અને કેસમાં લાગતા નાણા વડોદરાની પ્રજાએ આપ્યા આ ઉદારતા માટે પ્રજામંડળ વડોદરા શહેરની પ્રજાનું ઋણી છે વડોદરા તાલુકાની પ્રજાએ આ કેસના મ ણ પડી તા અમલદાર સામે હજારો ફરિયાદ પ્રજામંડળમાં નોંધાવી—એ બધા કાગળો—એ—પ્રજામંડળની ઓફિસમાં પડ્યા છે વાચીને પારી આવે છે

શખપાળને સજા થઈ જે મુખ્ય ગુનામાં શખપાળ ફોજદાર હતી હતા ત (ગુનાના જોનાર તરીકે એ આજે કામ કરે છ પોતાની સામે કેસ ...યો ...ન તેઓ પ્રજામંડળનો ઉપકાર માને છે—ભનુ થ તે તનાર પ્રજામંડળનું ...માર ...ન સુધાયુ—મને પ્રજામંડળની ...નહિ લાગી હોત તો ...

કેટલાયે અનાચાર કરતા–રા. શંખપાલ દર બેસતાવર્ષે અને તિળગૂડને પ્રસંગે મારે ત્યાં આવે છે–અને મારો ઉપકાર માને છે. હજુ આ વખતે જ તેઓ કહેતા હતા, તમે મને આ ભવમાં ઉગારી લીધો–"તમને યાદ છે કે તમે અને હું જ્યારે રેલ્વેમાં ડબોઇથી વડોદરા સાથે મુસાફરી કરતા હતા ત્યારે મારી પાસેના ખોળામાં શું હતું"–"દારૂની બાટલીઓ ભરેલી પડી હતી"–મુનશી સાહેબ તમે અને પ્રજામંડળે મારું ભલું કર્યું છે.

અને ખરેખર, રા. શંખપાળનો જીવનપલટો થયો છે. તેઓ નિર્વ્યસની બન્યા છે. ગીતાના અભ્યાસી અને નિત્યપાઠી બન્યા છે. તેમના હૃદયમાંનો રાક્ષસ મરી ગયો છે. તેમનું ભલું થાઓ–ખરા પશ્ચાતાપ પાછળ તો દેવભૂમિ દેખાતી જ રહે છે.

આમરોલીના વણિક

થોડા દિવસ ગયા અને એક દિવસ હું રાતના લગભગ ૯ વાગે ઘોડદોડ ઉપર મારા મકાનમાં ટેબલપર બેઠો હતો અને પોચંબા તા. આમરોલીના કેટલાક વણિક ભાઇઓ રાડ પાડતા આવ્યા. ત્યાંના ફોજદારે એક ગુનાના કામમાં પોચંબાના કાલિદાસ દલસુખ પાસે લાંચ માગેલી અને તે નહિ આપી ત્યારે આ જુવાન વણિકને એક કોટડીમાં ગોંધી ઘાલ્યો. ગંધાતી, સાફ કર્યા વિનાની મચ્છરથી ભરેલી કોટડીમાં વિના ગુને આ વણિકભાઈને આખી રાત ગુમાવવી પડી. તેને ફોજદારે માંડમાંડ છૂટો કર્યો અને તેણે વડોદરે આવી પ્રજામંડળ મારફત હોસ્પિટલનો આશરો લીધો. તેને તાવ આવતો હતો. અને તેના હૃદય ઉપર અસર થઇ હતી. તે આવ્યો ત્યારે તેની આંખો ફાટી ગઈ હતી.

ફોજદાર સામે તેણે રા. કમિશનર સાહેબ પાસે ફરીઆદ કરી અને ફોજદાર ઉપર કામ ચલાવવા મંજૂરી માગી, પણ રા. ગાડગે બનતા સુધી કોઈને આવી મંજૂરી ભાગ્યે જ આપતા.

ફોજદાર એક મી. નવાબ એણે સરકારી કામે હરકત કર્યા બદલ વાણીઆ ઉપર સામી ફરીઆદ માંડી અને તે નીકળી પણ ગઈ. વાણીઆ ઉપરનો કેસ સાબિત નહિ થયો. તેને ફોજદારે કોટડીમાં ગોંધી ઘાલ્યો અને આખી રાતના વીતક તેને વેઠવાં પડ્યાં તે બધું વડોદરા રાજ્યમાં ફોગટ ગયું.

આ પછી નાના મોટા ઘણા ફોજદારી મુકદ્દમામાં પ્રજામંડળે લોકોને સહાય આપી અને જેને અમલદારી કનડગત થતી તે સામાન્ય રીતે પ્રજામંડળમાં આવીને રાડ નાખતા અને પ્રજામંડળ તેમને પોતાનાથી બની શકે તેટલી મદદ કરતું.

મારફત અને ચીમનલાલ ડભોઇવાલા

શંખપાલ પછી બીજો કેસ લાંચનો રા. ચીમનભાઈ ડભોઈવાળા ઉપર થયો. ડભોઈ તાલુકાના અબીપુરા ગામે ઢેડનાં ઘર બળી ગયાં હતાં અને પ્રજામંડળે આ ઢેડ લોકોને મદદ કરવા માટે જુદેજુદે સ્થળેથી નાણું અને ઈમારતી કાટ ઉઘરાવ્યો હતો. આ કાટના વેગનો લેવા અને ઉતારવા માટે સ્ટેશન માસ્તરોએ મારફત માગી—એક સ્ટેશન માસ્તરે કહ્યું " Charity begins at home" વેગનનું મારફત મેલી ઘો. ઢેડ હોય કે ભંગી હોય. રા. ચીમનભાઈ ડભોઈવાળા તે વખતે ડભોઈ તાલુકાના મંત્રી હતા. સ્ટેશન માસ્તરના શબ્દોથી તેમનું દિલ કોરાયું અને તેમણે આ વાતનું ચર્ચાપત્ર નવગુજરાતમાં લખ્યું. આ ચર્ચાપત્ર રેલવેમાં પહોંચતા રેલવેના અમલદારોએ આ સ્ટેશન માસ્તરોને ચોખ્ખા થવા ફરજ પાડી—અને ચોખ્ખા થવાની આ ઓછી અક્કલની પદ્ધતિ અનુસાર સ્ટેશન માસ્તરો ફરીઆદી અને રા. ચીમનલાલ ડભોઈવાળા આરોપી બન્યા. એક સાચી ફરીઆદ કરનારને આરોપી બની જ્યારે કોર્ટમાં ઉભા રહેવું પડે છે ત્યારે જીવ ઉપર આવે છે. આરોપી તરીકે જ્યારે પહેલે દિવસે રા. ચીમનભાઈનું નામ પોકારવામાં આવ્યું અને તેને ઉભા રહેવું પડયું ત્યારે રા. ચીમનભાઈની આંખમાંથી બે મોટાં ઉનાં આંસુ ગરી પડ્યાં. મારફત સાબિત થઈ. માસ્તરો ઘેર બેઠા, પણ વડોદરા રાજ્યમાંથી હજુ મારફત ગઈ નથી. પણ પ્રજામંડળ કેટલા કેસ લડે !!

વિસનગર અને નોંધણીના લાગો

શંખપાળ પછી બીજો મોટો મુકદ્દમો પ્રજામંડળે હાથ પર લીધો હોય તો નોંધણી કામદાર પોતાને માટે દરેક દસ્તાવેજે ૧ રૂપીઓ અને સિપાઈ વગેરેના લાગાના પાંચ આના મળી રા. ૧–૫–૦ લેતા તેને અટકાવવા પ્રજામંડળે પ્રયાસ કર્યો તેમાંથી ઊભો થયો. લાંચ રુશવત અટકાવવાની દાખલ વિસનગર

પ્રજામંડળ અધિવેશનમા ન્યાયમા આવી હતી અને વિસનગરે નોંધણી ક્યે રીના આ નાગા સામે ઝુંબેશ શરૂ કરી એક ગરિબ પણ જ પાસે નોંધણી નામ દરે નાણા લીધા અને વિસનગર પ્રજામંડળના મંત્રીઓએ આ વાત મો ઉપર મૂકી વાત ચર્ચાઈ—અને નોંધણી નામદારને ચોખ્ખા થવા જ પા વામા આવી આ કેસ પાડતા પકડેના મુનશી અમલદારોએ આ બાબતની તાત્કાલિક તપાસ કરી પણ ખાતાના મુનશી અમલદારો અને પોલીસ અમલદારો કોણ જાણે કેવી રીતે તપાસ કરે છે કે ઘણુ ખરુ તો તેમને નીચેના માણસોના ગુના જડતા જ નથી. તેઓ જે તપાસ કરે છે તે એમને કરે છે કે અધૂરી રહે છે કે પછી આરોપીના શ્રેય સામે જોઈને તપાસ કરે છે—પણ તપાસમા કંઈ તથ્ય ની ગતુ નથી. આ વિસનગરના કેસમા પણ થોડુ એવુ થયુ પણ પ્રજામંડળ તરફથી એવી ઝુંબેશ રખાયા આવી કે આ કેસના નોંધણી અમલદારને ચોખ્ખા થવાની ફરજ પડી. પ્રજામંડળના મંત્રી અને બીજા બે જણા ઉપર રેવદારી કામ ચાલ્યુ નોંધણી દામદારને સરકારી વકીલનો લાભ મળ્યો અને બીજા પણ કેટલાક વકીલો પ્રજામંડળની વિરુદ્ધ નોંધણી કામ કરી મદદમા રહ્યા પણ સત્ય હમેશ નહિ રહ્યુ કોર્ટનો ઠરાવ જોવા જેવો છે કોર્ટને માનવુ પડયુ કે લાગો તો લેવાય છે, અને આ નોંધણી અમલદાર પોતાની જગા ઉપર થી ગાઈને લો તેને ગેરકાયદાને રાજ નકેતુ એમ જણાયુ—આનો પ્રશ્ન ધારાસભામા પૂછવામા આવ્યો ધારાસભામા બનતા જ જવાબ મળ્યો અને પ્રજામંડળને ટગરનો અગત્યનો ભાગ છાપી પ્રસિદ્ધ કરી સનાવવુ પડયુ કે લાઈ લાય લેવાઈ છે એવો ઠરાવ થયો છે ઠરાવ ને નામ. દીવાન સાહેબ પાસે ગયો અને કહેવાય છે કે તેમણે ખાતાને ઠપકો દીધો અને આગલી બધી કામગીરી પછી પેના વિસનગરના નોંધણી અમલદાર નોકરી પરથી દૂર થયા.

પણ આ સત્ય હકીકત સાબિત કરવામા પ્રજામંડળને મોટો ખર્ચ થયો. પ્રજામંડળના મંત્રીઓને આરોપી તરીકે ઊભા રહેવુ પડયુ—અને પ્રજામંડળના સભ્યોને પુરાવો મેળવવામા ગામડે ગામડે રખડવુ પડયુ—પ્રજામંડળ પાસે આખા વિસનગર તાલુકામાથી ટૂંક વખતમા લગભગ આ બાબતના અઢીસો પુરાવા મળ્યા તેમાના લગભગ સો પુરાવા તો લેખી હતા.



ચિમનલાલ દેસાઈ



કાશીભાઈ પટેલ



ચિમનલાલ ક સારા



બાલકૃષ્ણ મહારાજ

આવા ઢગલાબંધ પુરાવા પડ્યા છતાં અને અમલદારોની આંખે ચઢી શકે એવા છતાં-પણ આવી લાંચની બદી વડોદરામાં ફૂલે ફાલે છે એ દિલગીરી ભરેલું છે. વિસનગરની પ્રજાએ આ કેસમાં નીડરપણે જે સત્ય હકીકત ન્યાયાધિશોઓમાં રજૂ કરી તે માટે વિસનગર તાલુકાની પ્રજાને ધન્યવાદ છે.

ગૌરીશંકર પ્રેમજી

અમરેલીમાં ગૌરીશંકર પ્રેમજીનો કેસ પણ તેવો જ થયો. તેને તો પોલિસના માણસે કચેરીના ઓટલા ઉપર ધોલ મારી અને કેસો મંડાયા. કેસો લાંબા ચાલ્યા પણ ગૌરીશંકરની છેવટે જીત થઇ.

બાળકૃષ્ણ મહારાજ

વડનગરના બાળકૃષ્ણ મહારાજનો ફોજદારી કેસ જરા જુદા પ્રકારનો હતો. જ્યાં જ્યાં કોઇપણ માણસ પ્રજામંડળના કોઈ કાર્યકર્તા સામે ફોજદારી કરનાર મળ્યો કે પોલીસને ફોજદારી કેસ બનાવી દેવાનો નશો ચઢે છે.

શ્રી બાળકૃષ્ણ મહારાજ ખેરાળુ તાલુકા પ્રજામંડળના ઉપ-પ્રમુખ હતા. પ્રજામંડળના કામ માટે ભીખ માંગી મુંબાઇથી નાણાં લાવ્યા, અને તે નાણાં-માંથી રૂ. ૧૫) પંદરના કાર્ડ-કવર વેચાતાં લીધાં. મુંબાઈ છોડયું ત્યારે તેમને તાવ આવતો હતો અને અમદાવાદ સ્ટેશને ગાડી બદલતાં તેમણે કાર્ડ-કવરનું પોટલું ગુમાવ્યું. તેમણે તપાસ કરી અને તાલુકા પ્રજામંડળમાં આ પોટલાના રૂ. ૧૫) આગરે પોતાના નામે ઉધરાવ્યા પણ ખરા.

પણ પ્રજામંડળના રા. બાળકૃષ્ણ મહારાજના તે વખતના વિરોધી એક ભાઈની અરજી ઉપરથી પોલીસે રા. બાળકૃષ્ણ મહારાજ પર કેસ બનાવ્યો. લો.અપમાં રાખ્યા. આ કેસ ખેરાળુ વહીવટદાર પાસે મેજીસ્ટ્રેટ તરીકે ચાલ્યો. ધક્કાનો પાર નહિ રહ્યો. અથડામણ અને પૈસે રા. બાળકૃષ્ણ મહારાજ હેરાન થયા. તેમને વહીવટદાર સાહેબે તો સજા કરી, પણ પ્રાંત ફોજદારી ન્યાયા-ધીશમાં તેઓ નિર્દોષ છૂટયા.

બેટના મગનભાઇ પોપટભાઇ જોશી

આ ભાઈ બેટના ઉપ પ્રમુખ હતા. બેટ સુધરાઈમાં તેમના તાબાનો કારકુન લાંચ લે છે અને સુધરાઈનું ઉત્પન્ન બગાડે છે એવાં નિવેદનો ગ. મગનલાલ પોપટભાઈએ બેટ સુધરાઈના ઉપ પ્રમુખ તરીકે કર્યાં. આનું પરિણામ સંતોષ કારક નહિ આવ્યું.

ત્યાર પછી ઓખા રાજ્યની પંચાયતોની પરિષદના મહાલનિરાય મગ્રુમા સાહેબની ઑફિસમાં તે બંગલામાં આવી આ પરિષદમાં રા. મગનભાઈને આમંત્રણ હતું. મેં આ પરિષદમાં ભેગા થએલા પ્રજામંડળના સભ્યોને મારે ત્યાં પ્રજામંડળના મંત્રી તરીકે બોલાવ્યા અને તેઓ માત્ર નામના પૂતળાં છે કે વડોદરા રાજ્યમાં તેમની કાંઈ કીંમત છે એ જાણવા માગ્યું. દરેક પોતાની વિગતો કહી તેમાં ગ. મગનભાઈએ પણ કહી જે કાગળો ઉપર આ વિગતોનો આધાર હતો તે કાગળો મેં મગાવ્યા અને તે ઉપરથી "પ્રજામંડળ પત્રિકા" માં દસ લીટીનો લેખ લખ્યો અને લખ્યું કે આવડા લાડકવાયા કારકુન તે વળી કોણ છે?

મેં લેખ લખ્યો અને ફરીઆદ થઈ ને મગનભાઈ પોપટભાઈ ઉપર આ નાહક માણસને મારા લખાણને લીધે આરોપીમાં ઊભા રહેવું પડયું. તે વખતે દ્વારકામાં મી. મેરબાન શાહ મેજીસ્ટ્રેટ હતા.

સુધરાઈના ઉપપ્રમુખે ઉપપ્રમુખ તરીકે પોતાના અને કારકુનના ઉપરી મે ઓખા કમીશનર સાહેબને કરેલાં નિવેદનના આધાર ગ. મગનભાઈના ઉપરનો ગુનો સાબિત માની રૂ. ૮૦૦) જેટલો દંડ કર્યો. ગ. મગનભાઈનું ઘર વેચ્યા વિના આ દંડ આપી શકાય એમ નહોતું. દંડ તો આપવો પડત—પ્રજામંડળનો એક સિપાઈ ગરીબ તો હતો જ—આ દંડ ભરીને ભિખારી થઈ જાત. પણ રા. મગનભાઈની જનસેવાનો સાત્વિક પ્રભુ જાગતો બેઠો હતો. તેમણે ગુના વિવાદ કર્યો. સારી વકીલ ફી આપી વકીલ કર્યો—અને વિવાદના કામે તેમણે કારકુન સામે કરેલા આક્ષેપો ખરા ઠર્યા અને ભાઇ મગનભાઈ પોપટભાઈ નિર્દોષ છૂટયા. પ્રભુના ગોઠા આગળ ગ. મગનભાઈનો ઈન્સાફ થયો કારણ રામ ન્યાયની કોર્ટ પાસે હતું—પણ મુનશી કોર્ટમાં ગ. મગનભાઈને ન્યાય નહિ મળ્યો.

કારકુન દોષીત ઠર્યો—તેણે લાંચ લીધી હતી એમ સાબિત કર્યું. તેને ચોખ્ખા થવા જે સરકારે હુકમ કર્યો તે સરકારની ન્યાયની કોર્ટમા તે મેતાનાચિયો સાબિત થયો—અને તે નોકરીમા ચાલુ રહ્યો. ગ મગનભાઈએ મુંબઈ અમલદારોને ઠેઠ દીવાન સાહેબ સુધી અરજ કરી, પણ આ બધી કરેલી અરજીઓ કાગળ ગઈ "સાહેબ આ તો પ્રજામંડળનો માણસ" મને ગરીબ માણસને હેરાન કરવા બેઠો છે—આ દલીલ એક કચેરીમા અરજદાર કરતો હતો આ વાત ગ મગનભાઈએ કાનોકાન સાંભળી અને કારકુન હીંગનાર લીનાધર બચી ગયો

જો કારકુન ચોખ્ખો થયો હોત તો પ્રજામંડળના માણસ ગ મગનભાઈને જન્મની નાગી ગીરી ચોટત પણ પાંચસો હજાર રૂપિયા ખર્ચીને મગનભાઈ ચોખ્ખા થયા અને કારકુન મેતો ઠર્યો—પણ સંયોગ એવો કે આ મેતો કારકુન રાજ્યમા પોસાયા અને આજે પૂર પેનશન ખાય છે—આ કેસ એક નમૂનાદાર કેસ છે અને આજે મગનભાઈને ધંધા માટે દુઃખમા મુંબાઈ જવુ પડ્યુ

મેજીસ્ટ્રેટ મેરનાનભાઈ એમના કર્મને વશ થોડા વખતમા ઘેર બેઠા તેમના ઉપર લાંચ રુશવતની અરજી થઈ અને તેની તપાસ થઈ ન્યાયખાતાના ઇન્સ્પેક્ટરે તપાસ કરી અને ના ગેરનાન ઘેર બેઠા—મુંબઈ અમલદારને સાવ તપાસ ચઢી હોત તો રગી ન તેમની નજરે તપાસનુ પરિણામ બાબત

ગ. ચુનીલાલ શાહ

માન સન્મની ગ ચુનીલાલ શા ફોજદારી નામમાથી નહિ બચ્યા ન નરજન નાનનામા કરવા ગયા બદલ અને પોલીસ તેમનો ટીકા લીધો નર ન્યા કરે તેમ ચુનીભાઈની અને પોલાસની મોટર એકબીજા પાસ કરતી હતી—અને એક હવાલદાર ભાઈ ચુનીભાઈની ઘાણી નજર મે ચાર શીરને કરે શેના કરી ગ ચુનીભાઈની વાનાની નાધ કરવા ઉત્સુક બન્યો હતો ફરતુ અસલ બન્યુ, અને તેમણ પ્રનાસ મળ કરી આ મહન એક નખ નખવા આ લખ ઉપરની ના ચુનીભાઈ ઉપર પણ બનાવીના કેસ થયા પહેલી ગેર ના ચુની ભાઈને સજા કરી પ્રાંતમા કાયમ રહી નહિ નઈ નામ પાછુ મોકલ્યુ અને પ્રાંત ફોજદારી ન્યાયાધિશ ગ મીઠાભાઈ સાહેબે ના ચુનીભાઈને નિર્દોષ ઠરાવ્યા

ગણપતપુરા કેસ


અને ગણપતપુરા કેસ તો વળી વધારે આગળ પડતો છે. કરજણના એક અડંગ દારૂ પીનાર ગરાસિઆએ ગણપતપુરાના એક આખા કુટુંબ અને તેના લાગતા વળગતા માણસો ઉપર સારી ચાલના જામીનનો કેસ કર્યો. આમાં એક બેચરભાઈ કરીને સાઠ વર્ષ ઉપરાંતના ગૃહસ્થ પણ હતા. તે અને તેમના ભાઈઓ ગણપતપુરાના મોટા વતનદાર–સરકારી માણસો–પણ પ્રજામંડળના ભક્ત હતા.

વડોદરા પ્રાંતના સુબા એકવાર પાકની આનાવારી જોવા ગયા. ગણપતપુરાના પટેલે સારું સારું કહ્યું–પણ જે કુટુંબ ઉપર કેસ થયો તેના એક જુવાનિયાએ કહ્યું ૭ આનાથી વધારે પાક્યું નથી. આપ જરા મોટરમાંથી ઊતરો તો આપને ખાત્રી કરી આપું–હાકેમ ચીડાયા. અને આ પછી આ કુટુંબના ઘરડા અને જુવાન ઉપર કેસ થયો. નવસેં ચારસેં વીઘાના આ ગૃહસ્થ, ખાનેદાર કાપડનો ધંધો કરનારા–સરકારનો આવકવેરો ભરનારા આ ગૃહસ્થો–ઉપર સારી ચાલના જામીનનો કેસ થયો. અને જામીન વિનાના વોરન્ટો નીકળ્યાં: એમને પકડયા અને મારા ઉપર કરજણથી તાર આવ્યો. તેઓ સ્ટેશનપર ઊતર્યા તે પહેલાં તો હું વડોદરા સ્ટેશનપર હાજર થયો હતો મારી સાથે પ્રજામંડળના બે માણસો હતા. ભાઈ ચુનીભાઇ પણ હતા. આ ત્રણેય ચારસો વીઘાના વતનદાર આદમીઓને હાથે દોરડા બાંધ્યાં હતાં અને વાટાઘાટ થઈ કે તેમને મોટરમાં લઈ જવા કે પગપાળા: અમે તો જોયા જ કરતા હતા, પણ હતા પાસે.

આખરે તેમને દોરડા બાંધી સ્ટેશનથી બંદર સુધી દોરડા બાંધીને પગે ચાલતા લઈ જવાનો વિચાર ચોક્કસ થયો અને રસ્તો ચાલવા માંડયો.

મારી પાસે ઊભેલા પ્રજામંડળના કાર્યકર્તા મિ. ટેલરેને મેં કહ્યું. ઑફીસમાંથી કૅમેરા લાવો અને આ ભાઈઓને ચાલતા લઈ જાય છે તેના બે ત્રણ સ્થળેથી ફોટા આગળથી–હોસ્પિટલ પાસેથી અને ગલ્લીઓમાં અને છેવટે જેલ આગળ જેલના કંપાઉન્ડમાં પેસતાં દૃશ્યો પાડો.

ધારાસભાના સભ્ય



શ્રી મણિલાલ કાશીવાળા

શ્રી સુરેન્દ્ર ઝવેરી, શ્રી મગનભાઇ પટેલ, શ્રી નાનુભાઇ પટેલ

હું જરા મોટેથી બોલ્યો—અને મી. ટોપરે સાયકલ ઉપર પ્રજામંડળ ઑફિસમાં ગયા—આ એક ફોજદારની નજર ઉપર આવ્યું—ને અવળો ફર્યો અને મને જોયો. રસ્તામાં બે ડગલાં આગળ ગયો—અને અટક્યો—અને આ સારી ચાલના જામીન કેમના ફોજદારી આરોપીઓ અગર સામાવાળાને ત્યાર બાદ કોર્ટમાં અંદર લાવવામાં આવ્યા. મી. કે બી. દેસાઈ તે વખતે નાયબ સૂબા હતા. તેમણે તેમને ઘેર આ લોકોને જામીન ઉપર છોડ્યા.

અને પછી આ કેસ એક વર્ષ ઉપરાંત ચાલ્યો અને આ ગણપતપુરાના ભાઈઓ છૂટી ગયા. આ ગણપતપુરાના ભાઈઓ અને તેઓ મારી ચાલના જામીન લેવા લાયક હતા કે કેમ તેનો ખ્યાલ આપવા એટલી વાત બસ થશે કે—આ ગામના પીટી નં. ૧ ના સાના ગા શ્રી એચ. બાઈ એન્ડ કું. પાટીદાર બોર્ડિંગની સ્થાપના સમય કરી એટલુંજ નહિ પણ તેના સાર્વજનિક દાનની ખુશ થઈ શ્રીમંત મહારાજા સરકારે પોતાની પાસે બેસાડવા સાથ તેનું સન્માન કીધો છે અને હજારના પણ પ્રજા દાયમાં પોતાની ઉદારી અર્પણ કરેલી હતી ગણપતપુરાના આ કેસ પછી પાછળ એક મોટું નાટક છે અને એક મોટો સુતરાર પણ છે. આ કેસમાં કેટલાક નિર્દોષ માણસો હેરાન પણ થયા છે. આ બધી વાતનો પુરાવો મારી પાસે છે જગતના ઉપરાંત ઉભા થાય એવી વાતો પણ છે, પણ કોને કહેવી? કોઈ વખત વેળા જોઈને આ વાતો પણ કરીશ. આજે તો એટલુંજ કે—આ વતનદાર માણસોને નાહકના હેરાન કરવામાં આવ્યા હતા અને પ્રજામંડળના માણસ તરીકે તેઓએ આ હેરાનગતિ હસતે ચહેરે સ્વીકારી લીધી હતી

આ સ્થળે રા. માણીભાઈ ડારીવાળા, રા. મગનભાઈ શંકરભાઈ અને રા. પરશોત્તમ રણછોડદાસ ડઢીવાળા આ ત્રણ માટે લખવું એવી મને સૂચના થાય છે પણ હું લખતો નથી વખત આવશે ત્યારે બધી વિગતો પ્રજાને તે વખતે પૂરી પાડીશ

મોટરો અને ધારપ

છેલ્લી વાત મા. ધારપની બની વડોદરા શહેરમાંથી અંગ્રેજ સરદારે મોટરો માગી અને આ મોટરના રોજના દસ રૂપિઆમાંથી એક રૂપિઓ

મોરગવાળાને નરોતો મળ્યો. આ વાત ચર્ચાઈ પણ ભાંજગડમાં પડી ગઈ—પ્રજામંડળે આ વાત ઉપાડી લીધી અને પત્રિકામાં એ બાબત લખ્યા જ ન્યુ આ વાત દાઉન્સિલ અને શ્રીમંત મહારાજા સાહેબ સુધી ગઈ પરિણામ આપણે જાણીએ છીએ પોલીસ કમિશનર સાહેબની કચેરીની મેનર જ થોડી થોડી ખખેરાના અને નો કેટલોયે ક્યરો નીકળી ગયો.

વલ્લભદાસ અને મેવકલાલ

ન્યાયખાતામાં પણ પ્રજામંડળે થોડો ક્યરો કાઢી નાખવામાં શ્રીમંત સરકારને મદદ કરી નવસારી ન્યાયાધિશના સામે મૂળ ફરિયાદ નવસારી પ્રજામંડળે ઉપાડી હતી અને હાલના મુનસફ નાઈકની ફરીઆદની પ્રાથમિક તપાસ મેં કરી તેમના સામેની અરજી મેં ન્યાયખાતામાં આપી હતી આ બને મુનસફો ઘેર બેઠા

ફરીઆદીના મોઢે ડૂચો

વડોદરામાં સરકારી નોકર અને પ્રજાજનો માટે તપાસની પદ્ધતિ જુદી જુદી છે પ્રજાજનો સામેનો પ્રથમ દર્શનીય પુરાવો થયો એટલે જેના સામે આવો પુરાવો થાય તેને ઈન્સાફ માટે કોર્ટમાં મોકલી આપવામાં આવે છે

સરકારી નોકરનું આમ નથી થતું સરકારી નોકર પછી તે ગમે તેવો નાનો હોય તોપણ તેના વિરુદ્ધના ગુનાની બાબતમાં હોય તેની તપાસણી થાય—પછી જે નોકરના વિરુદ્ધ આવો પુરાવો થયો હોય તે નોકરનું સ્ટેટમેન્ટ લેવાય અને તેને પોતાના બચાવમાં પુરાવો રજૂ કરવા પણ તક આપવામાં આવે અને આ પ્રમાણે મેજીસ્ટ્રેટ તપાસ થાય છે—આ સઘળી વિધિ પતી ગયા પછી જો ગુનો સાબિત થયો હોય તો જ ન્યાયખાતાને સોંપવામાં આવે

આ સઘળી વિધિ—અને—તપાસ તથા આ આપણ ઉપરનું આવે તેમ ફરીઆદ વગેરે નો તમને ખાતામાંથી જ કેમ ની ઘણા મહિનાઓ—છ મહિના અને ઘણા મહિનાઓ થઈ જાય. ફરીઆદ કરનારો નક્કી ખાતર ભાગી જાય ઉપરથી ઘણી ઉપર મોટેરો સરકારી નોકર છે તે નોકરને ની આખરી નોટિસ કરે અને તેને તે ફરીઆદીના સાક્ષીઓને નિયમ મુજબ અગર દાબ ધમકીથી ફોડ અથવા વખત આવે ત્યારે બીજા કેસોમાં પણ હિ કે આ ગણું સ્થાન મળે છે—અને આ સધામાંથી નવી પાર ઉતરે ત્યારે

મે. પોલીસ કમીશનર સાહેબ રૂબરૂ થઈ હુકમ કરે કે નોકરે ચોખ્ખા થવું ત્યારે તો હદ જ વળી જાય છે ફરીઆદી આ નામરદાયક વિધિથી હેરાન પરેશાન બને છે અને "કોણ આ જંજાળમાં પડે" "હું ગધેડો કે આ ફરીઆદ કરી" આમ નિસાસા નાંખીને તે કંટાળી જાય છે—આ બધા ઉપર જાણે સરકારી નોકરનો લાંચ લીધા બદલ અગર ફરીઆદીને હેરાન કર્યા બદલ ફરીઆદ કર્યાથી સરકારી નોકરની ગફલતી છે એમ માની તેને ચોખ્ખા થવાની ફરજ પાડવામાં આવે છે અને વડોદરા રાજ્યની આ વિશિષ્ટતાને પરિણામે મળતો ફરીઆદી આરોપી તરીકે—તહોમતદાર બનીને ઉભો રહે છે—પુરાવાનો બોજો તેને માથે પડે છે અને તેને નાણાં ખરચી વકીલ કરવાનો અને પુરાવા વગેરે સાક્ષીદાર ભેગા કરવા અને તેના ખર્ચા ભરવાનો બોજો તેને માથે પડે છે કોઈ સરકારી નોકરને અંત કરવાના પહેલા મળતા ફરીઆદીને આમ જ પ્રાથમિ-ભાન થાય છે—કોઈના માટે વડોદરામાં સરકારી નોકર વિરુદ્ધ ફરીઆદ કરે શ્રીમંત કદાચ આવી ફરીઆદ કરી શકે નવરા માણસ આવી ફરીઆદ કરી શકે પણ ગરીબ ગામડીઓ ખેડા કરવા મહિના સુધી, શહેરી કચેરીમાં, અને કેટલીવાર તારીખ બદલાયા કરે આનું ભાન આ પદ્ધતિના ઘડનારને અગર આ પદ્ધતિએ હેરાન કરનારને કેમ થયું નથી તે સમજ પડતી નથી જો સમજથી જ આ પદ્ધતિ અખત્યાર કરવામાં આવી હોય તો તેનો અર્થ એટલો જ નીકળે કે, કોઈ ફરીઆદ કરવા હિંમત ન કરે—અગર તો ફરીઆદો જેટલી બને તેટલી ઓછી થાય અને સરકારી નોકર સામે ફરીઆદ કરનાર હેરાન પરેશાન થઈ જાય તેટલા ખાતર જ આ પદ્ધતિ અખત્યાર કરવામાં આવેલી લાગે છે

જો ગરીબ રૈયત માટે રાજ્યના મોટા અમલદારોના હૃદયમાં સ્થાન હોય તો પ્રાથમિક પુરાવા ઉપરથી સરકારી નોકરોને ધકેલી કાઢવા જોઈએ બાકી હાલની પદ્ધતિથી તો સરકારી નોકરોને લાંચ લેવાનું—અને પ્રજાને હેરાન કરવાનું ઉત્તેજન મળે છે અને આ વાત જવાબદાર રાજતંત્ર મળશે ત્યારપછી અસ્તિત્વમાં નહિ રહે, ત્યારે સરકારી નોકરોને સીધા દોર થઈને નોકરી કરવી પડશે, અને ફરિયાદ કરનારને મળનારો ન્યાય સીધો, સરળ અને સોંઘો બનશે.

આ પ્રશ્ન તરફ સરકારના અમલદારોએ માત્ર સરકારી નોકરને જરાએ નડ્ડી ન પડે એ જ ખ્યાલ રાખેલો જણાય છે. કારણ એટલું જ કે આવી ફરિયાદો જ્યારે કરવામાં આવે છે ત્યારે સરકાર નોકરની પ્રથમદર્શનીય બદનક્ષી થાય છે અને તેને તો બદનક્ષીવાળું લખાણ સાબિત કરવાનું જ રહે છે. અને બધો પુરાવો જે ખાતા પાસે કર્યો હોય છે તે વળી પાછો ન્યાયાધિશીમાં કરવાનો બોજો મળ ફરીઆદી ઉપર રહે છે–વડોદરારાજ્યમાં આમ ધા નાખનારને અને રાડ પાડનારને પોતાના માથાપર આખું આભ લઇને નીકળવું પડે છે. અમલદારોનો રોપ જુદો જ–પરિણામનું જોખમ માથાપર–એક નાનામાં નાના સરકારી નોકરને તેણે કરેલા દુષ્કૃત્ય માટે ન્યાયને રસ્તે પહોંચાડવામાં અધમૂઆ થઈ જવું પડે છે, દેવાદાર થવું પડે છે, વતન છોડવું પડે છે; ને ગરીબ થવાથી પારકાની ગુલામી કરવી પડે છે. વડોદરા રાજ્યની આ પણ એક વિશિષ્ટતા છે–અને આ વિશિષ્ટતા બદલવા જેવી છે.

ખાતાના ન્યાયમાં જો નોકર સામે પુરાવો નથી એમ સાબિત થાય તો પોલીસને ખોટી ખબર આપ્યાનો ગુનો તેના ઉપર લગાડી કામ ચલાવવાની મંજૂરી આપવામાં આવે છે અને ફરિયાદ કરવા જનાર માણસના આમ હાલ હવાલ થાય છે.

પ્રભુ આ બધામાંથી વડોદરાના પ્રજાજનને બચાવે.

પ્રજાજનોને પડતી આની વિટંબણા છતાં પણ ઘણી ફરિયાદો કરવા પ્રજામંડળ સલાહ આપતુ નથી. લોકો નારાજ થાય છે. પણ અડધે રસ્તે બેસી જાય એવા લોકોને આવી દુઃખની લડત ઉપાડવા દેરી એ સલાહભરેલું નથી. જો ખાતું નાલાયક નોકરોને સજા કરવાનો શુદ્ધ ઈરાદો રાખે તો દર વરસે ૧૦૦ નોકરો જરૂર ઘેર બેસે–આવડો સડો વડોદરા રાજ્યના નોકરોમાં

પ્રાણલાલ મુનશી

'૧૯૨૭'નું રેલસંકટ

ઈ સ ૧૯૨૭ના જુલાઈના આખરી દિવસમાં વડોદરાની પ્રજા કોઈરીતે ભૂલી શકે તેમ નથી, ભયંકર ઝંઝાવાત સાથે આંધીના ગોટા ઊડ્યા, અને મુસળધાર વરસાદ લાગલાગટ ચાર દિવસ વરસ્યો—વાવાઝોડાનો વેગ કલાકના ૩૦ માઈલનો હતો કુદરતના આ કારમા કોપથી તારના વ્યવહાર તૂટી ગયા આગગાડીઓ અટકી પડી વીજળીની રોશનીઓ બુઝાઈ ગઈ, અને વડોદરા શહેરમાં સ્ટેશનનો વિભાગ તો પાણીની અંદર ડૂબી ગયા આ પરિસ્થિતિના સામનો કરવા દુઃખ ને નુકશાનથી પીડાએલા પ્રજાજનોને રાહત આપવા વડોદરા રાજ્યની રેલસંકટનિવારણ સમિતિ સ્વ શ્રીમંત ધૈર્યશીલરાવના પ્રમુખપણા નીચે અસ્તિત્વમાં આવી પ્રજામંડળના નેતાઓએ તા ૫-૮-૨૭ના રાજ્ય એક સભા બોલાવી અને પ્રજામંડળના પ્રમુખ, બીજા માજીપ્રમુખો અને ચાલુ મંત્રીઓની એક વગદાર સમિતિ સભ્યો વધારવાની સત્તા સાથે નીમાઈ આ સમિતિ એ "પ્રજામંડળ રેલસંકટનિવારણ સમિતિ" કહેવાઈ અને આ સમિતિએ તાત્કાલિક ગામડાંને જોડીને નાની રાહત આપવાનું કામ શરૂ કર્યું

વડોદરા પ્રાંત અને મહેસાણા પ્રાંતના કડવાક તાલુકાઓની પરિસ્થિતિની ખબર વડોદરા રાજ્યમાં કે સરકારને પણ પડી નહોતી મહેસાણા પ્રાંતમાં તો

રેલવેનો વ્યવહાર કપાઈ ગયો હતો, અને ગામડાના રસ્તાઓ બંધ થઈ ગયા હતા. આવે વખતે એ પ્રાંતના સાચા સમાચાર લાવવા તે વખતના પ્રમુખ સ્વ. શ્રી ડાહ્યાભાઈ પુરોહિત અને પ્રજામંડળના એક અગ્રણી નેતા શ્રી વામન આપાજી નિકંજે ઘોડા ઉપર જુદા જુદા તાલુકાઓમાં ફરીને આખી પરિસ્થિતિના સમાચાર અને આંકડાઓ ભેગા કરી સરકારમાં રજૂ કર્યા.

આ રેલસંકટ નિવારણ માટે "દીવાનફંડ" નામે એક ફંડ ખોલવામાં આવ્યું હતું અને તેમાંથી પ્રજાને મદદ તરીકે રૂ. ૨૫૦૦) શ્રી ગણેશ ભાસ્કર સાને, સ્વ. શ્રી ડાહ્યાભાઈ પુરોહિત અને ડૉ. સુમન્ત મહેતાને આપવામાં આવ્યા હતા. મારી ધારણા પ્રમાણે પાછળથી કેટલીક વધુ રકમો પણ મદદ તરીકે આપવામાં આવી હતી.

પ્રજામંડળે વડોદરા પ્રાંતના-સગભગ બધાજ તાલુકામાં અને મહેસાણા પ્રાંતમાં કડી, કલોલ, દહેગામ, આનરસુંબા અને વિજાપુર તાલુકામાં દરેક રેલસંકટ પીડિત ગામે માણસ, ઢોર, અને ઘર વગેરેનું કેટલું નુકસાન થયું હતું તેનો ચોકસ અંદાજ કાઢ્યો હતો અને ત્યારપછી જુદા જુદા ગામોમાં મફત અનાજની, સુખડીઆની, તથા સસ્તા ભાવે રોજની જરૂરિયાત પૂરી પાડવાની દુકાનો અને બી આપવાની વ્યવસ્થા કરી હતી. તે વખતના ધોરણ પ્રમાણે જુવારને માટે ૨૦ ટકા અને બાજરી, દાળ તથા ચોખા માટે ૧૨।। ટકા ઓછા રાખવામાં આવ્યા હતા. ઘરોની દુરસ્તી માટે જુદાં જુદાં કેન્દ્રોમાં સામાનની દુકાનો ખોલી હતી. અને વાંસ, વળી અને મોભિયા, રેતી, ચૂનો, સિમેન્ટ, પતરાં, કાથી, ખીલા, વાર્નિસ વગેરે વસ્તુઓ પૂરી પાડવાની ગોઠવણ રાખી હતી. મહેસાણા પ્રાંતમાં સપ્ટેમ્બર આખર સુધીમાં ૨૩ મથકો, અને વડોદરા પ્રાંતમાં ૧૯ મથકો ખોલ્યાં હતાં. મકાન માટેની મફત મદદ તે વખતે રૂ. ૭૫) સુધી આપવાનું ધોરણ રાખ્યું હતું અને મુંબાઈની સેન્ટ્રલ ફ્લડ રિલીફ કમિટીએ રૂ. એકલાખ વડોદરાના પ્રજામંડળ રેલસંકટનિવારણ સમિતિને મોકલી આપ્યા હતા. આ રકમમાં રૂ. ૧૪,૦૩૪) બીજા ઉમેરીને આપણી રેલસંકટનિવારણ સમિતિએ ૨,૮૩૭ અનાથ થયેલા કુટુંબોને મકાનો બાંધવામાં મફત મદદ કરી હતી.

શ્રીમંત સરકારે તે વખતે લાખ્ખો રૂપિયાની મફત મદદ અને લાખ્ખો રૂપિયાની લોન આપી હતી. વડોદરા રાજ્યના ઇતિહાસમાં આટલી ઉદાર મદદનો આ પહેલો જ દાખલો હતો. અમલદારો મારફત અપાતી મદદમાં નિયમની આંટીઘૂંટીને લઈ અને લોકોમાં જાહેર કરી એકેલા પ્રતિજ્ઞાના ખોટા ખ્યાલોને લઈ હજારો લોકોને જોઈતી મદદ અનાજ, કપડાં, ઘી, માલ સામાન વગેરે ચીજો મળી શકતી નહોતી. એવા કિસ્સાઓને શોધી શોધી પ્રજા-મંડળે મદદ કરી હતી. છેવટે પછાત કોમોના રહી ગએલા ભાગો જણાતાં અને જેમને સરકાર પણ મદદ કરી શકી નહોતી તેવા ૨૭૫ કિસ્સાઓને રૂ. ૮,૯૯૦ની મદદ આપવામાં આવી હતી. ગરીબ ખેડૂતો કે જેમના બળદો તણાઈ ગયા હતા અને જેમને સરકાર તરફથી બળદ મળવાની પરિસ્થિતિ નહોતી, તેવાઓને મફત બળદ પૂરા પાડવામાં આવ્યા હતા. મુંબાઈ જીવદયાસમિતિ પાસેથી રૂ. ૧૯૨૪) ની મદદ લઈ, ૩૦ બળદની વ્યવસ્થા કરવામાં આવી હતી. અને ગોરક્ષા ફંડ (વડોદરા) પાસેથી રૂ. ૯,૦૦૦) મેળવી ૧૨૫ બળદ મફત આપવામાં આવ્યા હતા. આ બધા કાર્યને માટે એક મુખ્ય વ્યવસ્થિત કચેરીની જરૂર હતી, અને સારા અને પ્રમાણિક, કાબેલ અને નિષ્ણાત સ્વયંસેવકોની પણ જરૂર હતી. બારડોલીમાં એ વખતે શ્રી કિશોરલાલ મશરૂવાળા હતા. તેઓ ત્યાંથી પોતાના સ્વયંસેવકો સાથે અહીં આવેલા, અને એપ્રિલ ૧૯૨૮ સુધી મુખ્ય કચેરીનો વહીવટ કરેલો, ત્યારપછી એ કામ શ્રી પુંજાલાલ શાહે કર્યું હતું. એ વખતના ટ્રેઝરર સ્વ. શ્રીયુત વેલચંદ ઓન્કર હતા. વડોદરારાજ્ય પ્રજામંડળ રેલસંકટનિવારણ સમિતિને ગુજરાત પ્રાંતિક રેલસંકટનિવારણ સમિતિએ હજારો રૂપિયા અનાજ, અને કપડાં વગેરેની મદદ કરી હતી. તે વખતના ગુજરાત પ્રાંતિક સમિતિના પ્રમુખ સરદાર વલ્લભભાઈ પટેલે કોઈપણ જાતનો ભેદભાવ રાખ્યા વિના આખા ગુજરાતમાં દરેકને મદદ કરી હતી

સ્વ. નામદાર વિઠ્ઠલભાઈ પટેલ પણ વડોદરા પધાર્યા હતા. જેમણે સેન્ટ્રલ કમિટીના પ્રમુખ સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ, શ્રી લક્ષ્મીદાસ તેરશી અને શ્રી ભરૂચા પણ વડોદરા સુધી આવીને પોતાનો સમભાવ બતાવી ગયા હતા, અને એમના નિવેદન ઉપરથી ઉપરોક્ત જણાવેલી એક લાખ રૂપિયાની મદદ ઉપરાંત રૂ. ૩૮,૨૫૦)ની રકમ સેન્ટ્રલ ફંડમાંથી મળી હતી.

વડોદરા રાજ્ય પ્રજામંડળને આ એક અમૂલ્ય સેવા કરવાની તક સાંપડી હતી. વડોદરા અને મહેસાણા પ્રાન્તની પ્રજાની બનતી સેવા કરીને પ્રજામંડળે પોતાનું કર્તવ્ય બજાવ્યું હતું. ઈ. સ. ૧૯૩૩ના ચોમાસામાં વડોદરા પ્રાંતના વડોદરા, પેટલાદ અને વાઘોડીઆ તાલુકાઓમાં તેમજ મહેસાણા પ્રાન્તના સિદ્ધપુર તાલુકાના ઊંઝા વિભાગમાં ફરી વખત પાણી ફરી વળ્યાં. અને લોકોના ઢોરઢાંખર અને સામાન તણાઈ ગયા. ખેડૂતો ઉપર આવેલા આ સંકટ વખતે પણ પ્રજામંડળ રેલસંકટનિવારણ સમિતિની બચતમાંથી રૂ. ૨,૨૫૦)ની મદદ આપવામાં આવી હતી. જેનો મોટો ભાગ ખાસ કરીને હરિજનોના મકાનો દુરસ્ત કરવામાં ખર્ચવામાં આવ્યો હતો.

ઉપર પ્રમાણેની હકીકત ઉપરથી જોઈ શકાશે કે પ્રજામંડળે પોતાને ભાગે આવેલી સેવાની તકનો એક પ્રજાકીય સંસ્થાને શોભે એવી રીતે જવાબ આપ્યો હતો.

છોટાભાઈ સુતરીયા

રાનીપરજ અને દારૂબંધી

ઈ. સ ૧૯૨૭–૨૮મા નવસારી પ્રાતમા એક વિસ્મયકારક પ્રસગ બન્યો હતો. રાનીપરજ કોમમા માતા આવી હતી અને એ માતાએ રાનીપરજના સ્ત્રી પુરુષોએ દારૂ ન પીવો જોઈએ એવી [illegible] અને આજ્ઞા [illegible] કરી હતી આને પરિણામે રાનીપરજ કોમમા દારૂ નહિ પીવાની અસખ્ય પ્રતિજ્ઞાઓ લેવાઈ હતી એજ વખતે એ બાબતની વસ્તુસ્થીતિની તપાસ કરવા માટે એક તપાસ સમિતિ નીમાઈ હતી એ સમિતિમા ડૉ સુમન્ત મહેતા, પ્રા માણેકલાલ અને [illegible] હતા અને અમારા આગેવાન સાનેદાદા હતા તે દિવસોમા સોનગઢ અને વ્યારા તાલુકામા દારૂબધીનુ કામ ઘણુ સારુ થયુ હતુ આવી દારૂના ઈજારદારોને સામે સરકાર તરફથી ઘણા પ્રતિબધો મૂકવામા આવ્યા દારૂના નવસારી અને જેથી એટલી સગવડો આપવામા આવી, અને સાનેદાદાના સોનગઢના પ્રવાસ વખતે ઘોડેસ્વાર પોલીસની તહેનાત મૂકવામા આવી

ઈ સ ૧૯૩૦–૩૧મા આખા ગુજરાત પ્રાતમા દારૂના પિકેટિંગનુ કામ ચાલતુ હતુ એ વખતે વડોદરા અને નવસારી પ્રાતમા પણ દારૂના પિકેટિંગનુ કામ સારા પ્રમાણમા થયુ હતુ એ વખતની સ્થિતિને અનુસરીને વડોદરા

શહેરમાં આશરે ૪૫ ફૂટ દૂરથી પિકેટિંગ કરવાના કામને શ્રીમંત સરકારે કાયદેસર ગણ્યું હતું. એટલું જ નહિ પરંતુ નવસારી પ્રાંતના સુબાસાહેબે તો પ્રજામંડળના આશ્રય હેઠળ ચાલતા બિલીમોરાના પિકેટિંગને કાયદાના પ્રતિબંધમાંથી તદ્દન મુક્ત રાખ્યું હતું, અને નવસારી પ્રાંતમાં બીજાં જે જે સ્થળોએ પ્રજામંડળ પોતાની દેખરેખ નીચે પિકેટિંગ કરતું હોય, કે કરાવતું હોય, ત્યાં પ્રતિબંધના જાહેરનામાનો અમલ કરાવવાનું મોકુફ રાખવાનું ઠરાવ્યું હતું.

તે પછી સમય બદલાયો, મોટા ભાગે પાછો દારૂ પીવાવો શરૂ થયો પણ તપાસમાં એવું તો ચોક્કસ જણાયું હતું કે દારૂ છોડી દેનારામાંથી ઘણા માણસોની આર્થિક સ્થીતિ સારી રીતે સુધરી હતી.

આ ઉપરથી એક રાનીપરજ સુધારા સમિતિ નીમવામાં આવી. તે સમિતિમાં નવસારીના-માનનીય નેતાઓ સ્વ. શ્રી.-અંદિરીકર અને શ્રી. લ્હામણકર હતા.

આ પ્રશ્ન એટલો મહત્વનો હતો, કે શ્રીમંત સરકારે પણ એ વિષયના રિપોર્ટો મંગાવ્યા હતા, અને આ રિપોર્ટોમાં શ્રીમંત પિલાજીરાવ ગાયકવાડ અને રા. રા. હીરાલાલ દેસાઈના રિપોર્ટ ઘણા સારા અને સાચા તૈયાર થયા હતા. આનું પરિણામ એ આવ્યું કે લાંબા વખતે ગણોત નિયમન નિબંધ કરવામાં આવ્યો, અને ઈ. સ. ૧૯૩૪માં એ પ્રસિદ્ધ થયેલા નિબંધ પ્રમાણે રાનીપરજના લોકો જમીન ખેડતા હોય, અને ગણોત આપે ત્યાં સુધી તેમની પાસેથી કબજો છોડાવી શકાય નહિ એ મુખ્ય સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો હતો. તે છતાં મૂડીવાદીઓની ફરીઆદના પરિણામે પાંચ વર્ષથી જમીન ખેડતો હોય તેને જ લાભ આપવા પુરતો સુધારો ૧૯૩૫ માં કરવામાં આવ્યો. અને તે પછી પાંચ વર્ષ સુધી તેજ જમીન ખેડતો હોય તો કબજો છોડી ન શકે, એવો સુધારો થયો. આના પરિણામે રાનીપરજના રક્ષણ માટે જે ખાસ કાયદો કર્યો હતો તેને પાછો ખેંચી લેવા જેવું પરિણામ આવ્યું, અને પછી તો ધીમે ધીમે એમાં જે સુધારા થતા ગયા. તેણે જુનુ સ્થિતિ પાછી મૂળ સ્વરૂપ ઉપર આણી મૂકી.

ઈ. સ. ૧૯૩૪ના અરસામાં સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા નીચે નવસારી, સુરત, અને એ વિભાગના તમામ રાનીપરજોનું એક મોટું સંમેલન ભરવામાં આવ્યું હતું. એ સંમેલનમાં વડોદરા રાજ્યની રાનીપરજના લોકોની મુશ્કેલીઓનો અભ્યાસ કરીને એક પ્રતિનિધિ મંડળ મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું. તેને અનુસરીને આખીએ વસ્તુસ્થિતિનો અભ્યાસ કરીને એ હકીકત શ્રીમંત સરકાર તરફ મોકલી આપવામાં આવી હતી પણ તેનું કશું જ પરિણામ આવ્યું નહોતું. કાગળો પહોંચ્યાની પહોંચ પણ મોકલવામાં આવી નથી.

આ રીતે રાનીપરજમાં દારૂનિષેધનું થોડું પણ એક દૃષ્ટિએ કંઈક કાયમી કામ થઈ શક્યું છે અને હજી પણ એ કોમમાં ઘણું કામ કરવાનું ક્ષેત્ર યોગ્ય સેવકોની વાટ જોઈને બેઠું છે.

છોટાભાઇ સુતરીઆ

બહેનોની પ્રગતિ

વડોદરા ગુજરાત પ્રજામંડળના સાતમા અધિવેશનમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ સ્ત્રી ઉન્નતિ સાધી શકાય તે માટે એક મહત્વનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, જે અક્ષરશઃ ટાંકવો અત્ર જરૂરી લાગે છે

> રાષ્ટ્રીય ઉન્નતિ થવા માટે સ્ત્રીઓની ઉન્નતિ થવી જરૂરની છે અને પ્રચલિત કાયદાના ધોરણથી જે અન્યાય તથા અડચણો સ્ત્રીઓને ભાગમાં વેઠવા પડે છે તે દૂર કરવા અને વ્યક્તિગત સ્વતંત્ર અને મિલ્કત પરના હક્કો હાલના જમાનાને અનુસાર મળે તે માટેની તપાસ તથા સૂચના કરવા માટે અમલદાર તથા પ્રજા પક્ષના સ્ત્રીપુરુષોની એક મિશ્ર સમિતિ નીમવાની શ્રી સરકારને વિનંતિ કરે છે

(સાતમું અધિવેશન ઠરાવ નં. ૬)

સને ૧૯૨૮ની સાલનો આ ઠરાવ સ્ત્રીઓની રાષ્ટ્રીય ભાવના અને સ્ત્રી જાગૃતિના પ્રતીકરૂપે કહી શકાય. આ ઠરાવ મૂકાયો તે અરસામાં પ્રજામંડળમાં ઘણી બહેનો જુદી જુદી સમિતિમાં નીમાઈ કામ કરતી હતી, તેમજ શ્રીમતી શારદાબેન મહેતાના નેતૃત્વ નીચે ગામે ગામે સભાઓ ભરી પ્રજા-

મંડળના સ્ત્રી સભ્યો ઠરાવનું, પ્રજામંડળ એટલે શું છે તે સમજાવનાનું, તેમજ ગાંધી, સામાજિક અને આર્થિક હિતો સ્ત્રીઓના શેમાં સમાયેલા છે, તે વ્યાખ્યાનો દ્વારા સમજાવતા હતા સાથે સાથે વડોદરા શહેરમાં સ્ત્રીઓના કેટલાક સમાજોની સ્થાપના પણ થયેલી હતી અને તેના ખાસ કરીને નીમના સ્ત્રી સમાજે રાષ્ટ્રના ઘણા કાર્યોમાં સારી મદદ કરેલી ૧૯૨૮ માં વડોદરામાં આવેલી બનતા રેલના સંકટમાં મદદ કરવા માટે સમાજના બહેનોએ પોતે ઘેરે ઘેરે ફરીને અનાજ વાસણ તથા કપડાં ઉઘરાવ્યાં હતાં શહેરના બધા સ્ત્રી સમાજોએ મળી કોમવાર સમિતિઓ નીમી દરેક કોમમાં જે બહેનોને મદદ જોઈતી હોય તેની નોંધ કરવા ઠરાવ્યું હતું વળી બારડોલીની લડત માટે પૈસા ઉઘરાવવા સમાજ તરફથી સ્ત્રીઓ માટે ગરબા, ટિકિટ રાખીને કર્યા હતા જેના ઉત્પન્નના રૂપિયા બારડોલી ફંડમાં મોકલી આપ્યા હતા સરદાર વલ્લભભાઈ પટેલ વડોદરામાં પધારતા તેમને માનપત્ર આપવામાં આવ્યું હતું

મદ્યનિષેધ તથા વિદેશી વસ્ત્ર બહિષ્કાર સમિતિઓમાં સમાજ તરફથી અઢાર બહેનો સ્વયંસેવિકા તરીકે જોડાયાં હતાં તેમજ શહેરમાં જુદા જુદા મહોલ્લાઓમાં તે માટે થતી સભાઓમાં જઈ બહેનોને સમજાવતાં હતાં

વિદેશી વસ્ત્રના પિકેટિંગ માટે બહેનો સેવિકાઓ તરીકે કામ કરવા બહાર પડી હતી હમેશાં બપોરે ત્રણથી પાંચ સુધી આખા શહેરમાં કાપડની જુદી જુદી દુકાનો પાસે ઊભા રહી ઘરાકોને વિદેશી કાપડ ન લેવા સમજાવતી હતી

આ રીતે વડોદરા સ્ત્રી વર્ગ સામાજિક તેમજ રાજકીય બાબતોમાં રસ લઈ રહ્યો હતો પરંતુ એમને જે સ્થાન કાયદેસર રીતે કુટુંબમાં, મિલકતમાં અને વારસાઈ હક્કમાં મળવું જોઈએ તે હજુ મળ્યું નહોતું આ દિશામાં સૂચના પછી મારા ધારાના પ્રમાણે શ્રીમંત સરકારે એક કમિટી નીમીને અને ધારા સભાની સલાહ લઈને કરેલા સુધારા મુજબ હિન્દુ અવિભક્ત કુટુંબના સહભાગીની વિધવા નિઃસંતાન અથવા પુત્રી સંતાન છતાં હવે મરનારની જગાએ સહભાગી તરીકે આવી શકે છે મજિયારી મિલકતમાં ભાગ માગી તેની વહેંચણી કરાવી શકે છે પતિની મિલકતમાં પુત્રોની સાથે વિધવા વારસના હક્કથી ભાગ

મેળવી શકે છે પતિની રૂ. ૧૦૦૦૦) સુધીની [ ]મનની મિલ્કતનો વારસો સંપૂર્ણ માલિકીથી અને તે ઉપ[રા]નતો વારસો મર્યાદિત હકથી મેળવવાને માટે હ[ક] [ ]ની [ ]યા નિર્વાહ તથા ખર્ચને માટે પોતાના બાળકને જે મળી શકે તેના ચોથા હિસ્સા જેટલો ભાગ જુ[દ]ો પાડવાની માગણી કરી શકે છે. વિધવા પુત્રીને [ ]વામાં નિરાધાર [ ] ન હોય તો પિતાના કુટુંબમાં અન્નવસ્ત્ર અને [ ]વાનો હક મળી શ[કે] [ ] આમ હિન્દુ સ્ત્રીઓને આપણા [ ]માં નવા [ ] હક મળ્યા

આ પહેલાં [ ] પ્રતિબંધ વિધવાવિવાહ [ ] વગેરે ભાગમાં [ ] સુધારાના [ ] પણ અમલમાં આવ્યા છે [ ] એ [ ] ના [ ] ની [ ] ના [ ] ખીલવવાની ઘણી જરૂરની આગળી પ[ણ] શ્રીમંત માન્ય [ ] ગ[ ]માં શિક્ષિત સન્નારી અને ઉચ્ચ [ ] પામેલી તથા સેવાભાવી [ ]ઓ [ ] ની [ ] સભામાં સ્ત્રીઓના પ્રતિનિધિ તરીકે ચૂટા[ય] [ ] નીમાઈને જવાના હક સ્ત્રીઓને મળ્યો નથી એ ઘણું શોચનીય [ ]

આ ઉપરાંત [ ] પણ આ[ ] વિચારણા માગી લે છે અને તેને માટે થો[ડું] [ ] યોગ્ય લાગે છે આપણા [ ] ગ[ ] મોટા ગામોમાં [ ] સ્ત્રી સંસ્થાઓ અને [ ] પણ એમાંની ઘણીખરી મુખ્ય વે[ ] તથા આનંદ [ ] (એટલે કે) [ ] જેવી છે પણ હવે સમય [ ] છે એટલે આપણે સમયને સમજી [ ]ને સ્થાન આપવા ઉપરાંત રાષ્ટ્રીય ભાવના [ ] મ[ ] આપી શકીએ તે માટે માત્ર ઉપલા વર્ગમાં [ ] તેનું [ ] રાખના[ર] આવશ્ય[ક] એવા જુદા જુ[દા] માર્ગો એ [ ] છે નીચેના થર સુધી [ ] પ[હો]ંચી જવું એ જરૂરી છે, કે [ ] અજ્ઞાનતાને કારણે [ ] દુઃખમાં [ ] રહી છે આ વસ્તુસ્થિતિ ટાળવા બહેનોએ ઘણી મોટી સંખ્યામાં [ ] ની જરૂર છે


આ દિશામાં કામ થઈ શકે એવા ઉદ્દેશથી વડોદરા શહેરમાં થોડા સમયથી રાષ્ટ્રીય સ્ત્રીસમાજની સ્થાપના કરવામાં આવી છે. જેમાં સ્ત્રીઓના પ્રશ્નો હરિજન ઉદ્ધાર, ખાદી પ્રવૃત્તિ, રાષ્ટ્રભાષા શિક્ષણ, ફર્સ્ટ એઈડ (પ્રાથમિક શિક્ષણ) તેમજ ગામડામાં ફરી આપણી બહેનોના દુઃખ જાણવા, એ બધું કરવામાં આવે છે.

તાલુકે તાલુકે બહેનોની સંસ્થાઓ નીકળી આપણી બહેનોની સ્થિતિ સુધારવા તથા રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં ભાગ લેતા થાય એમ ઈચ્છી આ લેખ બંધ કરું છું.


બાળાબહેન ઠાકર

ધનીઆવી શિકારખાનું

ધનીઆવીનું જગજાનું શિકારખાનું એની આજુબાજુ વડોદરા તથા ડભોઈ તાલુકાના ૩૮ ગામને ત્રાસદાયક થઈ પડયું હતું એ ૧૩૦૦ (તેરસો) વીઘાંના વિશાળ શિકારખાનામાં લગભગ પાંચ–છ હજાર હરણો રહે. એમને માટે શિકારખાનામાં ખોરાકીની કંઈજ વ્યવસ્થા નહિ. એનું ઘાસ પણ રાજ્ય તરફથી હરગીજ કદી દેવામાં આવતું. એટલે ઉપર આભ અને નીચે ધરતી સિવાય માત્ર પાણીની વ્યવસ્થા રહેતી. પરંતુ ખોરાકીમાં તો આજુના ગામોના ખેડૂતોની મહામહેનતનો ખેતીનો પાક જ. શિકારખાનાને ફરતું કંપાઉન્ડ નહિ એટલે સહેલાઈથી એ પાક ખાવા માટે હરણો નીકળી પડતાં. પાણી પણ બાજુની નદીઓમાંથી પીતા અને વિશ્રાંતિસ્થાન કે રહેઠાણ પણ ખેડૂતોના ખેતરો જ બની ગયેલા એમાંથી અર્થાત શિકારખાનામાં તો હોય નહિ. જ્યારે વારાફરતી સહેજ ફરવા જ શિકારખાનામાં જઈ આવે અને રાતદિવસ આ ગામોની જમીનો પાક ખાઈને તેમજ ભાંગી-તોડીને અસહ્ય નુકસાન કર્યા જ કરે—અને ખેડૂતોની પાયમાલી વધાર્યે જતા. એ જાતનાં માનીતા હરણોને કોઈથી મારી શકાય નહિ. એમના ત્રાસ માટે ચોકીદારોનું ધાડું ફર્યા જ કરે અને ખેડૂતો સતાવ્યે જાય



ધનઆવીમાં શિકારખાના સંકટ નિવારણ માટે મળેલી સભા



ધનઆવી શિકારખાનનાં નામાંચીન હરણો

પગારદા (નાસેડુ)

હરણો અને તેને સાચવનાર ચોકીદારોના અસહ્ય ત્રાસથી પૂર્ણ દુખી થઈ આ ગામોના ધણીઆઓ સન-૧૮૭૩ સંવત-૧૯૩૦ મા પગારદા થવુ પડેલુ (નાસેડુ નહેતુ અને સત્યાગ્રહ કરી જમીનો ખેડયા સિવાય પતરગમેની) જેના પરિણામે નાસેડુ નહિ કરનાર ગામોમાથી છેવટ સુધી ટકી રહેનાર રગણામા, સુરપુરા, ધનીઆવી, સદાપુરા, મોસમપુરા, કુઢેના વગેરે ફક્ત સાત ગામ માટે સં ૧૮૩૦ ના ભાદરવા સુદ ૮ ને દિવસે શ્રીમત સરકારે કેટલીક રાહતની ગગગધી કરી આપી હતી જેમા વધેલા મહેસૂલના દરમાથી ઘટાડો કરી કુબા ૧ ના બાબાશાહી રૂ ૭ા ને બદલે રૂ ૬ા લેવાના ઠરાવી રૂ ૫ા પ્રમાણ મી ન્યો ખેતરમાથી હરણો ૧૧ નાની છૂટ આપી સરકારી ચોકીઓ ઉઠાવી તથા તે સાલની પડતર રહેલી જમીનના મહેસૂલમા મારીની રાહત અપાઈ હતી આ લખનાથી બોન તના બોર વેચાય અને મગજના મોતી નાવે એ ડેનતાનુ રહસ્ય સહેલાઈથી સમજાશે

મહેસૂલ રાહત (?) કરાર ભંગ

રોગ પછી થયના નવા રિવિઝનમા પાછો ફેરકા રી મહેસૂલમા માન એ –દાઠ તથા મે આની પ્રમાણ કુબાના રૂ ૫ા ની જગાએ રૂ ૦–૬–૦ થી રૂ ૦ ૮ ૦ આના જેટલુજ મજર અપારા લાગ્યુ અને ઊડાવેલી ચોકીઓ પણ ફરી બેસાડી અને એ પુરાણો ત્રાસ એના અસલ સ્વરૂપમાજ ચાલુ રહ્યો

સદર શિકારખાનુ માન શ્રીમત મહારાજાસાહેબ અને ગ૮કુમ માટેનુજ હોઈ અન્ય સર્વ માટે શિકારની મધી છે એટલે હરણોનો ઉપયોગ નજીવી સંખ્યામા થાય છે ત્યારે હરણીઓ વરસમા બે વખત વિયાતી હોવાથી એની વસ્તી તો બેસુમાર વધતી જાય અને ખેતીના પાકનો નાશ થઈ જ જાય

હરણાના ત્રાસથી ખેતરો સાચવવા માટે ખેડૂતોને ખેતરે ખનર રખવાળો રાખવા પડે જેનો ખર્ચ જમીનમહેસૂલ ગ્ના પણ વધુ આવે અર્થાત રળતા વળતર ગ્ના રખવાળોનો ખર્ચ દસ ઘણો વધુ આવે ન દેતા ચોવીસે ના

જાગતા નહિ રહી શકવાને કારણે હરણો પાકનો નાશ કરી જાય. અને જાગતા હોય તોય પાક ખાતા હરણોને પણ મારી તો શકાય જ નહિ. માત્ર હાંકી શકે એટલે લાચારી ભારી, અકળામણ ખાતના પાકને ભાગી–તૂટ નુકસાન કરીને સહેવાની એમનામાં ટેવ પડી જાય.

પગલે પગલે દાદ માગી

શિકારખાનાના ત્રાસ બાબત ઘણા સમયથી પોકાર ચાલુ હતો. વડોદરા રાજ્યની ત્રાસ જનક વેઠના વિકટ પ્રશ્નને પોતાનો બનાવનાર પ્રજામંડળના શરૂઆતની કારકિર્દીના મુરબ્બી **શ્રી ભાઈલાલભાઈ જોગભાઈ અમીન** કે જેઓ હાલ ૧૨–૧૩ વર્ષથી લકવાની બીમારીમાં છે એમણે પણ પોતાની કારકિર્દીમાં બને તેટલો પ્રયત્ન કર્યો હતો. પરંતુ એ વખતે ખેડૂતોમાં સંગઠન કરી શકવાને અભાવે અને અમલદારી બેદરકારીએ પરિણામ આવ્યું નહોતું.

રાજ્યના અમલદાર સાહેબોને રૂબરૂ બતાવીને આ દુઃખ નિવારવા માટે અનેક વખત વિનંતીઓ કરતા. દર વખતે એક જ મતલબના જવાબ મળ્યા કરતા કે 'નુકસાન તો અસહ્ય છે પરંતુ શિકારખાનું ખુદ શ્રીમંત મહારાજા સાહેબનું—હજૂરનું હોવાથી અમારાથી કંઈ થઈ શકશે નહિ.'

લગભગ ૧૫–૧૬ વર્ષ પર મે. નાયબ દીવાન **શ્રી ગફૂર સાહેબને** પણ આ હરણોનો ત્રાસ રૂબરૂ બતાવ્યો હતો. તેમજ આજુબાજુના ગામોમાં આ માટે ઘણી જાહેર સભાઓ મેળવીને તેમજ પ્રજામંડળની પરિષદોમાં પણ હરવખત આ પ્રશ્નનો પોકાર મૂક્યો હતો. આ પરિષદોમાં ઘણા વખત ઠરાવ કરી ત્રાસ નિવારણની માગણીઓ કરેલી હતી. પ્રજામંડળ તરફથી આ માટે **તપાસ સમિતિ** નીમાતાં સદર સમિતિએ એ ગામોમાં—સ્થળ ઉપર જઈને જાત નિરીક્ષણ—તપાસ કરી ત્રાસની હકીકતના જે રિપોર્ટ કરેલા છે તે પણ તા. ૧૫–૧૦–૪૫ની **પ્રજામંડળ** પત્રિકામાં પ્રગટ થયેલા છે.

આ તરફના ગામોના ખેડૂતોની મુશ્કેલીઓના દુઃખ હજુ બંધ થતા નથી એ તપાસવા અને તેઓની હકીકત જાણવા માટે તા. ૧૦–૮–૪૫ના રોજ એ વખતના **શ્રીમંત યુવરાજશ્રી અને હાલના શ્રીમંત મહારાજા સાહેબ**

શ્રી **પ્રતાપસિંહરાવ મહારાજ** તેમજ હાલના **નેકનામદાર દીવાન સાહેબ સર વી. ટી. કૃષ્ણમાચારી** સુંદરપુરા મુકામે પધાર્યા હતા ત્યારે પણ આ તરફના ગામોની પાયમાલી કરનાર મુખ્ય કારણરૂપ આ શિકારખાનાના ત્રાસની સર્વ હકીકત એઓશ્રીને નિવેદન કરી હતી

તે પછી પણ પોકાર ચાલુ જ રહેતા તા ૧૯–૬–૩૭ ના રોજ રા. રા. શિકાર સુપરિન્ટેન્ડેન્ટ સાહેબ તથા રા. રા વડોદરા મહાલ વહીવટદાર સાહેબે (આબળના પ્રમાણે હજૂર હુકમથી) **ધનીઆવી** મુકામ રાખી તમામ ગામોના લોકોને એકત્ર કરી પ્રજાની હકીકત અને માગણીઓ લીધેલી તેમજ ના ૨૬–૯–૩૭ ના રોજ **મે. વડોદરા વિભાગ નાયબસૂબા સાહેબ** પણ સદર બાબત **વરણામા** પધારી જવાબો–માગણીઓ લઇ ગયેલા હતા એટલે આ જાતની તપાસ શરૂ થતા લોકોને આશા બેસવા લાગી કે હવે દુખનો અંત આવશે ખરો

વરણામામાં ચોકી ?

પરંતુ દાઝયા પર ડામ દેવાનો જાણે બાકી હોય તેમ સન ૧૮૭૩ મા નાસેડા નખતે ઊઠેલી ચોકીઓ પૈકીની **વરણામા ચોકી** પણ ફરી બેસાડવાનુ ઠર્યું. અને એનુ કામ તાત્કાલિક જ હાથ પર લેવાઈ સ્ટેશનરોડ પર જગ્યા પસંદ થઇ તુરત ખીલીઓ પણ ઠોકાવા લાગી કામની આટલી ઉતાવળ પ્રજાનો ત્રાસ મટાડવામા થવી જોઇતી હતી તેને બદલે ત્રાસ વધારવાના જ મંડાણ થવાથી લોકો એકદમ ચોકી ઊઠયા અને એકત્ર થયા તા ૧૭–૧૧ ૩૭ ના રોજ વરણામામા છ ગામની પ્રાથમીક વિચારણા માટે સભા મળી અને તા. ૨૪–૧૧–૩૭ ના રોજ **મે ખાનગી કારભારી સાહેબ** પાસે વરણામામા ચોકી નહિ બાધવા બાબતની વાટાઘાટ કરવા માટે ડેપ્યુટેશન લઇ જવામા આવ્યું જેનુ કઇ સંતોષકારક પરિણામ આવ્યુ નહિ

શિકારખાના સં. નિ સમિતિ

બાદ તા ૫–૧૨–૩૭ ના રોજ **વરણામામાં** શિકારખાના અંગેના તમામ ગામોની સભા બોલાવી અને સતત કાર્ય ચાલુ રાખવા માટે શિકારખાના સંકટ નિવારણ સમિતિની સ્થાપના કરવામાં આવી. જેમાં પ્રમુખ

શ્રી ભવાનભાઈ જેસંગભાઈ પટેલ, મંત્રી શ્રી ચીમનભાઈ હ. અમીન અને શ્રી મંગળભાઈ નરસિંહભાઈ પટેલ તથા ગામવાર પ્રતિનિધિ સભ્યોની નિમણુક–ચૂંટણી થઈ.

ત્રાસ વેઠતાં ગામો

શિકારખાનાનો ત્રાસ વેઠતા વડોદરા તથા ડભોઈ તાલુકાના ગામો —

(૧) વરણામા (૨) સુંદરપુરા (૩) ધનીઆવી (૪) સદાપુરા (૫) ફતેપુરા (૬) ઊંટીયા (૭) કંજાપુર (૮) ગંભીરપુરા (૯) ગાધરપુરા (૧૦) હસાપુરા (૧૧) સુઝાર ગામડી (૧૨) વહોરા ગામડી (૧૩) ભાલીયાપુરા (૧૪) ચોરંદા (૧૫) વડદલા (૧૬) કપુરાઈ (૧૭) રતનપુરા (૧૮) નતારપુરા (૧૯) વાનગર (૨૦) સુલતાનપુરા (૨૧) આનમગર (૨૨) જાબુવા (૨૩) મકરપુરા (૨૪) માણેજા (૨૫) મારેઠા (૨૬) ચાપડ (૨૭) ખાનીપુર (૨૮) વાસણપુરા (૨૯) અલ્હાદપુરા (૩૦) કેલનપુર (૩૧) હરિપુરા (૩૨) આદરીયાપુરા (૩૩) કેનમપુરા (૩૪) મોમમપુરા (૩૫) કુંઢેલા (૩૬) પમુસવાના (૩૭) દીવાળીપુરા (૩૮) મદમપુર.

અપાયલી અરજ

જે પછી શિકારખાના ત્રાસ નિવારણ કરવા બાબતની વિગતોથી ભરેલી અરજ તૈયાર કરી તમામ ગામના લોકોની સહીઓ લઈ તા. ૧૬-૧૨-૩૭ ના રોજ સર્વ અમલદારોને રૂબરૂ હાજર રહીને આપી. તેમજ શ્રીમંત મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ મહારાજને સાદર કરવા માટે મે. હજૂર નામદાર સાહેબને આપી શ્રીમંતની રૂબરૂ મુલાકાત મળવા માગણી પણ કરી.

રજૂ કરેલી માગણીઓ

આપેલા અરજમાં નીચે પ્રમાણે મુખ્ય માગણીઓ કરી હતી.


(૧) સદર શિકારખાનું આ ગામોની વચ્ચેથી ખસેડી બીજું અગર શિકારખાનું જ્યાં ખસેડી શકાય તેમ હોય તો કાંટાળા તારનું ઊંચું– હદ્દો કરી જો નહિ તેવું બંદોબસ્ત કરાવવું.

ધનિયાવી શિકારખાના સંકટ નિવારણ સમિતિ

ચિમનભાઇ અમીન, ભવાનભાઇ પટેલ, મંગળભાઇ પટેલ

એક લાખને ખર્ચે થએલી વાડ

શિકારખાનાનું કમ્પાઉન્ડ



વડોદરાની જુની મુખ્ય કચેરી



પ્રજામ ડળ પ્રમાણીત વસ્ત્રભંડાર વડોદરા

(૨) ચોળીઓ, ચોકીદારો અને મકાનના તમામ હરણો શિકારખાનાના કંપાઉન્ડમા રાખવા અને પ્રતિબંધ દૂર કરી બહાર નીકળી નુકસાન કરતા હરણોને મારવાની છૂટ આપવી

(૩) ખેડૂતોને પોતાના ખેતરોના રક્ષણ માટે જોઈએ તેવી ઊંચી વાડ કરવાની છૂટ આપવી

(૪) રાજ્યના સર્વ સામાન્ય કાયદા મુજબ ખેતી અને સ્વરક્ષણ માટે હથિયાર (બંદૂક) રાખવાની છૂટ આપી અહીં મૂકાએલા હથિયાર પ્રતિબંધ રદ કરવો—વગેરે

એ પછી પ્રજાપોકાર રજૂ કરવા માટે આ ગામોની જાહેર સભાઓ ભરવાનો કાર્યક્રમ શરૂ કરવામા આવ્યો તા ૧૯–૧૨–૩૭ના રોજ **ધની આવીમા** પ્રજામંડળના પ્રમુખ **શ્રી પ્રાણલાલ મુનશીના** પ્રમુખપણા નીચે જાહેર સભા રાખવામા આવી હતી જેમા થએલા માગણીઓવાળા ઠરાવો સર્વ અમલદાર સાહેબોને મોકલી આપવામા આવ્યા હતા

માત્ર વરણામામા **નવીન ચોકી** નાખવાનુ નામ તો ખોરંભે પડ્યુ.

તા ૨૦–૧૨–૩૭ના રોજ મે સુબા સાહેબને અરજ આપી રૂબરૂ સ્થિતિ જોવા વિનતી કરતા તા ૨૧–૧૨–૩૭ના રોજ મે સુબા સાહેબ તથા મે. નાયબ સુબા સાહેબ ધનીઆવી પધાર્યા અને શિકારખાના સ. નિ સમિતિના સભ્યો સાથે આજુબાજુના ગામોની સીમમા ફરીને નુકસાનની તપાસણી કરી જ્યા પાક ખાના અને નુકસાન કરતા–ઢોકના ટોળાબંધ હરણો જોયા અને પ્રથમ જે વાતોને અતિશયોક્તિવાળી માની હતી, તે ખરી માની એમણે કેવો રિપોર્ટ કર્યો હશે તે તો એ જાણે

સન–૧૮૭૩મા ઊઠી ગયેલી ચોકીઓ પાછળથી કેટલાક ગામે ફરી બેસાડવામા આવી છે જે પ્રમાણે વરણામામા પણ ચોકી બાંધવાની નજીક થવા તા ૭ ૧૨ ૩૭ની ધારાસભામા પ્રજામંડળના જાણીતા કાર્યકર્તા શ્રી મગનભાઈ શંકરભાઈ પટેને પાછો કરાર તૂટતો હોવાના કારણે પ્રશ્નો પૂછ્યા હતા જેમા મળેલા જવાબોમા સંવત ૧૯૩૦ (સન ૧૮૭૩)મા ચોકીઓ ઉઠાવી લીધાનો૪

ઇજારા ગામોમાં આ પાક તમાકુ ચોરીઓ નહિ હોવાથી કીમત સરકારને ઇ નુકસાન થવા સંભવ છે? એ પ્રશ્નના જવાબમાં તેઓ આગળ ઉપર લખે છે— માત્ર સુધરેલ ખાતર તરીકે ઉપયોગી નીવડી હોવાનું જણાવી કે ચોરીઓ ન હોવાથી (૧) સિગરેટખાતાને અને (૨) સિગરેટખાતાના જાનવરો તરફથી ખેડૂતોને નુકસાન થવાનો સંભવ છે.' જ્યારે ખરી રીતે તો હકીકત એ નામની નથી એ નાર ચોરીઓ આઈ છ ચોરીઓની સામે વાત પણ માત્ર વગપાક... થોડા લોકોનો (?) અને તે પણ વજૂદ વગરનો જણાવવામાં આવ્યો હતો.

માનવ્યા પ્રમાણે આ નાની ગામો સ્વયંથી સિગરેટખાતું કાઢી નાખી એ જ પુ જમીન ખરી નાખવાના ઇરાદે ગિવિઝન વખતના સેટલમેન્ટ કમિશનર મે. ખામેગન જાદન સાહેબે સિગરેટખાતામાં જુદા જુદા નંબરો પડાવેલા છે અને તે ઇરાદેજ લાવ ... નાયીના આ ... જુદા કરાવેલા હતા એમ એ સિગરેટખાતું રહે ત્યાં સુધી કાળી ચાહીનો આ ... અને કાઢવી લેવામાં આવે ત્યારે લાવ શાકનો આ ... તનાએ એમ ખેડૂતોને અપાયના ઓગસ્ટમાં પણ જાહેર કરવું જ, જો કે તમામ ગામોમાં થઇ તગનગ ... પ... જરૂરી ગણત નગતી રની પરંતુ એની સાથે ન ... ના મેદ હતું એટલે તો નામ માત્ર સામા આવે ના ... મેમ્બર બગવાની સૂતન ના રસ્તું રેની અગજમાર આપેલી હતી.

ધારાસભામાં પ્રયત્નો

ધારાસભામાં પણ તેમને સભ્યો તરફથી આ સામન ... ગર ... થઇ પાકિન ... માગ ... વામાં આવી હતી પરંતુ એ વખતે એવો જવાબ મળ્યો હતો કે ... પાકિન ... નાથી આગ કે ... જેવા ... સપ ... જય એ ... એના નિવારણ માટે અગત્યનાં જણાવ્યું હતું કે ' ... માગ—નાના પડોશી ટેકરા ... નમજ ... ફરવાનું મૂળ ત્યાં ચોરી દાર ગોરી ... કે જો એવા પ્રસંગે ... ખેતી નામે પરંતુ આવા જરવેજ આવતા—નિવારી શકાય તેવા—કારણે ... ગામની ... કોઈ ... માન્ય નથી ... એ પર ... હતું કે ' આ નાની ગામ ત્યાંથી સિગરેટખાતું ... થવાના આવે તો એ જમીનના ઉત્પન્નના ...

ગ્ન થાય તેમ છે એમ બના ગિનારખાનુ ધનીઆવીમાથી ન જ નિકાલવાન
દાર તો આગને દરતુ નડાળા તારન ગ્રિયુ–દગણે । ફૂરી નીગ્ની ગર નહિ તેનુ–
પાણિનુ જી નદ્‌ અગતુ બીજ પડતર નામી દરણુના ભોગન માટે અગ્ની
જમીન પોતાની તેમા વાવેતર કરાવવુ કે જેથી જાનવરો પોષાય અને ગદાગના
પામની આશા રાખરી પડે નહિ

સભાઓ અને ઉપ્યુરેશનો

જે પછી નિકારખાનાથી પીડાતા ગામોના જાહેર સભાઓ ગણાને દરગવો
મોરની તેમજ **નેક નામદાર દિવાન સાહેબ** અને **મે. ખાનગી કાર-
ભારી સાહેબ, મે. ગરસુબા સાહેબ, મે. ખેતીવાડી ખાતાના**
અધિકારી સાહેબ, મે. સુબા સાહેબ વગેરે અમલદારોની રૂબરૂ
મુલાકાતો લઈને ખેડૂતોનો પ્રશ્ન પોતાને રજૂ કરવા માડ્યો જેમા ઘણી વખત
મુલાકાતો મળવામા અને ના મળવામા પણ કડવા મીઠા અનુભવો થયા
છે અમલદારી માનસના એ પ્રસગો તો ભૂલવાજ રહ્યા એમા ખાનગી
બની રહેનાર મીઠા–સુગમગણીન પ્રસગો પણ છે જે યાદ રહેશે તોય ઓળ
હિતકર નથી

ધનીઆવીની સભા પછી તા ૨૬ ૧૨–૩૭ના રોજ **કેલનપુરમા** પ્રજા-
મડળના નાર્યકર્તા **શ્રી. વામનરાવ નિકતેના** પ્રમુખપણા નીચે, તા ૮ ૧ ૩૮
ના રોજ **મુંદરપુરામા** પ્રજામડળના નાર્યકર્તા અને ધારાસભાના સભ્ય
શ્રી મગનભાઈ શકરભાઈ પટેલના પ્રમુખપણા નીચે, તા ૨૦–૧–૩૮ના
રોજ **ગધવપુરમા** પ્રજામડળના નાર્યકર્તા **શ્રી શિવપ્રસાદ ઠાકરના** પ્રમુખ
પણા નીચે તા ૫–૨–૩૮ના રોજ **કુહેલામા** ધારાસભાના સભ્ય **શ્રી રસુલ
ખાન પઠાણના** પ્રમુખપણા નીચે, તા ૧૪–૩–૩૮ના રોજ **જાબુવામા**
ધારાસભાના સભ્ય **શ્રી અમૃતરાવ સીતારામ પ્રધાનના** પ્રમુખપણા નીચે
ના ૨૪–૪–૩૮ના રોજ **વરણામામા** પ્રજામડળના નાર્યકર્તા અને ધારા
સભાના સભ્ય **શ્રી બાપુભાઈ ઘેલાભાઈ દેસાઈના** પ્રમુખપણા નીચે, નૃથનાર
જાહેરસભાઓ મળી હતી જેમા આજુબાજુના ગામોના ખેડૂતોની મોટી
હાજરી રહેતી તેમજ પ્રજામડળના કાર્યકર્તાઓ શ્રી પ્રાણલાલ મુનશી,
શ્રી મગનભાઈ શ પટેલ, શ્રી ચુનીલાલ નાર શ્રી વામનરાવ નિકતે, શ્રી શિવ

પ્રસાદ હાજર, શ્રી લલિતચંદ્ર દીવાનજી, શ્રી નાનુભાઈ પટેલ, શ્રી મોહનભાઈ પટેલ, "નવગુજરાત"ના તંત્રી શ્રી ચીમનલાલ ગેન્ટર, "ભારત"ના તંત્રી શ્રી રામચંદ્ર ભટ્ટ, "ક્રોનીકલ" અને "મુંબઈસમાચાર"ના ખબરપત્રી શ્રી ભીખાલાલ ચોપાની વગેરે અવાર નવાર હાજરી આપી સહાનુભૂતિ દર્શાવી રહ્યા હતા.

ઉપરાંત શિયારખાના સં. નિ. સમિતિના સભ્યો ઉપર ઉપરી નેક નામદાર દીવાન સાહેબ, મે. ખાનગી કારભારી સાહેબ તથા બીજા અમલદારોની મુલાકાતો લઈ ત્રાસની હકીકતો વારંવાર જણાવી ત્વરાથી દુઃખનિવારણ કરવા માટે વિનંતીઓ કરી રહ્યા હતા.

દાઝ્યા પર ડામ

આટલા સખત પ્રયત્ન છતાં શિયારખાનાનો ત્રાસ દૂર થવાને બદલે તા. ૨-૯-૩૮ના રોજ સદાપુરના જમીનદાર રા. બુદ્ધિસાગર ભાઈજીભાઈ પટેલ કે જે શિ. સં. નિ. સમિતિના સભ્ય છે એમણે શિયારખાનાને અડીને આવેલા પોતાના ખેતરના પાકના રક્ષણ માટે આડી વાડ કરેલી તે કાઢી નાખવા માટે ખાનગી ખાતાની સૂચનાથી મહાલ ખાતેથી હુકમ છૂટયો.

તા. ૧૫-૧૦-૩૮ના રોજ નેક નામદાર દીવાન સાહેબની મુલાકાતે ડેપ્યુટેશન જતાં મુલાકાત મળી નહિ.

રાતદિવસ હરણાંના ટોળાં ને ટોળાં ખેડુતોનો મહામહેનતનો પાક ખાઈને તેના બાળકોનો રોટલો ઝુંટવીને અસહ્ય ત્રાસ કરી રહેલાં જોતાં હમેશાં એક વિચાર આવતો કે રાજ્યના આધારરૂપ ખેડુતોને શા ગુન્હાસર આ ત્રાસ વેઠવો પડતો હશે? દુનીઆના કોઈપણ આગળ વધેલા દેશમાં ખેડુતો આ જાતની વીટંબણા ભોગવતા હશે? જવાબદાર રાજતંત્ર મેળવવાની તમન્ના પણ આવા કડવા અનુભવોમાંથીજ જન્મતી હશે ને!

ભાદરણ પરિષદમાં આખરી ઠરાવ

આખરે તા. ૩૦-૧૦-૩૮ના રોજ ભાદરણમાં પૂ. સરદાર શ્રી વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા નીચે મળેલી [illegible] પરિષદમાં ત્રાસની

વિગતો રજૂ કરના આ બાબત **આખરી ઠરાવ** થયો હતો જે પ્રસંગે સર દારૂીએ આપેલુ યાદગાર ભાષણ નીચે મૂનાય તેમ નથી

[પરિષદમા પસાર થયેલો આખરી ઠરાવ]

ઠરાવ ન. ૮

"ધનીઆવી (તા નડીઆદ) ના શિકારખાનાના હરણોથી તેની આસપાસના ૩૮ ગામના ખેડૂતો અસહ્ય દુ:ખ ભોગવી રહ્યા છે તેમાથી તેને મુક્ત કરના આ પ્રજાએ જે અનેક વખત પોકાર કરી ગાયકવાડનુ ધ્યાન ખેચના પ્રયાસથી બનતુ કર્યું છે આ પરિષદ નામદારને **આખરી વિનંતી** કરે છે કે આ શિકારખાનુ મોડામા મોડુ સને ૧૯૨૮ના ડીસેમ્બરની ૩૧મી તારીખ સુધીમા ઉઠાવી લઈ અગર બીજી કોઈપણ વ્યવસ્થા કરી ખેડૂતોના ઘણા લાંબા વખતની આ ફરિયાદનુ કારણ દૂર કરવુ અને નડીઆદ રાજ્યની થતી નુકસાની અટકાવવી જો રાજ્ય તરફથી ઉપરની માગણી પ્રમાણે યોગ્ય વ્યવસ્થા ન કરવામા આવે તો આ પરિષદ કાર્યવાહક મંડળને આ સબંધી વ્યવસ્થિત અને અસરકારક ઉપાયો યોજવાની સલાહ આપે છે "

ભાષણ પરિષદ પછી શિકારખાનાને પાકુ—માગણી પ્રમાણેની તારની વાડ કરતા મજબૂત સિમેન્ટ કૉન્ક્રીટનુ કપાઉન્ડ બાંધવાનુ શરૂ કરી એ કાર્ય બીજે વર્ષે રૂપિયા એક લાખ ખર્ચી પૂરુ કર્યું અને પીડિત પ્રજાને સંતોષ થવો શરૂ થયો દરમ્યાન પણ કંઈક સુનાવણી જેવી પડી હતી હજુ મહાગના હરણો મારવાની છૂટ મળી ન હતી અને હથિયાર પ્રતિબંધમાથી આ ગામોને મુક્ત કરવામા આવ્યા નહોતા એટલે એ મહાગના હરણોનો નાસ ચાલુ હતો ત્યા તો ફરી મહેસૂલ—ખાતાના આ હુકમ નવાના ક્રમો છપાયા અને તા ૧–૧૨–૨૯ના રોજ ગૅઝેટનામા પણ ની ત્યા

જેથી શુભ અમલદારો તથા નેક નામદાર દીવાન સાહેબની મુલાકાત લઈ એ સાથે લાભ આપ્યા વગર ન થઈ શકાય એ કારણો સાથે રજૂ કરી ખેડૂતોને સન ૧૯૧૫મા અપાએલા ખોટખતો પણ રજૂ કર્યા હતા જેમા જણાવ્યુ હતુ કે —"**આ ગામ પાસેના (ધનીઆવી) નામમાં શિકાર રીઝર્વ**

જ્યાં સુધી ગણવામાં આવે ત્યાં સુધી પ્રથમ કાળી મહીનો અને નીમળી જાય ત્યારથી લાલશાહીનો આકાર વસૂલ લેવામાં આવશે.”

જે પછી નેકનામદાર દીવાન સાહેબે તા. ૪-૩-૪૦ના ગામ ઠરાવ ... માન ... થી ... એ ... ભાન આનંદ થવાનો મધ બતાવ્યો અને પ્રતિબંધ દૂર કરવાની તજવીજ શરૂ કરી.

જે પછી તા. ૮-૩-૪૦ના ગામ (આજ્ઞાપત્રિકા તા. ૧૭-૩-૪૦) થી ખાનગી નંબરી સાહેબના હુકમથી પ્રતિબંધવાળા આ ગામોને બંધીમાંથી મુક્ત કરી હથિયાર પ્રતિબંધ દૂર કર્યો અને ચોકીઓ પણ ઉઠાવી લીધી. ખેડૂતોને ગમે તેવી વાડ કરવાની છૂટ તો સ્વાભાવિક થઈ ગઈ. જ્યાં હરણોના ટોળાના ટોળાં જૂથ શાખાઓની પેઠે ભમતા હતા ત્યાં પ્રતિબંધ દૂર થતાં એ ૧૦ હરણ જેવું હોય તોય હવે શિકારખાનાના કંપાઉન્ડમાં જવું પડે એ પરિસ્થિતિ આવી ગઈ એટલે ખેડૂતોએ છૂટકારાનો દમ ખેંચ્યો અને આભાર પણ આપવો શરૂ કર્યો.

કંપાઉન્ડ કરવામાં આવે તો હરણોને અડચણ આવે એમ જણાવાતું હતું ત્યારે સમિતિએ એ માટે જે ઉપાયો સૂચવ્યા હતા તે જ ઉપાયો આ કંપાઉન્ડમાં કરી ... પાણીની રેલ વખતે હરણોને ઉંચા ચડી જવા માટે ઉંચા ટેકરા થયા. આગ (દવ) વખતે મદદ લઈ નાખવા સારુ દરવાજા રાખ્યા. અને ખોરાક માટે અંદર લીલોતરી-વાવેતર પણ શરૂ થયું જે માટે ગવર્નમેન્ટની પણ મદદ કરવામાં આવી છે. જો કે ૯ ફૂટની ... સામે ... ઉગતો પાક સાચવવાનું કામ હેરાન કરે છે એનો શિકારખાનાના ... અને અમન ... થઈ ગઈ છે.

આભાર

જુગ જૂના શિકારખાનાનો ત્રાસ દૂર થવામાં પ્ર ... અને તેના ... કાર્યકર્તાઓએ આ પ્રશ્નને પોતાનો બનાવી પહેલેથી છેવટ સુધી સંપૂર્ણ મદદ કરી છે અને ... ત્યાર પછી ... જ્યારે જ્યારે પ્ર ... પૂર્વ કાર્યકર્તાઓને જણાવવામાં આવ્યું છે ત્યારે ત્યારે તુરત દોડી આવી સંપૂર્ણ

સાથ આપ્યો છે ૫ ડૉ. સુમન્ત મહેતા કે જે નોયી નગણામાની દરેક પ્રવૃત્તિમા રસ લઈ સલાહ અને સાથ આપી રહ્યા હતા એઓશ્રી હાલ બહાર ગેઈ તબિયત નરમ હોવા છતા આ કાર્યમા જે સાથ આપી સહાનુભૂતિ દર્શાવી રહ્યા હતા એ ભૂલાય તેમ નથી

વર્તમાનપત્રોનો સાથ

આગાય ગુજરાત કાઠિયાવાડના અને બહારના પણ અંગ્રેજી—ગુજરાતી વર્તમાનપત્રોએ આ લડતમા સપૂર્ણ સાથ આપી ખેતરોમા ચાવના હરણોના ત્રાસના તેમજ સભાઓના ફોટાઓ સાથે હેવાલો, નોંધો અને અગ્રલેખો પ્રગટ કરી સમિતિના કાર્યમા ખૂબ મોટો સાથ આપેલો છે

હિંદુ–મુસ્લિમ ઐક્ય

આ ત્રાસનો નીવેડો લાવવામા પીડિત ખેડૂતો—હિંદુ અને મુસ્લિમોએ તન, મન ને ધન ખર્ચી સપૂર્ણ જહેમત ઉઠાવી દિલોજાનની ભર્યો સહકાર સાધ્યો છે અને એ મુસ્લિમ ભાઈઓ પણ સત્યાગ્રહથી ઉપજતી સઘશક્તિ અને પ્રજામતના બળની ખૂબજ કિંમત આંકતા થયા છે જ્યા હિંદુ અને મુસલમાન બધાના સુખદુઃખ સરખાજ છે ત્યા—આ દેશમા હિંદુ–મુસ્લિમ ઝઘડા કોણે અને શા માટે ઉભા કરાશે?

સરદારશ્રીનો સાથ

જ્યા રાજ્ય તરફથી ત્રાસ નિવારણની માગણી સ્વીકારવા છતા એના અમલની જે પાગાર શિથિલતા ચાલી રહી હતી તેના નિવારણ માટે ભારતના પ્રજામડળ પરિષદના પ્રમુખ પૂ. સરદાર શ્રી વલ્લભભાઈ પટેલે જે વીર ગર્જનાથી સાથ આપી મજબૂત અને સફળ દોરવણી આપી છે એ કદીયે ભૂલાય તેમ નથી પૂ સરદારશ્રી તા ગુજરાતના ખેડૂતોના તારણહાર સમા છે એમ કહીએ તો એમા જરાય અતિશયોક્તિ નથી દમાવના—કચડાયના ખેડૂતો માટે સરદારશ્રીના દિલમા જે લાગણી ભરી આગ ભરેલી છે એ તો નરી આખે જોઈ શકાય તેમ છે

ધનીઆવી શિકારખાનાના પ્રશ્નની કૃણા નિર્ણયના પરના તા ૧૪–૧–૪૦ ના રોજ ગુજરપુર મુકામે પૂ. સરદારશ્રી ના પ્રમુખપદે આ ગામોના

ખેડૂતોની જાહેર સભા શ્રીમંત મહારાજાસાહેબનો આભાર માનવા મળી હતી.

જે પ્રસંગે સલામતીના બહાના નીચે વડોદરાથી સુંદરપુરાના રસ્તે વાહન વહેવાર પર પ્રતિબંધ મૂકવાથી અણધારી મુશ્કેલી ઉભી થઈ હતી. છતાં વડોદરાથી વરણામા સુધી રેલ્વેની સ્પેશીયલ ટ્રેન (ગાડી) લાવતાં અને શહેર તથા ગામડામાંથી મોટો સમુદાય પગપાળા આવતાં સુંદરપુરામાં શિકારખાનાના કંપાઉન્ડ સામે જ જબરી માનવમેદની જામી હતી. જેમાં પ્રજામંડળ અને રાષ્ટ્રીય મહાસભાના કાર્યકર્તાઓ તેમજ ધારાસભાના સભ્યોની પણ મોટી હાજરી હતી.

વર્ષોથી બહાર નહિ નીકળતા માંદગીને બિછાને–ઘરની દીવાલોમાં પુરાયલા પૂ. શ્રી બાઈલાલભાઈ એ પ્રસંગે સરદારશ્રીને મળવા સુંદરપુરા આવતાં સરદારશ્રી આ માનવ મેદની વચ્ચે એમને લાગણીથી ભેટી પડયા હતા. એ બન્ને જૂના સાથીદાર–મિત્રોનુ સ્નેહમીલન ખરેખર હૃદયભેદક હતું.

સુંદરપુરા જાહેર સભાના આ અપૂર્વ પ્રસંગે પ્રજામંડળના કાર્ય સારૂ રૂા. ત્રણ હજારની થેલી ફૂલપાંખડી રૂપે પ્રજામંડળના એ પ્રમુખ સરદારશ્રીને અર્પણ કરવામાં આવી હતી.

પ્રભુ હમેશાં પ્રજામાં દુઃખ મુક્તિ અને ન્યાય મેળવવા માટે મક્કમ શક્તિ અને કર્તવ્યપરાયણતા અર્પે તેમજ સત્તાધિકારીઓને પ્રજાના સુખમાંજ રાજનું ખરૂ સુખ સમજાય એજ પ્રાર્થના.

ચિમનભાઈ હ. અમીન
મંત્રી; શિકારખાના સં. નિ. સમિતિ
અને
વડોદરા પ્રાંત પ્રજામંડળ (**વરણામા**).

સંદેશાઓ

[વડોદરા રાજ્ય પ્રજામંડળના પ્રમુખો તથા મંત્રીઓએ મોકલી આપેલા સંદેશાઓ છાપતાં અમોને આનંદ થાય છે]

વામનરાવ તામ્હણકર :

ઈશ્વરેચ્છા હશે તેથી આપની સમક્ષ આ સંદેશા રૂપે ખડો થાઉં છું અને ઈશ્વરેચ્છા હશે તેથી જ પ્રજામંડળની પચીસી ઉજવતાં આપણે જીવતર મન્યા છીએ ત્યારે તો એમ થયું કે ઈશ્વરેચ્છાથી જ બધું બને છે તો પછી આપણે આજ સુધી જેના પ્રચાર અને આજે થતી ઉજવણીની ભાંજગડ શી?

પ્રજામંડળની પ્રથમ શરૂઆત જે ભેજામાંથી ઊગી હતી તે આ જ જગતનો માનવી હોવા છતાં પોતાના કર્તા પાત્રના સુખદુઃખનો વિચાર પ્રથમ કરનાર હશે અને એ દરમ્યાન બીજાઓને પણ એવા વિચારો આવ્યા હોય એ સંભવિત છે પણ એ વિચારને અમલી બનાવનાર જ આપણા પ્રજાજીવનમાં ઓતપ્રોત બની એના પ્રજામંડળને આપણી નજર સમક્ષ ખડું કર્યું છે. આ પચીસ વર્ષના ગાળા દરમ્યાન પ્રજામંડળને મૂર્તસ્વરૂપ આપવામાં કેટલાય ભેજાં કામે લાગ્યાં હશે! કેટલાય મનોમંથનો થયાં હશે!



પ્રજાજીવનપર ઘા કરનાર નિયમનો રચનારાને ગાડ ગખતા કેટલાય સતાઈ મેલા હશે? આ એમ છતા કેટલાય પ્રતિનિધિઓને ફાવતી રીતે પ્રજાજીવનને પોષવા માટે પ્રાણ પાથરવા ઝંખતા હશે

અને ગમે તેમ હોય પણ પ્રજામંડળની ૨૫ વર્ષની કારકિર્દીમા સતત્વના ભોગ આપી પ્રજામંડળ તરફે ભેખ લેનાર માત્ર એક જ વ્યક્તિ આપણને લાધી છે પણ ભાઈ ચુનીલાલ શાહ જેવા મનોબળ ધરાવનારા થાય હોય ત્યા સુધી જ એમા બળ નવા બામે

પ્રજા અને સેવકો–સરકારી નોકરો અને પ્રજામંડળના સ્વયંસેવકોના માનસનું પૃથક્કરણ કરતા મને એમ દેખાઈ આવે છે કે પ્રજામંડળનો અવાજ ઝીલવા પ્રજા આતુર નયને રાહ જોઈ રહી છે શું પ્રજામંડળનો અવાજ બધા માનોને અથડાય છે? બધાને આખરે પેટ તો ભરવાનું જ છે અને સેવા કરવાની મહેચ્છા છતા સંજોગોનો વિચાર પણ કરવો ઘટે તો માત્ર ગુજરાનની ચિંતામાંથી મુક્ત કરીને પ્રજામંડળની સેવાઓમા ઘણાને રત કરી શકીએ આમ કરવા માટે સ્વયંસેવકોમા પરસ્પર સહકાર સાધવા અને સૂચનાઓ લખત પ્રત્યક્ષ મદદ મળવાની ખાત્રી કેળવી ગુજરાન માટે જ સૂચનાઓ લેનાર ભાઈઓને પ્રજાસેવા માટે આગળ લાવવા જોઈએ

આવા સ્વયંસેવક સંઘ માટે સર્વન્ટસ ઑફ ઇન્ડીઆ સોસાયટીનું ધોરણ ધ્યાનમા રાખીને સેવક જે વેતન મેળવે છે તે માટે પ્રજાનો ટોણો સાંભળવો ન પડે તે માટે પ્રજામંડળના ભંડોળથી અલગ પણ પ્રજામંડળને જવાબદાર એવું ભંડોળ ઊભું કરવું જોઈએ મને આશા છે કે આ ભંડોળ ઊભું કરવામા વડોદરા રાજ્યની પ્રજા પાછી પાની કરે તેમ નથી. આવા સ્વયંસેવકો કેવળ રાજકારણમા જ ખૂંચી પડવાની જરૂર નથી ખરી રીતે તો પ્રજાજીવનના અંગોપાંગને સંજીવની પાના સિદ્ધ વૈદ્યો શોધી શોધી સુધારવા જોઈએ આમ ધારાસભા પ્રજાજીવનમા એવી મહેક આણી શકાય કે જેથી સહેજે બધી સત્તાઓ પ્રજામંડળના હસ્તકમલમા થનગની ઊઠે અને પ્રજામંડળને પાપસ્વરૂપ દર્શન કરનારાઓ ભીમનાથ વિરાટસ્વરૂપના દર્શન કરી મિથ્યા આરોપણના પાપમાંથી મુક્ત બને

પ્રજામંડળ માટે આવું સ્વયંસેવકદળ શરૂ કરવાનો વખત આજે ને આજે, અત્યારે જ આવી પહોંચ્યો છે. ભય ચારે બાજુથી ડોકિયાં કરી રહ્યો છે. મોંઘવારી અને બીજાં આક્રમણો આપણી પ્રજાને ચૂંથી નાખે તે પહેલાં યોજના અને અમલના પ્રત્યક્ષ દર્શનમાં સૌ સહાયભૂત બનો અને પ્રજામંડળના જીવનના બીજા તબક્કામાં મક્કમ પ્રવેશ કરવા ઈશ્વર સૌમાં સદ્બુદ્ધિ પ્રેરો.

ગણેશ ભાસ્કર માને :

પ્રાર્થના ૧લી :—વડોદરા રાજ્ય પ્રજામંડળ વિશે

પાવન જગન્નાથ પ્રભુ શ્રીકૃષ્ણ પરમાત્માને પ્રણામ! તારી કૃપાથી પ્રજામંડળ સ્થપાયું. પ્રજાની હાલત જોઈ જેમનાં હૃદય કંપી ઊઠ્યાં તે ઉમંગી વિભૂતિઓના મનમાં ઉત્પન્ન કરેલી તારી પ્રેરણાઓથી 'વડોદરા રાજ્ય પ્રજામંડળ' જન્મ્યું તે બાળક તારી કૃપાથી ઉછર્યું અને આજે બાળક ઉંમર (પચીસ વરસનું) થયું છે. હવે વખત આવ્યો છે કે તિજોરીની કૂંચીઓ તે જુવાનના હાથમાં આપી તે કેવો વહેવાર ચલાવે છે તે એક વાર સૌને જોવાનો. તારા આશ્રિત તે જુવાન માટે ને હંમેશને માટે આપના રહેવાની કૃપા કરશો. તારો અવતાર છે 'परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥' પ્રજામંડળને મક્કમ બનાવજે અને સારું બળ આપજે કે જેથી તારા બચપણમાં જેવા ખેલ તું રમ્યો તેવા અદ્ભુત ખેલ તે રમે. 'शान्तिरस्तु पुष्टिरस्तु, तुष्टिरस्तु' તારું આશીર્વચન જોઈએ કે 'તથાસ્તુ'

પ્રાર્થના ૨ જી —પ્રજામંડળના કાર્યવાહકોને

સતીનો વેશ લીધો તો દુઃખ તો વેઠવું જ પડે. પણ તે દુઃખ સુખ પરિણામી હોય છે. દુઃખી પ્રજા માટે આપ પ્રયાસ કરી રહ્યા છો તે ધન્યવાદ આપવા યોગ્ય છે. તે પ્રયાસ કરતી વખત સ્વાર્થને રાજ આગળ ન ભાવના એક બાજુએ બેસાડો. મારી આબરૂ વધે છે? મારાં વખાણ થાય છે? મારી બોલબાલા થાય છે? મારા ગામમાં હાર પડે છે? એવી ભાવના ન રાખો. અસહાય પ્રજાનું ભલું થાય તે એક જ વાત પર ધ્યાન રાખી યત્ન કરો. નિંદા થાય, શિક્ષા થાય, અપમાન થાય, [illegible] ભલે થાય, થાય તો ભલે. પણ प्रारब्धमुत्तमजना न परित्यजन्ति આ વાક્યની શિખામણ તમારું વેદવાક્ય કરો.

પ્રાર્થના ૩જી :—તમામ પ્રજાને

પ્રજામંડળના સભાસદ થવા આગ્રહ પકડો; જુદા જુદા વિરોધી મંડળ સ્થાપીને પ્રજામંડળમાં ભેદ પાડીને તેના પગ ભાંગી ના નાખશો. સાચા નેતાઓ પ્રથમ ઓળખી કાઢો અને તેમના પગે પગ મૂકો. બહુમતિના ઠરાવોને માન આપો. મારું કહેલું માન્યું નહિ તેથી હું બહાર પડું છું એવી વૃત્તિ રાખશો. પ્રજામંડળના અધિવેશનોમાં હજારોમાં હાજરી આપી 'संहति कार्य साधिका' આ વચનની સત્યતા સાબિત કરો. કહેવા જેવું તો ઘણું છે. પણ ટૂંકામાં સમજી લેજો.

પ્રાર્થના ૪થી :—ખુદ પ્રજામંડળ સંસ્થાને

શરૂઆતમાં કશું જ હતું નહીં. નવી રેલવેલાઇન જ્યારે નંખાય છે ત્યારે એક જ ઝુંપડું તે જ સ્ટેશન. એક જ માણસ તે જ સ્ટેશન માસ્તર, તાર માસ્તર, બુકીંગક્લાર્ક, સીગ્નલર, બત્તિવાળો, ઘંટડી વગાડનાર વગેરે વગેરે એકલો જ હોય છે. તેવી રીતે પ્રજામંડળમાં કાર્યકર્તા થોડા હતા. પોતાનું મુખપત્ર ન હતું 'સયાજી વિજય' અને પછી 'નવગુજરાત' ઢોલ વગાડતાં. છાપખાનું ન હતું, તંત્રી ન હતા, મંત્રી એક જ વગેરે; મને ૧૯૨૨ થી ૨૭ સુધી હું પ્રજામંડળનો એક મંત્રી હતો તે વખતની હાલત પૂરી હતી. હવે તો સેના વધી છે. મને યાદ છે કે જ્યાં ત્યાં તેને તે જ લોકો જાય. હું, ડૉ. સુમન્તભાઈ તથા વરણામાના અમીન બાપુભાઈ સાથે વડોદરા ગામના ખુણેખુણે ભટક્યો. કાળીપરજનું કામ આવ્યું, ઠેઠ કોડીનાર સુધી સભાસદ બનાવવા વગડાના રસ્તે ખેતરમાંથી બળદ ગાડાં અને મોટરો ગાડાવાટે દોડાવી ત્યારે થોડાજ લોકો સાથ આપતા તે વખતની સ્થિતિ ક્યાં? અને હાલ તાલુકે તાલુકે, શાખા મંડળો સ્થપાયાં છે. પ્રજામંડળનું સ્વતંત્ર મુખપત્ર છે, તંત્રી શાનજિવ એક જ પ્રજામંડળના વિભાગમાં વખત ગાળે છે. યુ. પુ. શાહ જેવા લેખ લખવામાં તત્પર છે. મંત્રીઓમાં જુદા જુદા ભાગ વહેંચાયા છે. મુનશીઓ જેવા ભારોશ, નીડર વકીલ, પ્રજામંડળ પોતાનો એક અસીલ માનીને બેઠા છે (અર્થાત વગર ફી વાળો અસીલ) તે હાલની સ્થિતિ ક્યાં! જમીન આસમાનનું અંતર! પ્રજામંડળનું નાણાંભંડોળ [illegible] દિનપ્રતિદિન તારું બળ વધતું જાય છે, મુક્સાન થાય છે, દિવસે [illegible] જવાશીશ

તો પ્રજાની ગરકથા મટી જશે અને શ્રીમંત ગાયકવાડ સરકારના છત્ર નીચે તને જવાબદાર રાજ્યતંત્ર અને અંતર્ગત સ્થાન પણ મળશે સ્વરાજ્ય દૂર નથી નજરની પહોંચમાં આવતું જાય છે

પ્રાર્થના પમી :—રાજદ્વારી અધિકારી વર્ગને

મહેરબાન સાહેબો ! તમારી પ્રજા છે પ્રજામંડળ તમારો દુશ્મન નથી તમારો મદદગાર, સલાહકાર છે મહારાજા એ કંઈ રાજ્ય કરતા મહારાજાનું ખાનગી વતન નથી એ તમે જાણો છો રાજા પ્રજાનો ટ્રસ્ટી છે પ્રજાના સુખ માટે રાજ્ય ચલાવે છે તે ચલાવવા સારુ પ્રજા રાજ્યની તિજોરી ભરી આપે છે હા અવશ્ય રાજાનું માન વર્તમાન રાખવું જ જોઈએ જ્યારે પ્રજાનું હિત સાચવવાનું છે ત્યારે તે હિત શામાં છે, પ્રજાની જરૂરિયાતો શી શી છે, દુઃખ શાં શાં છે તે દૂર કરવાના માર્ગ ક્યા છે તેની માહિતી જરૂરની છે આ માહિતી કોણ આપે ? તે આપનાર પ્રજામંડળ એક તમારો ગુમાસ્તા એજન્ટ (agent) છે આપ જોશો કે આ માહિતી અગો અમારી આમે જોઈને મેળવીશ પણ તમે કાંઈ ઈન્દ્રની પેઠે સહસ્ત્રાક્ષ નથી. આપની એક જ દૃષ્ટિ છે અને તે પ્રથમ ગાદી તરફ જ છે તે સ્વાભાવિક છે પ્રજામંડળ એ બીજી દૃષ્ટિ જ છે આ તેનો બારમાપક યંત્ર (barometer) છે માટે કૃપા કરી પ્રજામંડળ તરફ વક્રદૃષ્ટિ ન રાખશો તે શત્રુ નથી મિત્ર છે, અસ્તુ—

> क्रियासु युक्तैर्नृप चारचक्षुषो न वञ्चनीया प्रभवोऽनुजीविभिः
> अतोऽर्हसि क्षन्तुमसाधु साधु वा हितं मनोहारि च दुर्लभं वचः ॥

સુમન્ત મહેતા :

વડોદરા પ્રજામંડળની પહેલી પચીશી પૂરી થઈ ગઈ છે અને તેને અંગે પ્રજાજનોને આનંદ થાય એ સ્વાભાવિક છે એ પચીસ વર્ષોમાં આપણા પ્રજાનો ઉત્સાહ, અતિ ઉત્સાહ, ઉદાસીનતા અને ફરીથી ઉત્સાહના બનાવો બન્યા છે વડોદરા સરકારની નારાજીઓ, વગ, ભય, અમલદાર, ગુસ્સા વગેરે બધા આપણે સહન કરી લીધા છે, અને અનેક નાનામોટા નાયકોને ગતના પરિણામો ભોગવવા પડ્યા છે કોઈ [illegible] સ્વાભિમાન,

સામી બાજુએથી એ પણ કહેવાની જરૂર છે કે ખોટા સંતોષથી પ્રગતિ તથા પ્રવૃત્તિ મંદ પડી જાય છે અને વ્યક્તિ મૂઢ બની જાય છે

આજે સંકલ્પ કરવાનો પ્રસંગ છે કે પ્રજાજનો ઘણી મોટી સંખ્યાની અંદર પ્રજાસેવા કરવા માટે કમર કસીને મેદાનમાં આવી જાય.

આપણા પ્રજામંડળને ગૌરવ લેવા જેવી ઘણી બાબતો છે. ૧૯૧૬માં માત્ર વડોદરા રાજ્યમાં જ નહિ પણ આખા હિંદમાં જ્યારે રાજકીય પ્રવૃત્તિ ઘણી સતેજ નહોતી, ગાંધીજીએ રાજકારણમાં પ્રવેશ પણ નહોતો કર્યો ત્યારે પ્રજામંડળની સ્થાપના થઈ. વખતે બધાં દેશી રાજ્યોમાં આ પહેલામાં પહેલું પ્રજામંડળ હશે કે જેણે સતત પ્રગતિ કરી હોય–બીજી હકીકત એ છે કે એક માત્ર ૧૯૧૮થી ૧૯૨૨ સુધી જ પ્રજામંડળમાં ભારે મંદી આવી હતી. તેના કારણોમાં ઉતરવાથી લેખ લંબાઈ જાય. આ ચાર વર્ષ સિવાય પ્રજામંડળે સતત પ્રવૃત્તિ કરી છે, ઓછા કે વધારે પ્રમાણમાં.

શરૂઆતના વર્ષોની કામગીરી કે ઠરાવો વાંચીને કોઈએ એમ ન માનવું જોઈએ કે એ વર્ષોમાં પ્રજામંડળની પ્રતિષ્ઠા ઓછી હતી. રાનીપરજની ચળવળ વખતે અને પેટલાદ સત્યાગ્રહ વખતે સરકારે પ્રજામતને માન આપીને જે વળણ લીધું હતું તે મારા કથનના પુરાવારૂપ છે. ગઈ કાલથી જ પ્રભાત ઉગ્યું છે એમ માનવાની ભૂલ કોઈ ન કરે.

ભવિષ્ય

આજના સંજોગોમાં ભવિષ્ય ભાખવાની મૂર્ખતા કોણ કરે? હું તો એટલું જાણું છું કે આપણે આજસુધીમાં મેળવ્યું છે તે પાશેરામાં પહેલી પૂણી જેટલું છે. આપણે રાજસત્તા નહિ જેટલા પ્રમાણમાં મેળવી છે. આજની ધારાસભા કે મ્યુનિસિપાલિટિઓમાં સાચા સ્વરાજ્યનું તત્ત્વ નહિ જેવું છે. રાજ્યસત્તા પ્રજાને જવાબદાર બિલકુલ નથી એમ હું કહેતો નથી. ખરી મહત્વની બાબતોમાં બીનજવાબદાર છે, નમાલી બાબતોમાં નમતું મૂકે છે.

પણ, આજે તો હિંદી રાષ્ટ્ર તરીકે આપણે જીવીશું કે નહિ, વધારે સ્વતંત્ર થઈશું કે ઓછા, આપણા દેશની સ્થિતિ પણ બ્રહ્મદેશ જેવી થશે કે કેમ, દુશ્મનોનો સામનો કરવામાં હિંદી પ્રજા શો ભાગ ભજવશે એ પ્રશ્નો ખડા થયા

છે હિંદી પ્રજા (વડોદરાનો સમાવેશ થઈ જાય છે) ઉન્નતી જનતા હક્કો અને પ્રસંગાનુસાર નીડરતા તથા હિંમતથી પુરુષાર્થ કરશે તો ભવિષ્ય ઉજ્જવળ છે, ગુલામોના જમાનામાં તો જરૂર જણાઈ શકે આજે ખભેખભા મેળવીને સમય છે

વનજભાઈ વાઘજીભાઈ પટેલ:


પ્રજામંડળનો પાયો નવસારીના પંચાયત પરિષદ બની તે વખતે પ્રમુખ ના. મ. ઠક્કર ગોવિંદદાસ નાટાવાળાની સૂચના મુજબ અનુસાર પ્રજામંડળ નામ રાખવામાં આવ્યું અને પ્રથમ જનરલ સેક્રેટરીઓ નીમ્યા તે પૈકીનો હું એક હતો.

પ્રજામંડળ જન્મ્યો હતો, પગથીએ પગથીએ દાખલ થઈ ને જેના મોટો અવાજ શ્રીમંતને પત્ર દ્વારા પહોંચ્યો શ્રીમંત સયાજીરાવ મહારાજ સાહેબે ‘પંચાયત પ્રતિનિધિ સભા’ની રચના કરી, ૯૦૦ મહાલમાંથી, પ્રાંતમાંથી એક એક સભાસદ ચૂંટાઈ આવે તેને વડોદરામાં રાજ્યમહેમાન તરીકે રાખી સુખસગવડો આપી સભામાં શ્રીમંત મહારાજ સાહેબ પધારી ગામડાંના દરેક સૂચનાઓ ધ્યાનમાં યોગ્ય ન નિકાલ આવતો હતો આ સંસ્થા ચાલતી એટલે પ્રજામંડળનું નિર્માણ થયું પણ જેનીમ મુને પાછું પ્રજામંડળ શરૂ થયું ને સરકાર પંચાયત પ્રતિનિધિ સભા બંધ કરી.

પંચાયતોના પ્રતિનિધિ તરીકે આ પરિષદમાં ભાગ આપવા ઉપરાંત ખેતીવાડી સલાહકાર મંડળ, વ્યાપાર સલાહકાર મંડળ સેન્ટ્રલ કૉ-ઑપરેટિવ બોર્ડ, રેલ્વે એડવાઈઝરી બોર્ડની સ્થાપના સરકાર કરી તેમાં ચૂંટાયેલા સભાસદો નીમી સલાહ લેતા, ગ્રામ્ય વડાવલા એવી રીતે રાજ્યની દરેક પ્રવૃત્તિમાં પ્રજાનો અવાજ સાંભળવા શ્રીમંત ઉત્સુક હતા.

એક વખત શ્રીમંત મહારાજ સાહેબે મને પૂછ્યું કે ૧૯૦૦ માં ૧૦ ભાગ તેમાં માગી પ્રજા સરકારી અમલદારો પાસે દાદ લઈ ને ખરા પોતે નિર્ભય કરે એ માની શક્યા છે

શ્રી મહાસુખભાઈ ચુનીલાલ



શ્રી વરજભાઈ વાઘજીભાઈ



શ્રી માણેકલાલ અંબારામ ડૉક્ટર
વ. રા પ્રજામંડળ બીજા અધિવેશનના મંત્રી



શ્રી મણિભાઈ વસનજી દેસાઈ
વ. રા પ્રજામંડળ ત્રીજા અધિવેશનના મંત્રી

સંવત ૧૯૬૩મા સ્થાનિક પંચાયતોની સ્થાપના કરી ત્યારે નામદાર હજુર સાહેબની સલાહથી જવાબદાર રાજતંત્ર પ્રજાને આપવાની પહેલ કરી.

ગામપંચાયતોને

પ્રાથમિક શાળાઓ, ગામ નોકરો, વેક્સીનેશન ખાતું, સુપ્રત કર્યું, નાના નાના દાવાઓ, નાની નાની ફોજદારી ફરિયાદો સાંભળવાનો અધિકાર, મોહદના કરવા, નાની રકમનું કમ્પેન્સેશન આપવા વગેરે હક્કો આપ્યા

ગ્રામ્યન્યાયાધીશો, મધ્યસ્થપંચો નીમી, દીવાની કોર્ટોમા ખર્ચ થતું બચાવવા, અંદરઅંદર સમાધાન કરવા નિકાલ કરવા પ્રબંધ કર્યો

મહાલપંચાયતોને

મહાલમા થતા પંચાયતના બાંધકામો ઉપરાંત પં ન ખાતાએ નોંધેલા કરવાના કામો કરવા, જરૂર પડે તો ગામનાઓ પાસેથી કામ કરાવવા, વહીવટદારના અરજરજીસ્ટર તપાસવા, શાળાઓ ઉપર દેખરેખ રાખવા, તાલુકાના દરેકે દરેક ખાતાના વાર્ષિક રિપોર્ટ ઉપર ચર્ચા કરવા ધારાસભામા સભાસદ ચૂંટી મોકલવા અધિકાર આપ્યા

પ્રાંતપંચાયતોને

આખા પ્રાંતમા બાંધકામો કરવાના અંદાજો, નકશાઓ પાસ કરવા, કામો કરાવવા, મહાલમા પંચાયતના અમલદારો નીમવા, સુબાનું અરજરજીસ્ટર તપાસવા, ખેતીવાડી-વ્યાપાર ખાતાના સલાહકાર મંડળમા મેમ્બરો ચૂંટવા, પંચાયત ખાતાનું બજેટ પ્રાંત પૂરતું અભિપ્રાય માટે, રાખવો, પ્રાંતો પૂરતાના હક સાથે લાઇબ્રેરી ડિપાર્ટમેન્ટને મદદ કરવા, પ્રાંતના ખાતાના રિપોર્ટ ઉપર ટીકા કરવા, વાડાખાતાના નોકરોની નિમણૂક બદલીઓ કરવા અધિકાર આપેલા

આ બધું પ્રજાને જવાબદાર રાજતંત્ર આપવા માટે આપેલું (તે વખતના નાનકડા સાહેબના ૨૪ મેમા વાંચો તો ખાતરી થશે કે જવાબદાર રાજતંત્ર આપ્યું હતું)

પણ અનામતના સ્વાર્થ, પક્ષાપક્ષીને લીધે એ ફંડનો દુરુપયોગ થતો જોવામાં આવ્યો તેમતેમ એમાંથી ને આજે સંસ્થાઓના ખોખાં રહ્યાં

પછી પ્રજામંડળની જાગૃતિમાં એવા નિડર અને નિખાલસ જેવા પ્રમુખો મળી તેમના અનુભવ જ્ઞાનનો લાભ લઈ પ્રજામંડળ પગભર થયું

પ્રજામંડળની પ્રાંતની મહાસભાની શાખાઓ છે અગાઉની અમલદારોની ખુરશી જૂનો ગોળી રાજ્ય ગજ બનાવી અમલદાર વર્ગને ઉચ્ચ સ્થાન માન પ્રજામંડળ રહે છે એમ લાગતા પ્રજામંડળ ઉપર અમલદારોનો ગુસ્સો થયો વધ્યો નરમ સુધી એગી વાતાવરણ યુ ખરેખર પ્રજામંડળે હોદ્દાના દાવો શી આવી નાની નાની બાબતના પ્રાન્ત મહાજનને સોંપી દેત તો સરકારની પ્રજામંડળ ઉપર અવકૃપા ન હોત

હિંદ મહાસભાના ધોરણે રાજ્ય અમલદારોની ખોટી જૂના જેવા ધોરણ સુધા વા હોદ્દાના દાવા કરવાની જરૂર છે

આશા છે કે આ પ્રજામંડળ હિંદ મહાસભાના ધોરણે કામ કરી રાજ્યની છત્રછાયા નીચે નરેન્દ્ર પ્રજાને લાયક રાજતંત્ર અપાવવા વિનય વિવેક સહ કામ કરે તો પ્રજામંડળ ખરેખર ઉપયોગી રાજ્ય પ્રજાને અનુકૂળ દિશાએ વાળી શકે અને હેતુ પૂરેપૂરો સાધ્ય કરી શકે

મણીભાઈ વ દેસાઈ

ભૂતકાળમાં પ્રજામંડળના ઉત્થાનના ઘડતરના એક ઘડવૈયા તરીકે તેના સ્થાપનાની બનીને તેના વાર્ષિક અધિવેશનના મંત્રી તરીકે સુકાન હાથમાં લઈને પ્રજામંડળના ભૂતકાળના ઇતિહાસમાં ભાગ આપ્યો છે તે હેતુસર પ્રજામંડળના રૌપ્ય મહોત્સવના પ્રસંગે સંદેશો મોકલવા આપના નિમંત્રણથી નેગાઈ માગ વિચાર દર્શાવું છું

કોઈ પણ પ્રજાના રાષ્ટ્ર ઘડતરમાં રાષ્ટ્રીય સંસ્થા એ એક પ્રધાન અંગ છે એ સર્વમાન્ય છે આવી સંસ્થા વધારે ઉજ્જવળ બને એના સંચાલકો વધારે ચારિત્ર્યવાન બને સંસ્થાના ધ્યેયને પુરા વફાદાર રહે અને પગલાં ભરી

તટસ્થ દૃષ્ટિએ પ્રજાહિતની તુલના કરે એવુ આ ગૌરવ મહોત્સવને પ્રસંગે આપણે ઇચ્છીશુ.

પ્રજામંડળનુ ધ્યેય લોકશાસનવાદ છે. સુધરેલા કહેવાતા દેશોમા હાલની રાજકીય તેમજ બીજી પરિસ્થિતિ જોતા લોકશાસનવાદ એ રાજકીય સિદ્ધાન્ત તરીકે સર્વમાન્ય રહેશે કે કેમ એ પ્રશ્ન રાજકીય સંસ્થાના સંચાલકો પાસે ગંભીર વિચાર માગે છે. એ સંબંધે એક અગર બીજી બાજુનો નિર્ણય ખરેખર સત્ય નિર્ણય છે એમ કહેવુ હાલના સમયમા ઉચિત ગણાય કે કેમ એ કોયડારૂપ છે. જો રાજકીય પદ્ધતિ વહેવારુ દૃષ્ટિએ નિષ્ફળ નીવડે અગર નીવડશે એવો સકારણ ભય રાખી શકાય એમ હોય તો રાજકીય પદ્ધતિને ધ્યેય તરીકે સ્વીકારી લઈ તે પાછળ યત્ન કરવો કે કેમ તે પણ હાલના જમાનામા વિચારી જોવા જેવો પ્રશ્ન છે.

પ્રજામંડળ દેશી રાજ્યમા અસ્તિત્વ ધરાવનારી રાજકીય સંસ્થા છે. દેશી રાજ્યનુ બંધારણ, તેના ઉપરનો સાર્વભૌમસત્તાનો પ્રભાવ ને સામંતોથી અલિપ્ત રહી રાજકીય સંસ્થા દેશી રાજ્યમા કેવી રીતે ચલાવવી તે પણ વિચારવા જેવુ છે.

પક્ષવાદ એ બ્રિટિશ રાજ્યબંધારણમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુ છે. આધુનિક થોડા વર્ષનો ઇતિહાસ એમ શીખવે છે કે દરેક કટોકટીને પ્રસંગે રાજકીય પક્ષોને પક્ષના વાડા છોડવા પડ્યા છે અને એ પક્ષવાદ છોડી દીધાથી જ કાર્યસિદ્ધિ થઈ છે. થોડા વર્ષના ઇતિહાસમા અને આપણા પોતાના જીવનમા જોયેલુ, જણાયેલુ અને શીખાયેલુ રાજકીય સૂત્ર આપણે તદ્દન વિસરી જઈ બ્રિટિશ હિંદુસ્તાનમા ચાલતી રાજકીય ચળવળનુ અનુકરણ કરી, રાજકીય સંસ્થાનો વિનાસ કરવાની ધારણા રાખવી એ સમગ્ર પ્રજાહિતની દૃષ્ટિએ ઇષ્ટ છે કે કેમ એ પ્રજામંડળના સંચાલકોએ વિચારવા જેવો પ્રશ્ન છે.

આ પ્રસંગે પ્રજામંડળ તરફ મારી શુભેચ્છા દર્શાવવાનો મને આપે પ્રસંગ આપ્યો છે તે બદલ આપનો આભાર માનુ છુ.

મહાસુખભાઈ ચુનીલાલ શેઠ, વિસનગર:

વડોદરા રાજ્ય પ્રજામંડળને પૂરા પચીસ વર્ષ થવાથી તે નિમિત્તે તેની **સિલ્વર જ્યુબિલી** ઉજવવાનો જે માંગલિક પ્રસંગ પ્રાપ્ત થયો છે તે માટે મને અત્યંત આનંદ અને સંતોષ થયો છે તેનાં બે કારણો છે. એક તો તેના સ્થાપકો પૈકીનો એક હું હોવાથી વડોદરા રાજ્યમાં એ સંસ્થારૂપ વૃક્ષ ફાલી, ફૂલી અને ઘણા ભાગે ફળેલું જોઈ તેના બીજારોપણમાં ભાગ લેનારની આંખો અને હૃદય ઠરે એ સ્વાભાવિક છે અને બીજું કારણ એ કે એ સંસ્થા સ્થાપવાને પ્રેરણાત્મક વાતાવરણ ઉપસ્થિત કરવામાં ભૂતકાળની અમારી **જૂની કડી પ્રાંત મહાજન સભાની** સંસ્થા દૃષ્ટિગોચર થાય છે.

એ સંસ્થાનું સ્મરણ થતાં જણાવવા રજા લઉં છું કે અમે મહેસાણા પ્રાંત (તે વખતે કડી પ્રાંત) ના મહાજનોએ સંવત ૧૯૬૦ના કડીપ્રાંત મહાજન સભા સ્થાપી તેની પહેલી બેઠક પાટણમાં, બીજી મહેસાણામાં, અને ત્રીજી બેઠક ખેરાળુ મુકામે ભરેલી તે પછી તેની ચોથી બેઠક પ્રાંતના પ્રતિનિધિઓ અને બીજા પ્રાંતોના આગેવાન ગૃહસ્થોને માનનીય મહેમાન તરીકે આમંત્રણ આપી સિદ્ધપુર મુકામે બોલાવેલી. તેમાં આશરે હજાર ઉપર માણસોએ હાજરી આપી હતી. ઠરાવો થતા બાદ વડોદરાથી પધારેલા **હરિભક્તિવાળા નગરશેઠ મગનભાઈએ** સભાને સંબોધી એવી મતલબનું આગ્રહપૂર્વક જણાવ્યું કે **"ચારે પ્રાંતના મહાજનોની આવી સમગ્ર સભા રાજ્યમાં સ્થપાય તો કેટલું બધું સંગીન કામ કરી શકાય?"** આવી તેમની મહત્તાભરેલી સૂચનાને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી.

ત્યાર પછી નગરશેઠ મગનભાઈએ ખાનગી રીતે ચાર પ્રાંતના આગેવાનોને આમંત્રણ આપી પોતાને ત્યાં વડોદરે બોલાવ્યા. જૂનના ન ક્રોડ તો નવસારી તરફથી રા. વામન વિ. તામ્હણકર અને રા. ચાંદોરીકર, અમરેલી તરફથી રા. હરિલાલ ગોવિંદજી વકીલ, કડી પ્રાંત મહાજન સભા તરફથી હું અને વડોદરા પ્રાંત તરફથી નગરશેઠ તથા બીજા ઘણા ગૃહસ્થોની સારી સંખ્યા હતી. બધાની સંમતિ અને સહકાર મળવાથી "વડોદરા રાજ્ય મહાજન સભા" સ્થાપવી અને તેની પહેલી બેઠક રા. વામનરાવે તથા રા. ચાંદોરીકરે નવસારી

ભાઈઓની સનાડ મેળવી નવસારીમા મેળવવાના નિર્ણય કર્યો પ્રચાર કામમા કેટલોક વખત વીત્યા બાદ તેની **પહેલી બેઠક ર. બા. હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખપણા નીચે નવસારીમાં તા. ૩૧-૧૨-૧૯૧૬ ના** દિવસે "વડોદરા રાજ્ય પ્રજાકીય પરિષદ" એ નામથી મળી તે પરિષદમા બંધારણનો ખરડો તૈયાર કરી એ સંસ્થાનુ નામ **"વડોદરા રાજ્ય પ્રજામંડળ"** નક્કી કર્યું અને બીજા ઠરાવો કરી હોદ્દેદારો નીમવામા આવ્યા

ત્યાર બાદ બીજી પરિષદની બેઠક વડોદરાના ભરવાનુ નક્કી થયુ અને તેના પ્રમુખ તરીકે કોઈ નીડર અને જૈન આગેવાનને નીમવા માટે **સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલ**નુ નામ નક્કી કર્યું તેમની સાથે પ્રમુખ શ્રી હરગોવિંદદાસે મુંબઈ-નગર પત્ર વ્યવહાર શરૂ કર્યો, શ્રી વિઠ્ઠલભાઈએ સમંતિ આપી પણ તેમણે ખાસ જણાવ્યુ કે "વડોદરા રાજ્યના રાજતંત્રથી મને સંપૂર્ણ વાકેફગાર કરવા કોઈ જાણીતા ગૃહસ્થને મારે ત્યા મોકલવા" તે વખતે હુ મુંબઈ રહેતો હતો તેથી પ્રમુખશ્રીએ મારૂ નામ શ્રી વિઠ્ઠલભાઈને જણાવ્યુ અને તે બાબતનો મારા ઉપર પત્ર આવ્યો પ્રમુખશ્રીની ઇચ્છાનુસાર આશરે વીસ દિવસ સુધી રોજ વિઠ્ઠલભાઈને વાહરે સવાર સાંજ મળવા જતો તે વખતે હુ ધારાસભા, પ્રાંત પંચાયત, સુધરાઈ વગેરે નાની મોટી સંસ્થાઓમા સભાસદ હતો તેથી રાજ્યની ચાલુ પરિસ્થિતિથી વાકેફગાર હોવાથી શરૂઆતમા વાતચીતથી તેમને રાજતંત્રનો ખ્યાલ આપ્યો અને રાજ્યના રિપોર્ટ ઉપરથી ખરી વસ્તુસ્થિતિ સમજાવી આ બધી હકીકત બાબતી તેનુ ટૂંકામા ટાચણ લખી આપવા મને સૂચના કરી જેથી કોઈ પ્રશ્ન રહી જાય નહિ મેં તેમની સૂચના પ્રમાણે ટાચણ તૈયાર કરી આપ્યુ અને મે તેમને આગ્રહપૂર્વક જણાવ્યુ કે "આ સભા પ્રશ્નોમા **ધારાસભાને રીતસરની ધારાસભા બનાવવાનો પ્રશ્ન મહત્વનો છે.** તેમણે પ્રસન્ન વદને જણાવ્યુ કે **"ભાષણ બહાર પડશે ત્યારે તમે જાણશો"** ત્યાર પછી હુ છૂટો પડ્યો શ્રી વિઠ્ઠલભાઈએ ભાષણ તૈયાર કર્યુ અને તા. ૨૫-૭-૧૯૧૮ની વડોદરામા મળેલી બીજી પરિષદમા વાંચી પ્રજામંડળમા નવુ ચેતન પ્રગટાવ્યું અને તે બેઠકમા પ્રજામંડળના બંધારણમા જે ઉદ્દેશ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમા પ્રજા

ભાગ લઈ રાજતંત્રમાં તેને રસ લેતી-કરવી એવી મનછાનો હતો તેમાં રસ લેતી કરી **પ્રજાને જવાબદાર રાજતંત્ર મેળવવું** એટલા શબ્દો ઉમેર્યા.

તે પછી બીજી પરિષદો મળી. શરૂઆતમાં મંત્રીઓ પૈકીનો એક હું પણ હતો, વ્યવસ્થાપક મંડળમાં પણ રહેતો. અત્યાર સુધી ૧૭ બેઠકો મળી છે તે પૈકી ૧૬માં મેં વિસનગરના પ્રતિનિધિ તરીકે જોડાઈ સભામાં ભાગ લીધો છે. તા. ૧૭–૪–૧૯૪૦ની મહેસાણાની ૧૬મી બેઠકમાં શુદ્ધ ખાદીધારી હોય તેજ પ્રતિનિધિ તરીકે આવી શકે એવો ઠરાવ થવાથી અમરેલીમાં છેલ્લી ૧૭મી બેઠક તા. ૧૦–૫–૧૯૪૨ના રોજ મળી તેનો હું જો કે સ્વદેશીવસ્ત્રધારી તો છું પરંતુ શુદ્ધ ખાદીધારી નહિ હોવાથી પ્રતિનિધિ તરીકે જોડાઈ શક્યો નહોતો પરંતુ પ્રેક્ષક તરીકે હાજરી આપવાથી પ્રમુખ શ્રી છોટાભાઈ સુતરીઆએ કાયદાને અનુસરી **પ્રજાને જવાબદાર રાજતંત્રના ઠરાવને** અનુમોદન આપવા મને ફરમાન કરવાથી અનુમોદન આપી મારું હૃદય વ્યક્ત કરી શક્યો હતો. પ્રજામંડળની કોઈપણ સભામાં હું ગેરહાજર રહેલો નથી. સિલ્વર જ્યુબિલીનો માંગલિક પ્રસંગ મારા પાંસઠ વરસના જીવનના સંધ્યા સમયે જોવાનો પ્રસંગ મળ્યો છે તે માટે પ્રભુનો ઉપકાર માનુ છું.

કડોદરમાં તા. ૫-૫-૧૯૩૬ ના રોજ પ્રજામંડળની ૧૩ મી બેઠક વખતે **શ્રી અબ્બાસસાહેબનો** અને મારો મુકામ શ્રીગણીઆરાના મકાનમાં સાથે હતો. શ્રી અબ્બાસસાહેબ સાથે વિસનગરના કાઝી મીયાંને લઈને મારો જૂનો સંબંધ હોવાથી તેમણે મને સુરજ્યા ભાવે પૂછ્યું "તમે પ્રજામંડળમાં પ્રથમ તો ખુબ રસ લઈને કામ કરતા હતા, મંત્રી તરીકે પણ કામ કર્યું છે, હવે રસ ઓછો લો છો એમ જાણ્યું છે એ વાત ખરી છે ?" મેં જવાબ આપ્યો "એ વાત ખરી છે, કારણ કે કોઈ કોઈ પ્રશ્ન ઉપર કોઈની સાથે મતભેદ થાય એટલે તે પ્રશ્ન વધારે નહિ ચર્ચતા હું છોડી દઉં છું. મતભેદ ભલે હોય પણ તેમાંથી હૃદયભેદ પડે તે જોવા હું ઇચ્છતો નથી." પછી ચોકીદાર વિચાર કરી મને પૂછ્યું "તમે નવગુજરાત પત્ર વાંચો છો ?" મેં જવાબ આપ્યો "હું ઘણી સારી રીતે વાંચુ છું અને આપના સંબંધમાં ગોપમ લખાયેલા લેખો પણ મેં વાંચ્યા છે. તે સંબંધી મેં શ્રી છોટાભાઈ સુતરીઆને પત્ર

વખી ખુનામાં પણ મંગાવેલા. આના મતભેદના કારણોથી પ્રથમના જેવો રસ લેતો નથી પરંતુ મારું હૃદય તો પ્રજામંડળ સાથે વળગેલું છે તે છૂટું થવાનું નથી" આ સાંભળી તેમણે જણાવ્યું "ત્યારે તમે માન સબંધી પણ વાત જાણો છો તે જાણી ખુશી થયો છું. આજ રાત્રે કોણ મહામંત્રી નીમાય છે તે જોવાનું છે." ત્યાર બાદ સરકાર સાથે સહકાર અને અસહકારથી કામ કેવી રીતે લેવાય તે સબંધી પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ પ્રમાણે જમતાં જમતા મને સામો બેસાડી લગભગ એક કલાક સુધી વાત કરી.

રાત્રે વિષયનિયામક સમિતિના મહામંત્રીના હોદ્દાની દરખાસ્ત નીકળતા રા. પ્રાણલાલ મુનશી, રા. છોટાભાઈ સુતરીઆ, રા. ચુનીભાઈ શાહ વગેરેએ આગળથીજ ના પાડી. વાત બહુ ચર્ચાઈ કોઈ હા પાડે નહિ એટલે શ્રી અબ્બાસ સાહેબ ઊભા થઈ શ્રી છોટાભાઈ સુતરીઆને મંડપથી જરા દૂર લઈ જઈ અર્ધો કલાક સુધી મુરબ્બીભાવે ખાનગી રીતે ખૂબ સમજાવી તે હોદ્દો સ્વીકારવા આગ્રહ કર્યો. શ્રી સુતરીઆએ તેમને માન આપી તે હોદ્દો સ્વીકાર્યો અને કામ શાન્તિપૂર્વક આગળ ચાલ્યું.

આવા મોટા દિવસના અને ગામ બહાર દક્ષતાપૂર્વક કામ કરનાર કાર્યવાહકો હોવાથી પ્રજામંડળનું કામ સંતોષકારક રીતે ચાલે છે. મારે આ સ્થળે ખુલ્લા હૃદયથી કહેવું પડે છે કે કેટલાક વખતથી અત્યાર સુધી **મુનશી, સુતરીઆ** અને **શાહ એ ત્રણેની ત્રિપુટી** વગેરે નામ કરી પ્રજામંડળરૂપ નૌકાનું સુકાન હાથમાં લઈ તોફાન સંસાર સાગરમાં હંકારી રહ્યા છે. વચ્ચે ખડકો અને વાવાઝોડાના તોફાનના વિઘ્નો આવે છે પરંતુ સુકાનીઓ કુનેહથી અને શાન્ત બુદ્ધિબળથી તે દૂર કરી નિર્વિઘ્ને શાન્તિપૂર્વક સાગરમાં સફર કરી રહ્યા છે.

ઉપરાન્ત ત્રિપુટીને લખવામાં અને બોલવામાં કલમ અને જીભ ઉપર એટલો બધો સારો કાબુ છે કે તે નીડરપણે પોતાનું હૃદય વ્યક્ત કરી જે કહેવાનું હોય છે તે સારા શબ્દોમાં કહી સાગી અમર કરી શકે છે. મોટી સંખ્યામાં પ્રજામંડળના સભ્યો થયા છે અને પોતાના **પ્રજામંડળ નામના**

વાજીંત્ર દ્વારાએ આખા ગામના પ્રજામંડળના સંદેશાના સૂરો પહોંચાડી રહ્યા છે અને તે પ્રમાણે શુદ્ધ હૃદયથી અને નીડરતાથી કામ કરવાથી આ સિલ્વર જ્યુબિલીનો પ્રસંગ ઊજવવા પ્રજામંડળ ભાગ્યશાળી થયું છે

છેવટે જેવી રીતે આ સિલ્વર જ્યુબિલી મહોત્સવ ઊજવવાનો પ્રસંગ પ્રજામંડળને પ્રાપ્ત થયો છે તેવી રીતે [illegible] ભવિષ્યમાં સુવર્ણ **મહોત્સવ, હીરક મહોત્સવ,** અને **શતાબ્દિ મહોત્સવ** ઊજવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે તથાસ્તુ તા. ૧૮ ૩ ૧૯૪૭

કાશીભાઈ જ. પટેલ:

આપ સર્વે જાણો છો કે દરેક દેશની પ્રજાઓમાં, જે દેશની પ્રજા વધારેમાં વધારે સંગઠિત પ્રજા હોય એ જ યશસ્વી—સમૃદ્ધિવાન, બળવાન, સુખી, પ્રજાનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિઓ હાથ ધરનારને બીજી પ્રજાઓ તરફથી સન્માન મેળવી શકનારી પ્રજા હોય છે

આપણા ગામ પ્રજામંડળે ઘણું કામ કર્યું છે જો કે ઘણુંયે કરવાનું બાકી છે, પ્રજાની અજ્ઞાનતા, ગરીબાઈ, ગુલામી માનસ, ધનાઢ્ય તેમ બુદ્ધિમાનોની આ મંડળ તરફ ઉદાસીનતા વગેરે કારણોથી પ્રજાનું સંગઠન જોઈએ તેવું બન્યું નથી ને આપણને પ્રજાને જવાબદાર રાજતંત્ર મળ્યું નથી

જેથી હવે બાઈ બહેનની ફરજ છે કે આ પ્રજામંડળમાં તેમણે જોડાવું જોઈએ ને હિન્દુસ્તાનની કોંગ્રેસે નેતા તેમ પૂજ્ય મહાત્માજીએ યોજેલો રચનાત્મક કાર્યક્રમ અપનાવવો જોઈએ પ્રજામંડળના કાર્યકર્તાઓ એ તો—જેઓ પ્રજા [illegible] ઘણું અર્થે તેમાં જોડાયેલા હોય તેમણે એકનિષ્ઠાથી—પ્રજાને ઉચ્ચ સ્થાને લાવવા અહર્નિશ સર્વ ભોગે પ્રયત્ન કરવો રહ્યો છે તેમ જ જેઓ પોતાના સ્વાર્થ ને પ્રજાકાર્ય ઘણું ગણી માત્ર જોડાયેલા હોય તેમણે તથા જેઓ પોતાના સ્વાર્થ સાધવા માટે જોડાયેલા હોય તેમણે પ્રજામંડળ સંસ્થાને હાનિ થાય તેવું કાર્ય [illegible] કરવું જોઈએ નહિ તેના સિદ્ધાન્તો ને શિસ્ત પાળવી જોઈએ પોતાનો સ્વાર્થ સધાય નહિ તેથી પ્રજામંડળ છોડી દઈ તેના નામ [illegible] નાના

તરફ અદેખાઈ ને ઘૃણા કરવી જોઇએ નહિ તેમ સ્વાર્થ સાધવા માટે અંદર રહી પ્રજામંડળને છેહ દઈ મનસ્વી રીતે તેના સિદ્ધાન્તોને બાજુએ હડસેલી મૂકી અવગણના કરવી જોઇએ નહિ. આવા ભાઇઓ પ્રજામંડળના દુશ્મનો કરતાં પણ ભારે હાનિ પ્રજાને ને મંડળને કરે છે–તેમણે ચેતવું જોઇએ. પ્રજામંડળ તરફ એવા વર્તનવાળા અમીચંદોને પ્રજા ઘટતી રીતે ન્યાય આપશે.

નવસારી પ્રાંતના પ્રજામંડળના ભાઇબહેનોને વિનંતી છે કે તેમણે પ્રાંતમાં બધા તાલુકાઓમાં તેમાંય વળી પછાત તાલુકામાં પછાત વર્ગની પ્રજામાં ખૂબ જ સંસર્ગ સાધવાની જરૂર છે ને પ્રાંત પ્રજામંડળને ખૂબ જ મજબૂત બનાવવું જોઇએ છે.

જગજીવનદાસ નારાયણદાસ મહેતા :

આપનો પત્ર મળ્યો. આપ, પ્રજામંડળ રૌપ્યમહોત્સવ ગ્રંથનુ પ્રકાશન લગભગ પુરું કરવા આવ્યા છો. તેમાં પ્રજામંડળની રાજ્ય પ્રજાહિતની પ્રવૃત્તિઓના કાર્યની સંક્ષિપ્ત ઐતિહાસિક ઘટનાઓ તેના જુદા જુદા પ્રસંગો, ઠરાવો, નોંધો વગેરે ઉપયોગી વિગતો પ્રગટ થશે. આથી રાજ્યને અને પ્રજાને, વહેવારિક દૃષ્ટિએ ઘણું જાણવાનું મળશે, એ જાણી સૌની સાથે મને પણ ઘણો જ હર્ષ થાય છે. આ કાર્ય સારી રીતે પાર પાડવા માટે, આ કાર્યમાં જહેમત ઉઠાવનારા આપ સૌને મારા અભિનંદન.

આ પ્રસંગે આ ગ્રંથદ્વારા આપ **મારો** સંદેશો માગો છો !!! પણ મારા જેવા એક ગામડિઆ સૈનિક અને સેવકને શો સંદેશો આપવાનો હોય? સંદેશા તો પૂ. ગાંધીજી, આપણા સ્વ. રાજ્યપિતા કે સરદાર વલ્લભભાઈ, સ્વ અબ્બાસબાપુજી, સ્વ. વિઠ્ઠલભાઈ કે ત્યાગવીર દરબાર સાહેબ જેવા મહાનુભાવોના જ, પ્રજામાં ચેતન રેડી શકે–પ્રજાને દોરી શકે. આવા મહાન પુરુષોએ આપણને ઘણા સંદેશા આપ્યા છે. એ સર્વ આપણા જીવનમાં પ્રાણ રેડો એવી મારી પ્રભુ પાસે પ્રાર્થના છે.

પ્રજામંડળ શ્રીમંત સરકારની છત્રછાયા નીચે પ્રજાને જવાબદાર એવું રાજતંત્ર માગે છે. આ પ્રજામંડળનુ આજસુધીનું કાર્ય મશહૂર છે. એ કાર્ય જ સાબિતી આપે છે કે, તેણે રાજ્ય અને પ્રજા બંનેની સેવા કરી, અનેક

અડચણો વેઠી, ભોગો આપી, પ્રજાહિત સાધવા ભગીરથ પ્રયત્નો કર્યાં છે, અને કર્યે જાય છે. અને તેમાં કેટલેક અંશે તેણે સફળતા પણ મેળવી છે. આ તેના મહાન કાર્યો પાસે મારો સંદેશો શી વિસાતમાં?

મારી માન્યતા પ્રમાણે પ્રજામંડળ, ભેદભાવ સિવાય, સમદૃષ્ટિ રાખી, હિન્દુ–મુસલમાન, તવંગર–ગરીબ, ભણેલ–અભણ, ગુજરાતી–મરાઠી, કામદાર–મજૂર, ખેડૂત–શાહુકાર, પઠાણ કોમ, નોકરવર્ગ, ગરાસિઆ, એમ સર્વે વર્ગની એક સરખી રીતે, પોતાની શક્તિ અને સાધનના પ્રમાણમાં, સહકાર સાધી સેવા કરી રહ્યું છે. સર્વનો ઉત્કર્ષ સાધવા ઇચ્છતી આવી, એક સંસ્થાના કાર્યમાં રસ લેતા થઇને, અને તેને પુષ્ટિ આપી, તેના સભ્યો બની, આપણે તેને વધુ મજબૂત બનાવવી જોઇએ; એ આપણો પરમ પવિત્ર ધર્મ છે આથી વિશેષ મારે શી વિનંતી કરવાની હોય'' વંદેમાતરમ્

શિવપ્રસાદ ચંદ્રપ્રસાદ ઠાકર:

પાડોશી બ્રિટિશ હદમાં, તાજેતરમાં ત્યાંના કૉંગ્રેસ સરકારના અમલ દરમ્યાન ત્યાંની પ્રજાએ ધારાસભાઓમાં જઈ, પ્રધાનપદ સ્વીકારી, આમ-જનતાનું ઈંચાળુ માપસર સ્વરાજ્યના પથે આગેકૂચ કરે ત્યારે આ રાજ્યની સંસ્કારી પ્રજા શ્રીમંત સરકારની છત્રછાયા નીચે જવાબદાર રાજ્યતંત્ર મેળવવાની મહત્વાકાંક્ષા સેવે એ કેવળ સ્વાભાવિક હતુ. અને તેના અંતરમાં ઉદ્ભવેલી પ્રેરણાને આધીન થઈ આ રાજ્યની પ્રજાએ બારમું અધિવેશનની ઓથમાં એ આશયનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો.

આ બધુ થયા છતાં પ્રજાને રાજ્યતંત્રમા કોઈપણ પ્રકારની સત્તા મળી નહિ, અને રાજકીય ક્ષેત્રમા ખરી સત્તા સાથેની પ્રગતિ સાધવાની પ્રજાની ભૂખ કાયમ રહી

આથી આજે પણ જે રાજ્ય પ્રજામંડળનુ મુખ્ય ધ્યેય શ્રીમંત સરકારની છત્રછાયા નીચે જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનુ છે એ તરફ પ્રયાણ કરવા દરેક નાદેસર પ્રયાસ જરૂર કરવો રહ્યો અને તે સારૂ હાલના ધારાસભાના પ્રજામંડળ પક્ષના સભ્યોએ ધારાસભામા પ્રચારતો અને સુધરાઈઓમા પ્રજામંડળ તરફે ચૂંટાયલા પ્રજાના પ્રતિનિધિઓએ તે સંસ્થાઓમા જ્યારે ને ત્યારે નિબંધ નિયમ, કાયદા અને વટહુકમોમા પ્રજાના રાજકીય વિકાસમા અવરોધ કરતી દરેક બાબતોનો અભ્યાસ કરી બનતી ત્વરાએ ને કૌશલ્ય અને સાવધાનીથી આ વિષયમા આગેકુચ સાધવી આવશ્યક છે

તે સાથે આમ પ્રજામા આવી બાબતોની સમજ આપવા પ્રજામંડળના અન્ય કાર્યકર્તાનાના ભેગા સૌએ ગામે ગામ પ્રચાર કરી પ્રજામતનો પડઘો આવી દરેક લોકલ સંસ્થામા પાડવો જરૂરી છે

આજે તો સ્વાધીનતા, સ્વતંત્રતા અને સ્વરાજ્યની તમન્ના સમસ્ત દુનિયાની પ્રજામા પ્રસરી રહી છે તે કોઈથી ખાળવી શકાય તેમ નથી જ્યારે શાંતિને માર્ગે જવાબદાર રાજતંત્ર અને તે પણ શ્રીમંતના રાજ્યછત્ર નીચે મેળવવુ એ પ્રજામંડળનુ ધ્યેય છે આ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રજામા કોણ વિરૂદ્ધ હોઈ શકે ? પ્રજામંડળની નીતિ તેના ધ્યેય ઉપરથી રાજ્ય સાથે પૂર્ણ સહકારથી કામ લઈ નીડર પણે પ્રજા સેવા કરવાની અને તે રસ્તે રાજસેવા કરવાની પણ છે અને આ કારણે રાજના અમલદારોએ પણ પ્રજામંડળ તરફ સંપૂર્ણ દિલસોજ થવુ રહ્યુ

હુ તો પ્રજામંડળ સંસ્થાને, પ્રજાના ઉત્કર્ષ માટે એક જરૂરી અંગ તરીકે લેખુ છુ એ સંસ્થામા મને શ્રદ્ધા છે લગભગ ૧૩–૧૪ વર્ષની યથાશક્તિ કામગીરી પછી મને તેના કાર્યમા રસ પડે છે અને એક જાતની મમતા આ સંસ્થાપ્રત્યે મારામા જાગી છે એમ કહુ તો તેમા અતિશયોક્તિ નથી ઈશ્વર પ્રત્યે એટલીજ પ્રાર્થના છે કે ભવિષ્યમા એ ચાલુ રહે તે માટે અનુકુળ સંજોગો કાયમ રાખે

અત્યાચારો વેઠી, ભોગો આપી, પ્રજાહિત સાધવા ભગીરથ પ્રયત્નો કર્યા છે, અને કર્યે જાય છે અને તેમાં કેટલેક અંશે તેણે સફળતા પણ મેળવી છે આ તેના મહાન કાર્યો પાસે મારો સંદેશો શી વિસાતમાં?

મારી માન્યતા પ્રમાણે પ્રજામંડળ, એ બાન મિરાન, સમદૃષ્ટિ રાખી, હિન્દુ–મુસલમાન, તવંગર–ગરીબ, ભણેલ–અભણ, ગુજરાતી–મરાઠી, કામદાર–મજૂર, ખેડૂત–શાહુકાર, પછાત કોમ, નો વર્ગ, ગરાસિયા, એમ સર્વે વર્ગની એક સરખી રીતે, પોતાની શક્તિ અને સાધનના પ્રમાણમાં, સહકાર સાધી સેવા કરી રહ્યું છે સર્વનો ઉત્કર્ષ સાધવા ઈચ્છતી આવી, એક સંસ્થાના કાર્યમાં રસ લેતા થઈને, અને તેને પુષ્ટિ આપી, તેના સભ્યો બની, આપણે તેને વધુ મજબૂત બનાવવી જોઈએ, એ આપણો પરમ પવિત્ર ધર્મ છે આથી વિશેષ મારે શી વિનતી કરવાની હોય" વન્દેમાતરમ્

શિવપ્રસાદ ચન્દ્રપ્રસાદ ઠાકર:

પાડોશી બ્રિટિશ હદમાં, તાજેતરમાં ત્યાંના કોંગ્રેસ સરકારના અમલ દરમ્યાન ત્યાંની પ્રજાએ ધારાસભાઓમાં જઈ, પ્રધાનપદ સ્વીકારી, આમ જનતાનું દળદર ફીટાડવા સ્વરાજ્યના પથે આગેકૂચ કરે ત્યારે આ રાજ્યની સરકારી પ્રજા શ્રીમંત સરકારની છત્રછાયા નીચે જવાબદાર રાજતંત્ર મેળવવાની મહત્તા ઇચ્છા સેવે એ કેવળ સ્વાભાવિક હતું અને તેના અંતરમાં ઉદ્ભવેલી પ્રેરણાને આધીન થઈ આ રાજ્યની પ્રજાએ બાદણુ અધિવેશનની બેઠકમાં એ મતલબનો ઐતિહાસિક ઠરાવ પસાર કર્યો.

પ્રજામંડળે ગામેગામ પ્રચાર કર્યો ને એ ઠરાવનું રહસ્ય પ્રજાને સમજાવ્યું પ્રજા જાગૃત થઈ શ્રીમંત સરકારે પણ આ ઠરાવની માગણીની વાસ્તવિકતા સમજી લઈ ઘણા વર્ષોથી બસતીતેતી અભિલાષા ધ્યાનપર લેવા યોગ્ય ધાર્યું અને જમીનમહેસૂલમાં ઘટાડો, આયપતવેરામાં સુધારો, ઘનીઆરી શિરાજ ખાતાથી થતા ત્રાસનું નિવારણ વગેરે કેટલીક બાબતો હાથ પર ધરી. આ ઉપરાંત સવાલ અને ઉપર ધારાસભા વિસ્તારનો પ્રશ્ન પણ વિચારી લઈ તેને વિસ્તૃત કરી પ્રજાને કેટલેક અંશે રાહત આપી.

આ બધું થયા છતાં પ્રજાને રાજ્યતંત્રમાં કોઈપણ પ્રકારની સત્તા મળી નહિ, અને રાજકીય ક્ષેત્રમાં ખરી સત્તા સાથેની પ્રગતિ સાધવાની પ્રજાની ભૂખ કાયમ રહી.

આથી આજે પણ જે રાજ્ય પ્રજામંડળનુ મુખ્ય ધ્યેય શ્રીમંત સરકારની છત્રછાયા નીચે જવાબદાર રાજ્યતંત્ર મેળવવાનું છે એ તરફ પ્રયાણ કરવા દરેક કાયદેસર પ્રયાસ જરૂર કરવો રહ્યો. અને તે સારૂ હાલના ધારાસભાના પ્રજામંડળ પક્ષના સભ્યોએ ધારાસભામાં પંચાયતો અને સુધરાઈઓમાં પ્રજામંડળ તરફે ચૂંટાયલા પ્રજાના પ્રતિનિધિઓએ તે સંસ્થાઓમાં જ્યારે જે ત્યારે નિબંધ નિયમ, કાયદા અને વટહુકમોમાં પ્રજાના રાજકીય વિકાસમાં અવરોધ કરતી દરેક બાબતોનો અભ્યાસ કરી બનતી ત્વરાએ કલા કૌશલ્ય અને સાવધાનીથી આ વિષયમાં આગેકુચ સાધવી આવશ્યક છે.

તે સાથે આમ પ્રજામાં આવી બાબતોની સમજ આપવા પ્રજામંડળના અન્ય કાર્યકર્તાઓ-નાના મોટા સૌએ ગામે ગામ પ્રચાર કરી પ્રજામતનો પડઘો આવી દરેક લોકશા સંસ્થામાં પાડવો જરૂરી છે.

આજે તો સ્વાધીનતા, સ્વતંત્રતા અને સ્વરાજ્યની તમન્ના સમસ્ત દુનિયાની પ્રજામાં પ્રકટી રહી છે. તે કોઈથી ખાળવી શકાય તેમ નથી. જ્યારે શાંતિને માર્ગે જવાબદાર રાજ્યતંત્ર અને તે પણ શ્રીમંતના રાજ્યછત્ર નીચે મેળવવું એ પ્રજામંડળનુ ધ્યેય છે. આ ધ્યેય પ્રાપ્ત કરવા પ્રજામાં કોણ વિરૂદ્ધ હોઈ શકે? પ્રજામંડળની નીતિ તેના ધ્યેય ઉપરથી રાજ્ય સાથે પૂર્ણ સહકારથી કામ લઈ નીડર પણે પ્રજા સેવા કરવાની અને તે રસ્તે રાજ્યસેવા કરવાની પણ છે. અને આ કારણે રાજ્યના અમલદારોએ પણ પ્રજામંડળ તરફ સંપૂર્ણ દિલસોજ થવું રહ્યું.

હું તો પ્રજામંડળ સંસ્થાને, પ્રજાના ઉત્કર્ષ માટે એક જરૂરી અંગ તરીકે લેખું છું. એ સંસ્થામાં મને શ્રદ્ધા છે. લગભગ ૧૩-૧૪ વર્ષની યથાશક્તિ કામગીરી પછી મને તેના કાર્યમાં રસ પડે છે. અને એક જાતની મમતા આ સંસ્થાપ્રત્યે મારામાં જાગી છે એમ કહું તો તેમાં અતિશયોક્તિ નથી. ઈશ્વર-પ્રત્યે એટલીજ પ્રાર્થના છે કે ભવિષ્યમાં એ ચાલુ રહે તે સારૂ અનુકુળ સંજોગો કાયમ રાખે.

પ્રજા પોતાના કલ્યાણ માટે પ્રજામંડળ જેવી સંસ્થામાં રસ લેતી થાય, એ સંસ્થા પોતાની છે એવી ભાવના કેળવી હજારો ને લાખોની સંખ્યામાં સભ્યો બની વ્યવસ્થિત અને સંગઠિત થઈ તેનુ બળ વધારે તો સુરાજ્ય અને જવાબદાર રાજ્યતંત્ર પ્રજા જરૂર મેળવશે એમાં લેશ માત્ર શંકા નથી.

પ્રજામંડળના એક કાર્યકર્તા તરીકે પ્રજાના નિકટ સમાગમમાં જ્યારે જ્યારે આવવાનો મને પ્રસંગ પ્રાપ્ત થયો છે ત્યારે એક વાત હું જરૂર જોઈ શક્યો છું. પ્રજામાં પ્રજામંડળ સંસ્થા માટે માન છે, પ્રેમ છે, ભાવના છે, યોગ્ય પ્રસંગોમાં, બાહોશ અને શુભનિષ્ઠાની દોરવણી, તેમને ઉત્સાહી, કર્તવ્યશીલ અને સેવાભાવી બનાવી કોઈપણ જાતના ભોગ માટે તૈયાર કરી શકે છે.

પ્રસંગ ભલે ચૂંટણીના જંગનો હોય, અધિવેશન કે પરિષદ ભરવાનો હોય, કોઈ આગ્રાનીસુલતાનીનો સમય આવી પડ્યો હોય, નાની મોટી કોઈ મદદનુ કાર્ય આવી પડ્યુ હોય તો પ્રજાએ સહૃદયતાથી, કર્તવ્યનિષ્ઠાથી અને પૂર્ણ ઉત્સાહથી યથાશક્તિ ફાળો આપી પ્રજામંડળના આદેશ પ્રમાણે એ કામ પાર પાડયુ હશે '

આપણા ધ્યેય તરફની આપણી કૂચ ઘણી ધીમી ગતિની ભલે હોય આપણે હતાશ થવુ પાલવે તેમ નથી. આજે આપણને નિરાશાનો અંધકાર ઘેરી લેનાર દેખાઈ આવે છે. પણ પ્રજા, પોતાનુ કર્તવ્ય સમજી જઈ, તેના ઉત્કર્ષના આ મહાન કાર્યમા હૃદયની મક્કમતાથી અને આત્માના સંપૂર્ણ બળ સાથે યથાશક્તિ ફાળો આપવા કટિબદ્ધ થઇ જાય તો એ અંધકાર સૌ ધારે છે તે કરતાંયે ઘણો વહેલો દૂર થઇ જશે અને પ્રભાતનો રમણીય પ્રકાશ સૌ કોઇ જોઇ શકશે. છેવટ આ સંસ્થાની પ્રગતિ ને ઉજ્જ્વળ કીર્તિ માટે પ્રભુને પ્રાર્થના કરતો આ સંદેશો પૂરો કરૂ છુ

શા. માણેકલાલ અંબારામ ડૉકટર :

શ્રી વડોદરા રાજ્ય પ્રજામંડળને ૨૫ વર્ષ પૂરા થતા તેનો રૌપ્ય મહોત્સવ ઊજવવાનો શુભ પ્રસંગ ઉપસ્થિત થયો છે તે આનંદદાયી અને અભિનંદનીય છે. આ રૌપ્ય મહોત્સવને હું સફળતા ઈચ્છુ છુ.

પ્રજામંડળમાં શરૂઆતમાં ઘણા વર્ષ સુધી મંત્રી તથા સભ્ય તરીકે રાજા પ્રજાની બનતી સેવા મેં બજાવી છે અને પ્રજામંડળ તેના ઉદ્દેશને અનુસરીને રાજા–પ્રજા વચ્ચેના સહકાર અને શુભ સમજથી પ્રજાહિત અને પ્રગતિની પ્રવૃત્તિ હજુ પણ કરતું રહે અને તેનો નવો સુવર્ણમહોત્સવ યુગ વધારે યશસ્વી અને પ્રજાહિતકારી બને એમ હું ઇચ્છું છું

પટેલ અંબાલાલ શિવલાલ :

છેલ્લી ચૂંટણીઓના પ્રમંગોથી ઉપસ્થિત થયેલું વાતાવરણ

પ્રજામંડળનું નામ તથા કાર્ય આજે એકલા શહેરો કે કસ્બાઓમાં કેન્દ્રિત નથી પણ દરેક ગામડામાં ઘેરઘેર તેનું નામ જાણીતું થઈ ગયેલું છે નવા શાસન નિબંધ અન્વયે થયેલી ચૂંટણીઓમાં પ્રજામંડળે ભાગ લઈ એક **રાજકીયપક્ષ** તરીકે ઉમેદવારો ઊભા કર્યા હતા અને ઘણી મોટી સંખ્યામાં ઉમેદવારો સફળ થયા હતા તથી પ્રજામંડળે તેની વિવિધ સેવાઓથી, પ્રજા–પ્રીતિ સંપાદન કરી પ્રજા–હૃદય ઉપર **નૈતિક રીતે પ્રચંડ** કાબુ મેળવ્યો છે તે વસ્તુ સંતોષકારક રીતે સાબિત થાય છે છેલ્લી ચૂંટણીઓમાં જો કે કેટલાક ઉમેદવારો તથા પ્રજામંડળના કાર્યકરોને ઘણી અથડામણો સામે સામનો કરવો પડ્યો છે પણ પરિણામ એ આવ્યું છે કે ઘણાઓના દંભ ઉઘાડા પડ્યા છે અને સાચા કાર્યકર્તાઓની **કસોટી** થવા પામી છે વળી જુદી જુદી કોમો વચ્ચે **ભાગલા પડાવવાની નીતિનું** રહસ્ય તથા તેની પાછળ કેનું કેવી રીતે પીઠબળ છે તે જાણવા મળ્યું છે અને કેટલાક સરકારી અમલદારોની **અમલદાર–શાહીનું** દિગ્દર્શન થયેલું છે આવી પૂરી કસોટી થઈ તે પણ ઠીક થયું હજુપણ સરકારની રાજનીતિ, **રાજકીય ક્ષેત્રમાં** સંકુચિત અને અનુદાર (not liberal) જણાય છે કાર્યકર્તાઓ પર લટકતી તલવાર જેવું વાતાવરણ છે એટલે આ બધા સંજોગોનો વિચાર કરતાં પ્રજામંડળનું કાર્ય, ભવિષ્યના કેવી રીતે થવું જોઈએ તે માટે પુષ્કળ બોધ–પાઠ મળી રહે છે હજુ સુધી પ્રજામંડળે તેનું સ્વમાન તથા પ્રતિષ્ઠા જાળવી રાખેલાં છે અને પ્રજામંડળના અગ્રણી સુકાનીઓએ તેમની કાર્ય–

દક્ષતાથી સંસ્થાની નેક–ટેક જાળવી રાખી, પ્રજામાં પ્રાણ પૂરી નવું ચેતન આપ્યું છે.

એકનિષ્ઠ અને નીડર બની રચનાત્મક કામો ઉપાડી લેવાની જરૂર

આવી ગૌરવશાળી સંસ્થાને ૨૫ પચીસ વર્ષ પૂરાં થતાં, તેનો **રૌપ્ય મહોત્સવ** ઊજવાય એથી પ્રજાનાં હૃદયો પ્રેમથી છલકાય છે. પણ ભવિષ્ય માટે હજુ, વધુ ને વધુ **રચનાત્મક** કામો કરવાની જવાબદારી દરેક કાર્યકર ઉપર આવી પડે છે તે ભૂલાવું ન જોઈએ. અને આગેવાનોએ પણ નીડર અને **ત્યાગી** બનીને, તેમના **ચોવીસે કલાક** એકનિષ્ઠાથી–હવે પ્રજામંડળ–સંસ્થાને સમર્પણ કરવાની ઘડી આવી ગયેલી છે તે પણ ચોક્કસ છે. અને કપરા સંજોગોમાં જોખે–જીવનની તેમની તૈયારી હોવી ઘટે તે પણ સ્પષ્ટ છે. હવે શિથિલ વૃત્તિ તથા શિથિલ પ્રવૃત્તિ નભી શકે તેમ નથી કે ચલાવી લેવાય તેમ નથી. આજની પરિસ્થિતિમાં, ગામડે ગામડે, ક્યાં ક્યાં કામો દરેક પ્રજામંડળના કાર્યકરે કરવાના છે તે બધાના વિગતવાર લેખો પ્રજામંડળ પત્રિકામાં આવે છે. તો તે પ્રમાણે દરેક તાલુકા, પ્રજામંડળે કાર્યદિશા નક્કી કરી કામ કરવું જોઈએ. અને લોકો વચ્ચે **સંપ અને સંગઠનની** સાંકળ વધુ મજબૂત બનાવવી જોઇએ. અને અરસપરસ સહકારથી, ગ્રામોદ્ધાર અને **રાષ્ટ્ર-વિધાયક રચનાત્મક** પ્રવૃત્તિઓમાં ઉમદા અને જીવંત ફાળો અર્પવો જોઇએ. અને પોતાના તાલુકાનુ નામ દીપાવવું જોઇએ.

જવાબદાર રાજ્યતંત્ર અર્પવા માટે આપણી સરકાર અગ્રસ્થાન લે તેવી શુભેચ્છા

અત્યારે કાળ–પુરુષ (સમય–ધર્મ) પણ પોકારીને આજ વસ્તુ કહી રહેલ છે કે પ્રજાને રાજ્ય–તંત્રના વહીવટમાં સફળ રીતે ભાગ લેતી કરવાની દરેક રાજ્યની તાત્કાલિક (imminent) ફરજ છે. આ પ્રમાણે ફરજ છે. આ પ્રમાણે જલદી બને તો પ્રજામંડળનુ ધ્યેય સંપૂર્ણ રીતે પાર પડવાનો સોનેરી દિવસ ઊગ્યો કહેવાય! આ ધ્યેય પાર પાડવાને માટે પરમકૃપાળુ પ્રભુ,**રાજા તથા પ્રજા**–ઉભયને જરૂરી બળ અર્પો! એ જ મારી શુભેચ્છા અને મહેચ્છા પ્રગટ કરી હું વિરમું છું.

પાચનશક્તિ વધારનારૂં આ ટૉનિક





તમારામાં હંમેશાં તાકાત રેડે છે

તમે નબળા હો શક્તિહીન હો, તમારૂ મગજ નબળું હોય, અને કોઇપણ શારીરિક કે માનસિક કામ કરવા માટે તમારામા તાકાત ન હોય તો તેનું એ કારણ છે કે તમારૂ શરીર ખોરાક પચાવી શકતુ નથી અને જેટલી ઝડપથી તમારી તાકાત ખપી જાય છે તેટલી ઝડપથી તે પેદા કરી શકતું નથી.

નબળાઇ અને અશક્તિ દેખાય કે તરતજ એલેમ્બીકનો હેમોદ્રાક્ષોમાલ્ટ લેવાનુ શરૂ કરો. તેમા લોહી બનાવનારૂં હેમોગ્લોબીન, પાચનશક્તિ વધારનાર તત્વ અને ગ્લીસેરો-ફૉસ્ફેટસ, માલ્ટનુ સત્વ, પેપસીન અને ઉત્તમોત્તમ દ્રાક્ષનો રસ પુષ્કળ પ્રમાણમાં છે.

તમારા શરીરમા નવી તાકાત, નવું જીવન, નવી શક્તિ અને જોમ ચમત્કારિક રીતે આવે છે

એલેમ્બીક કેમીકલ વર્કસ કંપની લિમિટેડ, વડોદરા.

અલેમ્બીકનું

હેમો-દ્રાક્ષો-માલ્ટ

તમામ વયનાં માણસો માટે ગમે ત્યારે લઈ શકાય તેવું હિંદનું ઉત્તમોત્તમ ટૉનિક...

શ્રી બરોડા કૉટન એક્ષચેન્જ એસોસીએશન

લિમિટેડ : વડોદરા

[વડોદરા રાજ્યના સંવત ૧૯૭૬ના કંપનીના બીજા નિબંધ અન્વય દાખલથી (રજીસ્ટ્રી) નિયમિત કરેલી કંપની]

આ એસોસીએશન જે ઉદ્દેશો માટે સ્થાપવામાં આવ્યું છે તે નીચે મુજબ છે.

૧ વડોદરા શહેરમાં તેમજ વડોદરા રાજ્યમાં અન્ય સ્થળોએ કૉટન એક્ષચેન્જ સ્થાપના અને કૉટનમાં તૈયારી અને વાયદાના સોદા કરવા અને તે વેપારના સોદા માટે સગવડો કરી આપવા માટે

૨ વડોદરા રાજ્યમાં તથા હિંદુસ્તાનમાં અને હિંદુસ્તાનમાંથી કૉટનની નિકાસને નિયમિત બનાવવા અને વડોદરા રાજ્યમાં તૈયારી સોદા (Ready Contracts) અગર વાયદાના સોદામાં (Forward Contracts) કૉટનના વેચાણ અને ખરીદી માટે ધારાઓ કરવા

૩ કૉટન વેર હાઉસ બાંધવા મેળવવા, વેર હાઉસમાં કૉટન મુકવા, અને વેર હાઉસમાંથી કૉટન વડોદરા અથવા કોઈપણ સ્થળોએ લઈ જવા અને લાવવા

૪ જીનીંગ અને પ્રેસીંગ ફેક્ટરીઓ ઉભી કરવા કે ઉગાડનાર ખેડૂતોને મદદ કરવા, કે ના પાકને મદદ કરવા, કૉટન ફાર્મો બનાવવા વગેરે

૫ મેમ્બર થવા માટે ઉપરના સરનામે પત્ર વહેવાર કરવો જેથી બીજી સઘળી માહિતી પૂરી પાડવામાં આવશે

રજીસ્ટર ઑફિસ
ઘડિયાળી પોળ
વડોદરા

શા. શાન્તિલાલ વીરચંદભાઈ
પ્રમુખ
શ્રી બ. કૉ. એ. એ. લિમિટેડ